# આકાશ ગંગા

-: આશીર્વાદ :-
અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**
મધુરભાષી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા.**
**પૂ.પં. શ્રી કલ્પતરુવિજયજી મ.સા.**

-: સંયોજન - સંપાદન :-
**પૂજ્ય પંન્યાસજી શ્રી મુક્તિચંદ્રવિજયજી ગણિવર**
**પૂજ્ય પંન્યાસજી શ્રી મુનિચંદ્રવિજયજી ગણિવર**

-: સહાયક :-
**પૂજ્ય મુનિશ્રી મુક્તિશ્રમણવિજયજી**
**પૂજ્ય મુનિશ્રી મુક્તિચરણવિજયજી**

-: વિમોચન કર્તા :-
**શ્રીયુત રવજીભાઈ ધનજીભાઈ છેડા**
તા. ૨૪-૦૬-૨૦૦૭, મનફરા ચાતુર્માસ પ્રવેશ પ્રસંગ.


-: પ્રકાશન :-
**શ્રી શાન્તિ જિન આરાધક મંડળ, મનફરા (શાન્તિનિકેતન)**
પો. મનફરા, તા. ભચાઊ, જી. કચ્છ, પીન - ૩૭૦ ૧૪૦.

-: આર્થિક સહાય :-
**ધનજીભાઈ ડોસાભાઈ છેડાના સુકૃતોની અનુમોદનાર્થે...**
**મંજુલાબેન રવજી ધનજી છેડા**
**હ. રેખાબેન કેતન છેડા, અલ્પાબેન વિપુલ છેડા,**
**ક્રિસા અને શ્રુત આદિ પરિવાર** - ભચાઊ (કચ્છ), મુંબઈ.

⌘ પુસ્તક : આકાશ ગંગા

⌘ સંયોજન - સંપાદન :
**પૂજ્ય પં. શ્રી મુક્તિચંદ્રવિજયજી**
**પૂજ્ય પં. શ્રી મુનિચંદ્રવિજયજી**

⌘ આવૃત્તિ :
પહેલી : ઈ.સ. ૧૯૯૨, વિ.સં. ૨૦૪૯
બીજી : ઈ.સ. ૨૦૦૭, વિ.સં. ૨૦૬૩

⌘ સંપર્ક સૂત્ર :
૧. **ચંદ્રકાંત જે. વોરા**
મહેતા ફર્નીચર, અરિહંત કોમ્પલેક્ષ, એસ. ટી. રોડ,
પો. ભચાઊ (કચ્છ), પીન : ૩૭૦ ૧૪૦.

૨. **ટીકુ સાવલા**
પોપ્યુલર પ્લાસ્ટીક હાઉસ
૩૯/બી, સીતારામ બિલ્ડીંગ, ડી. એન. રોડ,
ક્રેફોર્ડ માર્કેટ પાસે, મુંબઇ - ૪૦૦ ૦૦૧.
ફોન:(૦૨૨) ૨૩૪૩૬૩૬૯, ૨૩૪૩૬૮૦૭, મો.૯૮૨૧૪૦૬૯૭૨

૩. **તેજસ પ્રિન્ટર્સ**
૪૦૩, વિમલ વિહાર એપાર્ટમેન્ટ, ૨૨, સરસ્વતી સોસાયટી,
જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૧૦૪૫, મો. ૯૮૨૫૩ ૪૭૬૨૦

૪. **જસરાજ લૂંકડ**
B. F. Jasraj Lunked
N/3, Balkrishna Nagar, Po. Mannargudi (T.N.),
Pin : 614 001. Ph. : (04367) 252479

⌘ મુદ્રક :
***Tejas Printers***
403, Vimal Vihar Apartment, 22, Saraswati Society,
Nr. Jain Merchant Soc., Paldi, **AHMEDABAD** - 380 007.
**Ph. : (079) 26601045 ● M. 98253 47620**

## આકાશ ગંગા એટલે વિચાર ગંગા

પૃથ્વીની ગંગા શરીરના મેલને સાફ કરે, પણ મનની સફાઇ માટે કઇ ગંગા છે ? એ ગંગા છે : આકાશ ગંગા ! આકાશ ગંગા એટલે વિચાર ગંગા !

માણસના પગ ધરતી પર છે, પણ માથું આકાશમાં છે. આકાશમાં રહેલા એ મસ્તકમાં જો શુભ વિચારો પેદા થાય તો ખરેખર એ વિચારો જ એના માટે ગંગા બની જાય. શુભ વિચારો સિવાય પાપને હરનારી બીજી કઇ ગંગા છે ?

મનમાં શુભ અધ્યવસાયોને પેદા કરનાર અનેક વિચારબિંદુઓ આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. એના મનન દ્વારા ભવ્યાત્માઓ પોતાના મનના ગગનમાં એવી ગંગા પેદા કરે કે જેથી તેઓ પોતે જ નહિ, તેમના સમાગમમાં આવનારા બીજા પણ પ્રસન્ન અને પવિત્ર બને.

વિ.સં. ૨૦૪૯, અમદાવાદ (નવરંગપુરા) ચાતુર્માસમાં નવરંગપુરા સંઘના ભાઇઓના સહયોગથી આ પુસ્તક પ્રગટ થયેલું. ત્યાર પછી ઘણા જિજ્ઞાસુઓ તરફથી માંગ ચાલુ રહેતા બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર શ્રીયુત **રવજીભાઇ ધનજીભાઇ ડોસા છેડા (ભચાઊ-કચ્છ)** પરિવાર ધન્યવાદાર્હ છે.

**- પં. મુક્તિચંદ્રવિજય**
**- પં. મુનિચંદ્રવિજય**

મનફરા, શાન્તિનિકેતન,
તા. ભચાઊ, જી. કચ્છ,
પીન : ૩૭૦ ૧૪૦.

વિ.સં. ૨૦૬૩, ચૈત્ર સુદ-૯,
મંગળવાર, તા. ૨૭-૦૩-૨૦૦૭,
મનફરા (કચ્છ)

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧. | શ્રાવક | ૧ |
| ૨. | ધર્મ-શ્રવણ | ૪ |
| ૩. | ધર્મ અનુષ્ઠાન | ૮ |
| ૪. | પર્યુષણા કર્તવ્ય | ૧૪ |
| ૫. | સમ્યક્ત્વ-મિથ્યાત્વ | ૧૫ |
| ૬. | તપ | ૧૭ |
| ૭. | આરોગ્ય - ભૂખ - બળ | ૨૦ |
| ૮. | સંયમ | ૨૭ |
| ૯. | વાણી - મૌન | ૩૫ |
| ૧૦. | ઉપદેશ | ૪૨ |
| ૧૧. | માનવ | ૪૨ |
| ૧૨. | જીવન | ૫૮ |
| ૧૩. | આયુષ્ય | ૬૧ |
| ૧૪. | દેવ | ૬૧ |
| ૧૫. | નરક | ૬૩ |
| ૧૬. | પાપ | ૬૩ |
| ૧૭. | પ્રતિજ્ઞા | ૬૪ |
| ૧૮. | ચારિત્ર | ૬૬ |
| ૧૯. | ભક્તિ | ૬૮ |
| ૨૦. | નવપદ | ૮૦ |
| ૨૧. | જાપ - ધ્યાન - યોગ | ૯૨ |
| ૨૨. | ભાવના | ૧૦૩ |

| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૨૩. | વિવિધ ચિંતન | ૧૦૩ |
| ૨૪. | જ્ઞાન | ૧૧૮ |
| ૨૫. | ગુરૂ | ૧૩૧ |
| ૨૬. | સંગ | ૧૩૩ |
| ૨૭. | કષાય | ૧૩૪ |
| ૨૮. | ક્રોધ | ૧૩૬ |
| ૨૯. | ક્ષમા | ૧૩૮ |
| ૩૦. | સંગઠન - મૈત્રી - પ્રેમ | ૧૪૩ |
| ૩૧. | દયા - કરૂણા | ૧૫૭ |
| ૩૨. | અભિમાન | ૧૫૮ |
| ૩૩. | નમ્રતા | ૧૫૯ |
| ૩૪. | લોભ - તૃષ્ણા - પરિગ્રહ | ૧૬૦ |
| ૩૫. | દાન | ૧૭૫ |
| ૩૬. | નિંદા | ૧૮૦ |
| ૩૭. | ધૈર્ય - ઉતાવળ | ૧૮૩ |
| ૩૮. | ગુણ - દોષ | ૧૮૪ |
| ૩૯. | કર્મ | ૧૯૨ |
| ૪૦. | સ્યાદ્વાદ | ૧૯૩ |
| ૪૧. | સત્ત્વ | ૧૯૭ |
| ૪૨. | સાર | ૧૯૯ |
| ૪૩. | બાળક | ૨૦૧ |
| ૪૪. | મન | ૨૦૨ |
| ૪૫. | ભય | ૨૦૩ |
| ૪૬. | દુઃખ | ૨૦૪ |

| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૪૭. | મહત્તા | ૨૦૭ |
| ૪૮. | નારી | ૨૦૮ |
| ૪૯. | લોકસંજ્ઞા | ૨૧૨ |
| ૫૦. | નીતિ | ૨૧૩ |
| ૫૧. | પ્રકીર્ણક | ૨૩૪ |
| ૫૨. | રૂપક | ૨૫૯ |
| ૫૩. | કાવ્ય | ૨૭૬ |
| ૫૪. | પદ્ય | ૨૭૮ |
| • | સાહિત્યને આવકાર | ૨૯૧ |


★ ★ ★

# ૧. શ્રાવક

❖ **શ્રાવકના ત્રણ મનોરથો :**

૧. ક્યારે હું થોડો કે ઘણો પરિગ્રહ છોડીશ ?

૨. ક્યારે હું ગૃહવાસ છોડી અણગાર બનીશ ?

૩. ક્યારે હું સંલેખના દ્વારા (મરણની ઈચ્છા વિના) મૃત્યુને મંગળમય બનાવીશ ?

*- ઠાણંગ ૩/૪/૨૧૦*

❖ **શ્રાવકના ચાર પ્રકાર :**

૧. **દર્પણ સમાન :** મુનિએ બતાવેલા તત્ત્વનું તે રીતે જ પ્રતિપાદન કરનાર.
(દર્પણમાં મૂળ પુરુષ જેવું જ પ્રતિબિંબ પડે છે તેમ.)

૨. **પતાકા સમાન :** ધજાની જેમ આમ-તેમ ડોલતા, અસ્થિર મનવાળા.

૩. **સ્થાણુ સમાન :** સૂકા લાકડાની જેમ કઠોર, પોતાનો કદાગ્રહ નહિ છોડનાર.

૪. **કંટક સમાન :** સમજાવ્યા છતાં ન સમજનાર અને કુવચનરૂપી કાંટા ભોંકનાર.

*- ઠાણંગ ૪/૩/૩૨૧*

❖ **ચાર પ્રકારના શ્રાવકો :**

૧. **માતા-પિતા સમાન :** માતા-પિતાની જેમ વાત્સલ્યથી એકાંતમાં સાધુઓને સજાગ રાખનારા.

૨. **ભાઈ સમાન :** સાધુઓને પ્રમાદી જોઈ દેખાવથી ક્રોધ કરે, પણ હૃદયમાં હિત જ ઈચ્છનારા.



# 1 #
PROOF : 2
(PAGE : 1TO 150)
(DATE : 19-04-07)

૩. **મિત્ર સમાન :** સાધુઓના દોષોની ઉપેક્ષા કરી માત્ર ગુણ જ જોનારા.

૪. **શોક્ય સમાન :** સાધુઓના ગુણોમાં પણ દોષ જોનારા.

*- ઠાણંગ ૪/૩/૩૨૧*

**❖ શ્રાવકના ચાર નિક્ષેપા :**

૧. **નામ શ્રાવક :** માત્ર નામથી જ શ્રાવક. દા.ત. કોઈનું નામ 'શ્રાવક' હોય.

૨. **સ્થાપના શ્રાવક :** શ્રાવકની મૂર્તિ, ચિત્ર વગેરે.

૩. **દ્રવ્ય શ્રાવક :** શ્રાવકનો ભૂત-ભાવિ પર્યાય.

૪. **ભાવ શ્રાવક :** શ્રાવકના વાસ્તવિક ગુણોથી યુક્ત શ્રાવક.

**❖ ભાવ શ્રાવકના ત્રણ પ્રકાર :**

૧. **દર્શન શ્રાવક :** કૃષ્ણ-શ્રેણિકની જેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ.

૨. **વ્રતી શ્રાવક :** પાંચ અણુવ્રતધારી.

૩. **ઉત્તરગુણી શ્રાવક :** સંપૂર્ણ બાર વ્રતધારી.

*- શ્રાદ્ધવિધિ ગાથા-૪*

**❖ તથાકથિત શ્રાવક :**

ચૌદહ ચૂકા બારહ ભૂલા, છ કાયકા ન જાના નામ;
સારે ગાંવ મેં ઢંઢેરા પીટા, શ્રાવક હમારા નામ.
(ચૌદ નિયમ, બાર વ્રત, છ કાય પૃથ્વીકાય આદિ.)

**❖ ભાર વાહક મજૂરના ચાર વિશ્રામ :**

૧. એક ખભાથી બીજા ખભા પર ભાર નાખવો.

૨. ભાર ઉતારીને લઘુનીતિ, વડીનીતિના કાર્ય પતાવવા.

૩. સાંજ પડતાં ભાર મૂકીને ધર્મશાળા આદિમાં રાત ગાળવી.

૪. મંઝિલ પ્રાપ્ત કરીને ભારથી સંપૂર્ણ મુક્ત થવું.



**❖ તે રીતે શ્રાવકોના પણ ચાર વિશ્રામ છે :**

૧. **પ્રથમ વિશ્રામ :** પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, નવકારશી આદિ પચ્ચક્ખાણ સ્વીકારે તથા આઠમ-ચૌદસ આદિ દિવસોએ ઉપવાસ આદિ કરે ત્યારે.

૨. **દ્વિતીય વિશ્રામ :** સામાયિક અને દેશાવકાશિક વ્રતનું પાલન કરે ત્યારે.

૩. **તૃતીય વિશ્રામ :** આઠમ, ચૌદસ આદિ દિવસોમાં અહોરાત્રિક પૌષધ કરે ત્યારે.

૪. **ચતુર્થ વિશ્રામ :** મારણાન્તિક સંલેખના કરી યાવજ્જીવ અનશન સ્વીકારી મરણની ઇચ્છા ન રાખે ત્યારે.

*- ઠાણંગ ૪/૩/૩૧૪*

**❖ શ્રાવકના એકવીસ ગુણો :**

અક્ષુદ્ર, રૂપવાન, સૌમ્ય, લોકપ્રિય, અક્રૂર, પાપભીરૂ, અશઠ (નિષ્કપટ), દાક્ષિણ્યયુક્ત, લજ્જાવાન, દયાળુ, મધ્યસ્થ, સૌમ્યદૃષ્ટિ, ગુણરાગી, સત્કથક (સારી કથા-વાત કહેનારો), ધાર્મિક પરિવારવાળો, દીર્ઘદર્શી, વિશેષજ્ઞ, વૃદ્ધાનુયાયી, વિનીત, કૃતજ્ઞ, પરોપકારી, ધ્યેયનિષ્ઠ.

*- ધર્મરત્ન પ્રકરણ*

**❖ શ્રાવક એટલે ?**

શ્રા : શ્રદ્ધા - સમ્યગ્ દર્શન.
વ : વિવેક - સમ્યગ્ જ્ઞાન.
ક : ક્રિયા - સમ્યક્ ચારિત્ર.
રત્નત્રયીનો આરાધક તે શ્રાવક.
શ્રા : શ્રદ્ધા વધારે, તત્ત્વચિંતન દ્વારા.
વ : વાવે - સુપાત્રમાં ધનની વાવણી કરે.
ક : કાપે - સુસાધુની સેવાથી કર્મોને કાપે.

❖ **શ્રાવકના નવ અલંકારો :**

(આધ્યાત્મિક અલંકારશાસ્ત્ર)

**નિવૃત્તિમય ત્રણ અલંકારો :**

૧. સામાયિક

૨. પ્રતિક્રમણ

૩. પૌષધ

**પ્રવૃત્તિમય ત્રણ અલંકારો :**

૧. પૂજા

૨. સ્નાત્ર

૩. યાત્રા

**આવૃત્તિમય ત્રણ અલંકારો :**

૧. દાન

૨. જ્ઞાન

૩. તપ

★ ★ ★

## ૨. ધર્મ-શ્રવણ

❖ **ત્રણ પ્રકારના શ્રોતા :**

૧. **પત્થરની ઢીંગલી જેવા :** વાણીનું પાણી અંદર જરાય ઉતરે નહિ.

૨. **વસ્ત્રની ઢીંગલી જેવા :** થોડુંક ઉતરે, પણ પછી સૂકાઇ જાય.

૩. **સાકરની ઢીંગલી જેવા :** વાણીના પાણીમાં એવા ઓગળી જાય કે શોધ્યા પણ ના જડે !



❖ **યોગ્ય શ્રોતા :**

ભક્ત, નિરભિમાની, શ્રવણ રૂચિવાળો, ચંચળતા રહિત, નિપુણ, પ્રશ્નને સમજનારો, બહુશ્રુત, અપ્રમાદી, નિંદા ન કરનાર, જિતેન્દ્રિય, વિદ્વાન્, દાતા, વ્યર્થ વાત ન કરનાર, ગુણગ્રાહી.

❖ **ત્રણ પ્રકારની સભા :**

૧. **જ્ઞાયિકા :** હંસની માફક ગુણગ્રાહી.

૨. **અજ્ઞાયિકા :** મૃગબાળ, સિંહબાળ કે કુર્કુટબાળની જેમ પ્રકૃતિથી ભદ્રિક. સહજમાં સમજી જાય તેવી.

૩. **દુર્વિદગ્ધા :** ગ્રામીણની જેમ ન જાણે, ન પૂછે. ફૂટબોલની જેમ અભિમાનથી ફૂલાઇને ભટકે. ધર્મશ્રવણ માટે અયોગ્ય.

❖ **વિવિધ પ્રકારના શ્રોતા :**

૧. **પાષાણ :** પત્થર જેવો. સાંભળે, ભણે, પણ પાપબુદ્ધિ ન છોડે.

૨. **કાણાવાળો ઘડો :** કાણામાંથી પાણી નીકળી જાય, તેમ તેનામાંથી સાંભળેલું નીકળી જાય, તરત જ ભૂલી જાય.

૩. **ઘેટું :** ઘેટું પોતાના પાલકને જ માથું મારે. આવા શ્રોતા પોતાના જ્ઞાનદાતા ગુરુનું જ બૂરૂં ચિંતવે.

૪. **મસક :** બહારથી જોતાં પાણીથી ભરેલી લાગે, પણ અંદર તો હવા જ ભરેલી હોય. તેમ કેટલાક શ્રોતા બહારથી ધર્મિષ્ઠ લાગે, પણ અંદરથી ધર્મ ઇચ્છારહિત તથા ક્રોધાદિથી ભરેલા.

૫. **સર્પ :** દૂધ પીવડાવે તોય સાપ ઝેર જ બનાવે, તેમ ગમે તેટલું સારું જ્ઞાન આપો છતાં અવળો અર્થ લે તે.

૬. **પાડો :** પાડો સરોવરનું પાણી ડહોળી નાખે, તેમ કેટલાક શ્રોતા ખોટા બરાડા પાડી સભા ડહોળી નાખે.

આ છ મહા અશુભ છે. હવે છ પ્રકાર મિશ્રના

૧. **બિલાડો :** દૂધ ઢોળીને પીએ, તેમ ઉપદેશકનું અનિષ્ટ ચિંતવી સાંભળે.

૨. **બગલો :** બહારથી ઊજળો, અંદરથી મેલો, તેમ બહારથી વિનય બતાવી અંદરથી મલિન રહી સાંભળે.

૩. **પોપટ :** પરમાર્થ જાણ્યા વિના બોલાવીએ તેમ બોલે,, તેમ માત્ર ગોખેલું જ બોલનારો શ્રોતા.

૪. **માટી :** પાણી મળે ત્યાં સુધી ભીની, પાણી સૂકાયા સૂકી, તેમ કેટલાક શ્રોતા સાધુનો સંગ મળે ત્યાં સુધી કોમળ... પણ તે જતાં જ પાછા હતા તેવાને તેવા જ - કઠોર !

૫. **ડાંસ :** ચટકા ભરે તેમ કોઈ શ્રોતા અન્ય શ્રોતા સાથે ઝગડી પડે. સભાને ખેદ પેદા કરાવે.

૬. **જળો :** અશુદ્ધ લોહી પીએ, તેમ જે માત્ર છીછરી વાતો જ યાદ રાખે, તત્ત્વજ્ઞાન નહિ.

**ઉત્તમ શ્રોતાના ત્રણ પ્રકાર :**

૧. **ગાય :** થોડું ઘાસ ખાઈને પણ દૂધ આપે, તેમ થોડું સાંભળીને પણ વક્તાનો ઉપકાર માને.

૨. **બકરી :** નીચી નમીને ડહોળ્યા વિના પાણી પીએ, તેમ વાતો કર્યા વિના શાંતિથી સાંભળે.

૩. **હંસ :** પાણી છોડીને માત્ર દૂધ જ પીએ, તેમ સાર ગ્રહણ કરે.



**❖ ધર્મ શ્રવણ બે કારણે મળે :**

૧. કર્મના ક્ષયથી.

૨. કર્મના ઉપશમથી.

*- ઠાણંગ ૨/૪*

**❖ ધર્મ શ્રવણનું ફળ :**

ધર્મ શ્રવણથી તત્ત્વજ્ઞાન,
તત્ત્વજ્ઞાનથી વિજ્ઞાન,
વિજ્ઞાનથી વિરતિ (પચ્ચક્ખાણ),
વિરતિથી સંયમ,
સંયમથી અનાશ્રવ,
અનાશ્રવથી તપ,
તપથી કર્મક્ષય,
કર્મક્ષયથી મોક્ષ.

*- ભગવતી ૨/૫*

**❖ શ્રવણ વિધિ :**

- નિદ્રા, વિકથાનો ત્યાગ કરવો.
- મન, વચન, કાયાનું ગોપન કરવું.
- બે હાથ જોડવા.
- ચેતનાને જાગૃત રાખવી.
- હૃદયમાં બહુમાન રાખવું.

*- વિશેષાવશ્યક ૭૦૭*

**❖ બુદ્ધિના આઠ ગુણ :**

૧. **શુશ્રુષા :** સાંભળવા ઈચ્છવું.

૨. **શ્રવણ :** સાંભળવું.

૩. **ગ્રહણ :** સમજવું.

૪. **ધારણ :** યાદ રાખવું.
૫. **ઊહા :** યુક્તિપૂર્વક વિચારવું.
૬. **અપોહ :** અયુક્તનું ખંડન કરવું.
૭. **અર્થ વિજ્ઞાન :** અર્થબોધ કરવો.
૮. **તત્ત્વજ્ઞાન :** તત્ત્વની સમજ સ્થિર કરવી.

❖ **ત્રણને સમજાવવા મુશ્કેલ :**
૧. **દુષ્ટને :** જ્ઞાનીઓના દ્વેષીને.
૨. **મૂઢને :** ગુણ-દોષ નહિ સમજી શકનારને.
૩. **વ્યુદ્ગ્રાહિતને :** કુગુરુથી ભરમાવાયેલાને.

*- ઠાણંગ*

❖ **સાંભળેલું વિચારો :**

કાન સાંભળવા માટે, જીભ બોલવા માટે અને બુદ્ધિ વિચારવા માટે મળી છે. જે સાંભળેલું વિચારતો નથી, તેને સફળતા ક્યાંથી મળે ?

★ ★ ★

## ૩. ધર્મ અનુષ્ઠાન

❖ **પાંચ પ્રકારના અનુષ્ઠાનો :**
૧. **વિષ અનુષ્ઠાન :** આ લોક (કીર્તિ, લબ્ધિ આદિ)ની ઈચ્છાથી કરવામાં આવતું ધાર્મિક અનુષ્ઠાન.
૨. **ગરલ અનુષ્ઠાન :** પરલોક (સ્વર્ગાદિ)ની ઈચ્છાથી કરવામાં આવતું અનુષ્ઠાન. વિષ (સાપનું ઝેર) તત્કાળ મારે છે. ગરલ (હડકાયા કૂતરાનું ઝેર) કાલાંતરે મારે છે, તેમ આ લોકની ઈચ્છાથી થતો ધર્મ અહીં જ ભાવપ્રાણની કતલ કરે છે અને પરલોકની ઈચ્છાથી થતો ધર્મ પરલોકમાં (કાલાંતરે) કતલ કરે છે.



૩. **અનનુષ્ઠાન :** ભાવ-ઉપયોગ શૂન્ય સમ્મૂર્ચ્છિમ તુલ્ય અનુષ્ઠાન.
૪. **તદ્હેતુ અનુષ્ઠાન :** મોક્ષની ઈચ્છાથી આદરપૂર્વક કરાતું અનુષ્ઠાન.
૫. **અમૃત અનુષ્ઠાન :** મોક્ષની ઈચ્છાથી અત્યંત આદરપૂર્વક કરાતું, વિસ્મય, રોમાંચ, આનંદ અને ભાવોલ્લાસ વૃદ્ધિથી વ્યક્ત થતું અત્યંત પરિશુદ્ધ અનુષ્ઠાન.

*- યોગબિન્દુ*

❖ **આરાધનાના પાંચ સોપાન :**
૧. **પ્રણિધાન :** રોમ-રોમમાં ધર્મારાધનાની રૂચિ.
૨. **પ્રવૃત્તિ :** ધર્મારાધનામાં પ્રવૃત્તિ કરવી.
૩. **વિઘ્નજય :** વચ્ચે આવતા વિઘ્નોને જીતવા.
૪. **સિદ્ધિ :** આરાધનાને જીવનમાં આત્મસાત્ કરવી.
૫. **વિનિયોગ :** એ આરાધનાનું બીજાને દાન કરવું.

*- પૂ. હરિભદ્રસૂરિ (ષોડશક)*

❖ **પાંચ પ્રતિક્રમણ :**
૧. **આશ્રવદ્વાર પ્રતિક્રમણ :** હિંસા આદિથી અટકવું તે.
૨. **મિથ્યાત્વ પ્રતિક્રમણ :** મિથ્યાત્વથી હટી સમ્યક્ત્વમાં આવવું.
૩. **કષાય પ્રતિક્રમણ :** કષાયથી હટી અકષાયમાં આવવું.
૪. **યોગ પ્રતિક્રમણ :** અશુભ મન આદિ યોગોથી હટી શુભયોગમાં આવવું.
૫. **ભાવ પ્રતિક્રમણ :** બીજીવાર તે દોષોનું સેવન ન કરવું તે.

(મિચ્છામિ દુક્કડં આપ્યા પછી ફરી જો એ જ દુષ્કૃત ચાલુ રહે તો તે દ્રવ્ય પ્રતિક્રમણ કહેવાય.)

*- ઠાણંગ ૫/૩/૪૬૭*

❖ ઉપોસથ અને પૌષધ :

બૌદ્ધ લોકોની પરંપરામાં 'ઉપોસથ' કરવાનું વિધાન છે. અનેક બૌદ્ધો આઠમ, ચૌદસ, અમાસ, પૂનમ વગેરે દિવસોએ 'ઉપોસથ' કરતા હતા. ઉપોસથમાં નીચે બતાવેલા આઠ શીલનું પાલન કરવાનું હોય છે.

૧. પ્રાણાતિપાત વિરતિ.
૨. અદત્તાદાન વિરતિ.
૩. કાય ભાવના વિરતિ.
૪. મૃષાવાદ વિરતિ.
૫. માદક દ્રવ્યોનું સેવન નહિ કરવું.
૬. વિકાલ ભોજન ત્યાગ.
૭. નૃત્ય, ગીત, શરીર વિભૂષાનો ત્યાગ.
૮. ઉંચું આસન તથા કોમળ પથારીનો ત્યાગ.

- *પેટાવત્થુ અટ્ઠકથા ગા. ૨૦૯ (વિનય પિટક મહાવજ્ઝા)*

(આ 'ઉપોસથ' તે જૈનોના પૌષધનું અનુસરણ હોય તેવું નથી લાગતું ?)

❖ સામાયિકના બત્રીસ દોષ :

- **દસ મનના :** અવિવેક, યશ-કીર્તિ, લાભની ઇચ્છા, ગર્વ, ભય, નિદાન, સંશય, રોષ, અવિનય, અબહુમાન.
- **દસ વચનના :** કુવચન, સહસાકાર, સ્વચ્છંદ, સંક્ષેપ, કલહ, વિકથા, હાસ્ય, અશુદ્ધ, નિરપેક્ષ, મુમ્મન (અસ્પષ્ટ વાણી).
- **બાર કાયાના :** કુઆસન, ચલ આસન, ચલ દૃષ્ટિ, સાવદ્ય ક્રિયા, આલંબન, આકુંચન પ્રસારણ, આળસ, અંગ મરડવા, મળ, વિમાસન, નિદ્રા, વેયાવચ્ચ.



❖ સામાયિકના પાંચ અતિચાર :

૧. મનની દુષ્ટ પ્રવૃત્તિ.
૨. વચનની દુષ્ટ પ્રવૃત્તિ.
૩. કાયાની દુષ્ટ પ્રવૃત્તિ.
૪. સામાયિકનું સ્મરણ ન રહેવું.
૫. સામાયિકને અવ્યવસ્થિત કરવું.

❖ સાચું સામાયિક :

સર્વ જીવો પર સમતા, પાંચ ઇન્દ્રિયોનો સંયમ, શુભ ભાવનાથી ભરેલું હૃદય, આર્ત્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ - આવા ગુણોપૂર્વક કરવામાં આવે તે સાચું સામાયિક છે.

❖ ધર્મથી શું શું ઘસાય ?

- સંસાર ઘસાય તેનું નામ ધર્મ.
- પૈસો (મૂર્ચ્છા) ઘસાય તે દાન.
- વાસના ઘસાય તે શીલ.
- ઇચ્છા ઘસાય તે તપ.
- મનની કુવૃત્તિ ઘસાય તે ભાવ.

❖ અહિંસા - સંયમ - તપ :

- પોતાના પ્રત્યે કઠોર રહેવું તે 'તપ'.
- બીજા પ્રત્યે કોમળ રહેવું તે 'અહિંસા'.
- પોતાના પ્રત્યે કઠોર અને બીજા પ્રત્યે કોમળ રહેવું તે 'સંયમ'.

❖ ધર્મની ભિન્ન-ભિન્ન વ્યાખ્યા :

- વ્યવહારમાં દુર્ગતિમાં પડતાને ધારી રાખે તે ધર્મ.
- પાંચમાં ગુણસ્થાનકે જયણાએ ધર્મ.

- છઠ્ઠા ગુણસ્થાનકે આણાએ ધર્મ.
- સાતમા ગુણઠાણે ઉપયોગે ધર્મ.
- આઠથી ૧૨ ગુણઠાણે અહિંસા, સંયમ, તપ તે ધર્મ.
- તેરમા ગુણઠાણે મોહક્ષયે ધર્મ.
- ચૌદમા ગુણઠાણે વત્થુસહાવો ધમ્મો.

**❖ જરૂરી છે :**

- સ્વામિત્વ માટે સૌજન્ય.
- તપ માટે ક્ષમા.
- સામર્થ્ય માટે સહનશીલતા.
- ધર્મ માટે નિષ્કપટતા.

**❖ ધર્મથી સાત ચીજ વધે :**

૧. આયુષ્ય
૨. યશ
૩. પ્રજ્ઞા
૪. સુખ
૫. સંપત્તિ
૬. સંતાન
૭. સુકૃત

**❖ પાંચ પ્રકાર ચૂર્ણ :**

૧. પૂજા
૨. પચ્ચક્ખાણ
૩. પ્રતિક્રમણ
૪. પૌષધ
૫. પરોપકાર



**❖ માનવ જન્મમાં આઠ ફળ :**

૧. પૂજ્યની પૂજા
૨. દયા
૩. દાન
૪. તીર્થયાત્રા
૫. જપ
૬. તપ
૭. શ્રુતજ્ઞાન
૮. પરોપકાર

**❖ વિજ્ઞાને :**

- ટી.વી. આદિથી આંખનો વિષય વધાર્યો.
- રેડિયો આદિથી કાનનો વિષય વધાર્યો.
- કેલ્ક્યુલેટર, કોમ્પ્યુટર આદિથી મગજનો વિષય વધાર્યો.
- ટ્રેન-પ્લેન આદિથી પગ (યાત્રા)નો વિષય વધાર્યો.
- પ્રિન્ટીંગ પ્રેસ આદિ મશીનોથી હાથનો વ્યાપ વધાર્યો.

આ પ્રમાણે વિજ્ઞાને બધું જ કર્યું, પણ છતાંય રોગ, જરા અને મૃત્યુ હજુ એમને એમ ઊભા છે એનું શું ?

**❖ ધર્મસિદ્ધિના લિંગો :**

- ઔદાર્ય
- દાક્ષિણ્ય
- પાપ જુગુપ્સા
- નિર્મલ બોધ
- લોકપ્રિયતા

*- પૂ. હરિભદ્રસૂરિ (ષોડશક)*

★ ★ ★

## ૪. પર્યુષણા કર્તવ્ય

❖ **પર્યુષણાના પાંચ કર્તવ્ય :**

૧. **અમારિ પ્રવર્તન :** હિંસાની આગ ઠારે.

૨. **સાધર્મિક ભક્તિ :** સ્વાર્થની આગ શમાવે.

૩. **ક્ષમાપના :** વેરની આગ શમાવે.

૪. **અટ્ઠમનો તપ :** સ્વાદની આગ શમાવે.

૫. **ચૈત્ય પરિપાટી :** અહંકારની આગ બુઝાવે.

❖ **પાંચ કર્તવ્ય - પાંચ પરમેષ્ઠી :**

૧. **અમારિ પ્રવર્તન :** મારું બરાબર પાલન કરવું હોય તો સાધુ બની જાવ. કારણ કે સંપૂર્ણ અહિંસા સાધુ જ પાળી શકે છે.

૨. **સાધર્મિક ભક્તિ :** મારું સારી રીતે પાલન કરવું હોય તો ઉપાધ્યાયની ઉપાસના કરો. તેઓ સાધુઓને ભણાવતા રહીને કેવી સુંદર સાધર્મિક-ભક્તિ કરી રહ્યા છે. સાધુ તેમના સાધર્મિક છે. અન્નદાનથી જ્ઞાનદાન મહાન છે.

૩. **ક્ષમાપના :** આચાર્ય ભગવંતની આરાધનાથી મારું પાલન સારી રીતે થઇ શકે. આશ્રિતોની ભૂલ અંગે ટોકવા છતાં જે ક્ષમાશીલ રહી શકે, તે જ આચાર્ય બની શકે.

૪. **તપ :** મારું પાલન કરવું હોય તો સિદ્ધ બની જાવ. સિદ્ધો સદા માટે અણાહારી છે.

૫. **ચૈત્ય પરિપાટી :** સાચા અર્થમાં પ્રભુના દર્શન કરવા હોય તો પ્રભુ બની જાવ. 'દેવો ભૂત્વા દેવં યજેત્' જે દેવ બને છે, તે જ દેવને ઓળખી શકે, પૂજી શકે.



❖ **પશુતાના નાશ માટે પાંચ કર્તવ્ય :**

૧. **અમારિ પ્રવર્તન :** ક્રૂરતારૂપ પશુતાને નાથવા માટે.

૨. **સાધર્મિક ભક્તિ :** સ્વાર્થાંધતારૂપ પશુતાને ઓગાળવા માટે.

૩. **ક્ષમાપના :** દુશ્મનાવટરૂપ પશુતાને હણવા માટે.

૪. **તપ :** આસક્તિરૂપ પશુતાનો નાશ કરવા માટે.

૫. **ચૈત્યપરિપાટી :** અહંકારરૂપ પશુતાનો છેદ ઉડાડવા માટે.

★ ★ ★

## ૫. સમ્યક્ત્વ-મિથ્યાત્વ

❖ **પાંચ મિથ્યાત્વ :**

૧. **આભિગ્રહિક :** મિથ્યા ધર્મને સત્ય માનવો. જેમ કે ખોટા રૂપિયાને પણ સાચો માનવો.

૨. **અનાભિગ્રહિક :** મિથ્યા ધર્મ અને સત્ય ધર્મ - બધાને સમાન માનવા ! જેમકે ખોટા-સાચા રૂપિયા - બંનેને સાચા માનવા !

૩. **આભિનિવેશિક :** જાણવા છતાં અસત્યને ન છોડવું. જેમ કે રિઝર્વ બેન્કની સહી વિનાના રૂપિયાને રૂપિયો માનવો.

૪. **સાંશયિક :** સત્ય - ધર્મમાં પણ શંકા રાખવી. જેમકે સાચા રૂપિયામાં પણ ખોટાની શંકા રાખવી !

૫. **અનાભોગિક :** સત્ય કે અસત્યની જાણકારી જ ન હોવી. જેમકે ભારતીય માણસને જાપાની યેન કે રશિયાના રૂબલ વિષે માહિતી ન હોય.

❖ **દસ મિથ્યાત્વ :**

- અધર્મમાં ધર્મ બુદ્ધિ અને ધર્મમાં અધર્મ બુદ્ધિ.
- ઉન્માર્ગમાં માર્ગની બુદ્ધિ અને માર્ગમાં ઉન્માર્ગની બુદ્ધિ.
- અજીવમાં જીવની બુદ્ધિ અને જીવમાં અજીવની બુદ્ધિ.
- અસાધુમાં સાધુની બુદ્ધિ અને સાધુમાં અસાધુની બુદ્ધિ.
- અમુક્તમાં મુક્તની બુદ્ધિ અને મુક્તમાં અમુક્તની બુદ્ધિ.

*- ઠાણંગ ૧૦/૭૩૪*

❖ **શ્રદ્ધા રાખો :**

- પ્રભુ પર
- ગુરુ પર
- વિદ્યાદાતા પર
- નિર્મળ કાર્ય પર
- ધ્યેય પર
- આત્મા પર

❖ **સમ્યક્ત્વના દસ ભેદ :**

૧. નિસર્ગરુચિ
૨. આજ્ઞા રૂચિ
૩. ઉપદેશ રૂચિ
૪. સૂત્ર રૂચિ
૫. બીજ રૂચિ
૬. અભિગમ રૂચિ
૭. વિસ્તાર રૂચિ
૮. સંક્ષેપ રુચિ
૯. ક્રિયા રૂચિ
૧૦. ધર્મ રૂચિ

*- ઉત્તરાધ્યયન ૨૮/૧૬*



❖ **શ્રદ્ધા પ્રમાણે ફળ :**

- મંત્ર અને ઔષધિમાં
- દેવ અને ગુરુમાં
- જ્યોતિષ અને સ્વપ્નમાં

શ્રદ્ધા પ્રમાણે ફળ મળે છે.

★ ★ ★

## ૬. તપ

❖ **ઉપવાસ પહેલા ત્રણ ન કરો :**

૧. ગરિષ્ઠ ભોજન
૨. અધિક ભોજન
૩. ચટપટુ સ્વાદિષ્ટ ભોજન

❖ **ઉપવાસમાં ત્રણ ન કરો :**

૧. ક્રોધ
૨. અહંકાર
૩. નિંદા

❖ **ઉપવાસમાં ત્રણ અવશ્ય કરો :**

૧. બ્રહ્મચર્ય
૨. આત્મસ્વરૂપ ચિંતન
૩. સ્વાધ્યાય કે જાપ

❖ **ત્રણને ઉપવાસ ન કરાવો :**

૧. દુર્બળ રોગી
૨. ધાવણું બાળક
૩. ગર્ભવતી સ્ત્રી

❖ **વિવિધ તપ :**

- **શારીરિક તપ :** દેવ, ગુરુ, જ્ઞાની આદિની પૂજા, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા વગેરેનું પાલન.
- **વાચિક તપ :** બીજાને ઉદ્વેગ ન થાય તેવી, સત્ય, પ્રિય, હિતકારી વાણી બોલવી તથા સુસાહિત્યનું અધ્યયન કરવું તે.
- **માનસિક તપ :** મનની પ્રસન્નતા, શાંત સ્વભાવ, મૌન, આત્મસંયમ અને ભાવોની પવિત્રતા રાખવી તે.
- **સાત્ત્વિક તપ :** આ ત્રણેય તપ જો ભૌતિક ફળની ઈચ્છા વિના નિઃસ્પૃહ ભાવે કરવામાં આવે તો તે 'સાત્ત્વિક' કહેવાય છે.
- **રાજસ તપ :** માન-સન્માન-પૂજા વગેરેની ઈચ્છાથી દંભપૂર્વક તપ કરવામાં આવે તે. (તેનાથી ક્ષણિક સુખ મળે છે.)
- **તામસ તપ :** હઠાગ્રહથી માત્ર શરીરને કષ્ટ આપવું અથવા તો બીજાનો સત્યાનાશ વાળવા તપ કરવો તે.

*- ગીતા ૧૭*

❖ **તપથી...**

તપથી સત્ત્વ વધે છે. સત્ત્વથી મન વશ થાય છે. મન વશ થતા આત્મા મળે છે અને આત્મા મળી જતાં સંસારથી છૂટકારો થઈ જાય છે.

*- મૈત્રાયણી અરણ્યક ૧/૪*

❖ **દસ પચ્ચક્ખાણ :**

૧. અનાગત પ્રત્યાખ્યાન
૨. અતિક્રાન્ત પ્રત્યાખ્યાન



૩. કોટિ સહિત પ્રત્યાખ્યાન
૪. નિયંત્રિત પ્રત્યાખ્યાન
૫. સાગાર પ્રત્યાખ્યાન
૬. અનાગાર પ્રત્યાખ્યાન
૭. પરિમાણકૃત પ્રત્યાખ્યાન
૮. નિરવશેષ પ્રત્યાખ્યાન
૯. સંકેત પ્રત્યાખ્યાન
૧૦. અદ્ધા પ્રત્યાખ્યાન

*- ઠાણંગ ૧૦/૭૪૮*

❖ **કાળની અપેક્ષાએ દસ પચ્ચક્ખાણ :**

૧. નવકારસી
૨. પોરસી
૩. પુરિમઢ
૪. એકાસણું
૫. એકલઠાણું
૬. આયંબિલ
૭. ઉપવાસ
૮. ચરમ પચ્ચક્ખાણ
૯. અભિગ્રહ પચ્ચક્ખાણ
૧૦. નીવી

*- આવશ્યક નિર્યુક્તિ ૬/૧૬૧૧*

❖ **કર્મક્ષયના ત્રણ માર્ગ :**

૧. **સરળ કટ :** દેવગુરુની ભક્તિ.
૨. **શ્રેષ્ઠ કટ :** જ્ઞાન રમણતા.
૩. **શોર્ટ કટ :** તપમાં લીનતા.

★ ★ ★

## ૭. આરોગ્ય - ભૂખ - બળ

**❖ છોડવા જોઈએ :**

- શૂળવાળાએ દ્વિદળને.
- કોઢીયાએ મિષ્ટાન્ન (માંસ)ને.
- તાવવાળાએ ઘીને.
- અતિસારવાળાએ નવા ધાનને.
- નેત્રરોગીએ મૈથુનને છોડવા જોઈએ.

**❖ સ્વાસ્થ્ય પ્રાપ્તિના સૂત્રો :**

- દર મહિને બે ઉપવાસ કરો.
- રોગને દવાથી દબાવશો નહિ.
- નિયમિત યોગાસન-પ્રાણાયામ કરો.
- વિધેયાત્મક સંકલ્પથી મનને સદા પ્રસન્ન રાખો.

**❖ દીર્ઘાયુષ્યનું રહસ્ય :**

ઓછું ખાવું, પ્રતિદિન ન ખાવું, એકાંતર ઉપવાસ કરવા. હૃદયના ધબકારાથી નહિ, પણ હૃદયને વિશ્રામ આપવાથી જીવાય છે.

**❖ ભોજન અને ભજન :**

- સ્વાદ માટે ખાવું તે અજ્ઞાન છે.
- જીવવા માટે ખાવું તે આવશ્યકતા છે.
- ધર્માચરણ માટે ખાવું તે આરાધના છે.

**❖ પાંચ ભ્રમણાઓ :**

- ઓ ખાઉધરા ! વધુ ખાવાથી વધુ શક્તિ મળશે એમ તું માનતો હોય તો તું મૂર્ખાઓના સ્વર્ગમાં જીવે છે. ખાવાથી નહિ, પણ તું જે પચાવીશ તેનાથી જ શક્તિ મળવાની છે.



- ઓ લોભીઆ ! વધુ પૈસા કમાઈ લેવાથી 'હુ વધુ સુખી બની જઈશ' એમ તું માને છે ? પૈસાથી નહિ, પણ તેના સદ્‌વ્યયથી સુખ મળે છે.
- ઓ પુસ્તકના કીડા ! ઘણું વાંચ-વાંચ શું કર્યા કરે છે ? ઘણું વાંચવાથી નહિ, પણ ઘણું વિચારવાથી પંડિત થવાય છે.
- ઓ બોલકા વક્તા ! બોલ બોલ કરવાથી ધર્મી બનાતું નથી, પણ જીવનમાં ઉતારવાથી બનાય છે.
- ઓ દવા ખાનારા દર્દી ! વધુ દવા ખાવાથી નહિ, પણ કુદરતી નિયમોના પાલનથી આરોગ્ય જળવાય છે.

**❖ પાણી :**

- અજીર્ણમાં પાણી ઔષધ છે.
- ખોરાકને પચાવવામાં પાણી પ્રબળ સહાયક છે.
- ભોજનની વચ્ચે પાણી અમૃત છે.
- ભોજન પછી તરત જ પીવાતું પાણી ઝેર છે.

*- ચાણક્ય નીતિ ૮/૭*

**❖ વૈદ કબહૂ ન આવે :**

પ્રાત:કાલ ખટિયા તે ઊઠિકે, પિયે તુરત જો પાની;
તા ઘર વૈદ્ય કબહૂ ન આવે, વાત 'ઘાઘ' કહે જાની.

**❖ ફરક :**

અમીર અને ગરીબમાં શું ફરક ?

- અમીર ભૂખ શોધે છે.
- ગરીબ રોટલી શોધે છે.

❖ **ભૂખ રાંડ :**

ભૂખ રાંડ ભૂંડી, આંખ જાય ઊંડી;
પગ થાય પાણી, આંસુ લાવે તાણી.

❖ **પરિમિત ભોજીને છ ગુણો :**

આરોગ્ય, આયુષ્ય, બળ, સુખ, સુંદર સંતાન અને લોકોના આક્ષેપ વિનાનું જીવન (આ 'ખાઉધરો' છે - એવો આક્ષેપ મિતાહારીને સહવો પડતો નથી.) - આ છ ગુણો પરિમિત ભોજન કરનારને પ્રાપ્ત થાય છે.

❖ **કોને ક્યારે ભૂખ લાગે ?**

- નારક જીવોને અંતર્મુહૂર્તમાં ભૂખ લાગે છે.
- પૃથ્વી આદિ સ્થાવર જીવો દરેક સમયે આહાર લે છે.
- વિકલેન્દ્રિયને અંતર્મુહૂર્તમાં ભૂખ લાગે છે.
- તિર્યંચ પંચેન્દ્રિયને જઘન્યથી અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી બે દિવસે ભૂખ લાગે છે.
- મનુષ્યને જઘન્યથી અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી ત્રણ દિવસે ભૂખ લાગે છે.

(અવસર્પિણીના પહેલા આરામાં યુગલિકોને ત્રણ દિવસે, બીજા આરામાં બે દિવસે, ત્રીજા આરામાં એક દિવસે, ચોથા આરામાં એક દિવસમાં એક વાર, પાંચમા આરામાં દિવસમાં બે વાર ભૂખ લાગે છે અને છઠ્ઠા આરામાં તો કોઈ મર્યાદા જ નથી.)

દશ હજાર વર્ષના આયુષ્યવાળા દેવને એક દિવસે, પલ્યોપમના આયુષ્યવાળા દેવને બે દિવસથી નવ દિવસ સુધીમાં, એક સાગરોપમ આયુષ્યવાળા દેવને એક હજાર વર્ષે અને તેત્રીસ સાગરોપમ આયુષ્યવાળા દેવને તેત્રીસ હજાર વર્ષે ભૂખ લાગે છે.

*- પન્નવણા પદ-૨૮*



❖ **અજ્ઞાન, આવશ્યકતા, સાધના :**

- સ્વાદ માટે ખાવું 'અજ્ઞાન' છે.
- જીવવા માટે ખાવું 'આવશ્યકતા' છે.
- સંયમરક્ષા માટે ખાવું 'સાધના' છે.

❖ **નારકોને ૪ પ્રકારનો આહાર :**

૧. **અંગાર સમાન :** થોડી વાર સુધી બાળનાર.
૨. **મુર્મુર સમાન :** ઘણા સમય સુધી બાળનાર.
૩. **શીતલ :** શર્દી પેદા કરનાર.
૪. **હિમશીતલ :** બરફ જેવો અત્યંત ઠંડો.

❖ **તિર્યંચોનો ચાર પ્રકારનો આહાર :**

૧. **કંક સમાન :** સુભક્ષ્ય અને સુખકારી પરિણામ લાવનાર.
૨. **બિલ સમાન :** દરમાં ઉંદર જાય તેમ (રસ-સ્વાદ વગર) સીધો પેટમાં જાય તે.
૩. **માતંગ માંસ સમાન :** ચંડાળના માંસની જેમ ઘૃણા પેદા કરાવનાર.
૪. **પુત્ર માંસ સમાન :** પુત્રના માંસની જેમ અત્યંત દુઃખપૂર્વક ખવાય તે.

❖ **મનુષ્યોનો ચાર પ્રકારનો આહાર :**

૧. **અશન :** રોટલી, શાક, દાળ, ભાત આદિ.
૨. **પાન :** પાણી વગેરે.
૩. **ખાદિમ :** ફળ, મેવો વગેરે.
૪. **સ્વાદિમ :** પાન, સોપારી વગેરે મુખવાસ.

❖ **દેવોનો ચાર પ્રકારનો આહાર :**

૧. સારા વર્ણવાળો.
૨. સારી ગંધવાળો.

૩. સારા સ્પર્શવાળો.

૪. સારા રસવાળો.

*- ઠાણંગ ૪/૪/૩૪૦*

**❖ ત્રણ પ્રકારનો આહાર :**

**૧. સાત્ત્વિક આહાર :** આયુષ્ય, જીવનશક્તિ, બળ, આરોગ્ય, સુખ, સ્નેહ આદિ વધારનાર, રસાળ, સ્નિગ્ધ, તરત ખરાબ ન થનાર અને હૃદયને પુષ્ટ કરનાર છે.

**૨. રાજસ આહાર :** અતિ કડવો, અતિ ખાટો, અતિ ખારો, અતિ ગરમ, અતિ ઠંડો, તીખો, રૂક્ષ, દાહ, દુઃખ, શોક અને રોગ પેદા કરનાર છે.

**૩. તામસ આહાર :** ઘણા સમયથી રાખી મૂકેલો, રસ વગરનો, દુર્ગંધવાળો, વાસી, એંઠો અને અપવિત્ર છે.

*- ગીતા અધ્યાય-૧૭*

**❖ ...તો લાંબા કાળ સુધી વિકૃત બને નહિ :**

સારી રીતે પચેલું અન્ન, સારી રીતે ભણાવેલો પુત્ર, સારી રીતે આજ્ઞાંકિત બનાવેલી સ્ત્રી, સારી રીતે સેવા કરાયેલો રાજા, સારી રીતે વિચારીને બોલાયેલી વાણી અને વિચારપૂર્વક કરેલા કાર્ય - આ બધી વસ્તુઓ લાંબા કાળ સુધી પણ વિકૃત બનતી નથી.

*- હિતોપદેશ ૧/૨૨*

**❖ ભોજનનો ક્રમ :**

દુર્જનની મૈત્રી જેવો ભોજનનો ક્રમ છે.

- પ્રથમ મધુર.
- પછી ખાટા, ખારા, તૂરા.
- અને અંતે કડવા પદાર્થો.



**❖ સંસારના ત્રણ મહાન ડૉકટરો :**

૧. ડૉ. શ્રી પથ્ય

૨. ડૉ. શ્રી શાંતિ

૩. ડૉ. શ્રી આનંદ

*- સ્વિફ્ટ*

**❖ શરીરના તેર વેગ :**

૧. વાત

૨. મલ

૩. મૂત્ર

૪. છીંક

૫. તરસ

૬. ભૂખ

૭. નિદ્રા

૮. ખાંસી

૯. શ્રમનો શ્વાસ

૧૦. બગાસું

૧૧. આંસુ

૧૨. વચન

૧૩. વીર્ય

*- અષ્ટાંગ હૃદય સૂત્રસ્થાન*

**❖ વ્યાયામના લાભ :**

- હલકાપણું
- કાર્ય કરવાની શક્તિ
- સ્થિરતા
- દુઃખ સહન કરવાની શક્તિ

- રોગ-ક્ષય
- અગ્નિની વૃદ્ધિ

*- ચરક સંહિતા*

**❖ શરીરમાં પાંચ ભૂત :**

**૧. પૃથ્વી :** ચામડી, માંસ, હાડકા, મજ્જા, સ્નાયુ.
**૨. અગ્નિ :** તેજ, ક્રોધ, નેત્ર, ઉષ્મા, જઠરાનલ.
**૩. આકાશ :** કાન, નાક, મુખ, હૃદય, ઉદર.
**૪. જલ :** કફ, પિત્ત, સ્વેદ, ચરબી, લોહી.
**૫. વાયુ :** શ્વાસ, ઉચ્છ્વાસ, શબ્દ.

*- મહાભારત શાંતિપર્વ*

**❖ ભાવ બળને વધારનારી તેર વાતો :**

૧. બળવાન ક્ષેત્રમાં જન્મ (સિંધ-પંજાબ જેવા).
૨. બળવાન કુળમાં જન્મ.
૩. બળવાન કાળમાં જન્મ.
૪. સારું ક્ષેત્ર-શ્રેષ્ઠ બીજ વગેરેનો સંયોગ.
૫. સુખકારી કાળનો સંયોગ.
૬. ઉત્તમ આહારનું સેવન.
૭. શરીરનું ઉત્તમ સંઘયણ.
૮. ઉત્તમ આહાર-વિહારનો અભ્યાસ.
૯. ઉત્તમ ગુણોમાં રમણતા.
૧૦. ઉત્તમ સ્વભાવ.
૧૧. થનગનતું યૌવન.
૧૨. વ્યાયામાદિ.
૧૩. મન-પ્રસન્નતા.



**❖ ત્રણ પ્રકારના બળ :**

**૧. સહજ બળ :** સ્વાભાવિક બળ.
**૨. કાલજ બળ :** બાળ-યુવાવસ્થામાં અથવા હેમંતાદિ કાળમાં આવતું બળ.
**૩. યુક્તિકૃત બળ :** વ્યાયામ-પૌષ્ટિક આહાર આદિથી પેદા કરેલું બળ.

*- ચરક સંહિતા*

**❖ દસ પ્રકારના બળ :**

- પાંચ ઈન્દ્રિય.
- જ્ઞાન, દર્શન, ચારિત્ર.
- તપ અને વીર્ય.

*- ઠાણંગ*

**❖ સ્વાસ્થ્ય શી રીતે મળે ?**

- **શારીરિક સ્વાસ્થ્ય :** પંચભૂતની શુદ્ધિથી.
- **રાસાયણિક સ્વાસ્થ્ય :** સમરસી ભાવથી.
- **માનસિક સ્વાસ્થ્ય :** સમતાથી.
- **પ્રાકૃતિક સ્વાસ્થ્ય :** અહિંસાથી.
- **સાંસ્કૃતિક સ્વાસ્થ્ય :** મૂલ્યોથી.
- **આધ્યાત્મિક સ્વાસ્થ્ય :** ધ્યાનથી.

★ ★ ★

## ૮. સંયમ

**❖ ચાર પ્રકારની અંતક્રિયા :**

૧. અલ્પવેદના દીર્ઘપર્યાય. દા.ત. ભરત ચક્રવર્તી.
૨. મહાવેદના અલ્પપર્યાય. દા.ત. ગજસુકુમાલ.

૩. મહાવેદના દીર્ઘપર્યાય. દા.ત. સનત્કુમાર.
૪. અલ્પવેદના અલ્પપર્યાય. દા.ત. મરુદેવી.

❖ **ચાર પ્રકારે દીક્ષા :**

૧. સિંહની જેમ લે, સિંહની જેમ પાળે. ધન્ના-શાલિભદ્રની જેમ.
૨. સિંહની જેમ લે, શિયાળની જેમ પાળે. કંડરીકની જેમ.
૩. શિયાળની જેમ લે, સિંહની જેમ પાળે. મેતાર્ય મુનિની જેમ.
૪. શિયાળની જેમ લે, શિયાળની જેમ પાળે. સોમાચાર્યની જેમ.

❖ **દસ પ્રકારે દીક્ષા :**

૧. **છંદા :** પોતાની ઈચ્છાથી ગોવિંદ વાચકની જેમ અથવા બીજાના દબાણથી ભવદેવની જેમ.
૨. **રોષા :** રોષથી લેવી. વિશ્વભૂતિની જેમ.
૩. **પરિદ્યૂના :** ગરીબીથી હેરાન થઈને લેવી. કઠિયારાની જેમ.
૪. **પ્રતિશ્રુતા :** પડકાર ઝીલીને લેવી. ધન્નાજીની જેમ.
૫. **સ્મારણિકા :** પૂર્વભવનું સ્મરણ કરાવવાથી લેવી. મલ્લિનાથના પૂર્વભવના છ મિત્રોની જેમ.
૬. **રોગણિકા :** રોગના કારણે લેવી. સનત્કુમારની જેમ.
૭. **અનાદૃતા :** અનાદર થવાથી લેવી. નંદિષેણની જેમ.
૮. **દેવસંજ્ઞપ્તિ :** દેવના પ્રતિબોધથી લેવી. મેતાર્યની જેમ.
૯. **સ્વપ્ના :** વિશિષ્ટ સ્વપ્ન આવવાથી લેવી. પુષ્પચૂલાની જેમ.



૧૦. **વત્સાનુબંધિકા :** પુત્ર સ્નેહના કારણે લેવી. વજ્રસ્વામીની માતા સુનંદાની જેમ.

*- ઠાણંગ*

❖ **સાધુનું સુખ :**

એક માસના પર્યાયવાળા મુનિ વ્યંતર દેવોના
બે માસના પર્યાયવાળા અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોના
ત્રણ માસના પર્યાયવાળા અસુરકુમાર દેવોના
ચાર માસના દીક્ષિત ગ્રહ-નક્ષત્ર-તારાઓના
પાંચ માસના દીક્ષિત સૂર્ય-ચંદ્રના
છ માસના દીક્ષિત પહેલા-બીજા દેવલોકના
સાત માસના દીક્ષિત ત્રીજા-ચોથા દેવલોકના
આઠ માસના દીક્ષિત પાંચમા-છઠ્ઠા દેવલોકના
નવ માસના દીક્ષિત સાતમા-આઠમા દેવલોકના
દસ માસના દીક્ષિત અગ્યારમા-બારમા દેવલોકના
અગ્યાર માસના દીક્ષિત નવ ગ્રૈવેયકના
બાર માસના દીક્ષિત અનુત્તર વિમાનના
સુખોને ઓળંગી જાય છે.

*- ભગવતી ૧૪/૯*

❖ **પાંચ પ્રકારના રજોહરણ :**

૧. ઊનના
૨. ઊંટના વાળના
૩. શણના
૪. નરમ ઘાસના
૫. મુંજ (એક જાતનું ઘાસ)ના

*- ઠાણંગ ૫/૩/૪૪૬*

❖ **સાધુ પ્રાયોગ્ય પાંચ પ્રકારના વસ્ત્ર :**

૧. ઊનના
૨. રેશમના
૩. શણના
૪. કપાસના (સુતરાઉ)
૫. ઘાસ કે ઝાડની છાલના

*- ઠાણંગ ૫/૩/૪૪૫*

❖ **છ કારણે આહાર :**

૧. ક્ષુધા વેદનીયને શાંત કરવા.
૨. વેયાવચ્ચ-સેવા કરવા.
૩. ઈર્યાસમિતિ પાળવા.
૪. સંયમ પાળવા.
૫. પ્રાણ ધારણ કરવા.
૬. ધર્મચિંતન કરવા.

*- ઠાણંગ ૬*

❖ **ત્રણ ભિક્ષા :**

**૧. સર્વસંપત્કરી :** સાધુને નિર્દોષ દાન.
**૨. પૌરુષઘ્ની :** વેષધારીને દાન.
૩. **વૃત્તિ ભિક્ષા :** આંધળા, બહેરાને આપવું.

*- અષ્ટક પ્રકરણ*

❖ **દશ સ્થવિર :**

**૧. ગ્રામ સ્થવિર :** ગામમાં મોટો.
**૨. નગર સ્થવિર :** નગરમાં મોટો.
૩. **રાષ્ટ્ર સ્થવિર :** દેશમાં મોટો.
**૪. પ્રશસ્ત સ્થવિર :** પ્રશસ્ત-શ્રેષ્ઠ પુરુષોમાં મોટો.



**૫. કુલ સ્થવિર :** કુલમાં મોટો.
**૬. ગણ સ્થવિર :** ગણમાં મોટો.
**૭. સંઘ સ્થવિર :** સંઘમાં મોટો.
**૮. જાતિ સ્થવિર :** જન્મથી (ઉંમરમાં) મોટો.
**૯. શ્રુત સ્થવિર :** જ્ઞાનથી મોટો.
**૧૦. પર્યાય સ્થવિર :** દીક્ષા પર્યાયથી મોટો.

*- ઠાણંગ ૧૦/૭૬૧, સમવાયાંગ-૧૦*

❖ **સાધુને વિવિધ ઉપમાઓ :**

- **સાપ :** સાપની જેમ મુનિ પોતાના માટે ઘર ન બનાવે, આહાર કરતાં સ્વાદ (આસક્તિ) ન લે, સંયમની જ એક આંખ રાખે.
- **પર્વત :** પરિષહોના પવનથી પવનની જેમ અડોલ રહે.
- **અગ્નિ :** અગ્નિની જેમ તપના તેજથી ઝળહળે. સૂત્રાર્થ રૂપી બળતણથી તૃપ્ત ન થાય. સારા-નરસા લાકડા રૂપી આહારને સમાન ભાવે આરોગે.
- **સાગર :** સમુદ્રની જેમ ગંભીર. જ્ઞાનાદિ રત્નોના ભંડાર તથા કદી મર્યાદાનું ઉલ્લંઘન નહિ કરનાર.
- **આકાશ :** ગગનની જેમ નિર્લેપ અને નિરાલંબી રહે.
- **વૃક્ષ :** ઝાડની જેમ સુખ-દુઃખમાં સમાન રહે. મુક્તિ માર્ગના મુસાફરનો, છાયા (સાંત્વના) અને ફળો આપી થાક ઉતારે.
- **ભમરો :** ભમરાની જેમ અનિયત વૃત્તિથી આહાર ગ્રહણ કરે.
- **મૃગ :** હરણની જેમ સંસારથી ભયભીત રહે.
- **પૃથ્વી :** ધરતીની જેમ બધું જ સહન કરે.

- **રવિ :** સૂર્યની જેમ સૌને ભેદભાવ વિના પ્રકાશ આપે. સન્માર્ગનું પ્રકાશન કરે. પાપ-અંધકાર દૂર કરે. કર્મ-કાદવનું શોષણ કરે. ભવ્ય-કમળોને ખીલવે.
- **કમળ :** ભોગના કાદવથી અલિપ્ત રહે. સંયમની સુગંધ રેલાવે. ધાર્મિક ભ્રમરોને આકર્ષે.
- **પવન :** વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહારી બને.

*- દશવૈકાલિક નિર્યુક્તિ (અનુયોગદ્વાર-૫)*

### ❖ મુનિનું કુટુંબ :

ઓ મુનિ ! તમે પણ કુટુંબવાળા નથી ?
ધૈર્ય તમારા પિતા છે.
ક્ષમા તમારી માતા છે.
પરમાર્થ તમારો મિત્ર છે.
મોક્ષ રૂચિ તમારી માસી છે.
જ્ઞાન તમારો સુપુત્ર છે.
કરૂણા તમારી પુત્રી છે.
મતિ તમારી પુત્રવધૂ છે.
સમતા તમારી પત્ની છે.
ઉદ્યમ તમારો દાસ છે.
વિવેક તમારો ભાઇ છે.

### ❖ ચાર સંયમ :

૧. મન સંયમ
૨. વચન સંયમ
૩. શરીર સંયમ
૪. ઉપકરણ સંયમ

*- ઠાણંગ ૪/૨/૩૧૦*



### ❖ વિશ્વનો સાર :

- જગતનો સાર ધર્મ
- ધર્મનો સાર જ્ઞાન
- જ્ઞાનનો સાર સંયમ
- સંયમનો સાર મોક્ષ

*- આચારાંગ નિર્યુક્તિ ૨૪૪*

### ❖ સંયમીના પાંચ નિશ્રા સ્થાન (આલંબન) :

૧. છ કાયના જીવો
૨. ગચ્છ-સમુદાય
૩. રાજા
૪. ગાથાપતિ (મકાન માલિક)
૫. શરીર

*- ઠાણંગ ૫/૩/૪૪૭*

### ❖ ચાર પ્રકારની દીક્ષા :

૧. **ઈહલોક પ્રતિબદ્ધા :** આજીવિકા ચલાવવા માટે લેવામાં આવતી દીક્ષા.
૨. **પરલોક પ્રતિબદ્ધા :** સ્વર્ગાદિ પારલૌકિક ભૌતિક સુખો મેળવવા લેવામાં આવતી દીક્ષા.
૩. **ઉભયલોક પ્રતિબદ્ધા :** આ ભવમાં આજીવિકા માટે તથા પરલોકમાં સ્વર્ગાદિના ભૌતિક સુખ માટે બંને માટે લેવામાં આવતી દીક્ષા.
૪. **અપ્રતિબદ્ધા :** આત્મવિશુદ્ધિ સિવાય કોઇ પણ જાતની ઈચ્છા રાખ્યા વિના લેવામાં આવતી દીક્ષા.

*- ઠાણંગ ૪/૪/૩૫૫*

❖ **પાંચ વ્રતનું ફળ :**

- અહિંસાના પાલનથી સુંદર તન (શરીર) મળે.
- સત્યના પાલનથી સુંદર વચન મળે.
- અચૌર્યના પાલનથી સુંદર (ન્યાયયુક્ત) ધન મળે.
- બ્રહ્મના પાલનથી સુંદર ઈન્દ્રિય મળે.
- અપરિગ્રહના પાલનથી સુંદર (અસંક્લિષ્ટ) મન મળે.

❖ **પાંચ વ્રતમાં પાંચ સહાયક સમિતિ :**

૧. **ઈર્યા સમિતિ :** અહિંસા વ્રતનું પાલન કરવામાં સહાયક.

૨. **ભાષા સમિતિ :** સત્યવ્રતનું પાલન કરવામાં સહાયક.

૩. **એષણા સમિતિ :** નિર્દોષ આહાર લાવવાથી અચૌર્યવ્રત પાળવામાં સહાયક.

૪. **આદાન-ભંડમત્ત-નિક્ષેપણા સમિતિ :** ચીજ-વસ્તુ લેતાં-મૂકતાં પૂંજવા-પ્રમાર્જવામાં દૃષ્ટિ નીચે રહે તેથી બ્રહ્મવ્રત પાળવામાં સહાયક.

૫. **પારિષ્ઠાપનિકા સમિતિ :** બિનજરૂરી ચીજોનો ત્યાગ કરવાથી અપરિગ્રહવ્રતમાં સહાયક.

❖ **ચાર વ્રતોથી ચાર કષાય જાય :**

૧. **અહિંસા :** મારું સારી રીતે પાલન કરવું હોય તો ક્રોધને કાઢજો. ક્રોધી માણસ કદી અહિંસક બની શકતો નથી.

૨. **સત્ય :** મારું પાલન કરવું હોય તો અભિમાનને અળગો રાખજો. કારણ કે અભિમાની માણસ સ્વ પ્રત્યે તીવ્ર રાગી અને પર પ્રત્યે તીવ્ર દ્વેષી હોવાથી કદી સાચું બોલી શકતો નથી. પોતાનામાં ન હોય તોય ગુણો દેખાય અને બીજામાં ન હોય તોય દોષો દેખાય, આવો માણસ સત્ય શી રીતે બોલી શકે ?



૩. **અચૌર્ય :** માયાને કાઢ્યા વિના તમે મારું પાલન નહિ કરી શકો. માત્ર ચોર જ નહિ, દુકાન પર બેસનારા વેપારી પણ માયાનો આશ્રય લેતા હોય છે, તેથી તેઓ પણ ચોર જ છે. માયાવી માણસ ચોર જ છે. પોતાની જાતને તો એ અવશ્ય છેતરે જ છે.

૪. **અપરિગ્રહ (બ્રહ્મચર્ય) :** મારું પાલન કરવું હોય તો લાભને લાત મારીને હડસેલી દેજો. કારણ કે લોભી માણસ કદી અપરિગ્રહી બની શકતો નથી અને અકામી પણ બની શકતો નથી.

(અબ્રહ્મ પરિગ્રહાન્તર્ગત જ એક દોષ છે. આથી જ મહાવિદેહ ક્ષેત્રમાં કે મધ્ય તીર્થંકરોના કાળમાં એની જુદી ગણતરી કરવામાં આવી નથી.)

★ ★ ★

## ૯. વાણી - મૌન

❖ **જિનવાણી છે પાણી :**

- પુદ્‌ગલની તૃષ્ણા મિટાવે.
- કષાયનો દાહ શમાવે.
- કર્મની મલિનતા હટાવે.

❖ **પુષ્કરાવર્ત મેઘ સમી પ્રભુની વાણી :**

- પહેલા આરામાં દશ હજાર વર્ષે વરસાદ વરસે.
- બીજા આરામાં એક હજાર વર્ષે વરસાદ વરસે.
- ત્રીજા આરામાં સો વર્ષે વરસાદ વરસે.
- ચોથા આરામાં બાર વર્ષે વરસાદ વરસે.
- પાંચમા આરામાં દર વર્ષે વરસાદ વરસે.

અર્થાત્ પ્રથમાદિ આરામાં પડતો વરસાદ અને તેને ઝીલનારી ધરતી એટલી જોરદાર હોય કે વર્ષો સુધી વરસાદની જરૂર જ ન પડે.

પ્રભુની વાણી પુષ્કરાવર્ત મેઘ જેવી છે, પણ આપણી હૃદયની ધરતી કેવી છે ?

પહેલાના કાળમાં જંબૂસ્વામી, અભયકુમાર, મેઘકુમાર, આનંદ શ્રાવક આદિને એકાદવાર જિનવાણી શ્રવણ થઇ જતાં સંપૂર્ણ જીવનનું પરિવર્તન થઇ જતું, જ્યારે અત્યારે દર વર્ષના વરસાદની જેમ દરરોજ જિનવાણી સાંભળવા છતાંય હૃદયની ધરતી પર દુકાળ ને દુકાળ જ ! કેવી કઠોર ધરતી છે હૃદયની !

**❖ વાણીની તાકાત :**

- કાણી ભાભી ! પાણી લાવ.
  કૂતરાને આપીશ, પણ તને નહિ.
- રાણી ભાભી ! પાણી લાવ.
  પાણી નહિ, તને તો શરબત આપીશ.

**❖ વિનાશના આરે :**

- જેનો મંત્રી મીઠાબોલો, તે રાજા વિનાશના આરે.
- જેના ગુરુ મીઠાબોલા, તેનો ધર્મ વિનાશના આરે.
- જેનો વૈદ મીઠાબોલો, તેનું શરીર વિનાશના આરે.

**❖ ચંદન તન હલકા ભલા :**

ચંદન તન હલકા ભલા, મન હલકા સુખકાર;
પર હલકે અચ્છે નહિ, વાણી અરૂ વ્યવહાર.

**❖ કુદરત કો ના મંજૂર હૈ :**

કુદરત કો નામંજૂર હૈ, સખ્તી જબાન મેં;
પૈદા હુઇ ન ઇસલિએ, હડ્ડી જબાન મેં.



**❖ વાણીમાં શિષ્ટતા પણ જરૂરી :**

વાણીમાં સત્ય સાથે શિષ્ટતા જરૂરી છે.

રાંડને વિધવા, આંધળાને પ્રજ્ઞાચક્ષુ, જાટને ચૌધરી, હજામને ખવાસ - વગેરે શબ્દોથી સંબોધતાં ભાષામાં શિષ્ટતા પ્રગટ થાય છે.

**❖ ભાષણ ચાર રીતે શરૂ કરાય :**

૧. પોતાની કમજોરી બતાવીને.
૨. પોતાની પ્રશંસા કરીને.
૩. પ્રશ્ન ઊભો કરીને.
૪. કથા કહીને.

**❖ ભોજન અને ભાષણ :**

પ્રિયકર, હિતકર અને પરિચિત હોવા જોઇએ.

**❖ શાંતિના ફળો...**

ક્યાં છે શાંતિનાં પાકાં-મીઠાં ફળો ?

એ... પેલા મૌનના મહા તરુ પર લટકે છે શાંતિના મીઠાં ફળો...

**❖ મૌનની મહત્તા :**

ખૂબ અવાજ કરનાર ઝાંઝરને પગે સ્થાન મળ્યું.
થોડો અવાજ કરનાર હારને હૈયે સ્થાન મળ્યું.
સંપૂર્ણ મૌન રહેનાર મુગટને મસ્તકે સ્થાન મળ્યું.
મૌન રહે તેનો મહિમા વધે !

**❖ વાણીની ચાર વિશેષતા :**

૧. મૌન
૨. સત્ય
૩. પ્રિય
૪. ધર્મ (ચારેય ઉત્તરોત્તર ચડિયાતી છે.)

❖ **વાણીનાં સ્થાન :**

- પરા વાણી : મનમાં.
- પશ્યન્તી વાણી : હૃદયમાં.
- મધ્યમા વાણી : કંઠમાં.
- વૈખરી વાણી : મુખમાં.

❖ **વાણી-વાણીમાં ફેર :**

કોઈકની વાણી માત્ર ઘરમાં
કોઈની ગામમાં
કોઈકની દેશમાં
તો કોઈકની વાણી આખી દુનિયામાં ફેલાઈ જાય છે.

❖ **વક્તાના ૧૪ ગુણ :**

૧. વેદ વ્યાસ સમાન વક્તા
૨. જ્ઞાની
૩. પ્રિય કથા કરવાવાળો
૪. અવસરજ્ઞ
૫. સ્વલ્પભાષી
૬. સંશય છેદનારો
૭. અનેક શાસ્ત્રોનો જ્ઞાતા
૮. વિક્ષેપકારી વાતો ન કરનાર
૯. વ્યંગ ન કહેનાર
૧૦. જનતાને પ્રસન્ન રાખનાર
૧૧. સભાને જીતનાર
૧૨. નિરભિમાની
૧૩. ધાર્મિક
૧૪. સંતોષી



❖ **છ પ્રકારના વાદ :**

૧. રહસ્યવાદ
૨. છાયાવાદ
૩. પ્રગતિવાદ
૪. પ્રયોગવાદ
૫. રાષ્ટ્રવાદ
૬. હાલાવાદ (ખાઓ, પીઓ, મોજ કરો.)

❖ **વિવાદ છ રીતે :**

૧. પાછળ હટીને
૨. ઉત્સુક થઈને
૩. પ્રતિવાદીને અનુકૂળ થઈને
૪. પ્રતિવાદીને પ્રતિકૂળ થઈને
૫. અધ્યક્ષની ભક્તિ કરીને
૬. અધ્યક્ષને પોતાનો પક્ષપાતી બનાવીને

*- ઠાણંગ*

❖ **ચાર વાદ :**

૧. ક્રિયા વાદ
૨. અક્રિયા વાદ
૩. અજ્ઞાન વાદ
૪. વિનય વાદ

❖ **પાંચ વાદ :**

૧. કાલવાદ
૨. સ્વભાવવાદ
૩. ઉદ્યમવાદ

૪. કર્મવાદ
૫. નિયતિવાદ

❖ **૭ પ્રકારની વાણી ન બોલો :**

૧. અસત્ય
૨. તિરસ્કાર ભરી
૩. કઠોર
૪. ગામડિયાની જેમ વિચાર્યા વિના
૫. ઝગડો ઊભો થાય તેવી
૬. કષાયથી ભરેલી

*- ઠાણંગ ૬/૫૨૭*

❖ **ચાર પ્રકારના ઘડા અને માનવ :**

૧. મધનો ઘડો, મધનું ઢાંકણ.
૨. મધનો ઘડો, ઝેરનું ઢાંકણ.
૩. ઝેરનો ઘડો, મધનું ઢાંકણ.
૪. ઝેરનો ઘડો, ઝેરનું ઢાંકણ.

**માણસ**

૧. શુદ્ધ હૃદય, મધુર વાણી.
૨. શુદ્ધ હૃદય, કટુ વાણી.
૩. કલુષિત હૃદય, મધુર વાણી.
૪. કલુષિત હૃદય, કટુ વાણી.

*- ઠાણંગ ૪/૪*

❖ **ભાષાના પ્રકાર :**

**૧. આલાપ :** થોડું બોલવું.
**૨. અનાલાપ :** કુત્સિત (ખરાબ) બોલવું.



**૩. ઉલ્લાપ :** મર્યાદા ઓળંગીને બોલવું.
**૪. અનુલ્લાપ :** મૌન રહેવું.
**૫. સંલાપ :** પરસ્પર બોલવું.
**૬. પ્રલાપ :** વ્યર્થ બબડાટ કરવો.
**૭. વિપ્રલાપ :** વિરુદ્ધ વાણી બોલવી.

*- ઠાણંગ-૭*

❖ **કાયર અને વીર :**

- જીભનો દુરુપયોગ કરે તે કાયર. જેમ કે કૂતરો.
- જીભનો દુરુપયોગ ન કરતાં માત્ર કાર્ય કરે તે વીર. જેમ કે સિંહ.

❖ **વાણીના આઠ ગુણો :**

૧. મધુરતા
૨. નિપુણતા
૩. અલ્પતા
૪. સકારણતા
૫. નમ્રતા
૬. અતુચ્છતા
૭. બુદ્ધિ યુક્તતા
૮. ધર્મ સંયુક્તતા

*- ઉપદેશમાળા*

★ ★ ★

'ઓહ ! એક તમે તો મારી સભામાં શ્રોતા તરીકે રહ્યા. બહુ જ સરસ !'

'જલ્દી તમારું ભાષણ પૂરું કરો. તમારા પછી મારે બોલવાનું છે.'

★ ★ ★

## ૧૦. ઉપદેશ

❖ **ઉપદેશ :**

આપણે ઉપદેશ આપીએ છીએ ટન જેટલો,
સાંભળીએ છીએ મણ જેટલો,
ગ્રહણ કરીએ છીએ કણ જેટલો !

*- અલજર*

❖ **ઉપદેશક :**

ઉપદેશકના દોષો તરફ લોકોનું ધ્યાન જલદી ખેંચાય છે.

*- લુથર*

તમે કંદોઇની દુકાને મીઠાઇ લેવા જાવ છો, ત્યારે એવી ચિંતા નથી કરતા કે આ મીઠાઇ કંદોઇ પોતે ખાય છે કે નહિ ? તેમ ઉપદેશ પાસેથી ઉપદેશનો સાર ગ્રહણ કરી લો... તેના જીવનમાં ઊંડા ઊતરવાનું રહેવા દો.

❖ **ઉપદેશ કોને અપાય ?**

'ઉપદેશ પાપીને અપાય કે ધર્મીને ?'

'બંનેને. પાપીને પાપ દૂર કરવા માટે અને ધર્મીને ધર્મમાં વધુ સ્થિર કરવા માટે.'

જેને બધા આપવા ઇચ્છે છે, પણ પ્રાયઃ કોઇ લેવા નથી ઇચ્છતું તે કઇ ચીજ ? ઉપદેશ, સલાહ !

*- રામતીર્થ*

★ ★ ★

## ૧૧. માનવ

❖ **ઘડપણ :**

- ઘડપણ ચારને શોભાવે છે : રાજા, મંત્રી, વેદ અને યોગી.



- ઘડપણ ચારને દીન બનાવે છે : વેશ્યા, મલ્લ, ગાયક અને નોકર.

❖ **દેવાંશી મનુષ્ય કોણ ?**

જેનામાં દેવપૂજા, દયા, દાન, દાક્ષિણ્ય, દમ અને દક્ષતા હોય તે.

❖ **આપણે કેવા ?**

- ભૂલ ન કરે તે ભગવાન.
- ભૂલ કબૂલ કરે તે ઇન્સાન.
- ભૂલ કબૂલ ન કરે તે હેવાન.
- ભૂલ બીજા પર નાખે તે શેતાન.

❖ **૪ પ્રકારના ધ્યાનથી ૪ પ્રકારના માણસ :**

૧. આર્તધ્યાનથી માણસ હેવાન થાય છે.
૨. રૌદ્રધ્યાનથી શેતાન થાય છે.
૩. ધર્મધ્યાનથી ઇન્સાન થાય છે.
૪. શુક્લધ્યાનથી ભગવાન થાય છે.

❖ **૪ પ્રકારના મનુષ્ય :**

૧. કલા કૌશલ્યથી રહિત કીડા કે પતંગ જેવા છે.
૨. પેટ ભરવા માટે કલા કૌશલ્ય શીખનારા પશુ-પક્ષી જેવા છે.
૩. ધર્મ કલા શીખનારા મનુષ્ય જેવા છે.
૪. બીજામાં ધર્મપ્રચાર કરનારા દેવ જેવા છે.

❖ **હે માનવી !**

- પુષ્પ કદી કહેતું નથી : હું ખીલીશ નહિ.
- સૂર્ય કદી કહેતો નથી : હું ઊગીશ નહિ.
- ચંદ્ર કદી કહેતો નથી : હું ચમકીશ નહિ.

- સાગર કદી કહેતો નથી : હું ઘુઘવીશ નહિ.
- તો હે માનવી ! તું એમ કેમ કહે છે કે,
  હવેથી હું કર્તવ્ય કરીશ નહિ ?

**❖ ક્યાં કોણ વસે છે ?**

- આળસમાં પશુતા વસે છે. (તમોગુણ)
- ક્રિયામાં જીવન વસે છે. (રજોગુણ)
- વિવેકમાં મનુષ્યત્વ વસે છે. (સત્ત્વગુણ)

**❖ માનવ દેહનું મૂલ્ય :**

મનુષ્યના શરીરની ચરબીથી સાત ગોટી સાબુ, કાર્બનથી નવ હજાર પેન્સિલ બની શકે અને તેમાં રહેલા પાણીથી દસ ગેલનનું વાસણ ભરી શકાય.

એટલે ભૌતિક દૃષ્ટિએ માનવ-શરીરનું ઝાઝું મૂલ્ય નથી, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તે અમૂલ્ય છે.

**❖ સર્વ શાસ્ત્રોમાં માનવ ભવ અમૂલ્ય :**

- જૈનનો ઉત્તરાધ્યયનમાં
- બૌદ્ધોના ધમ્મપદમાં
- શંકરાચાર્યના વિવેકચૂડામણિમાં
- મુસ્લિમોના કુરાનમાં
- વૈદિકોના વેદ-ઉપનિષદોમાં
- વૈષ્ણવોના રામાયણ-મહાભારતમાં
- ખ્રિસ્તીઓના બાઇબલમાં

પેટ ભરી-ભરીને માનવ-અવતારની પ્રશંસા કરવામાં આવી છે અને

'માનવતા'ની માંગણી કરવામાં આવી છે.



**❖ તું 'માણસ' તો થા :**

હે માનવ ! તું વકીલ, ડૉક્ટર, સંગીતકાર, ન્યાયાધીશ, સેનાપતિ, મંત્રી કે પ્રધાનમંત્રી પછી બનજે, પહેલા તું 'માણસ' બનજે. માત્ર આકૃતિથી માણસ તું બની ગયો છે, પણ પ્રકૃતિથી તું કદાચ 'માણસ' નથી બન્યો. માણસાઇ મેળવવાની હજુ બાકી છે. પ્રભુ પાસે માંગણી કરતાં કહેજે : 'હું માનવી માનવ થાઉં તો ઘણું !'

**❖ માનવતાના ૪ લક્ષણ :**

૧. ધર્મ તરફ લઇ જનારી નીતિ
૨. નમ્રતા
૩. નિર્ભયતા
૪. પરોપકાર

- *પ્લેટો*

**❖ માનવતાના ચાર અંગ :**

૧. વિવેક શીલતા
૨. ન્યાયપ્રિયતા
૩. સહિષ્ણુતા
૪. વીરતા

**❖ માનવ ભવ રૂપી શાલ :**

બાદશાહે મંત્રીને કિંમતી રેશમી શાલ ભેટ આપી.

મૂર્ખ મંત્રીએ તેનાથી નાક સાફ કર્યું.

રાજાને ખબર પડતાં તરત જ તેની પાસેથી મંત્રીમુદ્રા આંચકી લીધી.

મનુષ્યજન્મ રૂપી રેશમી શાલનો ઉપયોગ આપણે કેવો કરીએ છીએ?

**❖ દુર્લભ છ વસ્તુઓ :**

૧. માનવ ભવ
૨. આર્યક્ષેત્ર

૩. ઉત્તમકુળમાં જન્મ

૪. સદ્ધર્મ શ્રવણ

૫. સદ્ધર્મ પર શ્રદ્ધા

૬. સદ્ધર્મનું આચરણ

આ છ વસ્તુઓ ખૂબ જ દુર્લભ છે.

*- ઠાણંગ સૂત્ર ૬/૪૮૫*

**❖ દુર્લભ ત્રણ તત્ત્વો :**

૧. મનુષ્યતા

૨. મુમુક્ષુતા (કષાયાદિમાંથી મુક્ત થવાની ઇચ્છા)

૩. મહાપુરુષની નિશ્રા

આ ત્રણ તત્ત્વો ખૂબ જ દુર્લભ છે.

*- વિવેક ચૂડામણિ*

**❖ અંગોની સફળતા :**

ઓ જીભ ! તું ધર્મીજનના ગીત ગા.

ઓ કાનો ! તમે મહાપુરુષોના ગુણો સાંભળો.

ઓ આંખો ! તમે બીજાની ચડતી જોઇ નાચી ઊઠો.

આ અસાર સંસારમાં તમારી પ્રાપ્તિનું આ જ મુખ્ય ફળ છે.

*- ઉપા. શ્રી વિનયવિજયજી*

**❖ પશુ - માનવ - દેવ :**

- સારા પદાર્થો લઇ લે તે 'પશુ'.
- સારું કરવાની ઇચ્છા રાખે તે 'માનવ'.
- સારા બનવાનો પ્રયત્ન કરે તે 'દેવ'.

**❖ તમારા ત્રણ રૂપ :**

તમે તમારી જાતને જેવા માનો છો તેવા તમને લોકો નથી માનતા અને લોકો તમને જેવા માની રહ્યા છે, એવા તમે હકીકતમાં હોતા નથી. તમારા એક નહિ, ત્રણ-ત્રણ રૂપ છે.



**❖ પાંચ પ્રકારના પુરુષો :**

- પોતાના જ સ્વાર્થનો વિચાર કરનાર **ધૂળ** જેવો છે. (ધૂળની જેમ તેની કોઇ જ કિંમત નથી.)
- કુટુંબના હિતને ઇચ્છનાર **વૃક્ષ** જેવો છે. (ઝાડ પોતાની પાસે આવનારને ફળ-છાયા વગેરે આપે છે.)
- સમાજનું હિત ઇચ્છનાર **પશુ-પક્ષી** જેવો છે. (કાગડો પણ જમણવાર જોઇ કા... કા... કરીને પોતાના જાતભાઇઓને બોલાવે છે.)
- દેશનું હિત ઇચ્છનાર **મનુષ્ય** જેવો છે.
- આખી દુનિયાનું હિત ઇચ્છનાર **ભગવાન** જેવો છે.

**❖ પતન-અવસ્થાન અને ઉન્નતિ :**

૧. **પતનશીલ :** પાપની ખીણમાં ધસી પડનારો (રાક્ષસ).

૨. **સ્થિતિશીલ :** ત્યાં ને ત્યાં રહેનારો (માણસ).

૩. **ઉન્નતિશીલ :** ધર્મના શિખર પર ચડનારો (દેવ).

**❖ અધમ - મધ્યમ - ઉત્તમ :**

- **અધમ :** પોતાની જ પ્રશંસા કરનારો.
- **મધ્યમ :** જેની પ્રશંસા મિત્રો કરે તે.
- **ઉત્તમ :** જેની પ્રશંસા શત્રુ પણ કરે તે.

**❖ ભર્તૃહરિ કહે છે...**

પોતાનો સ્વાર્થ છોડીને પરોપકાર કરે તે ઉત્તમ, પોતાના સ્વાર્થને વાંધો ન આવે તે રીતે પરોપકાર કરે તે મધ્યમ, જે પોતાના સ્વાર્થ માટે પરહિતને નષ્ટ કરે તે અધમ... મનુષ્યના આકારમાં રહેલો રાક્ષસ, પણ જે કોઇ સ્વાર્થ વિના જ પરહિત નષ્ટ કરે તે શું કહેવાય ? અમે તે જાણતા નથી.

*- ભર્તૃહરિ નીતિશતક-૭૫*

❖ **દશ અવસ્થાઓ :**

૧. **બાલા :** ૧ થી ૧૦ વર્ષ. સુખ-દુઃખની વિશેષ સમજણ ન હોવાથી તે બાલ અવસ્થા કહેવાય છે.

૨. **ક્રીડા :** ૧૧ થી ૨૦ વર્ષ. આ ઉંમરમાં રમત-ગમત વગેરે વધુ પ્રિય હોય છે.

૩. **મંદા :** ૨૧ થી ૩૦ વર્ષ. ભોગો ભોગવવામાં સમર્થ હોવા છતાં નવા ભોગોનું અર્જન કરવામાં મંદ હોવાથી આ અવસ્થા 'મંદા' કહેવાય છે.

૪. **બલા :** ૩૧ થી ૪૦ વર્ષ. જીવનનો આ કાળ સુવર્ણયુગ છે. વધુમાં વધુ શક્તિ માણસ આ ઉંમરમાં બતાવી શકે છે. માટે જ આ અવસ્થાને 'બલા' કહેવાય છે.

૫. **પ્રજ્ઞા :** ૪૧ થી ૫૦ વર્ષ. આ ઉંમરે બુદ્ધિ તેની ચરમસીમાએ હોય છે. આ દશામાં પોતાની તથા કુટુંબની પ્રતિષ્ઠા જમાવવા માણસ પ્રયત્નશીલ રહેતો હોય છે.

૬. **હાયની :** ૫૧ થી ૬૦ વર્ષ. હવે જીવનશક્તિ ક્ષીણતાના માર્ગે ગતિ કરે છે. કાન, આંખ વગેરે ઇન્દ્રિય-શક્તિ ક્ષીણ બને છે.

૭. **પ્રપંચા :** ૬૧ થી ૭૦ વર્ષ. રોગોનો પ્રપંચ (વિસ્તાર) ખાંસી વગેરે વધતા જાય છે.

૮. **પ્રાગ્ભારા :** ૭૧ થી ૮૦ વર્ષ. શરીર વાંકુ વળી જાય છે. સ્ત્રીઓને અપ્રિય બને છે. ઘડપણ પૂરી રીતે ઘેરી લે છે.

૯. **મુમ્મુહી :** ૮૧ થી ૯૦ વર્ષ. જીવન તરફ ઉદાસીનતા આવે છે ને માણસ મૃત્યુની પ્રતીક્ષા કરતો રહે છે.



૧૦. **શાયની :** ૯૧ થી ૧૦૦ વર્ષ. મોટે ભાગે પથારીમાં પડ્યો રહે છે. તે દીન, હીન અને કંગાળ બની જાય છે.

*- ઠાણંગ ૧૦/૭૭૨*

❖ **સર્વોપરિ માનવ :**

તિજોરીમાં રહેલા ચાંદીની વાટકી, સોનાની વાટકી, હીરા વગેરેમાં ચર્ચા ચાલુ થઇ.

ચાંદીની વાટકી : હું એટલે હું જ ! મારા જેવું જગતમાં કોઇ જ નથી.

સોનાની વાટકી : હવે રહેવા દે તું ! હું જો હાજર હોઉં તો તને કોણ પૂછે છે ?

હીરા : અય ! તુંયે બહુ બડાઇ ન ઠોક. અમારા તેજ પાસે તું સાવ ઝાંખી છે. સમજી ?

તિજોરી : અરે... તમે બધા ઝગડો છો શા માટે ? આખરે તો તમે સૌ મારા જ પેટમાં રહેલા છો ને ?

તાળું : રહેવા દે... રહેવા દે... ઓ તિજોરી ! મારા વિના તારી કિંમત જ શી છે ?

ચાવી : તું પણ ડંફાસ મારવાનું રહેવા દે. આખરે તો તું મારા જ ઇશારે નાચે છે ને ?

આ ચર્ચા સાંભળી પાસે ઊભેલા શેઠનો હાથ બોલી ઊઠ્યો : ઓ ચાવી ! તું મારા વિના જરાય ચાલી શકતી નથી... એ તો તને ખબર છે ને ? તને ઘૂમાવનાર હું હાથ છું... એ જરા યાદ કર.

શેઠ બોલ્યા : ઓ હાથ ! તું પણ તારું ડહાપણ રહેવા દે. આખરે તો તારો માલિક હું છું. હું જો તને આજ્ઞા કરું તો જ તું બધી પ્રવૃત્તિ કરી શકે... મારાથી જો તું છૂટો પડી જાય તો તારો ભાવ પણ કોણ પૂછે છે ?

ખરી વાત છે. આ જગતમાં સર્વોપરિ માણસ છે. માણસ છે માટે જ સોના-હીરાની કિંમત છે. જ્યાં માણસો નથી ત્યાં રહેલા હીરાઓનો ભાવ પણ કોણ પૂછે છે ?

**❖ 'માણસ'ને વ્યવસ્થિત ગોઠવો :**

દુનિયાના નકશાના ટૂકડે-ટૂકડા કરી પિતાજીએ છોકરાને આપ્યા અને કહ્યું : તું બધા ટૂકડાને વ્યવસ્થિત કરી નકશો ગોઠવી આપ.

છોકરો પ્રયત્ન કરતો રહ્યો... પણ કલાકો સુધી ઠેકાણું પડ્યું નહિ. અચાનક જ તેની નજર એક ટુકડા પાછળ રહેલા માણસના અંગ પર ગઈ. તેને ઝબકારો થયો : ચોક્કસ પાછળ માણસનું ચિત્ર છે અને તે માણસના ચિત્રને વ્યવસ્થિત ગોઠવતો ગયો અને આશ્ચર્ય ! બીજી બાજુ દુનિયા પણ વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ.

હા... માણસ દુનિયાને કદી વ્યવસ્થિત નહિ બનાવી શકે, પણ જો પોતાની જાતને વ્યવસ્થિત બનાવશે તો તેના માટે દુનિયા તરત જ વ્યવસ્થિત બની જશે.

**❖ જન - દુર્જન - મહાજન :**

હે માનવ ! તું જન છે.

તું ધારે તો સજ્જન પણ થઈ શકે અને દુર્જન પણ થઈ શકે અને આગળ વધીને મહાજન પણ બની શકે.

મહાજન થવામાં તારી જીત છે.

સજ્જન થવામાં તારી સફળતા છે.

દુર્જન થવામાં તારી હાર છે.

**❖ બીજાની ભલાઈમાં જ પોતાની ભલાઈ :**

તમે વિદ્વાન છો ? તો તમે સરળતાથી બીજાને શીખવો.

તમે શિલ્પી છો ? તો તમારી શિલ્પકળા નિઃસ્પૃહભાવે બીજાને આપો.



તમે વક્તા છો ? તો પ્રવચનો દ્વારા નીતિમાર્ગનું પ્રકાશન કરો.

તમે લેખક છો ? તો ઉન્નતિપ્રેરક વિચારો દ્વારા લોકોનું જીવન ઉન્નત બનાવો.

તમે ડૉક્ટર છો ? તો રોગગ્રસ્ત જીવોને આરોગ્ય આપો.

તમે નવરા રહો તે ન ચાલે. તમારી પાસે જે કંઈ પણ છે, તે બીજાને આપતા રહો. બીજાને સુખી કરવાની ભાવનાથી જ્યારે તમે કંઈક પણ કરો છો, ત્યારે તમારો અંતરાત્મા અવશ્ય સુખી થાય છે. કારણ કે બીજાની ભલાઈમાં જ આપણી ભલાઈ છૂપાયેલી હોય છે.

**❖ માનવ : વિચિત્ર ફળ :**

કેરી પાકે ત્યારે મીઠી થાય. મોસંબી, સંતરા, સફરજન વગેરે ફળો પણ પાકે તેમ મીઠા થાય, પણ એક ફળ એવું છે કે જે પાકે તેમ કડવું થાય. કયું ફળ ? કહી દઉં ? સાંભળો. એ ફળનું નામ છે : 'મનુષ્ય'. (અલબત્ત દુર્જન)

**❖ હાય ! તારું જીવન !**

હે માનવ ! તું જન્મ લેતો હતો ત્યારે તારા મુખ પર રૂદન હતું. તું અત્યારે જીવી રહ્યો છે, પણ તારી ફરિયાદો ચાલુ છે. તું મરીશ ત્યારે કદાચ તારા મુખ પર નિરાશા હશે !

જન્મમાં રૂદન

જીવનમાં ફરિયાદ

મરણમાં નિરાશા

હાય માનવ ! તારું જીવન !

**❖ જીવનમાં ગણિતના ચાર હિસ્સા :**

ગણિતના ચારેય હિસ્સા જીવનમાં આવી જાય છે.

જીવનનો પ્રથમ તબક્કો (બ્રહ્મચર્યાશ્રમ) સરવાળો છે; જ્યાં વિદ્યા, કલા, વીર્ય આદિનો સંગ્રહ (સરવાળો) કરવાનો છે.

જીવનનો બીજો તબક્કો (ગૃહસ્થાશ્રમ) બાદબાકી છે; જ્યાં પ્રાપ્ત થયેલી શક્તિઓનો ખર્ચ કરવાનો છે.

જીવનનો ત્રીજો તબક્કો (વાનપ્રસ્થાશ્રમ) ગુણાકાર છે; જ્યાં દરેક પ્રકારના ગુણોની ખૂબ-ખૂબ વૃદ્ધિ કરવાની હોય છે.

જીવનનો ચોથો તબક્કો (સંન્યાસાશ્રમ) ભાગાકાર છે; જ્યાં પ્રાપ્ત કરેલા તપ-જપ આદિ ગુણોને વહેંચવામાં આવે છે... અર્થાત્ લોકોમાં તેનો પ્રચાર કરવામાં આવે છે.

**❖ અંતરધરતીનો શણગાર :**

પાત્રે ત્યાગી ગુણે રાગી, ભોગી પરિજનૈઃ સહ ।
શાસ્ત્રે બોદ્ધા રણે યોદ્ધા, પુરુષઃ પઞ્ચલક્ષણઃ ।।

પાત્રને આપનાર, ગુણોને ચાહનાર, પરિવાર સાથે ઉપભોગ કરનાર, શાસ્ત્રનો જાણકાર, યુદ્ધ-મેદાનમાં લડનાર માણસ જ ધરતીનો શણગાર છે.

**❖ લોકે કહેશે...**

જોઈને નહિ ચાલો તો લોકો કહેશે આંધળો છે.
વિચારીને નહિ બોલો તો લોકો કહેશે પાગલ છે.
ધ્યાનથી નહિં સાંભળો તો લોકો કહેશે બહેરો છે.
સ્વચ્છતા નહિ રાખો તો લોકો કહેશે ગંદો છે.
ઠગાઈ જશો તો લોકો કહેશે બુદ્ધુ છે.
આડી-અવળી કરશો તો લોકો કહેશે નારદ છે.
કામ વિના ફરશો તો લોકો કહેશે નવરો છે.
બૈરા-છોકરાને મારશો તો લોકો કહેશે રાક્ષસ છે.
ભલા થશો તો લોકો કહેશે દેવ છે.



**❖ એવું કરો કે...**

એવું કામ કરો કે લોકો જોતા જ રહે.
એવુ બોલો કે લોકો ધ્યાનથી સાંભળે.
એવું વિચારો કે ફરીથી વિચારવું ન પડે.
એવું આપો કે જે કંઈક કામનું હોય.
એવું લો કે જેથી દાતાનું દિલ ઉલ્લસે.
એવું લખો કે હમેશાં વંચાતું રહે.
એવું ચાલો જેથી ધૂળ ન ઊડે. (જીવો ન મરે)
એવી રીતે રહો કે બધા રાખવા ઈચ્છે.
એવા બનો કે લોકો કહે : 'આ અમારા છે.'

**❖ ઉપકાર વિષે...**

ઉપકાર કરનાર કરતાં કરેલા ઉપકારને જાણનારા થોડા છે.
ઉપકારને જાણનારા કરતાં તેનો બદલો ચૂકવનાર થોડા છે.

★ ★ ★

કોઈ ઉપકાર માને કે ન માને છતાં જે ઉપકાર કરે તે ઉત્તમ.
'તે મારો ઉપકાર માને છે' માટે જે ઉપકાર કરે તે મધ્યમ.
'તે મારો ઉપકાર કરશે' માટે જે ઉપકાર કરે તે જઘન્ય.

★ ★ ★

કરેલા ઉપકારો ગણવા-ગણાવવા તે ગુનો છે.
લીધેલી સેવા ગણવી-ગણાવવી તે સદ્ગુણ છે.

**❖ ચાર પ્રકારના પુત્ર :**

૧. **અતિજાત :** બાપથી સવાયા. જેમ કે રામ-લક્ષ્મણ.
૨. **અનુજાત :** બાપ જેવા. મૂડી સાચવનારા.
૩. **અપજાત :** બાપની મૂડી ખલાસ કરનારા.
૪. **કજાત (કુલાંગાર) :** માથાના ગુમડા જેવા. સાતેય વ્યસને પૂરા.

❖ **ઉપકાર કે બાદ...**

કિસીકા ઉપકાર કરકે ભૂલ જાઓ.
કિસીસે ઉપકાર કરાકે મત ભૂલો;
કિસીકો દેકર ભૂલ જાઓ.
કિસીસે લેકર મત ભૂલો.

❖ **દુર્ગુણો જોઈ શું કરવું ?**

કોઈના દુર્ગુણ ન જુએ તે ઉત્તમોત્તમ.
દુર્ગુણ જુએ પણ કહે નહિ તે ઉત્તમ.
દુર્ગુણ જોઈ તેને જ કહે તે મધ્યમ.
દુર્ગુણ જોઈ દુર્ભાવ કેળવે તે અધમ.
દુર્ગુણની નિંદા ફેલાવે તે અધમાધમ.

❖ **વાસના :**

બાળપણ : મીઠાઈની વાસના.
યૌવન : સ્ત્રીની વાસના.
ઘડપણ : લોભની વાસના.

❖ **પાંચ ચંડાળ :**

૧. કૂટ સાક્ષી
૨. મૃષાભાષી
૩. કૃતઘ્ન
૪. દીર્ઘ રોષી
૫. જન્મ ચંડાળ

❖ **પુરુષ અને વાણી :**

- **મહાપુરુષ :** પહેલા હૈયું બોલે પછી વાણી.
- **મધ્યમ :** પહેલા વાણી બોલે પછી હૈયું.
- **અધમ :** પહેલા વાણી બોલે અને પછી પણ વાણી.



❖ **નિર્માણ કરે છે :**

અધ્યયન જ્ઞાનપૂર્ણ માનવ
સંમેલન દક્ષ માનવ
લેખન એક્ઝેટ માનવનું નિર્માણ કરે છે.

- *બેકન*

❖ **અધૂરો છલકાય :**

અલ્પ પાણીવાળો ઘડો ઘણો છલકાય છે.
અલ્પ દૂધવાળી ગાય ઘણી ચંચળ હોય છે.
અલ્પજ્ઞાની વધુ અભિમાની હોય છે.
અને કદરૂપો માણસ અધિક ચેષ્ટાવાળો હોય છે.

❖ **સજ્જનના આંસુ :**

પ્રેમથી ઘાસ પર પડે તો હીરાથી અધિક ઝળકે.
માણસ પરના જુલમ જોઈને પડે તો અંગારા બને.
કોઈનું દર્દ જોઈને પડે તો આશ્વાસનના બિંદુ બને.
ભૂખ્યાને જોઈને પડે તો ઘઉં બની જાય.
તરસ્યાને જોઈને પડે તો અમૃતની ધારા બની જાય.

❖ **દુર્જનનાં આંસુ :**

પ્રેમ (?)થી ઘાસ પર પડે તો તે ભડથુ થઈ જાય.
બીજા પર થતા જુલમ જોઈને પડે તો બરફ જેવી ઠંડક થાય.
દર્દ જોઈને પડે તો બંદૂકની ગોળી બની જાય.
ભૂખ્યાને જોઈને પડે તો ગુલામીનું દસ્તાવેજ બની જાય.
તરસ્યાને જોઈને પડે તો વિષ-જ્વાળા બની જાય.

❖ **સાપ ઝેરી કે માણસ ?**

સાપ ! તું સભ્ય તો થયો નથી.
નગરમાં રહેતાં તો આવડતું નથી.

તો તેં ડંખવાનું ક્યાંથી શીખ્યું ? (માણસ વિના)
તેં વિષ ક્યાંથી ખરીદ્યું ? (દુકાન વિના)
સાપ કરતાં પણ ઝેરી આજના માનવીને જોઈને કોઈએ કહ્યું છે :
માનવીના ઝેર માટે તું પૂછ મા;
સાપ પણ કાંઈ એટલા ડસતા નથી.

❖ **આજના માનવ પાસે :**

પ્રતિભા ખૂબ છે, શ્રદ્ધા નથી.
જ્ઞાન છે, પણ વ્યાવહારિક બુદ્ધિ નથી.
આડંબરયુક્ત સભ્યતા છે, પણ પ્રેમ કે સહાનુભૂતિ નથી.
સિદ્ધાંતોની ચર્ચાઓ છે, પણ આચરણ નથી.

❖ **શાસન કરે છે :**

૨૦ વર્ષે સંકલ્પ
૩૦ વર્ષે બુદ્ધિ
૪૦ વર્ષે નિર્ણયાત્મકતા
પછી ચરિત્રનો અંશ

❖ **અંતિમ પ્રયાણ વખતે...**

પૈસા બેન્કમાં
ગાડીઓ ગેરેજમાં
પત્ની મકાનમાં
પરિવાર સ્મશાનમાં
શરીર ચિત્તામાં પડ્યા રહે છે...
જીવ એકલો પોતાના કર્મ સાથે ચાલી નીકળે છે.

❖ **મૃત્યુ પછી :**

પરિવાર પૂછશે : તે કેટલી સંપત્તિ મૂકીને ગયો ?
જગત પૂછશે : તે કેટલા સારા કાર્યો કરીને ગયો ?



❖ **કરવાવાળા કેટલા ?**

સાંભળનારા લાખો છે.
સંભળાવનારા હજારો છે.
સમજનારા સેંકડો છે.
પણ કરવાવાળા વિરલા જ છે.

❖ **જીવનનું રહસ્ય :**

જીવનનું રહસ્ય કર્તવ્યમાં છે.

'સાગરમાં જઈને હું ફરવાનો આનંદ માણીશ' આવું કહેનાર નદીને શું કહેવું ?

'માળામાં બેસીને જ ગગનનો આનંદ માણીશ' એવું કહેનાર પંખીને શું કહેવું ?

❖ **કુલીન પુરુષના ચાર ગુણ :**

હસમુખો ચહેરો
ઉદાર હાથ
મૃદુ ભાષણ
નમ્રતા

*- તિરૂવલ્લુવર*

❖ **ઉત્તમ કોણ ?**

ભણેલાથી ગણેલો સારો
ગણેલાથી ફરેલો સારો
ફરેલાથી કસાયેલો સારો

❖ **મનુષ્ય-આયુષ્ય શી રીતે બંધાય ?**

સરળ સ્વભાવ, વિનય, દયા અને ઈર્ષ્યાનો ત્યાગ
આ ચાર ગુણોથી મનુષ્ય આયુષ્ય બંધાય છે.

*- ઠાણંગ ૪/૪/૩૭૩*

★ ★ ★

## ૧૨. જીવન

❖ **જીવન :**

આડા અને ઊભા તારથી કપડું બને.

અનુકૂળતા અને પ્રતિકૂળતાથી જીવન બને.

❖ **કાર્યકર્તાઓ ! ટીકાથી ગભરાશો નહિ :**

અનુચિત ટીકાથી ગભરાશો નહિ. એ તો ખરેખર તમારી પ્રશંસા (ભલે તેનું નામ ટીકા હોય) છે. કારણ કે તમે ટીકાકારોમાં ઈર્ષ્યા કે સ્પર્ધા ભડકાવી શક્યા છો... એટલું ભૂલશો નહિ કે મરેલા કૂતરાને કોઈ લાત મારતું નથી. તમારી ટીકા થાય છે એનો અર્થ એ થયો કે હવે તમે કાંઈક વજનદાર થયા છો.

ટીકાની ઉપેક્ષા કરી નક્કર અને ઉત્તમ કાર્યમાં મંડી પડો. તમારી ભૂલોનો હિસાબ રાખો. લાભકારી - રચનાત્મક ટીકાઓ તમારે જાણવી જોઈએ. તેની ઉપેક્ષા કરી શકાય નહિ.

❖ **જીવનનો આદર્શ :**

બટન દબાવતાં ફોટો પડી જાય,
બીબામાં ઢાળતાં મશીન બની જાય,
પણ જીવનનો આદર્શ આટલો જલ્દી નહી બને.
એ તો ખીલતું ફૂલ છે. એને એની રીતે ખીલવા દો.
એ તો પીંછી, કાગળ અને આંગળીઓની
સાવધાનીપૂર્વકની કરામતથી નિર્માણ પામતું ચિત્ર છે.
સાવધાનીપૂર્વક ચિત્રનું નિર્માણ કરો.

❖ **જીવન - એક સંગીત :**

જીવન ગાયન છે.
કલા તાલ છે.



મનના વિશેષ ભાવો ભિન્ન-ભિન્ન રાગ છે.
સમગ્ર બ્રહ્માંડ લય છે.

❖ **આ વાક્યો તમારી જીંદગી બદલાવશે. અજમાવી જુઓ !**

૧. આજે હું પ્રસન્ન રહીશ. કોઈની તાકાત નથી કે મારી પ્રસન્નતા ખંડિત કરી શકે. મારી પ્રસન્નતાનો હું જ માલિક છું.

૨. આજે હું વર્તમાનને અનુકૂળ થવાનો પ્રયત્ન કરીશ. બીજાને મારી ઈચ્છાનુસાર ઢાળવાનો પ્રયત્ન નહિ કરું.

૩. આજે યોગાસન આદિથી શરીરને કેળવીશ. બીડી, દારૂ વગેરેના વ્યસનોથી શરીરનો દુરુપયોગ નહિ કરું.

૪. આજ મારા મનને સબળ બનાવવા પ્રયત્ન કરીશ. હું ઉપયોગી વાતો શીખીશ. મારા વિચારોને ભટકવા નહિ દઉં !

૫. આજ મારો સ્વભાવ સારો રાખીશ. ધીરે બોલીશ. નમ્ર રહીશ. બીજાની પ્રશંસા કરવામાં ઉદાર રહીશ. કોઈની ટીકા નહિ કરું.

૬. આજે હું વર્તમાન સમસ્યા ઉકેલવામાં પ્રયત્ન કરીશ. જીવનની બધી સમસ્યા એકી સાથે નહિ લઉં !

૭. આજે હું કાર્યક્રમ બનાવીશ.

૮. આજે અર્ધો કલાક આરામથી બેસીને પરોપકારના વિચારો કરીશ. આંતરદષ્ટિ પ્રાપ્ત થાય માટે.

૯. આજે હું નિર્ભય રહીશ.

❖ **એક મિનિટમાં...**

- વિશ્વમાં અંદાજે ૫૪૪૦ બાળકો જન્મે છે.
- પ્રાયઃ ૪૬૩૦ લોકો મૃત્યુ પામે છે.

- ૮॥ લાખ કપ ચા-કોફી પીવાઇ જાય છે.
- હૃદય ૭૫ વખત આખા શરીરમાં લોહી મોકલે છે. મહેનત વધે તો ૨૦૦ વખત પણ હૃદય લોહી મોકલે છે.
- એક વખતના લોહીના પરિભ્રમણમાં રક્તકણો ૬૦ હજાર માઇલ ચાલે છે.
- ૧૮ વખત શ્વાસોચ્છ્વાસ ચાલે છે.
- ૩૭ અબજ ટન પાણી સૂર્ય-ગરમીથી વરાળ બને છે.

**❖ દીર્ઘ આયુષ્યના કારણ :**

૧. જીવહિંસા ત્યાગ
૨. મૃષાવાદ ત્યાગ
૩. નિર્દોષ આહારનું દાન

*- ઠાણંગ*

**❖ બુદ્ધિ અને ચરિત્ર :**

બુદ્ધિનો વિકાસ એકાંતમાં,
ચરિત્રનો વિકાસ લોકો વચ્ચે.

*- ગેટે*

**❖ જીવન બે રીતે બને છે :**

૧. તમારી વિચારધારાથી.
૨. સમય પસાર કરવાની તમારી પદ્ધતિથી.

*- જો. હાવેજ*

★ ★ ★

જયાં હો ત્યાં તમારા વાણી-વિચાર-વર્તનથી એવી હવા ઊભી કરો કે તમારા વિના બીજાને ખાલી-ખાલી લાગે. તેઓ બોલે : 'એ કેમ ચાલ્યા ગયા ? કેવા મજાના માણસ હતા ?' તો જીવ્યું 'જીવ્યું' કહેવાય.

★ ★ ★



## ૧૩. આયુષ્ય

**❖ આયુષ્ય નાશના નિમિત્તો :**

૧. સ્પર્શ
૨. પરાઘાત
૩. વેદના
૪. આહાર
૫. નિમિત્ત
૬. અધ્યવસાય
૭. શ્વાસોચ્છ્વાસ

**❖ અલ્પ આયુષ્યના કારણ :**

૧. જીવહિંસા
૨. મૃષાવાદ
૩. અનેષણીય આહારનું દાન

*- ઠાણંગ*

**❖ એકેન્દ્રિયના કારણ :**

૧. મોહ
૨. અજ્ઞાન
૩. રાગ

★ ★ ★

## ૧૪. દેવ

**❖ પાંચ દેવ :**

**૧. ભવ્ય દ્રવ્યદેવ :** ભવિષ્યમાં દેવગતિ ઉત્પન્ન થનાર જીવ.
**૨. નરદેવ :** ચક્રવર્તી.

૩. **ધર્મદેવ :** સાધુ મહાત્મા.
૪. **દેવાધિદેવ :** અરિહંત પરમાત્મા.
૫. **ભાવદેવ :** વૈમાનિક વગેરે દેવ.

*- ઠાણંગ ૫/૧*

**❖ દેવ-આયુષ્યના કારણો :**

સરાગ સંયમ, દેશવિરતિ, અજ્ઞાન તપ, મોક્ષ ઈચ્છા વિનાનો ધર્મ - આ ચાર કારણે દેવનું આયુષ્ય બંધાય છે.

*- ઠાણંગ ૪/૪/૩૭૩*

**❖ ઈન્દ્રની શક્તિ :**

ઈન્દ્રમાં એટલી શક્તિ હોય છે કે તે જો ધારે તો માણસના મસ્તકના ટુકડે-ટુકડા કરી ચૂર્ણ બનાવી કમંડળમાં ભરી શકે છે અને પછી તરત જ તે ચૂર્ણમાંથી પાછું મસ્તક બનાવી માણસના ધડ સાથે ચોંટાડી દે છે અને તે માણસ જીવતો જ રહે છે. આ કાર્ય એટલી કુશળતાથી અને શીઘ્રતાથી કરે છે કે માણસને જરા પણ પીડાનો અનુભવ થતો નથી.

*- ભગવતી ૧૪/૮/૧૮*

**❖ દેવોની શક્તિ :**

કેટલાક દેવો હજાર જાતના શરીર બનાવી જુદી જુદી હજાર જાતની ભાષા બોલી શકે છે.

*- ભગવતી ૧૪/૯/૯*

★ ★ ★

કેટલાક દેવો મનુષ્યની પાંપણ પર બત્રીસ જાતના નાટકો બતાવી શકે છે અને છતાં પણ તે માણસને જરા પણ તકલીફ પડતી નથી. આવા દેવો ‘અવ્યાબાધ દેવ’ તરીકે ઓળખાય છે.

*- ભગવતી ૧૪/૮/૧૭*

★ ★ ★



## ૧૫. નરક

**❖ નરક આયુષ્યનાં કારણો :**

મહા આરંભ, મહા પરિગ્રહ, પંચેન્દ્રિયની હત્યા, માંસાહાર - આ ચાર કારણોથી જીવ નરકનું આયુષ્ય બાંધે છે.

*- ઠાણંગ ૪/૪/૩૭૩*

**❖ નરકની દસ વેદનાઓ :**

ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ખરજ, પરાધીનતા, ભય, શોક, વૃદ્ધત્વ, કોઢ-તાવ વગેરે રોગો - આ ૧૦ પ્રકારની વેદના નરકના જીવો અનુભવતા હોય છે.

*- ઠાણંગ ૧૦/૭૫૩*

★ ★ ★

## ૧૬. પાપ

**❖ સાપ-પાપ :**

- **નામથી :** સાપનું નામ સાંભળતાં જ ભય લાગે.
- **સ્થાપનાથી :** અંધારામાં દોરડીમાં સાપની કલ્પના (સ્થાપના)થી પણ ભય લાગે.
- **દ્રવ્યથી :** જે ઓરડામાં ત્રણ દિવસ પહેલા સાપ નીકળ્યો હોય, ત્યાં જતાં પણ ભય લાગે.
- **ભાવથી :** મદારીના ઝેર વગરના સાપથી પણ ભય લાગે.

સાપનું નામ, કલ્પના, સ્થાન વગેરે બધું જ ખરાબ, તેમ પાપનું સ્થાન, કલ્પના વગેરે બધું જ ખરાબ લાગવું જોઈએ.

**❖ પાપથી નષ્ટ થતી ચાર ચીજ :**

૧. ચિત્તની પ્રસન્નતા

૨. શરીરનું આરોગ્ય

૩. કુટુંબમાં સંપ

૪. જીવનમાં શાંતિ

★ ★ ★

## ૧૭. પ્રતિજ્ઞા

**❖ સાધુ અને પશુ :**

બધા વગર ચાલે એ સાધુ,

બાધા વગર ચાલે એ પશુ.

**❖ પ્રતિજ્ઞામાં ભય લાગે છે ?**

તમે મેલા થવાના ભયથી વસ્ત્ર પહેરવાનું નથી છોડતા.

ભિખારીઓના ભયથી રસોઈ કરવાનું નથી છોડતા.

તીડના ભયથી ખેતી કરવાનું નથી છોડતા.

અકસ્માતના ભયથી મોટરમાં બેસવાનું નથી છોડતા.

નુકસાનીના ભયથી વેપાર કરવાનું નથી છોડતા.

માખીઓના ભયથી દૂધ પીવાનું નથી છોડતા.

તો તૂટી જવાના ભયથી

પ્રતિજ્ઞા લેવાનું કેમ છોડી દો છો ?

તૂટેલા યંત્ર, તૂટેલા વાસણ અને ફાટેલા વસ્ત્ર વગેરેની જેમ તૂટેલી પ્રતિજ્ઞાને પણ પ્રાયશ્ચિત્તથી નિર્મળ બનાવી શકાય છે.

**❖ પ્રતિજ્ઞાનું રક્ષણ :**

ટીટોડી જેમ ઈંડાનું રક્ષણ કરે,

ચમરી ગાય જેમ પૂંછડીનું રક્ષણ કરે,



માતા જેમ પોતાના એકના એક પુત્રનું રક્ષણ કરે,

કાણો માણસ જેમ પોતાની એક આંખનું રક્ષણ કરે,

તેમ સદા પ્રતિજ્ઞાનું રક્ષણ કરો.

*- વિશુદ્ધિ માર્ગ ૧/૬૮*

**❖ પ્રતિજ્ઞાની વાતોથી ન ચાલે :**

લાડવાની વાતોથી મોઢું મીઠું ન થાય.

ધાબળાની વાતોથી ટાઢ ન ઊડે.

વેપારની વાતોથી ક્રોડપતિ ન થવાય.

દીવાની વાતોથી અંધારું ન જાય.

દવાની વાતોથી દર્દ ન મટે.

લગ્નની વાતોથી વહુ ઘરે ન આવે.

સત્તાની વાતોથી ખુરશી ન મળે.

વિદ્યાની વાતોથી વિદ્વાન ન બનાય.

પ્રતિજ્ઞાની માત્ર વાતોથી શ્રાવક ન બનાય.

પરંતુ તે જીવનમાં લાવવી પડે.

**આમોં સે આમ**

કહાં સૂખી બાતોં સે હો રેલ-પેલ;

ખલી પેલને સે ન નીકલેગા તેલ.

ન બાતેં બનાકર હી બહલાઓ જી;

કે પાની બિલૌને સે નીકલે ન ઘી.

અમલ કે મુતાબિક સિલા હો મુદામ;

કે ઈમલી સે ઈમલી હો, આમોં સે આમ.

*- ઉર્દૂ શાયરી*

❖ **બંધન :**

બળદને નાથનું બંધન
ઘોડાને લગામનું બંધન
હાથીને અંકુશનું બંધન
મોટરને બ્રેકનું બંધન
જ્યોતને કોડિયાનું બંધન
પાણીને પ્યાલાનું બંધન
રૂપિયાને તિજોરીનું બંધન
તિજોરીને તાળાનું બંધન
તાળાને ચાવીનું બંધન
ચાવીને હાથનું બંધન
હાથને મગજનું બંધન
મગજને આત્માનું બંધન
આત્માને સદ્‌ગુરુનું બંધન
સદ્‌ગુરુને શાસ્ત્રનું બંધન
શાસ્ત્રને ભગવાનનું બંધન
ભગવાનને વસ્તુસ્થિતિનું બંધન છે.

જે ભગવાનના બંધનથી બંધાય છે તે જ સંસારના બંધનથી છુટી શકે છે.

★ ★ ★

## ૧૮. ચારિત્ર

❖ **જગતનું પરિવર્તન કરવું હોય તો...**

પહેલા હૃદય પરિવર્તન



પછી જીવન પરિવર્તન
ત્યાર પછી સમાજ પરિવર્તન
ને પછી દેશ પરિવર્તન
ને છેલ્લે વિશ્વ પરિવર્તન
શરૂઆત ઘર-આંગણેથી જ કરવી પડે.

❖ **કોણ કોનાથી સારા ?**

અભણ કરતાં ભણેલા સારા,
ભણેલા કરતાં યાદ રાખનારા સારા,
યાદ રાખનારા કરતાં રહસ્ય જાણનારા સારા,
રહસ્ય જાણનાર કરતાં તે મુજબ જીવનાર સારા.

- *મનુસ્મૃતિ ૧૨/૧૦૩*

❖ **સદાચારે આપઘાત કર્યો :**

'હાય ! હાય ! મારો એકનો એક જુવાનજોધ પુત્ર તો મરી ગયો. હવે મારે જીવીને કામ શું છે ?' આમ વિચારી એક ઘરડા બાપે આપઘાત કર્યો. જાણો છો આ બાપ-બેટા કોણ ? બેટાનું નામ 'સત્ય'. બાપનું નામ 'સદાચાર'.

❖ **ભ્રષ્ટાચારે સોગંદ લીધા :**

સાંભળ્યું છે કે લોકસભામાં નેતા સોગંધવિધિ કરી રહ્યા હતા ત્યારે યુવાનેતા લોકપ્રિયશ્રી અસત્યના લાડીલા પુત્ર શ્રી ભ્રષ્ટાચારે પણ રાષ્ટ્ર પ્રત્યે પૂરી ઈમાનદારીથી વર્તવાના સોગંદ લઈ લીધા છે.

- *શ્રી રવિ દિવાકર*

★ ★ ★

## ૧૯. ભક્તિ

### (દર્શન, પૂજન, નમસ્કાર ઈત્યાદિ)

❖ **પરમાત્મા :**

નાસ્તિક માટે પરમાત્મા ઝીરો (o) છે.

આસ્તિક માટે પરમાત્મા પૂર્ણવિરામ (.) છે.

શૂન્ય અંદરથી પોલું છે. પૂર્ણવિરામ નક્કર છે.

❖ **પાંચ કલ્યાણકથી પાંચ આશ્રવ જાય :**

૧. **ચ્યવન :** મિથ્યાત્વ જાય.

૨. **જન્મ :** અવિરતિ જાય.

૩. **દીક્ષા :** પ્રમાદ જાય.

૪. **કેવળ જ્ઞાન :** કષાય જાય.

૫. **મોક્ષ :** યોગ જાય.

❖ **પ્રભુ જન્મ વખતે આનંદ શા માટે ?**

પ્રભુ વીરના જન્મ વખતે આનંદનું કારણ બતાવતાં સૌએ કહ્યું :

**ઋજુવાલુકા નદી :** મારા કિનારે કેવળજ્ઞાન થશે.

**કમળો :** મારા પર પ્રભુના પગલા પડશે.

**મેરુ પર્વત :** મને પ્રભુના ચરણનો સ્પર્શ થશે.

**વૃક્ષો :** અમને નમસ્કાર કરવા મળશે.

**વાયુ :** અમે અનુકૂળ બનીશું.

**પંખી :** અમે પ્રદક્ષિણા આપીશું.

**સૂર્ય-ચંદ્ર :** અમે મૂળ વિમાને પ્રભુના દર્શન કરવા આવીશું.

**સૌધર્મેન્દ્ર :** હું પાંચ રૂપ કરી બળદ બની પ્રભુનો અભિષેક કરીશ.

**ચમરેન્દ્ર :** હું મચ્છર બનીને પ્રભુ ચરણનું શરણું સ્વીકારીશ.

**પૃથ્વી :** અમારામાં વર્ષોથી દટાયેલા નિધાનોનો દાન માટે સદુપયોગ થશે.



**માનવો :** ધર્મતીર્થની સ્થાપના થશે.

**પશુ-પંખીઓ :** અમે પણ ધર્મદેશના સાંભળી શકીશું, સમજી શકીશું.

❖ **ત્રિકાલાતીત બની પ્રભુ ભક્તિ કરો :**

ત્રણેય કાળથી મુક્ત થઇ ઈશ્વરને ભજો.

ભૂતકાળને યાદ કરશો તો શોકાદિમાં ખૂંપી જશો.

વર્તમાનને યાદ કરશો તો મોહ-માયામાં ફસાઇ જશો.

ભવિષ્યકાળને યાદ કરશો તો ચિંતાના કાદવમાં ખૂંપી જશો.

❖ **ભક્તિ માપવા માટે :**

દૂધની ઘનતા માપવા લેક્ટોમીટર, વીજળીનું દબાણ માપવા વોલ્ટમીટર, હવાનું દબાણ માટે બેરોમીટર, ગરમી માપવા માટે થર્મોમીટર, તેમ પ્રભુભક્તિ માપવા માટે ચિત્ત પ્રસન્નતા.

❖ **To Live (જીવન) થી To Love (પ્રેમ) સુધી :**

જીવન શા માટે ? જીવવા માટે.

જીવવું શા માટે ? કંઇક કરવા માટે.

કંઇક કરવું શા માટે ? સત્કર્મ કરવા માટે.

સત્કર્મ શા માટે ? જીવો સાથે પ્રેમ કરવા માટે.

જીવોનો પ્રેમ શા માટે ? ભગવાન સાથે પ્રેમ કરવા માટે.

Live (લિવ) અને Love (લવ)માં ફરક કેટલો ?

I અને O નો જ માત્ર ફરક.

I એ અહંનું, સ્વાર્થનું પ્રતીક છે.

O એ શૂન્યનું - અહં રહિતતાનું પ્રતીક છે.

તો વિશ્વનું વાસ્તવિક સત્ય આ જ છે કે આઇ-I (અહં)ને O - ઓ (શૂન્ય)માં પરિવર્તિત કરી દો.

સ્વાર્થી મટીને પ્રભુપ્રેમી બનો.

❖ **ભક્તિ માટે શું જોઈએ ?**

તપસ્વી બનવા શરીરની શક્તિ અપેક્ષિત છે.
જ્ઞાની બનવા બુદ્ધિની શક્તિ અપેક્ષિત છે.
દાની બનવા ધનની શક્તિ અપેક્ષિત છે.
પણ ભક્ત બનવા નિરપેક્ષ બનવું અપેક્ષિત છે.
કોઈ પણ શક્તિ પર મગદૂર બનેલો માણસ કદી પણ 'ભક્ત' બની શકતો નથી.

❖ **આંસુ :**

પ્રભુ-ભક્તિ, કરુણા અને સહાનુભૂતિથી થતા આંસુ પવિત્ર છે.
શોક, ક્રોધ અને દંભથી થતા આંસુ અપવિત્ર છે.

❖ **ઈસ્લામ ધર્મની ૭ જરૂરી વાતો :**

૧. **તોબા :** પાપોનો પશ્ચાત્તાપ.
૨. **જહર :** ઈચ્છાથી ગરીબી સ્વીકારવી.
૩. **સબ્ર :** સંતોષ કરવો.
૪. **શુક્ર :** અલ્લા પ્રત્યે કૃતજ્ઞતા.
૫. **રિજાઅ :** દમન.
૬. **તવક્કુલ :** અલ્લાની કૃપા પર પૂરો ભરોસો.
૭. **રજ :** અલ્લાની મરજીને પોતાની મરજી બનાવવી.

આ સાતેય વાતો દુષ્કૃત ગર્હા, સુકૃત-અનુમોદના અને શરણાગતિમાં સમાઈ જાય છે - એમ નથી લાગતું ?

❖ **... તો થાય :**

ખોરાક સાથે પાણી મળે તો પચે.
તન સાથે મન મળે તો સાધના થાય.
પ્રકૃતિ સાથે પુરુષ મળે તો સંસાર મંડાય.
કૃષ્ણ સાથે જો અર્જુન મળે તો મહાભારત જીતાય.
જ્ઞાન સાથે જો ભક્તિ (શ્રદ્ધા) મળે તો મોક્ષ થાય.



❖ **મૂર્તિ :**

આગમો શ્રદ્ધાથી સમજાય.
નયવાદ બુદ્ધિની તીક્ષ્ણતાથી સમજાય.
પણ હે પ્રભુ ! તારી આ મૂર્તિ તો
બાળકથી માંડીને સૌને સહેલાઈથી સમજાય.

❖ **ત્રણ પ્રકારના બોર્ડ (આજના) :**

૧. **ઓફિસ પર :** નો એડમીશન વિધાઉટ પરમીશન.
૨. **વિદ્યાલય પર :** નો એડમીશન વિધાઉટ ડોનેશન.
૩. **સાધનાધામ પર :** નો એડમીશન વિધાઉટ ડીવોશન.

❖ **વિશ્વાસ રાખો :**

૧. ભગવાનની ભક્તિ પર.
૨. આત્માની શક્તિ પર.
૩. શુદ્ધ આચારની અભિવ્યક્તિ પર.

❖ **ટૂટે વો પાંવ...**

ટૂટે વો પાંવ જિસકો ન તેરી તલાશ હો,
ફૂટે વો આંખ જિસકો ન હો જુસ્તજૂ તેરી;
વો ઘર હો બેચિરાગ જહાં તેરી જૂ ન હો,
વો દિલ હો દાગ જિસમેં ન હો આરજૂ તેરી.

*- મુનશી દુર્ગાસહાય*

❖ **પાંચ મુક્તિ :**

૧. **સાલોક્ય :** ભગવાન સમાન લોકની પ્રાપ્તિ.
૨. **સાર્ષ્ટિ :** ભગવાન સમાન ઐશ્વર્યની પ્રાપ્તિ.
૩. **સામીપ્ય :** ભગવાનની નજીક સ્થાનની પ્રાપ્તિ.
૪. **સારૂપ્ય :** ભગવાન સમાન સ્વરૂપની પ્રાપ્તિ.
૫. **સાયુજ્ય :** ભગવાનમાં લયની પ્રાપ્તિ.

*- ભાગવત ૩/૨૯/૧૩*

❖ **કોની ક્યારે મુખ્યતા ?**

ઔદયિક ભાવની ઘટનામાં ઉપાદાનની મુખ્યતા માનો.

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિકમાં પુષ્ટ નિમિત્ત (પ્રભુ)ની મુખ્યતા માનો.

❖ **અરિહંતની ભક્તિ (ચાર નિક્ષેપામાં નવધા ભક્તિ)**

નામ નિક્ષેપની (ભક્તિ) શ્રવણ, કીર્તન, સ્મરણ વડે.

સ્થાપના નિક્ષેપની વંદન, પૂજન, અર્ચન વડે.

દ્રવ્ય નિક્ષેપની દાસ્ય કે સખ્યભાવ વડે.

ભાવ નિક્ષેપની આત્મ-નિવેદન વડે.

❖ **લોગસ્સના ત્રણ પદમાં નવધા ભક્તિ :**

| કિત્તિય | વંદિય | મહિયા |
|---|---|---|
| ૧ શ્રવણ | ૪ વંદન | ૭ દાસ્ય |
| ૨ કીર્તન | ૫ અર્ચન | ૮ સખ્ય |
| ૩ સ્મરણ | ૬ પાદસેવન | ૯ આત્મ-નિવેદન |

❖ **લોગસ્સની આરાધના :**

'લોગસ્સ કલ્પ'માં પ્રથમ ગાથા પૂર્વદિશામાં જિનમુદ્રાએ ૧૪ દિવસ તેના બીજ મંત્રો સહિત ૧૦૮ વાર ગણવાનું વિધાન છે. તે મુજબ ગણવાથી અને તેના ઉપસંહાર રૂપ છઠ્ઠી ગાથા બેસીને ૧૦૮ વાર ગણવાથી એક પ્રકારની અદ્‌ભુત શાંતિ અનુભવાય છે.

❖ **ક્યારે કોની આરાધના**

- **તપોવૃદ્ધિ માટે** : વર્ધમાન સ્વામી - આદિનાથ
- **શાંતિ માટે** : શાંતિનાથ
- **બ્રહ્મચર્ય માટે** : નેમિનાથ
- **વિઘ્ન વિદારણ માટે** : પાર્શ્વનાથ



❖ **પ્રતિમા પૂજનનું તાત્કાલિક ફળ :**

- યાદવોની જરા ચાલી ગઈ.
- ઝીંઝુપુર (ઝીંઝુવાડા)ના રાજા દુર્જનશલ્યનો કોઢ ચાલ્યો ગયો.
- પાલનપુરના પ્રહ્લાદન રાજાનો કોઢ ચાલ્યો ગયો.
- શ્રીપાળ તથા ૭૦૦ કોઢીયા નીરોગી થયા.
- નાગકેતુ કેવલી થયા.

❖ **પાંચ નમસ્કાર :**

૧. **પ્રહાસ નમસ્કાર** : મજાકથી કે ઈર્ષ્યાથી નમસ્કાર કરવા તે.

૨. **વિનય નમસ્કાર** : માતા-પિતાદિને વિનયથી નમવું.

૩. **પ્રેમ નમસ્કાર** : મિત્રાદિને પ્રેમથી નમવું.

૪. **પ્રભુ નમસ્કાર** : સત્તાદિના કારણે રાજાદિને નમવું.

૫. **ભાવ નમસ્કાર** : મોક્ષ માટે દેવ-ગુરુ આદિને નમવું.

❖ **ભજન અને ભોજન :**

- ભોજન નીરસ તો ભજન સ-રસ.
- ભોજન સ-રસ તો ભજન નીરસ.

❖ **અહંકાર અને આત્મવિશ્વાસ :**

અહંકાર અને આત્મવિશ્વાસ વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા સમજો.

રાવણ, દુર્યોધન, હિટલર કે ધવલ જેવો (બીજાને મારી નાખવાના આશયવાળો અને હુંકારથી ભરેલો) વિશ્વાસ આત્મવિશ્વાસ ન કહેવાય, પણ અહંકાર કહેવાય. પુણિઓ, અભયકુમાર, ચંપા શ્રાવિકા કે કપર્દી મંત્રી જેવો નમ્રતાયુક્ત આત્મવિશ્વાસ જોઈએ, જે એમ મનાવે કે અનંત શક્તિના સ્વામી પ્રભુ મારી સાથે છે.

❖ **જીવાત્મા અને પરમાત્મા :**

- રાગાદિ વિજેતા પરમાત્મા.
- રાગાદિથી વિજિત જીવાત્મા.

❖ **બી જ ન વાવ્યું તો ?**

ભણો, ગણો, તપ કરો પણ હૃદયમાં જો અનંત (પ્રભુ) પ્રત્યે પ્રેમ નથી પ્રગટ્યો તો બધું જ વ્યર્થ છે. કોઇ ખેડૂત ખેતરમાં માટી ખોદે, ખેડે, જમીન સમતલ કરે, પાણી સિંચે પણ બી જ ન વાવે તો ?

❖ **તેઓ ઝેરનાં બી વાવે છે :**

આર્યભૂમિ, ઉત્તમકુળ, સત્સંગ આદિ પ્રાપ્ત કરીને જેઓ ઠંડી-ગરમી સહન કરતા ચાતક પક્ષીની જેમ ભગવાનનું સ્મરણ કરે છે, તે ચતુર છે. બીજા તો સોનાના હળમાં કામધેનુને જોડીને ઝેરનાં બી વાવી રહ્યાં છે.

❖ **શુદ્ધ ભક્તિ :**

આજે શુદ્ધ ભક્તિ પ્રાયઃ લુપ્ત થઇ ગઇ છે. ભક્તોએ ભક્તિને ઘણી સસ્તી બનાવી દીધી છે. ઇતિહાસ તો કહે છે કે ભક્ત તે જ બની શકે જે રાવણની જેમ પોતાની નસ કાપીને વીણામાં લગાડી શકે, જે કપર્દી મંત્રીની જેમ ઉકળતા તેલના કડાયામાં કૂદકો મારી શકે, જે હંટરનો માર ખાતાં પણ શ્રેણિકની જેમ 'વીર... વીર...' પોકારી શકે.

❖ **વિભક્તિ ત્યાં ભક્તિ નહિ :**

જીવો સાથે વિભક્તિ (જુદાઇ) જ્યાં
નહિ પ્રભુની નહિ ભક્તિ ત્યાં.

❖ **ભગવાનનું સરનામું :**

- **દેશ :** સત્સંગ
- **નગર :** ભક્તિનગર



- **ગલી :** પ્રેમની ગલી
- **ચોકીદાર :** વિરહતાપ નામનો ચોકીદાર
- **મહેલ :** પ્રભુ મંદિર
- **સીડી :** સેવાની સોપાન પંક્તિ

અહીં સુધી આવ્યા પછી શું કરવાનું ?
દીનતાના પાત્રમાં મનના મણિને મૂકીને પ્રભુને ચડાવવું.
અહં ભાવને બાજુએ મૂકી પ્રભુ શરણ સ્વીકારવું.

❖ **ભક્તની ઇચ્છા :**

હું મરી જઇશ પછી મારું શરીર માટી તો બની જ જવાનું છે. હે પ્રભુ ! મારી એવી ઇચ્છા છે કે એ માટીમાંથી ઉત્પન્ન થયેલ વૃક્ષ દ્વારા કોઇ સુથાર આપના ચરણની પાદુકા બનાવે. આમ મને જો તારા ચરણમાં રહેવાનું મળશે તો હું મારી જાતને જગતમાં સૌથી સૌભાગ્યશાળી માનીશ.

*- ગંગાધર*

❖ **ભક્તિ પૂર્ણ ક્યારે ?**

જ્ઞાનથી આલોકિત અને ચારિત્રથી નિયંત્રિત ભક્તિ જ દૃઢ હોઇ શકે છે. જ્યાં સુધી ભક્તિ જ્ઞાન અને કર્મ (ચારિત્ર) બનતી નથી ત્યાં સુધી તે અપૂર્ણ છે.

❖ **ભક્તોની લઘુતા :**

ભક્તોની એક વિશેષતા હોય છે કે તેઓ પોતાને સદા પ્રભુના દાસ તરીકે જ ઓળખાવે છે. પોતાના નામ પણ લઘુતા દર્શક રાખે છે.

દા.ત. : તુક્કા (તુક્કારામ), એકા (એકનાથ), નાનક, કબીરા વગેરે.

❖ **ભગવાન ક્યાં છે ?**

ફૂલની પાંખડીઓમાં સુગંધ રહેલી છે, તેમ હું (ભગવાન) શાસ્ત્ર-પંક્તિઓમાં રહેલો છું. જેઓ મને મળવા ઇચ્છે છે તેઓ મને શાસ્ત્રમાં જુએ.

❖ **પ્રેમ :**

રટત-રટત રસના રટી, તૃષા સુખિગે અંગ;
'તુલસી' ચાતક પ્રેમ કો, નિતનૂતન રુચિ રંગ.
ચઢત ન ચાતક ચિત્ત કુ પ્રિય પયોદ કે દોષ;
'તુલસી' પ્રેમ પયોધિ કી, તા તે નાપ ન જોખ.

❖ **ભગવાન આવે તો...**

- બુદ્ધિમાં ભગવાન આવે તો સમ્યગ્ જ્ઞાન મળે.
- હૃદયમાં ભગવાન આવે તો સમ્યગ્ દર્શન મળે.
- હાથમાં (કાયામાં) ભગવાન આવે તો સમ્યક્ ચારિત્ર મળે.

❖ **સંસારમાં ધર્મ અને ધર્મમાં સંસાર :**

- છાસમાં માખણ હોય તો વાંધો નહિ,
  પણ માખણમાં છાસ ન જોઈએ.
- કોલસામાં હીરો આવી જાય તો વાંધો નહિ,
  પણ હીરા લેતાં કોલસો ન આવવો જોઈએ.
- સિગારેટ પીતાં-પીતાં પ્રભુને ભજવામાં વાંધો નહિ,
  પણ પ્રભુ-ભજન કરતાં કરતાં સિગારેટ ન જ જોઈએ.
- ઝેરમાં ભેળ-સેળ હોય તો વાંધો નહિ,
  પણ મીઠાઈમાં ઝેરની ભેળ-સેળ ન જ જોઈએ.
- પાણી પર હોડી હોય તો વાંધો નહિ,
  પણ હોડીમાં પાણી ન જોઈએ.



- સંસારમાં પ્રભુ યાદ આવે તો વાંધો નહિ,
  પણ પ્રભુ ભક્તિમાં સંસાર યાદ ન આવવો જોઈએ.

❖ **મળે છે :**

- વિશ્વાસથી સાક્ષાત્કાર.
- વિનયથી ઉન્નતિ.
- સત્યથી સમતા.
- પ્રેમથી આનંદ.
- ધૈર્યથી શાંતિ.
- વૈરાગ્યથી જ્ઞાન.
- સમર્પણથી ભક્તિ.

❖ **હે પ્રભુ !**

તું અંધકારમાં દીવો છે.
તું ગરીબનું ધન છે.
તું ભૂખ્યાનું અન્ન છે.
તું તરસ્યાનું પાણી છે.
તું આંધળાની લાકડી છે.
તું થાકેલાની સવારી છે.
તું દુઃખમાં ધીરજ છે.
તું વિરહમાં મિલન છે.
તું જગતનું સર્વસ્વ છે.

❖ **પ્રભુને પામવાના ચાર સોપાન :**

૧. **પ્રીતિયોગ :** પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ કેળવવો.
૨. **ભક્તિયોગ :** સર્વસ્વ સમર્પણની ભૂમિકાએ પહોંચવું.
૩. **વચનયોગ :** પ્રભુ આજ્ઞાને જીવન-પ્રાણ સમજી તેનું પાલન કરવું.

૪. **અસંગયોગ :** ઉપરના ત્રણેય યોગના ક્રમિક અને સતત અભ્યાસથી એક એવી અવસ્થા આવે છે કે જેમાં આત્મા સર્વ ભંગથી નિર્લેપ બની અનુભવ ગમ્ય અપરિમેય આનંદ પામવા લાગે છે.

*- પૂ.આ.વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી*

*લિખિત 'મિલે મન ભીતર ભગવાન' પુસ્તકમાંથી*

**❖ નયોની અપેક્ષાએ પ્રભુ-દર્શન :**

૧. **નૈગમનય :** મન, વચન, કાયાની ચંચળતાપૂર્વક માત્ર તમારી આંખોએ પ્રભુમૂર્તિ જોઇ ? તો પણ હું કહીશ કે તમે પ્રભુ દર્શન કર્યા.

૨. **સંગ્રહ નય :** જો તમને સર્વ જીવો સિદ્ધ ભગવંતોના સાધર્મિક બંધુઓ દેખાય તો જ હું ખરા દર્શન માનીશ.

૩. **વ્યવહાર નય :** આશાતનારહિત, વંદન-નમસ્કાર સહિત જો તમે પ્રભુ-મુદ્રા જોશો તો જ હું દર્શન માનીશ.

૪. **ઋજુસૂત્ર નય :** સ્થિરતા અને ઉપયોગપૂર્વકના દર્શનને જ હું 'દર્શન' તરીકે માન્ય કરું છું.

૫. **શબ્દ નય :** પ્રભુના અનંત ઐશ્વર્યને જોઇ તમારી આત્મ-સંપત્તિને પ્રગટાવવાની ઇચ્છા થઇ હશે તો જ હું ખરા 'દર્શન' માનીશ.

૬. **સમભિરૂઢ નય :** તમે કેવળજ્ઞાની બનશો ત્યારે જ સાચા 'દર્શન' કરી શકશો - એમ હું માનું છું.

૭. **એવંભૂત નય :** તમે સિદ્ધ પરમાત્મા બનશો ત્યારે જ ખરેખરા 'દર્શન' કરી શકશો - એવી મારી માન્યતા છે.

*- પૂ.આ.વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી*

*લિખિત 'મિલે મન ભીતર ભગવાન' પુસ્તકના આધારે*



**❖ પ્રભુની પાંચ કૃપા :**

૧. યાદ કરવા માત્રથી પ્રભુ સ્મૃતિમાં આવ્યા વિના રહેતા નથી.

૨. પ્રભુ પાસે અશક્યની કોઇ ભાષા નથી.

૩. પ્રભુ કદી ના પાડતા નથી.

૪. પ્રભુ કદી મૂલતવી રાખતા નથી.

૫. પ્રભુ કદી ભક્તનો ભૂતકાળ યાદ રાખતા નથી.

**❖ વસ્તુપાલની અંતિમ પ્રાર્થના :**

શાસ્ત્રનો અભ્યાસ
પ્રભુચરણમાં વંદના
સજ્જનોની સંગતિ
સંતોના ગુણાનુવાદ
નિંદામાં મૌન
પ્રિય હિતકર વચન
આત્મતત્ત્વમાં રમણતા
હે પ્રભુ ! મને ભવોભવ મળજો.

★ ★ ★

વિદેશ પ્રવાસે જતા રાજા પાસેથી પ્રથમ ત્રણ રાણીઓએ ઝાંઝર, કડુ ને હાર મંગાવ્યા. ચોથી : 'મને તો આપની જ જરૂર છે. બીજું કાંઇ ન જોઇએ.' ત્રણને તેટલું જ મળ્યું. ચોથીને રાજા મળ્યા, એટલે કે બધું જ મળ્યું. તમે પ્રભુ પાસેથી માંગશો કે પ્રભુને જ માંગશો ? મોટી માંગણીમાં નાની માંગણીઓ સમાઇ જાય છે, તે ભૂલશો નહિ.

★ ★ ★

# ૨૦. નવપદ

❖ **સાત ચક્ર :**

૧. સંસાર ચક્ર
૨. અશોક ચક્ર
૩. સુદર્શન ચક્ર
૪. કાળ ચક્ર
૫. કર્મ ચક્ર
૬. ધર્મ ચક્ર
૭. સિદ્ધ ચક્ર

(સાતમાં છેલ્લા બે શ્રેષ્ઠ છે.)

❖ **સિદ્ધચક્રમાં દેવ - ગુરુ - ધર્મ :**

- **દેવ :** અરિહંત, સિદ્ધ
- **ગુરુ :** આચાર્ય, ઉપાધ્યાય, સાધુ
- **ધર્મ :** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ

દેવ કરતાં ગુરુ નજીક.
ગુરુ કરતાં ધર્મ નજીક.
માટે જ દેવના બે, ગુરુના ત્રણ અને ધર્મના ચાર પદો છે.

❖ **તત્ત્વત્રયીથી રત્નત્રયી :**

- **દેવ :** દર્શન આપે
- **ગુરુ :** જ્ઞાન આપે
- **ધર્મ :** ચારિત્ર આપે

❖ **સિદ્ધોનો ઉપકાર :**

કહેવાય છે કે...
પરવાળાની માળાથી કમળો ટળે.



રૂદ્રાક્ષની માળાથી બી.પી. કંટ્રોલમાં રહે.
પારાની ગોળીથી ધાન્ય સડે નહિ.
ધ્રુવના તારાથી દિશાની ભાળ મળે.

આ બધા કંઇ કરતા નથી, છતાં તેમના અસ્તિત્વથી લાભ થાય છે. તો અનંત સામર્થ્યશાળી સિદ્ધોના અસ્તિત્વથી કેટલો લાભ થાય ?

એમની અસ્મિતાની શ્રદ્ધા પણ આપણી સાધનામાં પ્રાણ પૂરે છે.

સિદ્ધો આપણને દિશા આપે છે, ધ્યેય બતાવે છે, તે જ તેમનો મોટો ઉપકાર છે.

❖ **ગણપતિમાં આચાર્યના પ્રતીકો :**

- **મોટા કાન :** સૌનું સાંભળવું (પણ કરવું વિચારીને).
- **ઝીણી તેજસ્વી આંખો :** ગચ્છની નાની-નાની બાબતોનો ખ્યાલ રાખવો.
- **લાંબું નાક :** દીર્ઘદર્શિની પ્રજ્ઞા, ક્રાન્તદર્શિની મેધા.
- **મોટું પેટ :** સાગર જેવા ગંભીર રહેવું.
- **વાહન ઉંદર :** નાની વ્યક્તિની પણ ઉપેક્ષા નહિ કરવી.
- ગણ એટલે ગચ્છ - સમુદાય.
- તેના પતિ-સ્વામી તે ગણપતિ (આચાર્ય).

❖ **આચાર્યના ચાર નિક્ષેપા :**

૧. **નામાચાર્ય :** કોઇનું માત્ર નામ આચાર્ય હોય.
૨. **સ્થાપનાચાર્ય :** આચાર્યની મૂર્તિ, ફોટો, પગલા વગેરે.
૩. **દ્રવ્યાચાર્ય :** દર્શનાચાર્ય, વ્યાકરણાચાર્ય, ન્યાયાચાર્ય આદિ.
૪. **ભાવાચાર્ય :** પંચાચારને ભાવથી પાળે, પળાવે અને પ્રશંસે.

❖ **નવની દોસ્તી અખંડ છે !**

નવનો આંકડો મહાચમત્કારી છે, અખંડ છે.
નવને ગમે તે અંકની સાથે ગુણો, એ અખંડ જ રહેશે.

દા.ત. ૯ x ૨ = ૧૮ (૧ + ૮ = ૯), ૯ x ૩ = ૨૭ (૨ + ૭ = ૯).

કોઈ પણ સંખ્યાનો સરવાળો કરીને તેમાંથી તેટલી રકમ બાદ કરતાં નવનો આંકડો જ આવશે.

દા.ત. ૨૩, ૨ + ૩ = ૫, ૨૩ - ૫ = ૧૮, ૧ + ૮ = ૯.

સિદ્ધચક્રમાં નવ પદો છે. નવ લોકાંતિક દેવ છે. નવ ગ્રૈવેયક છે. નવ પુણ્ય છે. નવ વાડો છે. નવ મંગળ છે. નવ નિધાન છે.

આવી ઉત્તમ વસ્તુઓ નવ સંખ્યામાં છે.

નવની દોસ્તી એટલે સજ્જનની દોસ્તી... જે કદી તૂટે જ નહિ, સદા અખંડ રહે.

આઠ (કર્મ)ની દોસ્તી એટલે દુર્જનની દોસ્તી... જે ખંડિત થતી જ જાય. દા.ત. ૮ x ૧ = ૮, ૮ x ૨ = ૧૬, ૧ + ૬ = ૭, ૮ x ૩ = ૨૪, ૨ + ૪ = ૬. જુઓ સંખ્યા ઘટતી જાય છે ને ? નવ કહે છે કે તમે નવપદ સાથે દોસ્તી કરો. મારી દોસ્તી અખંડ રહેશે... ઠેઠ મુક્તિ સુધી અખંડ...!

**❖ નવપદ રૂપી કલ્પવૃક્ષ :**

- અરિહંત મૂળ છે.
- સિદ્ધ ફળ છે.
- આચાર્ય ફૂલ છે.
- ઉપાધ્યાય પાંદડા છે.
- સાધુ ડાળ છે.
- સમ્યગ્દર્શન જલસિંચન છે.
- સમ્યગ્જ્ઞાન અનુકૂળ પવન છે.
- સમ્યક્ચારિત્ર અનુકૂળ તાપ છે.
- સમ્યક્તપ ભૂમિ છે.



**❖ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ**

તત્ત્વાર્થના આ પ્રથમ સૂત્રમાં નવકાર છૂપાયેલો છે.

ચાલો, આપણે શોધીએ.

'માર્ગઃ' પદથી અરિહંત ('મગ્ગો' અરિહંતનું વિશેષણ છે.)

'મોક્ષ'થી સિદ્ધ ભગવંતો.

'ચારિત્ર'થી આચાર પાલક-પ્રચારક આચાર્ય ભગવંતો.

'જ્ઞાન'થી જ્ઞાનદાતા ઉપાધ્યાય ભગવંતો.

'દર્શન'થી શ્રદ્ધાપૂર્વક સંસાર ત્યાગ કરતા મુનિઓ.

'સમ્યગ્'થી ભક્તિપૂર્વકનો નમસ્કાર (નમઃ) સૂચિત થાય છે.

**❖ 'નમો અરિહંતાણં' :**

- 'નમો' તત્ત્વરુચિ (સમ્યગ્દર્શન)
- 'અરિહં' તત્ત્વબોધ (સમ્યગ્જ્ઞાન)
- 'તાણં' તત્ત્વપરિણતિ (સમ્યક્ચારિત્ર)
- 'નમો'થી નમસ્કારનું ધ્યાન કરનાર ધ્યાતા.
- 'અરિહં'થી નમસ્કરણીય અરિહંત ધ્યેય.
- 'તાણં'થી નમસ્કાર સ્વરૂપ ધ્યાન.
- 'નમો'થી દુષ્કૃત ગર્હા, જે પોતાને પાપી સમજે તે જ નમી શકે.
- 'અરિહં'થી સુકૃતાનુમોદના. અરિહંત સુકૃતના ઉત્કૃષ્ટ ભંડાર છે.
- 'તાણં'થી શરણાગતિ. ત્રાણ એટલે રક્ષણ.

સંપૂર્ણ રક્ષણહારની જ શરણાગતિ સ્વીકારી શકાય છે.

★ ★ ★

- 'નમો'થી નાદ
- 'અરિહં'થી બિંદુ
- 'તાણં'થી કલા.

❖ **શબ્દાદિના મોહથી છુટવા :**

- શબ્દના મોહથી છુટવા અરિહંતની વાણી સાંભળો.
- રૂપના મોહથી છુટવા અરૂપી સિદ્ધોનું રૂપ જુઓ. (ધ્યાન ધરો).
- ગંધના મોહથી છુટવા આચાર્યના આચારની સુગંધ માણો.
- રસના મોહથી છુટવા ઉપાધ્યાયના જ્ઞાન-રસને ચાખો.
- સ્પર્શના મોહથી છુટવા સાધુના ચરણોનો સ્પર્શ કરો.

❖ **પંચ પરમેષ્ઠીથી પંચાચારની શુદ્ધિ :**

૧. અરિહંતના ધ્યાનથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.
૨. સિદ્ધના ધ્યાનથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.
૩. આચાર્યની આરાધનાથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.
૪. ઉપાધ્યાયના ધ્યાનથી તપાચારની શુદ્ધિ થાય છે. (સજ્ઝાયસમો તવો નત્થિ)
૫. સાધુની આરાધનાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. (વીર્યાચારની જેમ સાધુ બધે જ વ્યાપ્ત છે.)

❖ **પંચ પરમેષ્ઠીથી ઉપશમાદિ પાંચ ગુણની પ્રાપ્તિ :**

૧. અરિહંતની ભક્તિથી ઉપશમગુણની પ્રાપ્તિ થાય છે.
૨. સિદ્ધની ભક્તિથી સંવેગગુણની પ્રાપ્તિ થાય છે.
૩. આચાર્યની ભક્તિથી નિર્વેદગુણની પ્રાપ્તિ થાય છે.
૪. ઉપાધ્યાયની ભક્તિથી અનુકંપાગુણની પ્રાપ્તિ થાય છે.
૫. સાધુની ભક્તિથી આસ્તિક્યગુણની પ્રાપ્તિ થાય છે.



❖ **નવ લાખ નવકાર :**

- દરરોજ એક બાધી માળાથી ૯ લાખ જાપ ૨૫ વર્ષે થાય.
- દરરોજ ત્રણ બાધી માળાથી ૯ લાખ જાપ ૯ વર્ષે થાય.
- દરરોજ પાંચ બાધી માળાથી ૯ લાખ જાપ પાંચ વર્ષે થાય.
- દરરોજ દસ બાધી માળાથી ૯ લાખ જાપ અઢી વર્ષે થાય.
- દરરોજ પચીસ બાધી માળાથી ૯ લાખ જાપ એક વર્ષે થાય.

❖ **જીવન ઉત્થાન માટે ચાર ચીજો :**

૧. સમજદારી (જ્ઞાન)
૨. ઈમાનદારી (દર્શન)
૩. જવાબદારી (ચારિત્ર)
૪. બહાદુરી (તપ)

❖ **નવકાર :**

- ૬૮ અક્ષરોથી ૬૮ તીર્થરૂપ.
- ૯ પદથી નવગ્રહ પીડાશામક.
- ૮ સંપદાથી ૮ કર્મોનો નાશક.
- ૭ જોડાક્ષરોથી ૭ ભયોનો નાશક.
- ૫ ધ્યેયપદોથી પંચમી ગતિ આપનાર.

❖ **મંત્ર, તંત્ર અને યંત્ર :**

- જ્ઞાન મંત્ર છે.
- કર્મ (ચારિત્ર) તંત્ર છે.
- ભક્તિ (દર્શન) બંનેને જોડનાર યંત્ર છે.

❖ **નવપદ :**

- અરિહંતો પરોપકારના ભંડાર છે.
- સિદ્ધો સુખના ભંડાર છે.
- આચાર્યો આચારના ભંડાર છે.

- ઉપાધ્યાય વિનયના ભંડાર છે.
- સાધુ સહાયતાના ભંડાર છે.
- દર્શન સદ્‌ભાવનાનો ભંડાર છે.
- જ્ઞાન સદ્‌વિચારોનો ભંડાર છે.
- ચારિત્ર સદ્‌વર્તનનો ભંડાર છે.
- તપ સંતોષનો ભંડાર છે.

*- પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.મ.*

**❖ નવપદથી નવ પ્રકારનો સંસાર ટળે :**

૧. અરિહંત સ્વાર્થમય સંસારથી મુક્ત બનાવે.
૨. સિદ્ધ દુઃખમય સંસારથી મુક્ત બનાવે.
૩. આચાર્ય પાપમય સંસારથી મુક્ત બનાવે.
૪. ઉપાધ્યાય અવિદ્યામય સંસારથી મુક્ત બનાવે.
૫. સાધુ વિષય-કષાયમય સંસારથી મુક્ત બનાવે.
૬. દર્શન રાગમય સંસારથી મુક્ત બનાવે.
૭. જ્ઞાન દ્વેષમય સંસારથી મુક્ત બનાવે.
૮. ચારિત્ર મોહમય સંસારથી મુક્ત બનાવે.
૯. ચારિત્ર મોહમય સંસારથી મુક્ત બનાવે.
૧૦. તપ સંજ્ઞામય સંસારથી મુક્ત બનાવે.

*- પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.મ.*

**❖ તત્ત્વત્રયી :**

- **દેવ :** ઈચ્છારહિત
- **ગુરુ :** મૂર્ચ્છારહિત
- **ધર્મ :** હિંસારહિત



**❖ રત્નત્રયી :**

- **દર્શન :** નિર્ભ્રાંત
- **જ્ઞાન :** નિર્મળ
- **ચારિત્ર :** નિર્દંભ

**❖ નવકારનો જાપ શું કરે ?**

- આભામંડળને નિર્મળ કરે. (લેશ્યા શુદ્ધિ)
- કષાય તંત્રને તોડી નાખે.
- પૃથ્વીતત્ત્વથી ચેતનાને બહાર કાઢે.
- સત્યનું શોધન કરે.
- દેહાધ્યાસ દૂર કરે.
- ચૈતન્યનો સ્પર્શ કરાવે.

**❖ પંચ પરમેષ્ઠીના ધ્યાનથી :**

- અરિહંતના ધ્યાનથી અહંનું મૃત્યુ.
- સિદ્ધોના ધ્યાનથી શબ્દનું મૃત્યુ.
- આચાર્યના ધ્યાનથી મોહનું મૃત્યુ.
- ઉપાધ્યાયના ધ્યાનથી અવિદ્યાનું મૃત્યુ.
- સાધુના ધ્યાનથી અવિરતિનું મૃત્યુ.

**❖ આર્હન્ત્ય કયા કયા રૂપે :**

- **સાધુમાં** સહાયતા રૂપે.
- **ઉપાધ્યાયમાં** જ્ઞાનદાન રૂપે.
- **આચાર્યમાં** આચારદાન રૂપે.
- **સિદ્ધોમાં** પૂર્ણ પ્રાકટ્ય રૂપે.
- **અરિહંતોમાં** સર્વના મૂળ રૂપે.

❖ **શાંતિપ્રદ પંચ પરમેષ્ઠી :**

- **અરિહંત :** શાંતિદાતા.
- **સિદ્ધ :** શાંતિભંડાર.
- **આચાર્ય :** શાંતિદૂત.
- **ઉપાધ્યાય :** શાંતિ પ્રવક્તા.
- **સાધુ :** શાંતિની દીવાદાંડી.

❖ **પંચ પરમેષ્ઠી શું કરે ?**

- **અરિહંત** જીવનને નિર્મળ કરે.
- **સિદ્ધ** જીવનને નિશ્ચલ કરે.
- **આચાર્ય** જીવનને સરળ કરે.
- **ઉપાધ્યાય** જીવનને સબળ કરે.
- **સાધુ** જીવનને સફળ કરે.

❖ **માધુર્ય :**

- દર્શનથી વિચાર માધુર્ય પ્રગટે.
- જ્ઞાનથી ઉચ્ચાર માધુર્ય પ્રગટે.
- ચારિત્રથી આચાર માધુર્ય પ્રગટે.
- તપથી સંતોષ માધુર્ય પ્રગટે.

❖ **રત્નત્રયી :**

- દર્શન આદર્શ છે.
- જ્ઞાન ઉપદેશ છે.
- ચારિત્ર આલંબન છે.

❖ **નવકાર મંત્ર શું કરે ?**

- સહજમળનો હ્રાસ કરે.
- તથાભવ્યતાનો વિકાસ કરે.
- ભવ-ભયમાં ત્રાણ કરે.



- કર્મરોગની ચિકિત્સા કરે.
- મોહવિષનો અપહાર કરે.
- વિષયરસથી વિમુખ કરે.
- પરમ તત્ત્વની સન્મુખ કરે.
- પ્રતિકૂળતાનું વિસર્જન કરે.
- અનુકૂળતાનું સર્જન કરે.

❖ **અક્ષય પાત્ર :**

- **સમ્યગ્દર્શન :** શાંતિનું અક્ષયપાત્ર.
- **સમ્યગ્જ્ઞાન :** સમૃદ્ધિનું અક્ષયપાત્ર.
- **સમ્યક્ચારિત્ર :** શક્તિનું અક્ષયપાત્ર.

❖ **અપેક્ષાએ પાંચેય પરમેષ્ઠી રાજા :**

૧. **અરિહંત :** સિદ્ધચક્રમાં વચ્ચે.
૨. **સિદ્ધ :** લોક-અલોકની વચ્ચે.
૩. **આચાર્ય :** પંચ પરમેષ્ઠીમાં વચ્ચે.
૪. **ઉપાધ્યાય :** ગુરુ પદો (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)માં વચ્ચે.
૫. **સાધુ :** નવપદોમાં વચ્ચે, વચ્ચે રહે તે રાજા.

❖ **પંચ પરમેષ્ઠીથી પાંચ અંતરાય જાય :**

૧. **દાનાંતરાય :** અરિહંતના વર્ષીદાનથી.
૨. **લાભાંતરાય :** સિદ્ધના અનંત લાભથી.
૩. **ભોગાંતરાય :** આચાર્યના વૈરાગ્યપૂર્ણ ઉપદેશથી.
૪. **ઉપભોગાંતરાય :** ઉપાધ્યાયના પુનરાવર્તનરૂપ સ્વાધ્યાયથી.
૫. **વીર્યાંતરાય :** સાધુના સંસાર ત્યાગના પુરુષાર્થથી.

વીર્યાચાર પાંચેય આચારમાં છે, તેમ સાધુ પાંચેય પરમેષ્ઠીમાં છે.

❖ **રત્નત્રયી :**

- **સમ્યગ્દર્શન :** મન પવિત્ર કરે.
- **સમ્યગ્જ્ઞાન :** વચન પવિત્ર કરે.
- **સમ્યક્ચારિત્ર :** તન (કાયા) પવિત્ર કરે.

★ ★ ★

- **જ્ઞાન :** ભૂતકાળમાંથી બોધ લો.
- **દર્શન :** ભવિષ્યકાળમાં શ્રદ્ધા રાખો.
- **ચારિત્ર :** વર્તમાનકાળમાં જીવો.

★ ★ ★

- **જ્ઞાન :** મસ્તક (ઉર્ધ્વભાગ) પવિત્ર કરે.
- **દર્શન :** હૃદય (મધ્યભાગ) પવિત્ર કરે.
- **ચારિત્ર :** અધોભાગ પવિત્ર કરે.

❖ **પાંચ પરમેષ્ઠીમાં પાંચ તીર્થો :**

૧. અરિહંતનો 'અ' અષ્ટાપદ,
૨. સિદ્ધનો 'સિ' સિદ્ધાચલ,
૩. આચાર્યનો 'આ' આબુ,
૪. ઉપાધ્યાયનો 'ઉ' ઉજ્જયંત (ગિરનાર),
૫. સર્વ સાધુનો 'સ' સમેતશિખર સૂચવે છે.

❖ **પાંચ ધર્મના લિંગ અને પાંચ પરમેષ્ઠી :**

૧. **ઔદાર્ય :** અરિહંતોમાં પ્રકૃષ્ટપણે રહેલું છે. સર્વ જીવોને તારવાની કરૂણાપૂર્ણ ઉદાર ભાવનાથી તેઓ ભગવાન બન્યા છે.

૨. **દાક્ષિણ્ય :** સિદ્ધોમાં ઉત્કૃષ્ટપણે રહેલું છે. તેઓ જગતના સર્વ જીવોને પૂર્ણ સ્વરૂપે જોઇ રહ્યા છે. કેટલું દાક્ષિણ્ય ?



૩. **પાપ જુગુપ્સા :** આચાર્ય ભગવંતોમાં જબરદસ્ત પાપ જુગુપ્સા રહેલી છે. આથી જ તેઓ આચારના પાલન અને ઉપદેશ દ્વારા જગતને પાપથી બચાવે છે.

૪. **નિર્મલ બોધ :** ઉપાધ્યાય ભગવંતોમાં ઉત્કૃષ્ટ રૂપે હોય છે. તેઓ સ્વયં આગમના જાણકાર અને બીજાને પણ પોતાના જેવા બનાવતા હોય છે.

૫. **લોકપ્રિયતા :** સજ્જન લોકોમાં સાધુઓ સદા પ્રિય હોય છે. સાધુઓને લોકપ્રિયતા સ્વાભાવિક રીતે જ મળેલી છે.

❖ **નવકાર સૌથી મહાન કલા :**

- **અર્થશાસ્ત્રની દષ્ટિએ :** 'નમો અરિહંતાણં' બોલતાં જ ૨,૪૫,૦૦૦ પલ્યોપમ દેવનું આયુષ્ય બંધાય. વિશ્વનો કોઇ કુબેરપતિ પણ એ દેવની મોજડીનું એક રત્ન પણ ખરીદી શકે ? માત્ર ચાર સેકન્ડના અલ્પ પ્રયત્ન બદલ કેટલો મહાન લાભ ?
- **બંધારણશાસ્ત્રની દષ્ટિએ :** દેશના બંધારણ શાસ્ત્ર બદલાઇ શકે છે, પણ અનંતકાળથી નવકાર મંત્રનો એક અક્ષર પણ બદલાયો નથી. નવકાર સૂત્ર અને અર્થથી શાશ્વત છે.
- **રાજકીય દષ્ટિબિંદુથી :** બધા રાજ્યો અશાશ્વત છે, પણ નવકારનું સામ્રાજ્ય કાયમ છે. એની આજ્ઞામાં રહે તે ગરીબ પણ સદ્ગતિમાં જાય. આજ્ઞામાં ન રહે તે ચક્રવર્તી પણ નરકે જાય. રાજકીય કોર્ટમાં તો નિર્દોષ દંડાય અને દોષિત છુટી જાય, પણ કર્મની કોર્ટમાં કોઇ છુટી શકે નહિ. રાજકીય કોર્ટની ફાંસીની સજામાંથી રાષ્ટ્રપતિ મુક્તિ અપાવી શકે, અહીં પણ

નવકારને શરણે જાય તે પાપી પણ મુક્ત બની શકે. (સવ્વ પાવપ્પણાસણો)

- **ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ :** નવકારથી પુણ્યનો સરવાળો, ધર્મનો ગુણાકાર, કર્મનો ભાગાકાર, પાપની બાદબાકી થાય છે.
- **માનસશાસ્ત્રની દૃષ્ટિએ :** ભયસંજ્ઞાના કારણે માણસ માનસિક રીતે પરેશાન છે. નવકાર મંત્ર અભય આપી સાધકને સ્વસ્થ બનાવે છે.
- **જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ :** નવકાર મંત્રની ચૂલિકામાં સાધકનું ભવિષ્ય કથન છે. તમે પંચ પરમેષ્ઠીને નમ્યા એ પાપકર્મો ગયા જ, અને તમારો આત્મા વિશુદ્ધ બન્યો જ.

- *'જીવનની સર્વશ્રેષ્ઠ કલા નવકાર'માંથી*

★ ★ ★

## ૨૧. જાપ - ધ્યાન - યોગ

❖ **'જપ'ની નિર્યુક્તિ :**

'જ' જનમ-જન્મના 'પ' પાપો જાય તે જાપ.

❖ **ધ્યાન, જ્ઞાન, ભાન :**

- ધ્યાન ભગવાનનું,
- જ્ઞાન જગતનું,
- ભાન જાતનું કરો !

❖ **વિજ્ઞાન અને અધ્યાત્મમાં મૌલિક ભેદ :**

હજાર વૈજ્ઞાનિકો સંશોધન કરે... દરેકના અભિપ્રાયો જુદા... અરે... પોતાનો અભિપ્રાય પણ આગળ જતાં બદલાય. જ્યારે હજાર યોગીઓ સાધના કરે તેમ એક જ વાત પુષ્ટ થાય.



❖ **કાઉસ્સગ્ગ :**

માનસશાસ્ત્રીઓ માને છે કે મસ્તકના ૧૦ ભાગમાંથી ૧ ભાગ જાગૃત છે, ૯ ભાગ સુપ્ત છે. કાયોત્સર્ગથી સુષુપ્ત શક્તિ જાગૃત થાય છે.

❖ **'ઓમ્'માં જૈન પ્રવચન :**

'અ' એટલે વિષ્ણુ. વિષ્ણુ 'ધ્રૌવ્ય'ના પ્રતીક છે.

'ઉ' એટલે ઉમાપતિ-શંકર. શંકર 'વ્યય'ના પ્રતીક છે.

'મ' એટલે બ્રહ્મા. બ્રહ્મા 'ઉત્પાદ'ના પ્રતીક છે.

અ + ઉ + મ = ઓમ્

ઓંકારમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ ત્રિપદી છૂપાયેલી છે અને ત્રિપદીમાં સંપૂર્ણ દ્વાદશાંગી છૂપાયેલી છે. આથી જ કહી શકાય કે ઓંકારમાં સંપૂર્ણ જૈન-પ્રવચન બીજરૂપે છૂપાયેલું છે.

(અકારો વાસુદેવઃ સ્યાત્, ઉકારસ્તુ મહેશ્વરઃ ।
મકારઃ પ્રજાપતિઃ સ્યાત્, ત્રિદેવ ૐ પ્રયુજ્યતે ॥)

❖ **'ઓમ્'માં પાંચ પરમેષ્ઠીઓ :**

અરિહંતનો અ, અશરીરી (સિદ્ધ)નો અ, આચાર્યનો આ, ઉપાધ્યાયનો 'ઉ', મુનિનો મ મળીને 'ઓમ્' બને છે.

અ + અ + આ + ઉ + મ = 'ઓમ્'. આમ 'ઓમ્'માં પાંચ પરમેષ્ઠીઓ છૂપાયેલા છે.

- *બૃહદ્ દ્રવ્યસંગ્રહ ટીકા*

❖ **અંતર્મુખી સાધક :**

જે સુખ મળતાં પોતાને સુખી ન માને
અને દુઃખ મળતાં પોતાને દુઃખી ન માને
તે જ અંતર્મુખી સાધક કહેવાય.

- *યોગવાશિષ્ઠ ૬/૨/૧૬૯/૧*

❖ **મુક્ત કોણ ?**

સ્તુતિ-નિંદા નહિ જહિં, કંચન-લોહ સમાન;
કહે 'નાનક' સુન રે મના ! તાહિ મુક્ત તૂ જાન.

❖ **ચાર દ્વારપાળ :**

મોક્ષના દરવાજે ચાર દ્વારપાળ ઊભા છે. તેમની સહાયતા વિના તમે મુક્તિના મંગલ-મંદિરમાં પ્રવેશ કરી શકો નહિ.

૧. શાંતિ
૨. સદ્‌વિચાર
૩. સંતોષ
૪. સત્સંગ

*- યોગવાશિષ્ઠ ૨/૧૬/૫૮*

❖ **મોક્ષ મૂઠીમાં :**

સર્વ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરો.
સર્વ જીવો પર સમતા રાખો.
એકાગ્ર બની ચિત્તને સમાધિમાં લીન બનાવો.
મોક્ષ તમારી મૂઠીમાં છે.

*- બૃહત્કલ્પભાષ્ય ૪૫૮૫*

❖ **ધ્યાન માટે આઠ અંગો :**

ધ્યાન કરવા ઈચ્છનારે આ આઠ અંગોને બરાબર જાણવા જોઈએ.

**૧. ધ્યાતા :** ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરનાર આત્મા.
**૨. ધ્યાન :** જેનું ધ્યાન ધરવાનું છે તેમાં લીનતા.
**૩. ફળ :** સંવર અને નિર્જરા રૂપ.
**૪. ધ્યેય :** ઈષ્ટ દેવ આદિ.
**૫. યસ્ય :** ધ્યાનનો સ્વામી.
**૬. યત્ર :** ધ્યાનનું ક્ષેત્ર.



૭. **યદા :** ધ્યાનનો સમય.
૮. **યથા :** ધ્યાનની વિધિ.

*- તત્ત્વાનુશાસન-૩૭*

❖ **હિતકારી ધ્યાન :**

મોક્ષ જોઈએ છે ? તો આત્માનો સાક્ષાત્કાર કરવો પડશે. આત્માનો સાક્ષાત્કાર શી રીતે થાય ? ધ્યાનથી. માટે જ ધ્યાન આત્માને હિતકારી છે.

*- યોગશાસ્ત્ર ૪/૧૧૩*

❖ **ધ્યાનના ચાર પ્રકાર :**

૧. આર્ત્ત ધ્યાન
૨. રૌદ્ર ધ્યાન
૩. ધર્મ ધ્યાન
૪. શુક્લ ધ્યાન

❖ **ધર્મ ધ્યાનના ચાર પ્રકાર :**

૧. આજ્ઞા વિચય
૨. અપાય વિચય
૩. વિપાક વિચય
૪. સંસ્થાન વિચય

❖ **ધર્મ ધ્યાનના ચાર આલંબન :**

૧. વાચના
૨. પ્રતિપૃચ્છના
૩. અનુપ્રેક્ષા
૪. ધર્મકથા

❖ **ધર્મ ધ્યાનના ચાર લક્ષણ :**

૧. આજ્ઞા રૂચિ
૨. નિસર્ગ રૂચિ
૩. સૂત્ર રૂચિ
૪. અવગાઢ રૂચિ

❖ **ધર્મ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા :**

૧. એકત્વાનુપ્રેક્ષા
૨. અનિત્યાનુપ્રેક્ષા
૩. અશરણાનુપ્રેક્ષા
૪. સંસારાનુપ્રેક્ષા

*- ઠાણંગ ૪/૧/૨૪૭*

❖ **ધ્યાનની સામગ્રી :**

સંગનો ધ્યાન, કષાયોનો નિગ્રહ, વ્રતોનું પાલન, મન-ઈન્દ્રિયોનો જય.

❖ **ધ્યાનના પાંચ હેતુ :**

૧. વૈરાગ્ય
૨. તત્ત્વવિજ્ઞાન
૩. નિર્ગ્રન્થતા
૪. સમચિત્તતા
૫. પરિગ્રહજય

*- બૃહદ્ દ્રવ્યસંગ્રહ ટીકા*

❖ **ધ્યાયના ચાર પ્રકાર :**

૧. પિંડસ્થ
૨. પદસ્થ
૩. રૂપસ્થ
૪. રૂપાતીત



૧. **પિંડસ્થ :** પિંડ એટલે શરીર... તેમાં રહેનાર આત્મા. તેના આલંબનથી જે ધ્યાન કરાય તે પિંડસ્થ ધ્યાન છે. તેની પાંચ ધારણાઓ છે : પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ.

*- યોગશાસ્ત્ર ૭/૮, ૭/૯*

૨. **પદસ્થ :** પવિત્ર મંત્રાક્ષરોનું આલંબન લઈ જે ધ્યાન કરવામાં આવે તે પદસ્થ ધ્યાન કહેવાય છે.

*- યોગશાસ્ત્ર ૮/૧*

૩. **રૂપસ્થ :** અરિહંત પ્રભુના રૂપનો સહારો લઈ જે ધ્યાન કરવામાં આવે તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

૪. **રૂપાતીત :** નિરંજન, નિરાકાર, અરૂપી એવા સિદ્ધ પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

*- યોગશાસ્ત્ર ૧૦/૧*

❖ **સાત કમલ ચક્ર :**

| | ચક્ર | સ્થાન | વર્ણ | પાંખડી | પાંખડીમાં કયા અક્ષરો સ્થાપવા ? |
|---|---|---|---|---|---|
| ૧. | મૂલાધાર | ગુદા | અગ્નિ | ૪ | વં.શં.ષં.સં. |
| ૨. | સ્વાધિષ્ઠાન | લિંગમૂળ | સૂર્ય | ૬ | બં.ભં.મં.યં.રં. લં. |
| ૩. | મણિપુર | નાભિ | રક્ત | ૧૦ | ડં.ઢં.ણં.તં.થં. દં.ધં.નં.પં.ફં. |
| ૪. | અનાહત | હૃદય | સુવર્ણ | ૧૨ | કં.ખં.ગં.ઘં.ઙં. ચં.છં.જં.ઝં.ઞં. ટં.ઠં. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫. | વિશુદ્ધિ | કંઠ | ચંદ્ર | ૧૬ | અ.આ.ઇ.ઈ.ઉ. ઊ.ઋ.ૠ.ઌૃ.ૡૃ. એ.ઐ.ઓ.ઔ. અં.અઃ. |
| ૬. | આજ્ઞા | ભ્રૂમધ્ય | લાલ | ૨ | હ્‌વ.ક્ષં. |
| ૭. | બ્રહ્મરંધ્ર | દશમદ્વાર (મસ્તક શિખા) | સ્ફટિક | ૧૦૦૦ | સચ્ચિદાનંદ જ્યોતિસ્વરૂપ |

ઉપર બતાવેલ સ્થાનમાં કમળની સ્થાપના (કલ્પના) કરી તેની તેટલી પાંખડીમાં ઉપર બતાવેલા અક્ષરોનું ધ્યાન કરવાનું હોય છે.

**❖ ધ્યાનમુદ્રા :**

ચિત્તને અંતર્મુખ બનાવી, દૃષ્ટિ નીચે નાસિકામાં અગ્ર ભાગ પર સ્થાપી, શરીર ટટાર રાખી, સુખાસનપૂર્વક બેસવું તે 'ધ્યાનમુદ્રા' છે.

*- ગોરક્ષાશતક-૬૫*

**❖ ખેચરી મુદ્રા :**

જીભને ઊલટાવી તાળવામાં લગાવવી અને દૃષ્ટિને બે ભવાંની વચ્ચે સ્થાપિત કરવી તે ખેચરી મુદ્રા કહેવાય છે. જે ખેચરી મુદ્રા જાણે છે તે ક્યારેય બીમાર પડતો નથી કે તેને ભૂખ-તરસ લાગતા નથી.

(પણ આના માટે ગુરુગમ જોઈએ. નહિ તો રોગ ન હોય તો પણ આવી જાય.)

*- ગોરક્ષા શતક ૬૬-૬૭*



**❖ માળાનો પ્રભાવ :**

- લીલી માળાથી રોગ મટે.
- લાલ માળાથી લક્ષ્મી મળે, શત્રુ દૂર થાય.
- પીળી માળાથી યશ મળે, પરિવાર વધે.

*- પુષ્પાવતી ચરિત્ર*

**❖ આવશ્યકમાં યોગના આઠ અંગ :**

- પ્રત્યાખ્યાનમાં યમ-નિયમ
- કાઉસ્સગ્ગમાં આસન-પ્રાણાયામ
- પ્રતિક્રમણમાં પ્રત્યાહાર
- ગુરુવંદનમાં ધારણા
- ચઉવિસત્થોમાં ધ્યાન
- સામાયિકમાં સમાધિ સમાવિષ્ટ થાય છે.

**❖ છ આવશ્યકમાં સાધ્ય-સાધનનો ક્રમ :**

- સામાયિક સ્વરૂપ આત્મા (સમાધિ) સાધ્ય છે.
- તેનું સાધન ચઉવિસત્થો (ધ્યાન) છે.
- ચઉવિસત્થોનું સાધન ગુરુવંદન (ધારણા) છે.
- ગુરુવંદનનું સાધન પ્રતિક્રમણ (પ્રત્યાહાર) છે.
- પ્રતિક્રમણનું સાધન કાયોત્સર્ગ (પ્રાણાયામ આસન) છે.
- કાયોત્સર્ગનું સાધન પ્રત્યાખ્યાન (યમ-નિયમ) છે.

**❖ છ આવશ્યકોથી શું લાભ ?**

- સામાયિકથી સમાધિ-શાંતિ મળે છે.
- ચતુર્વિંશતિથી આશ્વાસ-પ્રકાશ મળે છે.
- ગુરુવંદનથી ધારણા બંધાય છે.
- પ્રતિક્રમણથી ભૂતકાળથી પાછા ફરાય છે.
- કાયોત્સર્ગથી વર્તમાનમાં સ્થિર થવાય છે.
- પ્રત્યાખ્યાનથી ભાવિ માટે નિર્ભય થવાય છે.

❖ **વિશ્વમાનવી :**

દાર્શનિકનું મન મગજમાં
કવિનું હૃદયમાં
ગવૈયાનું ગળામાં
ખાઊધરાનું પેટમાં
નર્તકીનું અંગ-પ્રત્યંગમાં
પણ યોગીનું મન અખિલ બ્રહ્માંડમાં વસે છે.
યોગી કૂવાનો દેડકો નથી, પણ ગગનવિહારી ગરૂડ છે.
તે વિશ્વ માનવ છે, ક્ષુદ્ર માનવ નહિ.
આપણે પણ વ્યક્તિમાંથી વિશ્વ માનવ બનવાનું છે.
"વ્યક્તિ મટી હું બનું વિશ્વ માનવી;
માથે ધરૂં ધૂળ વસુંધરાની."

❖ **જપાત્ સિદ્ધિ :**

જાપમાં મન નથી લાગતું ? ચિંતા ના કરો.
મન વિના પણ જાપ કર્યા જ કરો... કર્યા જ કરો.
અભ્યાસ (પ્રયત્ન)થી મરચા પણ પ્રિય થઇ જાય છે.
જયારે ભગવાનનું નામ મરચા જેવું તો તીખું નથી જ !

❖ **સીધી જ તન્મયતા ન આવે :**

આરંભમાં જાપ અનિચ્છાથી પ્રાયઃ થતો હોય છે.
ત્યાર પછી તેમાં રૂચિ થાય,
પછી આસક્તિ આવે,
પછી શ્રદ્ધા જામે,
અને છેલ્લે તન્મયતા આવે.



❖ **રાત્રે જાગનાર :**

૧. જોગી
૨. રોગી
૩. ભોગી

❖ **અર્હમ્ :**

'અ' કુંડલિની (તૈજસ)નું સ્વરૂપ છે.
'ર' અગ્નિબીજ છે. આથી બૂરા સંસ્કાર નષ્ટ થાય છે.
'હ' આકાશબીજ છે. આથી ચિદાકાશનો અનુભવ થાય છે.
'મ્' એક ઝંકાર છે. આથી જ્ઞાનતંતુ સક્રિય બને છે.

❖ **કોને કયો યોગ મુખ્ય ?**

- જ્ઞાનયોગ : કુશાગ્ર બુદ્ધિવાળાને.
- રાજયોગ : સંકલ્પ શક્તિવાળાને.
- ભક્તિયોગ : હૃદયના પ્રેમાળ ગુણવાળાને.
- કર્મયોગ : શારીરિક રીતે સશક્તને.

❖ **યોગી કોણ ?**

દૃશ્ય વિના જ જેની દૃષ્ટિ સ્થિર બની ગઇ છે.
પ્રયત્ન વિના જ જેનો વાયુ સ્થિર થઇ ગયો છે.
આલંબન વિના જ જેનું મન સ્થિર રહે છે.

*- ગોરક્ષા શતક ૨૪*

❖ **ત્રણ યોગ :**

૧. જ્ઞાનયોગ (જ્ઞાન)
૨. કર્મયોગ (ચારિત્ર)
૩. ભક્તિયોગ (દર્શન)

આ ત્રણ સિવાય આત્મ કલ્યાણનો કોઇ ઉપાય નથી.

*- ભાગવત ૧૧/૨૦/૬*

### ❖ યોગની આઠ દષ્ટિ :

| આઠ દષ્ટિ | આઠ દોષ | આઠ ગુણ | આઠ યોગના અંગ |
|---|---|---|---|
| મિત્રા | ખેદ | અદ્વેષ | યમ |
| તારા | ઉદ્વેગ | જિજ્ઞાસા | નિયમ |
| બલા | ક્ષેપ | શુશ્રુષા | આસન |
| દીપ્રા | ઉત્થાન | શ્રવણ | પ્રાણાયામ |
| સ્થિરા | ભ્રાન્તિ | બોધ | પ્રત્યાહાર |
| કાન્તા | અભ્યુદય | મીમાંસા | ધારણા |
| પ્રભા | સંગ | પ્રતિપત્તિ | ધ્યાન |
| પરા | આસંગ | પ્રવૃત્તિ | સમાધિ |

યોગની આઠ દષ્ટિ પ્રાપ્ત થતાં ક્રમશઃ આઠ દોષ ટળે છે. આઠ ગુણ અને આઠ યોગના અંગ મળે છે.

- ***યોગદષ્ટિ સમુચ્ચય***

### ❖ ધ્યાન યોગ એટલે :

નિઃસ્પંદ, નિસ્તરંગ, નિર્વિશેષ, નિર્વિકાર, નિર્વિચાર અવસ્થા.

### ❖ ધ્યાનથી સાત લાભ :

૧. પરહિત ચિંતા
૨. શક્તિ સ્રોત
૩. શાંતિ સ્રોત
૪. મંગળ સ્રોત
૫. સમૃદ્ધિ સ્રોત
૬. ગુણ ધારણ - અનુમોદન
૭. પ્રકૃતિનું પવિત્રીકરણ

★ ★ ★



## ૨૨. ભાવના

### ❖ ક્યાં શું જોઇએ ?

- દાન આપવું હોય તો પૈસા જોઇએ.
- શીલ પાળવું હોય તો સત્ત્વ જોઇએ.
- તપ કરવો હોય તો શરીર શક્તિ જોઇએ.
- જ્યારે ભાવના ભાવવી હોય તો શું જોઇએ ?

કાંઇ જ નહિ, માત્ર તમારા હૃદયની ઉત્તમ ભાવના જ જોઇએ.

### ❖ ભાવ પ્રમાણે પુણ્ય :

- ગાયને જેવો ખોરાક આપો તે મુજબ દૂધ મળે.
- વરસાદ થાય તે પ્રમાણે પાક થાય.
- મૂડી હોય તે પ્રમાણે નફો થાય.
- ભાવ હોય તે પ્રમાણે પુણ્ય થાય.

### ❖ અભિવ્યક્તિ :

- મૈત્રીની અભિવ્યક્તિ મન દ્વારા.
- પ્રમોદની અભિવ્યક્તિ વચન દ્વારા.
- પ્રમોદ-કરુણાની અભિવ્યક્તિ કાયા દ્વારા.

### ❖ ત્રણ ભાવના :

૧. 'હું સુખી થાઉં' કનિષ્ઠ ભાવના.
૨. 'અમે સુખી થઇએ' ઉત્તમ ભાવના.
૩. 'આપણે સુખી થઇએ' ઉત્તમોત્તમ ભાવના.

★ ★ ★

## ૨૩. વિવિધ ચિંતન

### ❖ ...રક્ષા માટે :

૧. **પ્રકૃતિ :** જીવરક્ષા માટે.

૨. **સંસ્કૃતિ :** મૂલ્ય રક્ષા માટે (અહિંસાદિ મૂલ્યો).

૩. **નમસ્કૃતિ :** આત્મરક્ષા માટે છે.

**❖ વિજ્ઞાન શક્તિની સામે ધર્મ શક્તિ :**

૧. યંત્ર શક્તિની સામે મંત્ર શક્તિ.

૨. ઊર્જા શક્તિની સામે યોગ શક્તિ.

૩. અણુ શક્તિની સામે આત્મ શક્તિ.

૪. શસ્ત્ર શક્તિની સામે અહિંસા શક્તિ.

૫. પરિગ્રહ શક્તિની સામે પરોપકાર શક્તિ.

૬. રાજ્ય શક્તિની સામે અનેકાંત શક્તિ.

**❖ ચિંતનની વિવિધ ભૂમિકાઓ :**

- વિચારી જ ન શકે તે મૂર્ખ છે.
- વિચારવાની ઈચ્છા જ ન થાય તે અંધવિશ્વાસુ છે.
- વિચારવાની હિંમત ન હોય તે ગુલામ છે.
- વિચારવાની ઈચ્છા કરે તે જિજ્ઞાસુ છે.
- વિચારવાની પ્રવૃત્તિ કરે તે બુદ્ધિશાળી છે.
- (સમ્યગ્) વિચાર્યા મુજબ આચરવાની હિંમત કરે તે સત્ત્વશાળી છે.

**❖ સુખનો માર્ગ :**

જગત આખુંય સુખ શોધી રહ્યું છે.
સુખ ક્યાંથી મળે ? શાંતિથી મળે.
શાંતિ ક્યાંથી મળે ? ચિત્તની સ્થિરતાથી મળે.
ચિત્તની સ્થિરતા ક્યાંથી મળે ? આશાઓ છોડી દેવાથી મળે.
આશા શી રીતે છૂટે ? અનાસક્તિ આવવાથી.
અનાસક્તિ શી રીતે મળે ? બુદ્ધિમાંથી મોહ હટાવવાથી મળે.



**❖ ચિંતનનાં સાત ફળ :**

૧. વૈરાગ્ય

૨. કર્મક્ષય

૩. વિશુદ્ધ જ્ઞાન

૪. ચારિત્રના પરિણામ

૫. સ્થિરતા

૬. આયુષ્ય

૭. બોધિ પ્રાપ્તિ

**❖ ચારેય યુગ અહીં જ છે :**

૧. તમે સૂતા રહો છો ત્યારે કલિયુગ.

૨. બેઠા થાવ છો ત્યારે દ્વાપર યુગ.

૩. ઊભા થાવ છો ત્યારે ત્રેતા યુગ.

૪. ચાલતા થાવ છો ત્યારે સત્ યુગ.

**❖ ચાર માતા :**

૧. **શબ્દ :** જ્ઞાનની માતા.

૨. **અર્થ :** પુણ્યની માતા.

૩. **ચિંતન :** ચારિત્રની માતા.

૪. **ધ્યાન :** ધ્યાનની માતા.

(શબ્દથી અર્થ ચડિયાતો છે.
અર્થથી ચિંતન ચડિયાતું છે.
ચિંતનથી ધ્યાન ચડિયાતું છે.
શબ્દાદિ ઉત્તરોત્તર વધુને વધુ સૂક્ષ્મ છે.)

**❖ ભૌતિકતા - આધ્યાત્મિકતા :**

ભૌતિકતાનું આકર્ષણ ભૂમિ (નરક) તરફ લઇ જાય.
અધ્યાત્મનું આકર્ષણ આકાશ (સિદ્ધ) તરફ લઇ જાય.

**❖ આત્માના મૂળભૂત પાંચ ગુણો :**

૧. સત્ (જીવવાની ઈચ્છા)
૨. ચિત્ (જાણવાની ઈચ્છા)
૩. આનંદ (સુખની ઈચ્છા)
૪. ઈશિત્વ (સ્વતંત્રતાની ઈચ્છા)
૫. વશિત્વ (સત્તાની ઈચ્છા)

**❖ જીવન સંગીત :**

સા : સાધુની સંગતિ કરો.
રે : રે જીવો ! અરિહંતમાં રતિ કરો.
ગ : ગુરુ તરફ ગતિ કરો.
મ : મંત્ર (શાસ્ત્ર)માં મતિ કરો.
પ : પુણ્યમાં પ્રીતિ કરો.
ધ : ધર્મમાં ધૃતિ કરો.
ની : અર્થ-કામમાં નીતિ રાખો.

**❖ ચાર માતા :**

૧. વર્ણમાતૃકા (બારાખડી) : જ્ઞાનની માતા.
૨. નમસ્કાર મહામંત્ર : પુણ્યની માતા.
૩. અષ્ટપ્રવચન માતા : ધર્મની માતા.
૪. દ્વાદશાંગી (ત્રિપદી) : ધ્યાનની માતા.

**❖ સાત ઉત્તમ ભાવ :**

૧. પુદ્ગલ પ્રત્યે ઉદાસીન ભાવ. દા.ત. સુબુદ્ધિ મંત્રી
૨. જીવો પ્રત્યે સ્નેહ ભાવ. દા.ત. : ધર્મરુચિ અણગાર
૩. વિષયો પ્રત્યે વૈરાગ્ય ભાવ. દા.ત. : જંબૂસ્વામી
૪. કષાયો પ્રત્યે ઉપશમ ભાવ. દા.ત. : ગજસુકુમાલ
૫. સુખ-દુઃખ પ્રત્યે સમભાવ. દા.ત. : દમદંત મુનિ



૬. ભગવાન પ્રત્યે ભક્તિભાવ. દા.ત. : શ્રેણિક રાજા
૭. મન પ્રત્યે સાક્ષીભાવ. દા.ત. : ભરત ચક્રવર્તી, પ્રસન્નચંદ્ર ઋષિ આદિ.

**❖ સાત રોગથી છુટવા...**

૧. સ્વની વિસ્મૃતિથી છુટવા સ્વરૂપ જાગૃતિ કેળવો.
૨. બીજા સાથે ખંડિત મૈત્રીથી છુટવા મૈત્રીનો મંત્ર સ્વીકારો.
૩. સમાજ તરફની નિરપેક્ષવૃત્તિથી છુટવા પરોપકાર આદરો.
૪. મર્યાદાના ઉલ્લંઘનથી બચવા પ્રતિજ્ઞાબદ્ધ જીવન અપનાવો.
૫. કુદરત સાથે ક્રૂરતાથી બચવા અનુકંપાભર્યું હૃદય બનાવો.
૬. નિસ્તેજ કર્મ (ઉદરલક્ષી જીવન)થી બચવા પરહિત ચિંતા કેળવો.
૭. પરમ તત્ત્વની ઉપેક્ષાથી છુટવા શુદ્ધ ચૈતન્યનો સ્પર્શ કરો, શરણાગતિ સ્વીકારો.

**❖ સાત 'ન' અપનાવો :**

૧. નમ્રતા
૨. નિર્મળતા
૩. નિશ્ચિંતતા
૪. નિઃસ્પૃહતા
૫. નિર્દ્વન્દ્વતા
૬. નિર્વિકારતા
૭. નિર્વિચારતા

**❖ સાત 'સકાર ચૂર્ણ' :**

૧. સદાચાર
૨. સાદગી
૩. સેવા

૪. સમતા
૫. સમન્વય
૬. સંસ્કાર
૭. સુકૃત

❖ **સાધનાથી મળતી સાત ભેટ :**
૧. અભીપ્સા (અમૃત તત્ત્વની)
૨. પ્રેમ
૩. જ્ઞાન
૪. અનાસક્તિ
૫. અદ્વૈત
૬. પ્રમોદ
૭. અહંવિસર્જન

❖ **સાત વ્યક્તિગત સમસ્યા :**
૧. અજંપો
૨. અસંતોષ
૩. ઇન્દ્રિય લોલુપતા
૪. ઉત્તેજનાપૂર્ણ જીવન
૫. ભાગેડુ વૃત્તિ
૬. અમાપ ઇચ્છાઓ
૭. બુદ્ધિ (વિવેક)ની બધિરતા

❖ **સાત સામાજિક સમસ્યા :**
૧. માનવતાહીન વિજ્ઞાન
૨. ધર્મહીન શિક્ષણ
૩. નીતિહીન વ્યવસાય
૪. શ્રમહીન ધન



૫. વિવેકહીન ભોગ
૬. સિદ્ધાંતહીન સમાજ
૭. સમર્પણહીન પૂજા

❖ **સાત સ્તર :**
૧. શારીરિક સ્તર
૨. રાસાયણિક સ્તર
૩. માનસિક સ્તર
૪. સામાજિક સ્તર
૫. સાંસ્કૃતિક સ્તર
૬. પ્રાકૃતિક સ્તર
૭. આધ્યાત્મિક સ્તર

❖ **સાત આંતર વ્યસન :**
**૧. જુગાર :** અશુભભાવથી શુભ ભાવ હારી જવો.
**૨. માંસ ભક્ષણ :** દેહભાવની જ પુષ્ટિ.
**૩. મદિરા :** મિથ્યાત્વરૂપ મદિરાનું પાન.
**૪. વેશ્યાગમન :** કુમતિરૂપી વેશ્યાનો સહવાસ.
**૫. શિકાર :** આરંભની હિંસા.
**૬. પરસ્ત્રી ગમન :** પરભાવમાં રમણતા.
**૭. ચોરી :** પર ભાવની ચોરી.

❖ **સાત ચક્રોના ધ્યાનનું ફળ :**
૧. **મૂલાધારના** ધ્યાનથી વાસના જાય, પ્રાકૃતિક ચેતનાનું ઉત્થાન થાય.
૨. **સ્વાધિષ્ઠાનના** ધ્યાનથી ભય, દ્વેષ, ખેદ જાય, અભય-અદ્વેષ-અખેદ પ્રગટે.

૩. **મણિપૂરના** ધ્યાનથી સંશય-વિચાર જાય, શ્રદ્ધા-વિવેક પ્રગટે.

૪. **અનાહતના** ધ્યાનથી સંકલ્પ-વિકલ્પ જાય, પ્રેમ પ્રગટે.

૫. **વિશુદ્ધિચક્રના** ધ્યાનથી મૂર્ચ્છા જાય, અદ્વૈત પ્રગટે.

૬. **આજ્ઞાચક્રના** ધ્યાનથી અહં-મમ જાય, નાહં ન મમજન્ય આનંદ પ્રગટે.

૭. **સહસ્રારના** ધ્યાનથી શિવ-શક્તિનું મિલન થાય.

**❖ સાત દર્શન :**

૧. અણુ દર્શન
૨. જીવ દર્શન
૩. કર્મ દર્શન
૪. ધર્મ દર્શન
૫. તત્ત્વ દર્શન
૬. આત્મ દર્શન
૭. પરમાત્મ દર્શન

**❖ વિજયી બનો :**

- દિવ્યજીવી બનો, અહિંસા પાળીને.
- દીર્ઘજીવી બનો, જીવદયા પાળીને.
- ધનંજયી બનો, ન્યાયબુદ્ધિથી.
- શત્રુંજયી બનો, મૈત્રીની મધુરતાથી.
- દિગ્વિજયી બનો, અનેકાંતના આદરથી.
- મૃત્યુંજયી બનો, સત્યના સાક્ષાત્કારથી.
- ચિરંજીવી બનો, આત્માની અનુભૂતિથી.



**❖ મનોનિગ્રહ માટે આટલું કરો :**

- વાણીનો વ્યર્થ વ્યય છોડો.
- નકારાત્મક વલણ છોડો.
- વિચારોનો ખળભળાટ છોડો.
- ભૂત-ભાવિનો વળગાડ છોડો.
- વિચારોમાં અપ્રમાણિકતા છોડો.
- અજંપો છોડો.
- અસંતોષ છોડો.

**❖ છોડવા જેવા સાત દોષો :**

૧. અભિમાન
૨. ક્રોધ
૩. અદેખાઇ
૪. અબ્રહ્મ
૫. ખાઉધરાપણું
૬. આળસ
૭. ધન-લોભ

**❖ આધુનિક યુગની સાત ગેરસમજ :**

૧. ટેકનોલોજીથી કુદરતને નાથી શકાશે.

૨. માણસને પશુ જ ગણો, જેથી તેના ભૌતિક આનંદની અમર્યાદ ઝંખના સંતોષવામાં કોઇ બાધા નહિ.

૩. માણસ પશુ છે માટે યંત્ર છે. (અલબત્ત જીવતું યંત્ર)

૪. માણસમાં કામવૃત્તિ મુખ્ય છે, એટલે તેને સંતોષવી એ જ મુખ્ય કાર્ય છે : ફ્રોઇડ

૫. પ્રકૃતિને ગુલામ કરી તેનો ગમે તેટલો ઉપભોગ કરી શકાય.

૬. હવે માણસ ટેકનોલોજીની આડ-પેદાશ છે. માટે તેને વળી તત્ત્વજ્ઞાન કેવું ?
૭. ભગવાન મરી પરવાર્યો છે. ફાવે તેમ જીવો.

❖ **ધર્મનાં સાત ફળ :**

૧. રોગ રહિત તન
૨. સંક્લેશ રહિત મન
૩. ક્લેશ રહિત વચન
૪. ભય રહિત હૃદય
૫. વાસના રહિત ઈન્દ્રિય
૬. સ્વાર્થ રહિત સંબંધ
૭. હિંસા રહિત જીવન

❖ **સાત શૂન્યાવકાશ :**

૧. જગત સાથે સહજીવનનો અભાવ.
૨. ધર્મ સાથે સાચા જ્ઞાનનો અભાવ.
૩. પ્રકૃતિ સાથે અનુકંપાનો અભાવ.
૪. સમાજ સાથે સુયોગ્ય વર્તનનો અભાવ.
૫. પ્રભુ સાથે આજ્ઞાપાલનનો અભાવ.
૬. યુવાનો સાથે સાચી સમજણનો અભાવ.
૭. પોતાની સાથે સંપૂર્ણ ઓળખનો અભાવ.

❖ **છ સ્થાનોમાં છ આવશ્યક :**

**૧. આત્મા છે : પ્રત્યાખ્યાન** મારું નથી તેનો ત્યાગ. પચ્ચક્ખાણ ત્યારે જ લેવાય, જ્યારે શેષ બચી રહેલી વસ્તુ (આત્મા)ની શ્રદ્ધા હોય.

**૨. આત્મા નિત્ય છે : કાયોત્સર્ગ :** દેહનો ત્યાગ કાયાના ઉત્સર્ગ (ત્યાગ) પછી બચે છે તે નિત્ય છે.



**૩. આત્મા કર્મનો કર્તા છે : પ્રતિક્રમણ :** પાપથી પાછા હટવું. પોતે કરેલાં કર્મ ભોગવવા જ પડે છે. માટે પ્રતિક્રમણ દ્વારા પાપથી પાછા પોતાને જ ફરવું પડે.

**૪. આત્મા કર્મનો ભોક્તા છે : ગુરુવંદન :** જેમ ગુરુ ભગવંત પોતાના સ્વરૂપના ભોક્તા છે, તેમ તે જ વંદન, વંદન કરનારને સ્વરૂપનું ભોક્તાપણું આપે અથવા ગુરુવંદન કર્મના ભોગવટામાંથી છુટકારો આપે.

**૫. મોક્ષ છે : ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) :** સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ = સિદ્ધો મને મોક્ષ આપે. સિદ્ધને નમસ્કાર તો જ થઈ શકે જો મોક્ષ હોય.

**૬. મોક્ષનો ઉપાય છે : સામાયિક = સમતા :** સમતાથી કર્મનો ક્ષય, કર્મક્ષયથી નિર્જરા, નિર્જરાથી મોક્ષ. સમતા એ મોક્ષનો ઉપાય છે.

❖ **માનવ જો...**

- બોલાવ્યે શાંત થાય
- કહ્યે ક્ષમાવાન થાય
- પ્રસંગે ધૈર્યવાન થાય
- જરૂરિયાતે વિશાળ થાય
- ભૂમિકાએ સંયમી થાય
- વિચાર્યે સંસ્કારી થાય
- ઔચિત્યે સાત્ત્વિક થાય
- અધિકારે પ્રૌઢ થાય
- ચારિત્ર્યબળે સૌનો વિશ્વાસુ થાય

તો જીવન નંદનવન બને.

❖ **મોહ અને મોક્ષ :**

- મો = મોક્ષને
  હ = હણે તે મોહ.
- મો = મોહનો
  ક્ષ = ક્ષય ત્યાં મોક્ષ.

❖ **પાંચ પ્રકારના જીવો :**

૧. **થોર જેવા :** કાંટા લગાડનારા.
૨. **ઘાસ જેવા :** પવન પ્રમાણે ઝૂકનારા.
૩. **વાદળ જેવા :** પવન લઈ જાય ત્યાં વરસનારા.
૪. **ઠુંઠા જેવા :** સદા અક્કડ રહેનારા.
૫. **ઘેઘૂર વડ જેવા :** સ્વ-પરનું હિત કરનારા.

❖ **ચાર ગતિમાં ક્યાં શું ?**

૧. દુઃખ બહુ ત્યાં ક્રોધ બહુ. જેમ કે નારક.
૨. ભૂખ ઘણી ત્યાં માયા ઘણી. જેમ કે તિર્યંચ.
૩. બુદ્ધિ ઘણી ત્યાં માન ઘણું. જેમ કે માણસ.
૪. લાભ ઘણો ત્યાં લોભ ઘણો. જેમ કે દેવ.

❖ **ચાર કથા ચાર સંજ્ઞા વધારે :**

૧. **સ્ત્રીકથા :** મૈથુનસંજ્ઞા વધારે.
૨. **ભક્તકથા :** આહારસંજ્ઞા વધારે.
૩. **દેશકથા :** ભયસંજ્ઞા વધારે. (પાડોશી દેશોના લશ્કરની વાત સાંભળતાં યુદ્ધાદિનો ભય લાગે.)
૪. **રાજકથા :** પરિગ્રહ સંજ્ઞા વધારે. (રાજાઓના વૈભવનું વર્ણન સાંભળીને તેવી-તેવી ચીજો લાવવાની ઇચ્છા થાય.)



❖ **ચાર શરણનો ચાર કષાય ટાળવા માટેનો સંદેશ :**

૧. **અરિહંત :** ક્રોધને છોડી ક્ષમાશીલ બનો. જુઓ... મેં મારા જીવનમાં દુશ્મનો તરફ પણ ક્રોધ કર્યો નથી.
૨. **સિદ્ધ :** માન છોડી નમ્ર બનો. નાનાને પણ બહુમાન ભાવથી જુઓ. હું નિગોદના જીવને પણ મારો સાધર્મિકબંધુ ગણું છું.
૩. **સાધુ :** માયા છોડી સરળ બનો. સરળ હોય છે તે જ સાધુ બને છે ને તેની જ શુદ્ધિ થાય છે.
૪. **ધર્મ :** લોભ છોડી સંતોષી બનો. હું જ પરલોકમાં ચાલનાર વાસ્તવિક ધન છું. મને જે અપનાવશે તે સંતોષી બનશે.

❖ **ચાર સંજ્ઞાની રાજધાની :**

૧. **આહાર સંજ્ઞા :** મારી રાજધાની તિર્યંચ ગતિ છે.
૨. **ભય સંજ્ઞા :** મારી રાજધાની નરક ગતિ છે.
૩. **મૈથુન સંજ્ઞા :** મારી રાજધાની માનવ ગતિ છે.
૪. **પરિગ્રહ સંજ્ઞા :** મારી રાજધાની દેવગતિ છે.

❖ **ચાર સંજ્ઞાથી મુક્ત થવા ચાર ધર્મ :**

૧. **દાન :** પરિગ્રહ સંજ્ઞામાંથી મુક્ત થવા મને અપનાવો.
૨. **શીલ :** મૈથુન સંજ્ઞાથી છુટવા મને સ્વીકારો.
૩. **તપ :** આહાર સંજ્ઞાથી બચવા મને સેવો.
૪. **ભાવ :** ભય સંજ્ઞાથી મુક્ત થવા મને ભજો.

❖ **ચાર ધર્મ - ચાર પુરુષાર્થ :**

૧. **દાન :** હું અર્થ પુરુષાર્થને સફળ બનાવું છું.
૨. **શીલ :** હું કામ પુરુષાર્થને નિયંત્રિત બનાવું છું.
૩. **તપ :** હું ધર્મ પુરુષાર્થને ગતિશીલ બનાવું છું.
૪. **ભાવ :** હું મોક્ષ પુરુષાર્થને ઝડપી બનાવું છું.

❖ **ચાર ધર્મથી જ્ઞાનાદિ વૃદ્ધિ :**

૧. **દાન :** સમ્યગ્જ્ઞાનનું દાન કરીને તેને દઢ બનાવો.

૨. **શીલ :** સમ્યક્ ચારિત્રનું પાલન કરીને દઢ બનાવો.

૩. **તપ :** સમ્યક્ તપનું પાલન કરીને દઢ બનાવો.

૪. **ભાવ :** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને સર્વ અનુષ્ઠાનો સફળ બનાવો.

❖ **વિરામ :**

- સફેદ ધજાથી યુદ્ધ-વિરામ.
- સફેદ ભાતથી ભોજન-વિરામ.
- સફેદ વાળથી પાપ-વિરામ.
- સફેદ (શુક્લ) ધ્યાનથી સંસાર-વિરામ !

❖ **આદિનાથ અને શિવજી - એક તુલના :**

| **શિવજી** | **આદિનાથ** |
|---|---|
| જટાવાળા | પાંચમી મૂઠી બાકી હોવાથી જટાવાળા |
| ગંગાવતરણ | આ યુગમાં ધર્માવતરણ |
| ત્રિશૂલ | જ્ઞાન-દર્શન ચારિત્ર |
| ત્રિશૂલથી દૈત્ય હત્યા | રત્નત્રયીથી સંસાર નાશ |
| સ્વર્ગથી પડતી ગંગા જટામાં જ હજાર વર્ષથી વધુ સમય સુધી રહી. | એક હજાર વર્ષ સુધી પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા. |
| ત્રીજા નેત્રથી કામ બાળ્યો. | કેવળજ્ઞાનથી કર્મ બાળ્યા. |
| શરીર પર ભભૂતિ | વૈરાગ્ય |
| પોઠીયો નંદી (બળદ) | લંછન બળદ |
| મહાશિવરાત્રિ | મેરુ તરસ (પ્રભુ નિર્વાણ) |
| કૈલાસ પર્વત પર નિવાસ | અષ્ટાપદ પર્વત પર મોક્ષ (કૈલાસનું બીજું નામ અષ્ટાપદ છે.) |



(શિવજીમાં આદિનાથનું સ્વરૂપ શી રીતે ?

એવી કલ્પના થઈ શકે છે કે કચ્છ-મહાકચ્છ વગેરે જે જટાધારી તાપસો બની ગયેલા અને આદિનાથનું ધ્યાન ધરતા રહેલા, તેમના જ તાપસ-વંશજો આદિનાથનું ધ્યાન ધરતા રહ્યા હોય અને મૂળ આદિનાથના સ્થાને ધીરે ધીરે શિવજીનું સ્વરૂપ થઈ ગયું હોય.)

❖ **ત્રણ પ્રલય :**

૧. **નિત્ય પ્રલય :** મનમાં સતત પેદા થતા સંકલ્પ-વિકલ્પો આયુષ્યને હણે છે.

૨. **નૈમિત્તિક પ્રલય :** પ્રમાદના કારણે થતો વિનાશ.

૩. **પ્રાકૃતિક પ્રલય :** સહજ રીતે નાશ પામતા પદાર્થો.

❖ **ભ્રાંતિ - શ્રાંતિ - ક્રાંતિ - શાંતિ :**

- ભ્રાંતિના નિવારણ માટે જિનવાણી.
- શ્રાંતિના નિવારણ માટે જિનપૂજા.
- ક્રાંતિના સર્જન માટે મૌન.
- શાંતિના અવતરણ માટે સમાધિ.

❖ **સાત મહાન સત્ય :**

૧. એક જ આત્મા છે. (જાતિની અપેક્ષાએ) (એગે આયા)

૨. એક જ ધર્મ છે; પ્રેમનો.

૩. એક જ કાયદો છે; કર્મનો.

૪. એક જ આજ્ઞા છે; સત્યાચરણની.

૫. એક જ ભાષા છે; મૌનની.
૬. એક જ ઘર છે; પૃથ્વીનું.
૭. એક જ સામ્રાજ્ય છે; શુદ્ધ ચૈતન્યનું.

**❖ ચાર પ્રકારના જીવો :**

૧. બીજાને સુખી કરીને રાજી થાય તે ઉત્તમોત્તમ.
૨. બીજાને સુખી જોઈને રાજી થાય તે ઉત્તમ.
૩. બીજાને દુઃખી જોઈને રાજી થાય તે અધમ.
૪. બીજાને દુઃખી કરીને રાજી થાય તે અધમાધમ.

**❖ ચારેય વર્ણ તમારામાં જ છે :**

૧. સ્વાધ્યાય કરો ત્યારે બ્રાહ્મણ.
૨. ધર્મ રક્ષાર્થે કે કર્મ સાથે જંગે ચડો ત્યારે ક્ષત્રિય.
૩. ધર્મમાં લાભાલાભ વિચારો ત્યારે વૈશ્ય.
૪. ધર્મમાં દૂષણો કે પોતાના પાપો સાફ કરો ત્યારે તમે શૂદ્ર છો.

**❖ ચાર વર્ણ (આધ્યાત્મિક) :**

૧. વિશ્વના હિતની વિચારણા કરનારો બ્રાહ્મણ.
૨. દેશના હિતની વિચારણા કરનારો ક્ષત્રિય.
૩. કુટુંબના હિતની વિચારણા કરનારો વૈશ્ય.
૪. પોતાના જ હિતની વિચારણા કરનારો શૂદ્ર.

★ ★ ★

## ૨૪. જ્ઞાન

**❖ મરે છે :**

- જ્ઞાની અહંકારથી
- ધ્યાની દંભથી



**❖ જ્ઞાની બે પ્રકારે :**

૧. શબ્દ જ્ઞાની
૨. આત્મ જ્ઞાની

શબ્દજ્ઞાની બીજાનું લખેલું વાંચે છે, આત્મજ્ઞાની આત્માને વાંચે છે.

છતાં આશ્ચર્યની વાત છે કે ઉધારનો માલ વેચનારા અભિમાન કરે છે.

**❖ વિદ્યાર્થીના પાંચ ગુણો :**

૧. વિનય
૨. વિવેક
૩. વિચક્ષણતા
૪. વિલાસત્યાગ
૫. વિદ્યા વ્યાસંગ

**❖ મીંડાની મહાભારત :**

નીચેના શબ્દોના પહેલા અક્ષર પર મીંડું લગાવી જુઓ !

ઉદર, વદન, બગડી, વડી, ભાગ, રગ, માદા, કપાસ, ઘટ, કદ, કુતી, બગલો, ચિતા, ખત, નદી, કાગ, બદરીનાથ, દગો, બાડો, ખાડો, ગાડું, કપ, જપ, લપ, ખડ, ગાડી, જગ, રાડ, ઢગ.

**❖ વિદ્યા માટે ૪ અપાત્ર :**

૧. અવિનીત (અભિમાની)
૨. સ્વાદેન્દ્રિયમાં ગૃદ્ધ (લોભી)
૩. ક્રોધી
૪. કપટી

❖ **વિદ્યા માટે ૪ યોગ્ય :**

૧. વિનીત (અભિમાન નહિ)

૨. જિતેન્દ્રિય (લોભ નહિ)

૩. ક્ષમાશીલ (ક્રોધ નહિ)

૪. સરળ (માયા નહિ)

❖ **સ્વાધ્યાય :**

જાપથી થાક લાગે તો ધ્યાન કરો.
ધ્યાનથી થાક લાગે તો જાપ કરો.
પણ બંનેથી થાક લાગે તો શું કરવું ?
તો સ્તોત્ર બોલો અને સ્વાધ્યાય કરો.

*- શ્રાદ્ધવિધિ*

❖ **જ્ઞાન માટેના છ દ્વાર :**

૧. ક્યાં ?

૨. ક્યારે ?

૩. શું ?

૪. શા માટે ?

૫. કેમ ?

૬. કોણ ?

❖ **વિદ્યાના અર્થીએ આ ૮ ચીજો છોડી દેવી જોઈએ :**

૧. કામ

૨. ક્રોધ

૩. લોભ

૪. સ્વાદિષ્ટ ચીજ

૫. શ્રૃંગાર

૬. ખેલ તમાશા



૭. અતિનિદ્રા

૮. અતિસેવા

❖ **બુદ્ધિમાન બનવું હોય તો આટલું કરજો :**

- રખડજો થોડું પણ વાંચજો ઘણું.
- વાંચજો થોડું પણ વિચારજો ઘણું.
- વિચારજો થોડું પણ આચરજો ઘણું.
- બોલજો થોડું પણ સાંભળજો ઘણું.
- સાંભળજો થોડું પણ ઊતારજો ઘણું.
- શિખામણ આપજો થોડી પણ લેજો ઘણી.

❖ **કામ લાગે છે :**

- અગ્નિનો અંશ હોય તો ફૂંક કામ લાગે છે.
- શ્વાસ ચાલુ હોય તો દવા કામ લાગે છે.
- કાન હોય તો શબ્દો સાંભળી શકાય છે.
- આંખ હોય તો રૂપ જોઈ શકાય છે.
- વિવેક (જ્ઞાન) હોય તો ધાર્મિક કે વ્યાવહારિક ઉન્નતિ થઈ શકે છે.

❖ **ત્રણ કારણે અંધારું :**

(સૂર્ય આથમવાથી અંધારું થાય છે ? ના... ખરું અંધારું તો નીચેના આ ત્રણ કારણોથી થાય છે.)

૧. અરિહંત ભગવાનનો વિચ્છેદ થવાથી.

૨. અરિહંતે કહેલ ધર્મનો વિચ્છેદ થવાથી.

૩. પૂર્વોના જ્ઞાનનો વિચ્છેદ થવાથી.

(સૂર્યની ગેરહાજરીમાં થયેલું અંધારું દીવા વગેરે દ્વારા દૂર કરી શકાશે... પણ આ ભાવ-અંધારું શે હટાવવું ?)

*- ઠાણાંગ ૩/૧*

## ❖ સાહિત્યમાં કોનું શું ?

- સંગ્રહ તો ઉમાસ્વાતિજીનો.
- કાવ્ય તો સિદ્ધસેન દિવાકરસૂરિજીના.
- વ્યાકરણ તો હેમચંદ્રાચાર્યનું.
- તર્કશક્તિ તો યશોવિજયજીની.
- અનુભવના ઉદ્‌ગાર તો આનંદઘનજીના.
- ચોપાઇ તો તુલસીદાસની.
- ભજન તો મીરાબાઇના.
- પ્રભાતીયા તો નરસિંહ મહેતાના.
- કાફી તો ધીરાની.
- ચાબખા તો અખાના.
- છપ્પા તો શામળના.
- શૌર્યગીત તો નર્મદના.
- આખ્યાન તો પ્રેમાનંદના.
- ગરબી તો દયારામની.
- ગરબા તો વલ્લભના.
- રાષ્ટ્રગીત તો મેઘાણીના.
- દૂહા તો બિહારીના.

## ❖ પ્રતિલિપિ :

મનના વિચારો જગતની પ્રતિલિપિ
શબ્દો વિચારોની પ્રતિલિપિ
લેખન-મુદ્રણ શબ્દોની પ્રતિલિપિ

*- એડીસન*



## ❖ વિદ્યાર્થીઓમાં ત્રણ ગુણ જરૂરી :

૧. ધાર્મિક-નૈતિક સિદ્ધાંત.
૨. સજજનોચિત વ્યવહાર.
૩. બૌદ્ધિક ક્ષમતા.

## ❖ હું આંધળા પાસેથી શીખ્યો છું :

'આપે વિદ્વત્તા ક્યાંથી શીખી ?'

'આંધળાં પાસેથી, જે ક્યારેય ચોક્કસાઇ કર્યા પહેલા પગ મૂકતો નથી અને ઘૂસ્યા પહેલા બહાર નીકળવાની તૈયારી રાખે છે.' લુકમાને પંડિતે કહ્યું.

*- શેખ સાદી*

## ❖ વિદ્વતા અને અનુભવ :

અનુભવ ૨૦ વર્ષમાં જેટલું શીખવે,
વિદ્વત્તા તેટલું એક વર્ષમાં શીખવી દે.

*- રોગર એસ્કમ*

## ❖ જ્ઞાનના ચાર ભેદ :

૧. ભાષાજ્ઞાન (વ્યાકરણ)
૨. સાહિત્યિક જ્ઞાન
૩. નય જ્ઞાન
૪. આત્મજ્ઞાન

(ચારેય ઉત્તરોત્તર ચડિયાતા છે.)

## ❖ બુદ્ધિ ચાર પ્રકારે :

૧. તીર્થંકરોની સમુદ્ર સમી.
૨. ગણધરોની સરોવર સમી.
૩. ઉત્તમ મુનિની કૂવા સમી.
૪. સામાન્ય મુનિની ખાબોચિયા સમી.

❖ **જ્ઞાનરૂપી વૃક્ષ :**

- ધૈર્ય મૂળ છે.
- બુદ્ધિ થડ છે.
- સ્મૃતિ ડાળ છે.
- ક્ષમા વડવાઇ છે.
- ચારિત્ર ફૂલ છે.
- ધર્મ ફળ છે.

*- અશ્વઘોષ*

❖ **જ્ઞાન અને માહિતી :**

જ્ઞાન વજન આપે છે.
માહિતી ચમક (ઉપરનો ઝળહળાટ) આપે છે.
મોટા ભાગના લોકો ચમકને જ જોનારા હોય છે.
તોલનારા નથી હોતા.

❖ **જ્ઞાન અને ચિંતન :**

- ચિંતન વગરનું જ્ઞાન નિરર્થક.
- જ્ઞાન વગરનું ચિંતન ખતરનાક.

*- કન્ફ્યુશિયસ*

❖ **જાણકાર અને જ્ઞાની :**

- બીજાને જાણે તે જાણકાર.
- પોતાને જાણે તે જ્ઞાની.

*- લાઓત્સે*

❖ **કેવલી થયા :**

- **અઇમુત્તા :** ઈરિયાવહીયં કરતાં.
- **મૃગાવતી :** ગુરુણીને ખમાવતાં.
- **ચંદનબાળા :** શિષ્યાને ખમાવતાં.



- **નાગકેતુ :** પુષ્પપૂજા કરતાં.
- **વલ્કલચીરી :** પાત્ર પ્રતિલેખન કરતાં.
- **માષતુષ :** 'માષતુષ' જપતાં.
- **૫૦૦ તાપસ :** સમવસરણ જોતાં.
- **૫૦૦ તાપસ :** તીર્થંકરને પ્રદક્ષિણા દેતાં.
- **૫૦૦ તાપસ :** ગુરુ-મહિમા જોતાં.
- **ગૌતમસ્વામી :** વિલાપ કરતાં.
- **બાહુબલી :** વંદનાર્થે પગલું મૂકતાં.
- **પ્રસન્નચંદ્ર :** મુગટ શોધતાં.
- **ઈલાચી :** દોરડા પર નાચતાં.
- **અર્ણિકાપુત્ર :** ત્રિશૂલથી વીંધાતાં.
- **પુષ્પચૂલા :** ગોચરી લાવતાં.
- **સ્કંદકાચાર્ય શિષ્યો :** ઘાણીમાં પીલાતાં.
- **ભરત ચક્રી :** વીંટી ઊતારતાં.
- **કૂરગડુ :** એકાસણું કરતાં.

❖ **સ્વાધ્યાય માટેના ત્રણ ગુણો :**

૧. એકાગ્રતા
૨. નિયમિતતા
૩. નિર્વિકારતા

❖ **છ પ્રકારના પ્રશ્ન :**

૧. **સંશય પ્રશ્ન :** સંદેહ થવાથી પ્રશ્ન પૂછવો. ગૌતમસ્વામીની જેમ.
૨. **વ્યુદ્ગ્રહ પ્રશ્ન :** કલહ માટે પૂછવું.
૩. **અનુયોગી પ્રશ્ન :** પોતાના ભાવને સ્પષ્ટ કરવા માટે પૂછવું.

૪. **અનુલોમ પ્રશ્ન :** 'તમે કુશળ છો ને ?' આવા ક્ષેમકુશળના પ્રશ્ન પૂછવા.

૫. **જ્ઞાન પ્રશ્ન :** જાણવા માટે પૂછવું. કેશી ગણધરની જેમ.

૬. **અતથા જ્ઞાન :** અજ્ઞાનીનો અજ્ઞાનીને પ્રશ્ન.

❖ **શિક્ષા પ્રાપ્ત કરવા યોગ્ય આઠ ગુણોવાળો :**

૧. હાસ્ય નહિ કરનાર.

૨. ઈન્દ્રિય દમન કરનાર.

૩. શ્રેષ્ઠ આચાર પાળનાર.

૪. મર્મ ન બતાવનાર.

૫. અખંડિત આચાર ધરનાર.

૬. રસમાં આસક્ત ન થનાર.

૭. ક્રોધ નહિ કરનાર.

૮. સત્યમાં રક્ત રહેનાર.

❖ **શિક્ષા માટેની અયોગ્યતાના પાંચ કારણ :**

૧. અભિમાન

૨. ક્રોધ

૩. પ્રમાદ

૪. રોગ

૫. આળસ

❖ **જ્ઞાન માર્ગની સાત ભૂમિકા :**

૧. **શુભેચ્છા :** વૈરાગ્યપૂર્વક મોક્ષની ઈચ્છા.

૨. **વિચારણા :** શાસ્ત્રાધ્યયન-સત્સંગાદિ સદાચારમાં પ્રવૃત્તિ.

૩. **તનુમાનસા :** ઉપરના બંનેના માધ્યમથી અનાસક્ત રહેવું.

૪. **સત્ત્વાપત્તિ :** આત્મસ્વરૂપમાં રમણ કરવું.



૫. **સંસક્તિ :** ઉપરની ચારેય ભૂમિકામાં સ્થિર થયા પછી અંતઃકરણની સમાધિમાં આરૂઢ થવું.

૬. **પદાર્થ ભાવના :** પૂર્વ અભ્યાસ પછી બાહ્ય-અભ્યંતર પદાર્થો પ્રત્યે બેભાન જેવા બની જવું.

૭. **તુર્યગા :** બીજા ગમે તેટલો પ્રયત્ન કરે છતાં અભિમાન ન થવા દેવો.

*- યોગવાશિષ્ઠ, ઉત્પત્તિપ્રકરણ સર્ગ ૧૧૮/૫-૧૫*

❖ **જ્ઞાન ત્રણ પ્રકારે મળે :**

૧. **મનથી :** સર્વોત્કૃષ્ટ છે.

૨. **અનુસરણથી :** જે સર્વથી સરળ છે.

૩. **અનુભવથી :** જે સર્વથી કડવું છે.

❖ **જુદા જુદા ધર્મોના ધર્મગ્રંથો :**

- **જૈનોના :** અગ્યાર અંગ, બાર ઉપાંગ, દસ પયન્ના, છ છેદગ્રંથ, ચાર મૂળસૂત્ર, અનુયોગ દ્વાર, નંદી - આ પીસ્તાલીસ આગમ તથા તેના નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા.
- **બૌદ્ધોના :** ત્રણ પિટક ગ્રંથ
  - ૧. વિનય પિટકમાં સાધુઓના નિયમ.
  - ૨. સુત્ત પિટકમાં દીર્ઘનિકાયાદિ પાંચ નિકાય (બૌદ્ધ સિદ્ધાંત).
  - ૩. અભિધમ્મ પિટકમાં ધાર્મિક ક્રિયાકાંડ.
- **વૈદિકોના :** વેદ, ઉપનિષદ્, શ્રુતિ, સ્મૃતિ, મહાભારત, રામાયણ, પુરાણ આદિ.
- **યહૂદીઓના :** જૂના બાઈબલ (ઓલ્ડ ટેસ્ટામેન્ટ)ના ત્રણ ભાગ (તોરા, નવી, નવિસ્તે) તથા તાલમુદ.

- **ખ્રિસ્તીઓના :** બાઈબલના ચાર વિભાગ છે : મરકૂસ, મત્તી, લૂકા તથા યહૂન્નાના સુસમાચાર.
- **તાઓ તથા કન્ફ્યૂશિયસ (ચીન)ના :** તાઓ તેહકિંગ (તાઓ ઉપનિષદ્)
- **મુસ્લિમોના :** કુરાન, હદીસ શરીફ, બુખારી આદિ.
- **શીખોના :** ગુરુ ગ્રંથ સાહિબ, જ્યુજી સાહેબ તથા સુખમણિ સાહેબ.
- **પારસીઓના :** 'અવેસ્તા' ગ્રંથના યસ્ન, વીસ્પરત્, યસ્ત, બેંદીદાદ વગેરે અનેક ભાગો છે.
- **આર્ય સમાજીઓનો :** 'સત્યાર્થ પ્રકાશ' મુખ્ય ગ્રંથ છે.

❖ **પુસ્તક :**

વિચારોના યુદ્ધમાં પુસ્તકો શસ્ત્ર છે.

*- બર્નાર્ડ શો*

★ ★ ★

કોટ જૂનો પહેરો, પણ પુસ્તક નવું ખરીદો.

*- થોરો*

★ ★ ★

તમારી પાસે બે રૂપિયા હોય તો એકથી રોટલી અને બીજાથી પુસ્તક ખરીદો. રોટલી જીવન આપે છે, તો સુંદર પુસ્તક જીવન જીવવાની કળા આપે છે.

★ ★ ★

હું નરકમાં પણ સુંદર પુસ્તકોનું સ્વાગત કરીશ. કારણ કે તેમાં એવી તાકાત છે કે એ જયાં હશે ત્યાં સ્વયં સ્વર્ગ બની જશે.

*- લોકમાન્ય તિલક*



❖ **સ્વાધ્યાય :**

સુ + આ + અધ્યાય (અધ્યયન) = સ્વાધ્યાય

સુ = સારી રીતે, આ = મર્યાદાપૂર્વક, અધ્યાય = અધ્યયન કરવું તે સ્વાધ્યાય.

*- ઠાણંગ વૃત્તિ ૫/૩*

★ ★ ★

સ્વાધ્યાયથી ઈષ્ટ દેવનો સાક્ષાત્કાર થાય છે.

*- પાતંજલ યોગદર્શન ૨/૪૪*

★ ★ ★

સ્વાધ્યાય સમાન તપ કોઈ છે નહિ અને થશે નહિ.

*- ચંદ્રપ્રજ્ઞપ્તિ ૮૯*

❖ **વાંચન :**

વાંચન કરતાં કોઈ સારું મનોરંજન નથી
અને કોઈ સ્થાયી પ્રસન્નતા નથી.

*- લેડી મોંટેગ્યુ*

❖ **અધ્યયન :**

**વ્યાયામ :** શરીર માટે જરૂરી.
**અધ્યયન :** મગજ માટે જરૂરી.

*- જે. એફ. એડીસન*

❖ **પુસ્તક પ્રેમ :**

અબ્રાહમ લિંકન, બર્નાર્ડ શો, ટાગોર વગેરે સ્કુલમાં બહુ ભણ્યા ન્હોતા. ડાર્વિન, વિલિયમ સ્કોટ, ન્યૂટન, એડીસન, આઈન્સ્ટાઈન વગેરે સ્કુલમાં ઢબુના ઢ હતા. નેપોલિયન ૪૨મા નંબરે હતો, પણ આ બધાએ પુસ્તકોના અધ્યયન દ્વારા અદ્ભુત યોગ્યતા મેળવી હતી.

નેપોલિયન અને સિકંદર જેવા તો લડાઇ વખતે પણ પુસ્તકો વાંચતા હતા. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રૂઝવેલ્ટ મુલાકાત વખતે પણ સમય મળતાં પુસ્તક વાંચવાનું છોડતા નહિ. એક મુલાકાતી જાય અને બીજો આવે ત્યાં સુધીના સાવ થોડાક સમયનો પણ તેઓ આ રીતે સદુપયોગ કરી લેતા હતા.

**❖ કલમ :**

કલમ ! એ તો મગજની જીભ છે.

*- સર્વેન્ટિસ*

**❖ કલમ અને તલવાર :**

જગતમાં બે તાકાત છે : તલવાર અને કલમ !
આખરે તલવારને પણ કલમ પાસે ઝૂકવું પડે છે.

*- નેપોલિયન*

**❖ લેખક કોણ બની શકે ?**

તે લોકો લખી શકે છે જેમના હૃદયમાં કંઇક દર્દ હોય છે, અનુરાગ હોય છે, વિચાર હોય છે. જેઓ પૈસા અને ભોગ-વિલાસમાં ડૂબી ગયા છે તેઓ શું લખવાના ?

*- પ્રેમચંદ*

**❖ વિચારો, બોલો, લખો... પણ...**

વિચારો ખૂબ
પણ બોલો થોડું
અને લખો એનાથી પણ થોડું !

*- ઈટાલિયન કહેવત*

**❖ જ્યાં સાહિત્ય નથી...**

અંધકાર હૈ વહાં, જહાં આદિત્ય નહિ હૈ;
મુર્દા હૈ વહ દેશ, જહાં સાહિત્ય નહિ હૈ.

*- મૈથિલી શરણ ગુપ્ત*



**❖ મારા સાત અજ્ઞાન :**

૧. હું સર્વોપરિ ચૈતન્યનો અંશ છું, તે હું જાણતો નથી.
૨. હું અહંમાં પૂરાયેલ છું, તે હું જાણતો નથી.
૩. મને નામ-રૂપ ખૂબ ગમે છે, પણ વસ્તુતઃ તે જ દુઃખ-દાયી છે, તે હું જાણતો નથી.
૪. દશ્યમાન જગત જ મને સાચું લાગે છે.
૫. અદશ્યમાન વિશ્વ કેવું હશે ? તેનો હું કદી વિચાર કરતો નથી.
૬. હું શરીર છું - એ જ ખ્યાલમાં હું રાચતો રહું છું.
૭. જગતના જીવોની સાથે મારો સંબધ હું જુદો માનું છું.

★ ★ ★

ત્રણ ભણેલાઓએ મંત્રથી સિંહને જીવિત કર્યો. ચોથો અભણ ઝાડ પર રહ્યો. ત્રણને સિંહ ખાઇ ગયો. અભણ બચી ગયો. ગણતર વિનાનું ભણતર નકામું છે.

★ ★ ★

## ૨૫. ગુરૂ

**❖ ન થાય :**

- ડૉકટર પાસે કપટ કરનારો દર્દી નીરોગી ન થાય.
- વકીલ પાસે કપટ કરનારો અસીલ વિજયી ન થાય.
- શિક્ષક પાસે કપટ કરનારો વિદ્યાર્થી પાસ ન થાય.
- પિતા પાસે કપટ કરનારો પુત્ર યશસ્વી ન થાય.
- ગુરુ પાસે કપટ કરનારો શિષ્ય ભવપાર ન થાય.

❖ **ગુરુના આઠ પ્રકાર :**

૧. **નીલ ચાસ પક્ષી સમ :** દેખાવમાં સુંદર, આચરણમાં હીન. મિથ્યાત્વી કુગુરુ.

૨. **ક્રૌંચ પક્ષી સમ :** દેખાવમાં અસુંદર, આચરણમાં હીન પણ વાણી મધુર. વેશ-ક્રિયા રહિત, શુદ્ધ પ્રરૂપક. મરીચિ જેવા.

૩. **ભ્રમર સમ :** દેખાવમાં અસુંદર, આચરણ શુદ્ધ, વાણી અસ્પષ્ટ. સુગુરુ. પ્રત્યેક બુદ્ધ. મુનિવેશ રહિત. ક્રિયાથી શુદ્ધ. ઉપદેશ ન આપનાર. કરકંડુ વગેરે.

૪. **મયૂર સમ :** દેખાવમાં-વાણીમાં સુંદર, પણ આચરણ અશુદ્ધ. મુનિવેષમાં રહેલા કુગુરુ. મંગુ આચાર્ય વગેરે.

૫. **કોયલ સમ :** દેખાવ અસુંદર. વાણી મીઠી.

૬. **હંસ સમ :** દેખાવ સુંદર, ક્રિયા પણ પ્રાયઃ શુદ્ધ, વાણી નહિ. ઉપદેશાધિકારી નહિ. જેમકે ધન્ના-શાલિભદ્ર.

૭. **શુક સમ :** દેખાવ, વાણી અને આચરણ - ત્રણેય શુદ્ધ. સુગુરુ. જેમકે જંબૂસ્વામી.

૮. **કાગડા સમ :** દેખાવ, વાણી અને આચરણ - ત્રણેય અશુદ્ધ. જેમકે પાખંડી.

❖ **પ્રથમ ગુરુ :**

- **માતા :** જ્ઞાનના પ્રથમ ગુરુ.
- **પિતા :** કર્મના પ્રથમ ગુરુ.
- **પત્ની :** પ્રેમની પ્રથમ ગુરુ.
- **પુત્ર :** કર્તવ્યનો પ્રથમ ગુરુ.

★ ★ ★



# ૨૬. સંગ

❖ **કબીરા... બિગડ ગયો...**

મિટ્ટી કે સંગ બીજ ભી બિગડો
બિગડ બિગડ કે પેડ ભયો... કબીરા... ૧
દહીં કે સંગ દૂધ ભી બિગડો,
બિગડ બિગડ કે મખ્ખન ભયો... કબીરા... ૨
સાધુ કે સંગ સંસારી ભી બિગડો,
બિગડ બિગડ કે સંત ભયો... કબીરા... ૩

❖ **સજ્જન સાથે ચાલતાં...**

સજ્જનની સાથે ૭ ડગલા ચાલો તો તે મિત્ર બની જાય.
૧૨ ડગલા ચાલો તો તે સહાયક બની જાય.
મહિનો સાથે રહેવાથી શાંતિબંધુ બની જાય.

❖ **સજ્જનની સંગતિ :**

માછલી દર્શનથી પોતાના બચ્ચાનું પાલન કરે છે.
કાચબી ધ્યાનથી પોતાના બચ્ચાનું પાલન કરે છે.
પક્ષી સ્પર્શથી પોતાના બચ્ચાનું પાલન કરે છે.
તેમ સત્સંગતિ દર્શન, ધ્યાન અને સ્પર્શથી વ્યક્તિનું રક્ષણ કરે છે.

❖ **ખોવાઇ ગયા :**

- ઝરણોમાં એક સ્રોત.
- ચોરોમાં એક સંત.
- મૂર્ખાઓમાં એક ગુરુ.
- કાગડાઓમાં એક હંસ.

❖ **સોબતથી યોગ્ય-અયોગ્ય થાય છે :**

- ઘોડો અને હાથી.
- શસ્ત્ર અને શાસ્ત્ર.
- વીણા અને વાણી.
- નર અને નારી.

★ ★ ★

## ૨૭. કષાય

❖ **આત્માની વિકૃતિ :**

- **ક્રોધ :** આત્માના પરમ તેજની વિકૃતિ.
- **માન :** આત્માની ત્રિલોક-પ્રભુતારૂપ પરમ ગરિમાની વિકૃતિ.
- **માયા :** આત્માની સ્વ-પર-પ્રકાશ્ય શક્તિની વિકૃતિ.
- **લોભ :** આત્માના અનંત કેવળજ્ઞાનની વિકૃતિ.

જ્ઞાનનો અંત નથી તેમ લોભને થોભ નથી.

અનંત જ્ઞાનની વિકૃતિ એટલી જ ખતરનાક હોય ને ?

❖ **ચાર કષાય :**

૧. **ક્રોધ :**

**અનંતાનુબંધી :** પર્વતમાં પડેલી તિરાડ જેવો (જીવનભર રહે).

**અપ્રત્યાખાની :** પૃથ્વીમાં પડેલી તિરાડ જેવો (એક વર્ષ રહે).

**પ્રત્યાખ્યાની :** રેતીમાં પડેલી રેખા જેવો (ચાર મહિના રહે).



**સંજ્વલન :** જલમાં કરેલી રેખા જેવો (પંદર દિવસ રહે).

૨. **માન :**

**અનંતાનુબંધી :** પત્થરના થાંભલા જેવો.

**અપ્રત્યાખાની :** હાડકાના થાંભલા જેવો.

**પ્રત્યાખ્યાની :** લાકડાના થાંભલા જેવો.

**સંજ્વલન :** નેતરની સોટી જેવો.

૩. **માયા :**

**અનંતાનુબંધી :** વાંસના મૂળ જેવી.

**અપ્રત્યાખાની :** ઘેંટાના શિંગડા જેવી.

**પ્રત્યાખ્યાની :** ગાયના મૂત્રની ધાર જેવી.

**સંજ્વલન :** વાંસની છાલ જેવી.

૪. **લોભ :**

**અનંતાનુબંધી :** કિરમજીના રંગ જેવો.

**અપ્રત્યાખાની :** ગાડાની કીટ જેવો.

**પ્રત્યાખ્યાની :** કાજળ જેવો.

**સંજ્વલન :** હળદરના રંગ જેવો.

❖ **કષાય આઠ પ્રકારે :**

૧. **નામ કષાય :** કોઈનું તેવું નામ.

૨. **સ્થાપના કષાય :** કોઈની તેવી મૂર્તિ કે ફોટો.

૩. **દ્રવ્ય કષાય :** ભગવા કપડા વગેરે.

૪. **આદેશ કષાય :** દેખાવો કષાય. જેમ કે પિતાનો પુત્ર પર નર જેવો ક્રોધ.

૫. **ઉત્પત્તિ કષાય :** અન્ય નિમિત્તે થતો કષાય.

૬. **પ્રત્યય કષાય :** નિમિત્ત વિના જ અંદરથી થતો કષાય.
૭. **રસ કષાય :** હરડે આદિનો કષાય (તૂરો) રસ.
૮. **ભાવ કષાય :** ક્રોધ, માન વગેરે.

*- વિશેષાવશ્યક ભાષ્ય*

★ ★ ★

## ૨૮. ક્રોધ

❖ **જરા જુઓ, તમારો ક્રોધ કેવો છે ?**

- **ઉત્તમોત્તમ :** જીવનમાં કદી ક્રોધ ન કરે. માનસરોવર જેવો.
- **ઉત્તમ :** ક્ષણમાં જાય. વીજળીના ઝબકારા જેવો.
- **મધ્યમ :** ઘડી-બેઘડી રહે. નાના દીવા જેવો.
- **વિમધ્યમ :** ૨૪ કલાક રહે. સગડી જેવો.
- **અધમ :** ૫-૬ દિવસ રહે. નિભાડા જેવો.
- **અધમાધમ :** જીવનભર રહે. કારખાનાની ભઠ્ઠી જેવો.

❖ **ક્ષમાના શરણથી...**

ક્ષમાથી કૂરગડુ, ગજસુકુમાલ, અર્ણિકાપુત્રાચાર્ય, દમદંત મુનિ, સ્કંધ મુનિ, મેતાર્ય, ઝાંઝરીયા મુનિ, ચંડરુદ્રાચાર્ય શિષ્ય, મૃગાવતી વગેરે અનેક મહાત્માઓ કેવળજ્ઞાની બની મોક્ષે ગયા છે.

❖ **વેર પાંચ કારણે :**

૧. સ્ત્રીના કારણે. જેમકે સીતાના કારણે રામ-રાવણ.
૨. સ્થાવર-જંગમ મિલ્કતના કારણે. જેમકે કોણિક-હલ્લ-વિહલ્લ.
૩. વાણીના કારણે. જેમકે દ્રૌપદીની વાણીથી દુર્યોધનને.



૪. સામી વ્યક્તિના અપરાધથી. જેમકે દુર્યોધનના અપરાધથી કૃષ્ણને અથવા નમુચિના અપરાધથી વિષ્ણુકુમારને.
૫. વંશાનુગત વેરના કારણે. જેમકે સાપ-નોળીયો.

❖ **કષાય ચાર પ્રકારે :**

૧. **સ્વપ્રતિષ્ઠિત :** પોતાના ગુનાથી પોતાના પર કષાય કરવો.
૨. **પરપ્રતિષ્ઠિત :** બીજાના ગુનાથી બીજા પર કષાય કરવો.
૩. **ઉભયપ્રતિષ્ઠિત :** સ્વ અને પરના ગુસ્સાથી બંને પર કષાય કરવો.
૪. **અપ્રતિષ્ઠિત :** એમને એમ ગુસ્સે થવું. (કોઈના પર પણ નહિ.)

*- વિશેષાવશ્યક ભાષ્ય*

❖ **ચંડકોસીઆના જીવનમાં ક્રોધના સંસ્કારનો ગુણાકાર :**

- **દ્રવ્યથી :** સાધુના ભવમાં મારવા માટે માત્ર ઓઘો હતો. તાપસના ભવમાં મારવા માટે કુહાડી મળી. સાપના ભવમાં મારવા માટે વિષભરી આંખ મળી.
- **ક્ષેત્રથી :** સાધુના ભવમાં મારવાનું સ્થાન માત્ર ઉપાશ્રય હતો. તાપસના ભવમાં આશ્રમ મળ્યો. સાપના ભવમાં આખું જંગલ મળ્યું.
- **કાળથી :** સાધુના ભવમાં છેલ્લો થોડો સમય, તાપસના ભવમાં યુવાવસ્થાથી, સાપના ભવમાં જન્મથી.
- **ભાવથી :** સાધુના ભવમાં પોતાનો દોષ કહેનાર મુનિને મારવાનો વિચાર. તાપસના ભવમાં આશ્રમમાંથી ફળો લઈ જાય તેને મારવાનો વિચાર. સાપના ભવમાં જે આવે તેને (ભગવાનને પણ) મારવાનો વિચાર.

કર્મ સત્તાએ જાણે પડકાર કર્યો : ઓ સાધુ ! તને ક્રોધ બહુ ગમે છે ? હવે હું તને વધુને વધુ ક્રોધ થઇ શકે - એવી અનુકૂળતા કરી આપીશ... દરેક ભવમાં ચડિયાતી સગવડ !!

★ ★ ★

## ૨૯. ક્ષમા

તમારી ભૂલોની કોઇ ઉદારતાથી માફી આપી દે, એવું તમે ઇચ્છો છો ને ? તો તમે બીજાની ભૂલોને માફ કરતાં શા માટે અચકાઓ છો ?

★ ★ ★

મનુષ્યનું આભૂષણ રૂપ છે. રૂપનું આભૂષણ ગુણ છે. ગુણનું આભૂષણ જ્ઞાન છે અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે.

★ ★ ★

ક્રોધની આગથી જીવન રેગિસ્તાન બને છે.

ક્ષમાના અમૃતથી જીવન વસંત બને છે.

તમારે જીવનને કેવું બનાવવું છે ?

★ ★ ★

ક્રોધની આગને ઠારનારું ક્ષમાનું શસ્ત્ર જેના હાથમાં છે, તેનો હંમેશા જય થતો જ રહે છે. ક્ષમાશીલને પરાજીત કરવાની તાકાત કોની છે ?

★ ★ ★

શૂરવીરની ક્ષમા સાચી ક્ષમા છે. કાયરની ક્ષમા મજબૂરી છે.

★ ★ ★



ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો, જિસકે પાસ ગરલ હો,
ઉસકો ક્યા ? જો દંતહીન, વિષરહિત વિનીત સરલ હો;
જહાં નહિ સામર્થ્ય શોધકી, ક્ષમા વહાઁ નિષ્ફલ હૈ,
ગરલ ઘૂંટ પી જાને કા, મિષ હૈ વાણીકા છલ હૈ.

★ ★ ★

જેણે જીવનમાં શત્રુને ક્ષમા આપી નથી, તેણે હજુ જીવનનો શ્રેષ્ઠ રસ ચાખ્યો જ નથી.

**❖ બીજો જોડો આવવા દો !**

એક સંત ભાષણ કરી રહ્યા હતા, ત્યાં તેમના પર કોઇએ જોડો ફેંક્યો. સંતે સ્વસ્થતાથી કહ્યું : મહાનુભાવ ! હજુ બીજો જોડો આવવા દો. જેથી મને પહેરવામાં કામ લાગે.

**❖ સહનશક્તિનું રહસ્ય...**

'તમારામાં આટલી બધી સહનશક્તિ ક્યાંથી આવી ?'

'ઉપર, નીચે અને વચ્ચે જોવાથી.'

'એટલે ?'

ઉપર જોઉં છું ત્યારે મોક્ષ યાદ આવે છે. નીચે જોઉં છું ત્યારે ધરતી દેખાય છે ને હું વિચારું છું : મારે કેટલા ફૂટ જમીન જોઇએ ? નાહક ઝગડા શાના ? અને આસપાસ જોઉં છું તો તે લોકો દેખાય છે, જેઓ મારાથી પણ વધુ દુઃખો સહન કરી રહ્યા છે. આ છે મારી સહનશક્તિનું રહસ્ય !

**❖ માથા પર ટકોરા...**

વાત કરતાં-કરતાં ગરમ થઇ ગયેલા એક ભાઇએ એક સંતના માથે ઠોલો માર્યો. ભક્તો ખીજાઇ ગયા.

સંતે કહ્યું : ખીજાવવાની કોઇ જરૂર નથી. માણસ જ્યારે માટલું લેવા જાય છે ત્યારે તેના પર ટકોરા મારે જ છે ને ? સંભવ છે કે આ માણસ પણ મને ટકોરા મારીને ગુરુ તરીકે પસંદ કરવાનો હોય !

અને કમાલ ! પેલો માણસ ખરેખર તેમનો શિષ્ય બની ગયો !

**❖ હોય તો આપું ને ?**

"તમને પેલો આટલી બધી ગાળો આપે છે, છતાં તમે મૌન કેમ છો ? તમે પણ સામે ડબ્બલ ગાળો આપો ને ?"

"તમારી સલાહ ઠીક છે, પણ હું ગાળો શી રીતે આપી શકું ? મારી પાસે હોય તો આપી શકું ને ? એ તો જાણીતી વાત છે કે જેની પાસે જે હોય તે જ તે આપી શકે. ગધેડાનું શિંગડું હોય જ નહિ પછી ક્યાંથી આપી શકાય ?"

**❖ નીલકંઠનું રહસ્ય :**

ઝેર પીને શંકર નીલકંઠ મહાદેવ બનીને પૂજાયા એનું રહસ્ય જાણો છો ? જે લોકો તરફથી મળતા ધિક્કાર અને અપમાનના ઝેરને પી શકે છે તે જ 'મહાદેવ' બને છે.

**❖ પત્થર મારનારને કેરી :**

બાળકે કેરી તોડવા ફેંકેલો પત્થર મહારાજા રણજીતસિંહને વાગ્યો. બાળકને ફટકારતા સેવકોને અટકાવીને મહારાજાએ કહ્યું : એક વૃક્ષ પણ પોતાને પત્થર મારનારને કેરી આપે તો હું તો માણસ છું... માણસોમાં પણ રાજા છું. જાવ... આ છોકરાને ઈનામ આપો અને છોડી મૂકો.

**❖ ...તો શું કરશો ?**

"કોઈ ગાળો આપશે તો શું કરશો ?"

"તો વિચારીશ કે તે લાકડી તો નથી મારતો ને ?"



"લાકડી મારશે તો ?"

"તો વિચારીશ કે તે તલવાર તો નથી મારતો ને ?"

"તલવાર મારશે તો ?"

"તો વિચારીશ કે તે જાનથી તો નથી મારતો ને ?"

"જાનથી પણ મારશે તો ?"

"તો વિચારીશ કે મારા ધર્મને તો નથી મારતો ને ? મારા અમર આત્માને તો નથી મારતો ને ?"

આક્રોશ તર્જના ઘાતના, ધર્મભ્રંશને ભાવે રે;<br>
અગ્રીમ અગ્રીમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે.

*- પૂ. ઉપા. યશોવિજયજી*

**❖ ભૂષણ અને દૂષણ :**

શત્રુ કે મિત્ર પર ક્ષમા રાખવી તે સાધુનું ભૂષણ છે.<br>
પણ અપરાધી પર ક્ષમા રાખવી તે રાજાનું દૂષણ છે.

**❖ પાંચ ક્ષમા :**

૧. **ઉપકાર ક્ષમા :** માતા-પિતા, શેઠ વગેરે ઉપકારી છે, એમ સમજી તેમનું સહન કરવું તે.

૨. **અપકાર ક્ષમા :** જો હું ક્રોધ કરીશ તો સામેવાળો મારો લોથ વાળી નાખે તેવો બલિષ્ઠ છે. માટે તેની સામે ક્ષમા રાખવામાં જ મજા છે - એમ વિચારીને સહન કરવું તે.

૩. **વિપાક ક્ષમા :** જો હું ગુસ્સો કરીશ તો મને જ નુકશાન થવાનું છે. સમાજમાં 'ક્રોધી' તરીકેની છાપ પડશે. પરલોકમાં દુર્ગતિમાં જવું પડશે - એમ વિચારીને સહન કરવું તે.

૪. **વચન ક્ષમા :** મારા પ્રભુની આજ્ઞા છે કે ક્ષમા રાખવી. આજ્ઞામાં બીજો કશો વિચાર હોય જ નહિ. આવા વિચારપૂર્વક રાખવામાં આવતી ક્ષમા.

૫. **સ્વભાવ ક્ષમા :** ક્ષમા એ તો મારો ધર્મ છે, સ્વભાવ છે. એને હું કઇ રીતે છોડી શકું ? શું ચંદનને કોઇ કાપે, ઘસે કે બાળે છતાં તે કદી સુગંધ રેલાવવાનું કામ છોડી દે છે ? સુવાસ ચંદનનો સ્વભાવ છે. ક્ષમા મારો સ્વભાવ છે. આવી ભાવનાથી રહેતી સહજ ક્ષમા.

**❖ આટલું સહન નહિ કરો ?**

સેવાભાવી માણસનો ગુસ્સો તમે સહન કરો છો.
કમાઉ દીકરાનો રોફ સહન કરો છો.
દૂઝણી ગાયની લાત સહન કરો છો.
દર્દ દૂર કરતી દવાની કડવાશ સહન કરો છો.
તો ભાવિમાં અનંત લાભ આપનાર
તપ આદિ ધર્મનું થોડું કષ્ટ સહન નહિ કરો ?
થોડા કડવા વેણ સહન નહિ કરો ?

**❖ ક્ષમાપના :**

- આપણો આચાર-વૈભવ છે.
- ચૈતન્યની પ્રતિષ્ઠા છે.
- સમાજનું ચાલક બળ છે.
- પ્રકાશનો-પ્રેમનો અરૂણોદય છે.
- વ્યક્તિગત જીવનનું અમૃત છે.
- જીવિત યજ્ઞ છે, જેમાં અહંકારની આહુતિ અપાય છે.
- વિષય મુક્તિ, કષાય મુક્તિ, ઋણ મુક્તિ, જીવન મુક્તિ કરાવીને છેલ્લે ભવ-મુક્તિ કરાવે છે.



**❖ ક્ષમાપના આપે છે :**

શાંતિ, સુખ અને પ્રશાંતવાહિતા
સંબંધોમાં મધુરતા, સૌમ્યતા અને સુચારૂતા.
ભયથી રક્ષણ.

★ ★ ★

## ૩૦. સંગઠન - મૈત્રી - પ્રેમ

**❖ ત્રણ તાર...**

તંબૂરામાં ત્રણ તાર હોય છે.
એક તાર બોલે છે : ડ... ૨... ૨... ટું...
બીજો તાર બોલે છે : ભ... ૨... ૨... ભૂં...
ત્રીજો તાર બોલે છે : ટન્... નન... નન...

એકેક તાર અવાજ કરે છે ત્યારે શ્રોતાઓને આનંદ નથી આવતો, પણ જ્યારે ત્રણેય સાથે મળીને વાગે છે ત્યારે સાંભળનારા આનંદથી ઝૂમી ઊઠે છે.

આ છે સંગઠનનો પ્રભાવ !

**❖ શરીરનું સંગઠન :**

સંગઠનનો મહિમા બીજે ક્યાં જોવા જઇએ ? આપણા શરીરમાં જ જુઓ ને ! હાથ-પગ-નાક-આંખ વગેરે કેવા સંપીને કામ કરે છે ?

જો કે બધા અંગો જુદા-જુદા છે. પોતાનું નક્કી કરેલું કાર્ય જ કરે છે. આંખ જોવાનું જ કામ કરે છે, સાંભળવાનું કે ચાખવાનું કામ નથી કરતી. તે રીતે સર્વ અંગો પોત-પોતાના કાર્યમાં તલ્લીન છે, છતાં આ બધા જ શરીરમાં રહીને કાર્ય કરી શકે છે, જુદા થઇને નહિ.

કપાયેલું નાક સૂંઘી શકશે ?

તૂટેલો દાંત ચાવી શકશે ?

કપાયેલો પગ ચાલી શકશે ?

તો આપણે વિશ્વથી જુદા પડીને આરાધના કરી શકીશું ? બીજા બધાની ઉપેક્ષા કરીને કલ્યાણના માર્ગે આગળ વધી શકીશું ? નહિ, આ કદી પણ શક્ય નથી. કલ્યાણનો માર્ગ જગતના સર્વ જીવોને સાંકળીને ચાલવામાં જ છે. શરીરમાંથી એક પણ અંગ છૂટું પડે તો શરીર ખામીવાળું કહેવાય તેમ આપણા ચિત્તમાંથી પણ જો એક પણ જીવ મૈત્રીભાવથી બાકાત રહ્યો તો આરાધના ખામીવાળી જ ગણાશે. એવી આરાધના મોક્ષ નહિ આપી શકે.

શરીરના અંગોમાં હજુ એક બીજી વિશેષતા જુઓ. તેઓ પરસ્પર એક-બીજાના કાર્યમાં કેવો સહકાર આપે છે ? પગમાં કાંટો વાગે કે તરત જ હાથ મદદે આવે છે. દાંતમાં કણીઓ ભરાય તો જીભ મદદે આવે છે. ડાબા હાથમાં વાગે તો જમણો હાથ સહાય કરે છે.

આંખમાં કચરો ઘૂસી જાય તો હાથ મદદ કરે છે.

કદી કોઇ અભિમાન નથી કરતું કે હું મોટો છું, તું નાનો છે. હું આ કામ નહિ કરું.

દાંતે ચાવેલું અન્ન જીભ ચાખે છે.

જીભે ચાખેલું હોજરી પચાવે છે.

હોજરીએ પચાવેલું લીવર લોહી બનાવે છે.

આમ બધા જ અવયવો નાના-મોટાનો વિચાર કર્યા વિના સંગઠિત થઇને કામ કરે છે.



પગ કદી કહેતા નથી કે મારે જમીન પર ચાલવાનું ? ધૂળ અને કાદવથી ખરડાવાનું ? કાંટાઓ સહવાના ? અને તમારે સૌએ લીલા લ્હેર કરવાની ? જાઓ... આટલા વર્ષો સુધી આ કામ મેં કર્યું. હવે નહિ કરું. નહિ... પગ કદી હડતાલ પર ઊતરતા નથી. બધા જ અંગો કોઇના નેતા બન્યા વિના એક-બીજાને આશ્રિત થઇને રહે છે.

વિશ્વમાં પણ આપણે એકના દુઃખમાં મદદ કરવા દોડી જવાનું છે. બીજા દુઃખમાં હોય ત્યારે લીલા લ્હેર કરનારો કદી ધર્મી બની શકે નહિ.

શરીરના અંગો પોતાનું કર્તવ્ય છોડતા નથી. સાચે જ કર્તવ્ય-ભ્રષ્ટ માનવી સભ્ય નાગરિક પણ બની શકતો નથી. ધર્મી બનવાની તો વાત જ ક્યાં ? સાચો ધર્મી બીજાનો નેતા બનવા ઇચ્છતો નથી, બીજા પર પોતાનો અધિકાર ચલાવવા ઇચ્છતો નથી. કોઇના હક કે અધિકાર પર તરાપ મારતો નથી. સૌને સુખપૂર્વક જીવવા દે છે અને શરીરમાં હજુ એક વિશેષતા જોઇ ? બાળકોને લાગેલા ઘા જલ્દી રૂઝાઇ જાય છે, ઘરડાને જલ્દી રૂઝાતા નથી. આવું શા માટે ? બાળકોના અંગોમાં સહાનુભૂતિ વધારે હોય છે, જ્યારે ઘરડાઓના અંગો અક્કડ અને રૂક્ષ હોય છે.

ખરેખર પરસ્પરની હાર્દિક સહાનુભૂતિથી જ માનવીના મનના ઘા રૂઝાતા હોય છે. શરીરના અંગો પાસેથી આપણે સંગઠન શીખી લઇએ તો કેટલું સારૂં ?

**❖ હમ એક ડાલ કે પંખી :**

સમુદ્રમાં ચાલતા ભયંકર ખળભળાટથી કંટાળી ગયેલા બે બિંદુઓ છૂટા પડીને કિનારે ચાલ્યા ગયા. એકે કહ્યું : દોસ્ત ! જોયું ? કેટલો આનંદ છે સ્વતંત્રતાનો ? સાગરમાં રહીને તો મરી

ગયા. વર્ષો સુધી નકામા હેરાન થયા. અહીં તો કોઇ જાતની ડખલ નથી. કોઇ ખળભળાટ નથી. મોજાઓ તરફથી કોઇ તકલીફ નથી. ખરેખર આપણે ફાવી ગયા.

બીજો કંઇક ઠરેલ હતો. તે વિચારીને બોલ્યો : બંધુ ! તારી વાત સાચી છે, પણ સંપૂર્ણ રીતે સાચી નથી. આથી જ તારી વાત કદાચ ખોટી છે. આપણે સાગરમાંથી બહાર આવ્યા તો થોડીક આઝાદી મળી, પણ સલામતી કેટલી ? થોડીવારનો આનંદ... પણ પછી શું ? મને તો આપણો નાશ દેખાઇ રહ્યો છે. મારું માનતો હોય તો ચાલ... આપણે સમુદ્રમાં પાછા જતા રહીએ.'

'ના... મારે તો નથી જ આવવું. તારે જવું હોય તો જા. તને તો પરતંત્રતા જ ગમતી લાગે છે. બેડીમાં જ તને આભૂષણ દેખાય છે. હું તો આઝાદીમાં માનનારો છું. આવી આઝાદી છોડી હવે હું હેરાન થવા નથી માંગતો.'

બીજો બિંદુ જતો રહ્યો અને પેલો કિનારે જ રહ્યો. પણ થોડીવારમાં જ તેના અંગેઅંગ ઓગળવા લાગ્યા. ઉપરથી સૂર્યના હજાર હજાર કિરણો તેને સૂકવવા લાગ્યા. નીચેથી ધરતીના કણ-કણ તેને શોષવા લાગ્યા. માંડ માંડ તે પોતાનું અસ્તિત્વ ટકાવવા મથતો હતો, ત્યાં જ એક ત્રણ વર્ષનો બાળક આવ્યો ને તેના પગ નીચે તે છુંદાઇ ગયો. તેના સોએ વરસ ત્યાં જ પૂરા થઇ ગયા. આઝાદી એના માટે બરબાદી બની.

સમુદ્રમાં ગયેલા બિંદુનું શું થયું ? અરે... એ તો સિંધુ બની ગયો. હવે તેને ન ધરતી શોષી શકે કે ન સૂર્ય સૂકાવી શકે. ત્રણ વર્ષના બાળકના પગ તળે ચગદાઇ જવાની વાત તો જવા દો, પણ હવે તે પોતાની છાતી પર હજારો ટનની સ્ટીમર આવી જાય તો પણ ગભરાતો નથી. આ છે સંગઠનની તાકાત !



આ છે જગતના જીવો સાથે મૈત્રી ભાવથી જોડાઇ જવાની તાકાત !

જે જગતના જીવોથી છુટો પડી જાય છે, વેર-વિરોધ ઊભો કરે છે, પોતાનો અહંકાર અકબંધ રાખવા પ્રયત્ન કરે છે, તે આખરે ફેંકાઇ જાય છે, નષ્ટ થઇ જાય છે.

ધર્મી આત્માએ તો સર્વ જીવોની સાથે મૈત્રી રાખવાની છે.

તેનું હૃદય તો હંમશા પોકારતું હોય :

આપણે સૌ એક જ ફૂલની પાંખડીઓ છીએ.
આપણે સૌ એક જ સૂર્યના કિરણો છીએ.
આપણે સૌ એક જ વસ્ત્રના તાણા-વાણા છીએ.
આપણે સૌ એક જ વૃક્ષના ફૂલો છીએ.
આપણે સૌ એક જ ડાળના પંખીઓ છીએ.
આપણે સૌ એક જ વહાણના મુસાફરો છીએ.
આપણે સૌ એક જ હાંડલીના ચોખા છીએ.
આપણે સૌ એક જ શરીરના અવયવો છીએ.
આપણે સૌ એક જ ઘડિયાળના સ્પેરપાર્ટો છીએ.
આપણે સૌ એક જ સંગીતના સૂરો છીએ.
આપણે સૌ એક જ સૂત્રના તંતુઓ છીએ.
આપણે સૌ એક જ સાગરના બિંદુઓ છીએ.

આટલી વાત જેને સમજાઇ ગઇ તે અંત સાથે જોડાઇ ગયો, તે અક્ષય બની ગયો, તેનો નષ્ટ થવાનો ભય ચાલ્યો ગયો.

આપણે બધા જુદાપણાની કલ્પનાથી ભયભીત છીએ. બિંદુ બનીને કિનારા પર રહીએ છીએ માટે ભયભીત છીએ. જેણે મૈત્રીના મહાસાગરમાં ડૂબકી લગાવી તે તો અક્ષય-અનંત બની ગયો. તેને નાશ પામવાનો ભય કેવો ?

❖ **દૂધ અને પાણી :**

દૂધ અને પાણીની મૈત્રી તો જુઓ ! પાણીએ દૂધ સાથે મૈત્રી કરી તો બદલામાં દૂધે પાણીને પોતાનો સફેદ રંગ આપ્યો.

દૂધ જ્યારે ગરમ થવા લાગ્યું ત્યારે મિત્રના દુઃખથી પાણી વરાળ બનીને ઊડી જવા લાગ્યું ! મિત્રને જતો જોઇ દુઃખી બનેલા દૂધે ઊભરાઇને તપેલામાંથી અગ્નિમાં પડવા માંડ્યું.

ગૃહિણીએ પાણી નાખ્યું અને દૂધે ઊભરાવાનું બંધ કર્યું.

મિત્ર મળી જાય પછી શાંતિ થઇ જ જાયને ?

દૂધ અને પાણી જેવા જડમાં પણ આટલી મૈત્રી તો માણસની મૈત્રી કેવી હોવી જોઇએ ?

❖ **આજકી દોસ્તી :**

આજ કલકી દોસ્તી, કાગજ કા ફૂલ હૈ;<br>
દેખને મેં ખૂબસૂરત, સૂંઘને મેં ધૂલ હૈ.

❖ **સાચી મૈત્રી :**

સાચી મૈત્રી તો પાણીની સાથે કાદવની છે. જુઓ, પાણી સૂકાતાં જ સૂકાઇ ગયેલા કાદવનું (ધરતીનું) મોઢું કેવું ફાટી જાય છે ?

❖ **મૈત્રી :**

હંસા પ્રીતિ કાહે કી, વિપત પડે ઊડ જાય;<br>
સાચી પ્રીતિ સેવા કી, જળ સાથે સૂકાય.

★ ★ ★

મિત્ર ઐસા કીજિએ, ઢાલ સરિખા હોય;<br>
સુખમેં પીછે પડ રહે, દુઃખમેં આગે હોય.

❖ **ફોંતરાનું મૂલ્ય :**

ફોંતરા જેવાની દોસ્તી નકામી છે, એમ માનો છો ? તમે હજુ મૂર્ખના સ્વર્ગમાં જીવી રહ્યા છો. પોતાના કુળનો અનુકૂળ માણસ



ફોંતરા જેવો હોય તો ય તેની દોસ્તી તોડાય નહિ. તમે ડાંગર જોઇ છે ? એ જ્યારે પોતાને લાગી ગયેલા ફોંતરા હટાવી દે છે, ત્યારે શું ગુમાવે છે ? ફરીથી ઊગવાની શક્તિ ગુમાવી બેસે છે.

ફોંતરાની પણ કિંમત છે મારા ભાઇ ! આ વિશાળ વિશ્વમાં ફોંતરા પણ નકામા નથી તો કોઇ માણસ શી રીતે નકામો હોઇ શકે ?

આ જગતમાં કોઇ એવું પાંદડું નથી કે જેમાં ઔષધીય ગુણ ન હોય, કોઇ એવો અક્ષર નથી કે જેમાં મંત્ર ન હોય, કોઇ એવો પુરૂષ નથી કે જેમાં કોઇ જ યોગ્યતા ન હોય. માત્ર તે યોગ્યતા શોધી કાઢવાની જરૂર છે. કહેવાય છે કે અળસીયા ન હોત તો ધરતીએ ક્યારનાય રસ-કસ ગુમાવી દીધા હોત. ધરતીને રસાળ રાખવામાં અળસીયાનું ખૂબ જ મોટું યોગદાન છે.

અળસીયા પણ નકામા નથી તો કોઇ માણસ કઇ રીતે નકામો હોઇ શકે ?

❖ **કણ-કણ મીલ કર...**

- એક સળીથી નહિ, પણ સળીઓના સમૂહથી બનેલી સાવરણીથી ઘર સાફ થાય છે.
- એક તંતુથી નહિ, પણ તંતુઓથી બનેલા દોરડાથી હાથી બાંધી શકાય છે.
- એક બિંદુથી નહિ, પણ બિંદુઓના સમૂહથી સિંધુ બને છે.
- એક કણથી નહિ, પણ કણોના સમૂહથી પર્વત બને છે.
- એક ક્ષણથી નહિ, પણ ક્ષણોના સમૂહથી સદીઓ બને છે.
- કણ-કણ મીલ કર, બન ગઇ નદીયાં;
- ક્ષણ-ક્ષણ મીલ કર, બન ગઇ સદીયાં.
- આ બધા સંગઠન માટેના શ્રેષ્ઠ ઉદાહરણો છે.

**❖ આટલાથી દોસ્તી ન કરો :**

- બાળક અને બૂઢો.
- લોભી અને મૂર્ખ.
- દુ:ખી અને નપુંસક.
- મૈત્રીનો ભાવ બધાની સાથે હોવા છતાંય બધાયની સાથે મૈત્રીનો વ્યવહાર ન થઇ શકે.
- દૂધ સાકર સાથે દોસ્તી કરે તો વાંધો નહિ, પણ લીંબુ સાથે કરે તો ? નાદાન કી દોસ્તી, જીવન કા ખતરા !

**❖ મૈત્રી ટકાવવી હોય તો...**

- મિત્ર સાથે વિવાદ ના કરશો.
- મિત્ર સાથે ધનનો સંબંધ ના રાખશો.
- મિત્ર પાસે કોઇ ચીજની માંગણી ના કરશો.
- મિત્રની સ્ત્રી સાથે સંસર્ગ ના કરશો.
- મિત્રથી આગળ ના બેસશો.
- મિત્રની ભૂલની સ્પષ્ટ ચર્ચા ના કરશો અને પોતાની ભૂલ તરત સ્વીકારી લેશો.

**❖ મિત્ર શી રીતે બનાવશો ?**

- તે મળે ત્યારે સ્મિત આપો.
- તેનું નામ યાદ રાખો.
- તેની વાત દિલપૂર્વક સાંભળો.
- તેના ગુણની પ્રશંસા કરો.

*- ડેલ કાર્નેગી*

**❖ કોની કઇ રીતે મૈત્રી ?**

- પશુ-પંખીઓની મૈત્રી : આકસ્મિક નિમિત્તથી.
- મૂર્ખાઓની મૈત્રી : ભય કે લોભથી.



- સામાન્ય લોકોની મૈત્રી : ઉપકાર થવાથી.
- સજ્જનોની મૈત્રી : માત્ર દર્શનથી.

**❖ ધૂપ અને ધૂમાડો :**

પ્રેમીની તો વાત જ ન્યારી છે.

બીજાના મુખમાંથી નીકળેલી જે વાત 'નિંદા'માં ગણાય, તે જ વાત જો પ્રેમીના મુખમાંથી નીકળે તો 'મજાક' ગણાય છે. જુઓ ને ! લાકડામાંથી નીકળતો ધૂમાડો 'ધૂમાડો' કહેવાય છે. જ્યારે અગરમાંથી નીકળતો ધૂમાડો 'ધૂપ' કહેવાય છે.

**❖ અમે વ્હાલા કેમ લાગતા નથી ?**

ઘણા માણસોની એવી ફરિયાદ હોય છે કે અમે કોઇને વ્હાલા નથી લાગતા... અમને કોઇ પ્રેમ નથી કરતું. જરા ઊંડાણથી નિરીક્ષણ કરવામાં આવે તો જણાશે કે તેમાં ખામી બીજાની નહિ, પણ મારી જ છે. મારા હૃદયમાં જ બીજા પ્રત્યે ધિક્કાર ભરેલો છે. અંદર ધિક્કાર હોય તો કોઇના તરફથી સત્કારની આશા શી રીતે રાખી શકાય ? આ ચોક્કસ વાત છે કે પૂર્વભવમાં કે પૂર્વ જીવનમાં આપણે બીજાનો ધિક્કાર જ કર્યો છે. માટે જ આપણને બીજા તરફથી ધિક્કાર મળી રહ્યો છે. કર્મ શાસ્ત્રની પરિભાષામાં આવો માણસ 'દુર્ભગ' કહેવાય છે.

**❖ જીતના હૈ તો...**

કલી કો જીતના હૈ તો મધુર મનુહાર સે જીતો,
હિરન-મન જીતના હૈ તો મધુર ઝંકાર સે જીતો;
કિસીકો જીતના ક્યા હૈ ? ખડ્ગ સે તોપ સે બમ સે ?
કિસીકો જીતના હૈ તો હૃદય કે પ્યાર સે જીતો.

❖ **પ્રેમનાં સ્વરૂપ :**

પ્રેમના ચાર સ્વરૂપ છે : (૧) ભક્તિ (૨) મૈત્રી (૩) કરૂણા (૪) તટસ્થતા.

પોતાનાથી અધિક ગુણવાળા મહાપુરુષો પ્રત્યે ભક્તિ રાખો.

સમાન ગુણવાળા સાથે મૈત્રી રાખો.

હીન ગુણવાળા પર કરૂણા રાખો.

તદ્દન ગુણહીન પર તટસ્થતા રાખો.

પ્રેમના આ ચાર સ્વરૂપને જ શાસ્ત્રમાં ચાર (મૈત્રી, પ્રમોદ, કરૂણા, ઉપેક્ષા) ભાવનાઓ તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

આખરે બધાની સાથે પ્રેમ જ કરવાનો છે, ધિક્કાર કે દ્વેષ કદાપિ નહિ.

❖ **પ્રેમનું અધઃપતન :**

મા પરથી હટીને પત્ની પર જાય.

પત્ની પરથી હટીને પુત્ર પર જાય.

પુત્ર પરથી હટીને શરીર પર જાય.

❖ **પ્રેમનું ઊર્ધ્વારોહણ :**

મા પરથી સંતો પર જાય.

સંતો દ્વારા જગતના સર્વ જીવો પર જાય.

જગતના જીવો દ્વારા જગદીશ (ભગવાન) પર જાય.

❖ **પ્રેમ :**

જબ મૈં થા તબ હરિ નહીં, અબ હરિ હૈં મૈં નાંય;
પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાય.

*- કબીર*

દેખો કરણી કમલ કી, જલ સોં કીન્હો હેત;
પ્રાણ તજ્યો પ્રેમ ના તજ્યો, સૂખો સરહિ સમેત.

*- સૂરદાસ*



જૈસો બંધન પ્રેમ કો, તૈસો બંધન ન ઔર;
કાઠહિ ભેદે કમલ કો, છેદ ન નિકલે ભૌંર.

*- વૃંદ કવિ*

પોથી પઢ-પઢ જગ મુવા, પંડિત હુઆ ન કોય;
ઢાઇ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય.

*- કબીર*

❖ **વનસ્પતિ દ્વારા પ્રેમનો પ્રતિભાવ :**

જીવન જો ફૂલ છે તો પ્રેમ તેની સુગંધ છે. પ્રેમથી માણસો જ નહિ, પશુઓ પણ વશ થાય છે. અરે... વનસ્પતિ પણ પ્રેમથી પ્રભાવિત બને છે.

અમેરિકાનો એક વનસ્પતિશાસ્ત્રી ખૂબ જ વૃક્ષપ્રેમી હતો. ત્યાં થતા કેકટસ વૃક્ષ (જેની દરેક ડાળ બાવળીઆની જેમ કાંટાવાળી હોય છે) પાસે તે દરરોજ પ્રેમપૂર્વક વિનંતી કરવા લાગ્યો : હે પ્રિય વૃક્ષ ! મને એક ડાલ કાંટા વિનાની આપ ! શું તું મારી આટલી વાત નહિ સ્વીકારે ? હું હૃદયથી તને ચાહું છું.

અને ખરેખર કેટલાક સમય પછી એ વૃક્ષમાંથી એક ડાળ કાંટા વિનાની નીકળી. જોનારા મોંમાં આંગળા નાંખી ગયા. એક વૃક્ષ પણ પ્રેમનો આવો પ્રતિભાવ આપતો હોય તો માણસ ન આપે ?

❖ **પ્રેમમાં ભાર કેવો ?**

'કેમ છોકરી ! તું તો નાની છે. દશ વર્ષની છે ને છ વર્ષના આ છોકરાને ઉપાડીને ઉપર ચડી રહી છે તે તને ભાર નથી લાગતો ?'

'ભાર ? શાનો ભાર લાગે ? આ તો મારો ભાઇ છે. ભાઇને ઉપાડવામાં ભાર કેવો ?'

સાચી વાત છે. જ્યાં પ્રેમ હોય છે, ત્યાં ભારેમાં ભારે ચીજ પણ હલકી ફૂલ લાગે છે. પ્રેમ અદ્‌ભુત ચીજ છે. તે કઠોરને પણ મધુર, અસત્‌ ને પણ સત્‌ અને અંધકારને પણ પ્રકાશમય બનાવી દે છે.

**❖ અંતરમેં લાગી નહિ...**

પઢ પઢ પઢ પત્થર ભયા, લિખ લિખ લિખ ભયા ઈંટ;
અંતરમાં લાગી નહિ, નૈક પ્રેમ કી છીંટ.

*- પાનપદાસ*

**❖ પ્રેમ અને મોહ :**

પરમાર્થમાં તત્પર રહે તે પ્રેમ.
સ્વાર્થમાં જ મસ્ત રહે તે મોહ.

**❖ પ્રેમ પાવક :**

પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહિ પડ્યા તે મહાસુખ મહાલે, દેખનારા દાઝે જોને.

*- પ્રીતમદાસ*

**❖ પ્રેમ-મોહ :**

જડ પદાર્થોનો રાગ તે મોહ.
પરમાત્મા પ્રત્યેનો રાગ તે પ્રેમ.

**❖ કિસવિધ છૂટ્યા પ્રાણ ?**

'નિકટ ન દીસે પારધિ, લગ્યા ન દીસે બાણ;
હું તને પૂછું હે સખી ! કિસ વિધ છૂટ્યા પ્રાણ ?'
જલ થોડા નેહા ઘણા, લગ્યા નેહ કા બાણ;
'તૂ પી ! તૂ પી ! તૂ પિયે' ઈસવિધ છૂટ્યા પ્રાણ.

એક હરણીએ પોતાની સખીને પૂછ્યું : "સખી ! તારો પ્રિયતમ કેમ કરતાં મરી ગયો ? બાજુમાં શિકારી દેખાતો નથી.



બાણ લાગ્યું હોય તેમ પણ જણાતું નથી. કારણ કે શરીર પર ક્યાંય ઘા દેખાતો નથી, લોહીના ડાઘ પણ જણાતા નથી, તો ઓ સખી ! તારો પ્રિયતમ શી રીતે મૃત્યુ પામ્યો ?"

"પ્રિય સખી ! વાત એમ છે કે જંગલમાં રખડતાં-રખડતાં અમને ખૂબ જ તરસ લાગી. ખૂબ ફરતાં-ફરતાં એક સ્થળે થોડુંક પાણી મળી આવ્યું. પણ ખાબોચીયામાં રહેલા તેટલા પાણીથી એકની જ તરસ છીપે તેમ હતી. મેં કહ્યું : પ્રિયતમ ! તમે પી લો. મને ચાલશે. પણ તેમણે મને કહ્યું : 'પ્રિયે ! પહેલાં તું પી. તારે જ પીવું પડશે.' હું ન માની અને આમ રકઝક કરતાં તરસથી વ્યાકુલ થયેલા મારા પ્રિયતમ મૃત્યુ પામ્યા !"

આવો પ્રેમ જ્યારે પ્રભુ માટે પ્રગટે ત્યારે 'સુલસા', 'મયણા' કે 'રેવતી' બની શકાય.

**❖ મને પ્રેમનો ફૂવારો બનાવ :**

હે પ્રભો ! તું મને પ્રેમનો ફૂવારો બનાવ. જેથી હું જ્યાં વેર છે ત્યાં વ્હાલ વહાવી શકું. જ્યાં આક્રમણ છે, ત્યાં પ્રતિક્રમણ કરી શકું. જ્યાં ઝગડાના બાવળ ઊગ્યા છે, ત્યાં ક્ષમાના કલ્પતરુ વાવી શકું. જ્યાં ભૂલો છે ત્યાં ફૂલો ઉગાડી શકું. જ્યાં અંધારા છે ત્યાં અજવાળા રેલાવી શકું. જ્યાં ઉદાસીનતા છે ત્યાં પ્રસન્નતા પાથરી શકું !

**❖ શાંતિનો રાજમાર્ગ :**

૧. તારી નહિ, બીજાની ઈચ્છા પૂરી કરવા પ્રયત્ન કર.
૨. ઘણાથી નહિ, થોડાથી સંતુષ્ટ થા.
૩. મોટો નહિ, નાનો બનીને બધાની સાથે વસ.
૪. અને પ્રભુ-ચરણોમાં પ્રાર્થના કર :
'હે પ્રભુ ! તારી ઈચ્છા મારા દ્વારા પૂર્ણ બનો !'
આ શાંતિનો રાજમાર્ગ છે.

❖ **તું ગજબનો છે :**

તું ગજબનો માણસ છે.

તેં કેટલીયે મીઠાઇ ખાધી, પણ તારામાં મીઠાશ ન આવી.

તેં કેટલુંય ઘી પીધું, પણ તારામાં સ્નિગ્ધતા ન આવી.

તેં કેટલુંય દૂધ પીધું, પણ તારામાં ઉજ્જવળતા ન આવી.

તે કેટલુંય સંગીત સાંભળ્યું, પણ તારામાં 'સંગીત' પેદા ન થયું.

તેં કેટલીયે સુગંધ માણી, પણ તારામાં 'સુગંધ' ન આવી.

હે માનવ ! એવું તો નથી કે તું અંદરથી મીઠાશ, સ્નિગ્ધતા, ઉજ્જવળતા, સંગીત, સૌંદર્ય કે સુંગધથી શૂન્ય છે, એટલે જ બહારથી તે મેળવવા ઝંખી રહ્યો હોય ?

❖ **સાફ... સાફ... સાફ...**

- એક જ ઝગડો અને ઘર સાફ.
- એક જ ગાળ અને મિત્રતા સાફ.
- એક જ ભૂલ (વહીવટ આદિ સંબંધી) અને રાષ્ટ્ર સાફ.
- એક જ કલંક અને યશ સાફ.

❖ **ભાઈચારો :**

- **ઈસ્લામ :** જે કુરાનને માને તે સૌની સાથે ભાઇચારો કેળવો.
- **ખ્રિસ્તી :** માનવ માત્ર સાથે ભાઇચારો કેળવો.
- **વૈદિક (હિન્દુ) :** માનવથીયે આગળ વધીને ગાયને પણ પૂજો. નદી, તુલસી, પીપળા આદિ વૃક્ષને પણ પૂજો.
- **જૈન :** નિગોદથી માંડી અનુત્તર સુધી તમામ જીવો સાથે પ્રેમ - બહુમાનભાવ કેળવો.

★ ★ ★



## ૩૧. દયા - કરૂણા

❖ **ત્રણ આંસુ :**

૧. પાપો પર પશ્ચાત્તાપના આંસુ.

૨. સુકૃતો પર હર્ષના આંસુ.

૩. દુઃખીના દુઃખ પર દર્દના આંસુ.

❖ **ચડિયાતું બિંદુ :**

ગંગાબિંદુથી વર્ષાબિંદુ ચડિયાતું છે.

વર્ષાબિંદુથી ઝાકળબિંદુ ચડિયાતું છે.

ઝાકળબિંદુથી હર્ષાશ્રુબિંદુ ચડિયાતું છે.

પણ આ બધાથી ભ. મહાવીરની કરૂણાથી છલકાતી આંખોમાંનું અશ્રુબિંદુ ચડિયાતું છે.

❖ **સિમ્પથી :**

રોગ મટાડવા માટે

એલોપથી,

હોમિયોપથી,

નેચરોપથી,

વગેરે ઘણી 'પથી' છે.

પણ તમામ દર્દો માટેની 'પથી' કઇ ?

સિમ્પથી (સહાનુભૂતિ - હમદર્દી)

❖ **દયાના આઠ પ્રકાર :**

૧. દ્રવ્ય દયા

૨. ભાવ દયા

૩. સ્વ દયા

૪. પર દયા

५. स्वरूप दया
६. अनुबंध दया
७. व्यवहार दया
८. निश्चय दया

❖ **माता :**

- અરિહંતની માતા કરૂણા.
- સંસારની માતા નિગોદ.
- સાધુની માતા અષ્ટપ્રવચન માતા.
- ધર્મની માતા અહિંસા.
- અધર્મની માતા હિંસા.
- પતનની માતા અભિમાન.
- ઉત્થાનની માતા નમ્રતા.
- શ્રાવકની માતા જયણા.
- રોગની માતા રસના.
- દુઃખની માતા સ્નેહ.
- પાપની માતા લોભ.

★ ★ ★

## ૩૨. અભિમાન

❖ **માર ખાવો પડે છે...**

- હવાથી ભરેલા ફૂટબોલને ચારેબાજુથી ફટકા ખાવા પડે છે.
- હવાથી ભરેલા નગારાને ડાંડીનો માર ખાવો પડે છે.
- અહંકારથી ભરેલા જીવને પણ કર્મનો માર ખાવો પડે છે.



❖ **કોનાથી શું ?**

- દ્વેષથી દોષ.
- પ્રેમથી આબાદી.
- મદથી પતન.
- નમ્રતાથી ઉન્નતિ.

❖ **અહંકારના પાંચ અભિશાપ :**

૧. વિભાવોના વૈભવમાં રાચવું.
૨. મહત્ત્વાકાંક્ષાની વ્યાધિ.
૩. અહંકારની દરિદ્રતા.
૪. ઉદર-લક્ષ્મીમય જીવન.
૫. સંખ્યા-ક્ષેત્રમાં પૂરાવું.

★ ★ ★

## ૩૩. નમ્રતા

❖ **નમ્રતાના ૩ લક્ષણ :**

૧. કડવી વાતનો મીઠો જવાબ.
૨. ક્રોધ વખતે મૌન !
૩. ગુનેગારને શિક્ષા આપતી વખતે કોમળતા !

❖ **નમસ્કાર :**

- ધન ત્યાં નમસ્કાર.
- સત્તા ત્યાં નમસ્કાર.
- ગુણ ત્યાં નમસ્કાર.
- જ્ઞાન ત્યાં નમસ્કાર.
- ચમત્કાર ત્યાં નમસ્કાર.

તમે ક્યાં નમસ્કાર કરો છો ? ગુણ અને જ્ઞાન છોડીને બાકીના નમસ્કાર નકામા છે.

★ ★ ★

## ૩૪. લોભ - તૃષ્ણા - પરિગ્રહ

**❖ પાપનો દાદો કોણ ?**

લોભની દીકરી માયા (પૈસા કમાય ત્યારે માયા પ્રાયઃ હોય જ).

માયાનો દીકરો માન (માયાથી કમાયેલા પૈસા પર અભિમાન થાય જ).

ક્રોધનો દીકરો દ્રોહ (ક્રોધી માણસ દ્રોહ કરતો જ હોય છે).

દ્રોહની દીકરી દુર્ગતિ (દ્રોહી માણસ દુર્ગતિમાં જાય જ).

દુર્ગતિનો પરિવાર સંસાર (એકવાર દુર્ગતિમાં ગયેલો જીવ પ્રાયઃ સંસારમાં રખડ્યા જ કરે).

એટલે લોભ બધા પાપોનો 'દાદો' થયો. ખરુંને ?

ક્રોધથી પ્રેમનો, માનથી વિનયનો, માયાથી મિત્રનો નાશ થાય, જ્યારે લોભથી બધાનો નાશ થાય.

"લોહો સવ્વવિણાસણો".

**❖ અસંતોષ :**

અસંતોષ બાહ્ય પદાર્થો માટે મોટું દૂષણ, આંતર ગુણો માટે મોટું ભૂષણ.

જ્યારે માણસ ગુણ-પ્રાપ્તિમાં સંતોષી બની જશે ત્યારે તેનો વિકાસ સ્થગિત બની જશે.

આંતર-વિકાસમાં સંતોષ કેવો ?



**❖ સંતોષ ક્યાં ? અસંતોષ ક્યાં ?**

- ત્રણ સંતોષમાં રાખો : સ્વ-પત્ની, ભોજન, ધન.
- ત્રણમાં અસંતોષ રાખો : દાન, તપ, જ્ઞાન.

**❖ તૃપ્ત થયો નથી...**

પુત્રાદિ પરિવારથી સગર ચક્રવર્તી તૃપ્ત નથી થયો.
ગાયોના ધણોથી કુચિકર્ણ તૃપ્ત નથી થયો.
ધાન્યના ઢગલાથી તિલક શેઠ તૃપ્ત નથી થયો.
સોનાના ડુંગરોથી નંદરાજા તૃપ્ત નથી થયો.

*- પૂ. હેમચંદ્રાચાર્ય*

**❖ સુખી થવું હોય તો...**

પાપનું મૂળ શું ? લોભ.
રોગનું મૂળ શું ? સ્વાદ.
દુઃખનું મૂળ શું ? સ્નેહ.
તારે સુખી થવું છે ?
તો લોભ, સ્વાદ અને સ્નેહ છોડી દે.

**❖ સૌને બીજાને ત્યાં જ સુખ દેખાય છે :**

કોયલ વિચારે છે : હાય ! હાય ! હું કેટલી કાળી છું ? પેલો મોર કેટલો સુંદર છે ? હું મોર હોત તો કેટલું સારું.

મોર વિચારે : વાહ ! કોયલનો કેવો મીઠો ટહૂકાર છે ? મારા અવાજના કોઈ ઠેકાણા છે ? કાશ ! હું જો કોયલ હોત !

પંખી વિચારે છે : હું વાદળ હોત તો કેટલું સારું ? પાંખો હલાવી હલાવીને હું તો થાકી ગયો. વાદળને કાંઇ જ ચિંતા નહિ. પાંખો હલાવવાની જ નહિ. બસ... એમને એમ આકાશમાં તરવાનું. મને એવું સૌભાગ્ય ક્યારે મળશે ?

વાદળ વિચારે છે : આપણું તે કાંઇ જીવન છે ? પવન નચાવે તેમ નાચવાનું. એ જયાં લઇ જાય ત્યાં જવાનું... ધાર્યું કશું જ ન થાય. પેલા પંખીઓ કેવા સ્વતંત્ર છે ? ધારે ત્યાં ઊડે છે. કાશ ! હું જો પંખી હોઉં !

નદીનો આ બાજુનો કિનારો વિચારે છે : અહીં તો કાંઇ સુખ નથી. નર્યો કાદવ ને કાદવ જ છે. પેલો કિનારો કેટલો રળિયામણો છે ? સાચે જ બધું સુખ પેલી બાજુ જ છે.

નદીનો પેલી બાજુનો કિનારો વિચારે છે : સાલું આપણા ભાગ્યમાં જરાય સુખ જ નથી. માત્ર કાદવ ને કીચડ જ છે. બધા જ સુખો ત્યાં છે.

પણ ના... કોયલ, મોર કે વાદળ કોઇ કશું વિચારતું નથી, પણ માણસો ચોક્કસ આવું વિચારી રહ્યા છે. છગન વિચારે છે : મગનને કેટલી સુંદર નોકરી મળી છે ? અને પેલો મગન વિચારે છે : છગનને કેટલું સુંદર ઘર મળ્યું છે ?

છ છોકરાને લઇને ફરતી વાઘરણ વિચારે છે : પેલી ક્રોડપતિ બાઇ કેટલી સુખી છે ? આપણે તો ભટક્યા જ કરવાનું ! પેલી વાંઝણી ક્રોડપતિ બાઇ વિચારે છે : શું કરવા'તા ક્રોડ રૂપિયાને ? મારાથી તો પેલી વાઘરણ પણ સારી ! કેટલા બાલ-બચ્ચા સાથે આનંદ-કિલ્લોલ કરે છે ?

આમ દરેક માણસ બીજામાં સુખ જોઇ રહ્યો છે. પણ માણસ ભૂલી જાય છે કે આ માણસ વળી તમને સુખી માની રહ્યો છે.

જે મળતી સ્થિતિનો સાનંદ સ્વીકાર કરતો નથી અને હૈયા-બળાપામાં જ વખત વીતાવે તે સુખી શી રીતે ? સુખ સ્વમાં રહેવામાં છે, સ્વસ્થતામાં છે. જે સ્વકેન્દ્રમાં સ્થિર બની જાય છે, એના ચરણે સુખોના ઢગલે-ઢગલા આવી પડે છે.



**❖ સંતોષીનું સુખ :**

ધન મેળવીને તમે તમારા અહંકારને તૃપ્ત કરી શકો છો, 'હું સુખી છું' એવો ભ્રમ બીજા લોકોમાં ફેલાવી શકો છો, પણ વાસ્તવિકમાં તમે કદી સુખી બની શકતા નથી.

સંતોષના અમૃતથી તૃપ્ત થયેલા શાંત ચિત્તવાળાને જે સુખ હોય છે, તે આમતેમ દોડતા ધન લોભી ક્ષુબ્ધ ચિત્તવાળા માણસોને ક્યાંથી હોય ?

સંતોષી માણસ છ ફૂટની જમીનથી પણ ખુશ બની શકે છે, જ્યારે અસંતોષી માણસ આખી દુનિયાના રાજ્યથી પણ રાજી થઇ શકતો નથી !

**❖ દમન અને શમન :**

સંતોષના ત્રણ માર્ગ : (૧) દાન, (૨) બુદ્ધિપૂર્વક શમન, (૩) જબરદસ્તીથી દમન.

દા.ત. : શર્દીના દર્દી નાના બાળકે શીખંડ ખાવાની હઠ પકડી. જ્યારે તે ના પાડવા છતાં ખાવા લાગ્યો, ત્યારે તેના પપ્પાએ ધડ... દઇને એક તમાચો ઠોકી દીધો. બાળક ખાતો બંધ થઇ ગયો, પણ મનમાં ધૂંધવાતો રહ્યો. પછી મમ્મીએ તેને શીખંડ શર્દીમાં કેટલું નુકસાન કરે વગેરે પ્રેમથી સમજાવ્યું. બાળકનું મન શાંત થઇ ગયું.

પપ્પાએ દમનનો માર્ગ અપનાવ્યો.

મમ્મીએ શમનનો માર્ગ અપનાવ્યો.

દમન કરતાં શમન સદા શ્રેષ્ઠ છે.

**❖ સંતોષ ધન :**

ગોધન ગજધન વાજિધન, ઔર રતનધન ખાન;<br>
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલ સમાન.

*- રામ સતસઇ*

❖ **સંતોષ : નંદન-વન**

- ક્રોધ યમરાજ છે.
- તૃષ્ણા વૈતરણી નદી છે.
- વિદ્યા કામધેનુ ગાય છે.
- સંતોષ નંદન-વન છે.

*- ચાણક્ય નીતિ ૮/૧૩*

❖ **સંતોષની ચાવી...**

જ્યારે બધા જ કામોના બધા જ દ્વાર બંધ થઇ જાય, ત્યારે સંતોષરૂપી ચાવીનો ઉપયોગ કરજો. બધા જ દરવાજા ખૂલી જશે.

❖ **સંપત્તિ અને ગરીબી :**

સંતોષ સ્વાભાવિક સંપત્તિ છે. પૈસા કૃત્રિમ ગરીબી છે.

*- સોક્રેટીસ*

❖ **હાય ! મમતા !**

- ખોટો તોય ગાંઠનો રૂપિયો.
- ભાંગ્યુ તોય ભરૂચ.
- ઘેલો તો પણ પેટનો દીકરો.
- ખારો તો પણ બાપનો કૂવો.
- હાય ! મમતા !

❖ **રે, મમતા !**

શેઠે માલ ખરીદીને ત્રણ મજૂરો પાસેથી આઠ-આઠ પેટી ઉપડાવી. રસ્તામાં મજૂરોને થાકેલા જોઇ શેઠે કહ્યું : બહુ ભાર લાગતો હોય તો અર્ધી પેટી નીચે મૂકી દો. બે મજૂરોએ ચાર-ચાર પેટી નીચે મૂકી દીધી. ત્રીજા મજૂરે એક પણ પેટી ન મૂકી. ઘેર પહોંચતાં દયાળુ શેઠે જે જેટલી પેટી ઉપાડી લાવેલો, તે તમામને તે પેટીઓ ભેટ આપી દીધી. હવે પેલા બે મજૂરો પોક



મૂકીને રડવા લાગ્યા. અરેરે ! આઠેય પેટીઓ ઉપાડી હોત તો કેટલું સારું ! (પહેલા પેટી પર મમતા ન્હોતી, હવે થઇ ગઇ. હવે એ પોતાની થઇ ગઇને ?)

❖ **રડો છો કેમ ?**

'શેઠજી ! રડો છો કેમ ?'

'દુકાનમાં આગ લાગી છે.'

'તો પણ શું વાંધો છે ? ગઇ કાલે જ દુકાનદારે તમારા દીકરાને વીમો કઢાવતાં જોયેલો.'

અને શેઠ રાજી થઇ ગયા.

થોડી વારે દીકરો દોડતો-દોડતો આવ્યો અને બોલી ઊઠ્યો : 'પિતાજી ! આમ નચિંત થઇને શું ઊભા છો ? દુકાનમાં આગ લાગી છે, તે દેખાતી નથી ?'

'હવે મને બનાવ નહિ. તેં વીમો ઊતરાવ્યો છે ને ? હવે શી ચિંતા ?'

'પિતાજી ! વીમો કઢાવવા ગયેલો... બધા કાગળીઆ તૈયાર થઇ ગયા, પણ સહી-સિક્કા કરવાના બાકી રહી ગયા.' અને શેઠજી ફરી રડી પડ્યા !

❖ **નિર્મમત્વથી...**

નિર્મમત્વથી નિઃસંગ ભાવ પ્રગટે છે.

નિઃસંગથી ચિત્ત એકાગ્ર બને છે.

આથી અનાસક્ત સાધક અસંગનો આનંદ માણતો વિચરે છે.

*- ઉત્તરાધ્યયન સૂત્ર ૨૯/૩૦*

❖ **આસક્તિનો ટૂકડો :**

કુરર પક્ષી માંસનો ટૂકડો લઇને ઊડ્યું. કાગડા વગેરે તેની પાછળ દોડ્યા અને ઝપાઝપી કરવા લાગ્યા. કંટાળીને કુરરે

માંસનો ટૂકડો ફેંકી દીધો અને ઝાડ પર શાંતિથી બેઠું. હવે કાગડા વગેરેએ તેનો પીછો છોડી દીધો.

હા... જ્યાં સુધી આસક્તિનો ટૂકડો નહિ છૂટે, ત્યાં સુધી ક્રોધ વગેરેના કાગડા પીછો નહિ છોડે.

*- ભાગવત ૧૧/૯/૧*

**❖ ...અને ભૂત પકડાઇ ગયું !**

હઠીસિંહ પટેલ સવારના પહોરમાં પશ્ચિમ દિશા તરફ જઇ રહ્યા હતા. પોતાના લાંબા પડછાયાને ભૂત સમજી તેને પકડવા દોડવા લાગ્યા. પણ આ 'ભૂત' તો આગળ ને આગળ ! પકડાય જ નહિ ! 'આ ભૂત જબરૂં' પટેલ બબડી ઊઠ્યો.

દૂરથી આ દશ્ય જોઇ રહેલા, પટેલની મૂર્ખતા પર હસી રહેલા સહજાનંદ સ્વામી (સ્વામીનારાયણ પંથના પ્રવર્તક)એ કહ્યું : પટેલ ! ઇ 'ભૂત' એમ તમારા હાથમાં નહિ આવે. તમે એમ કરો. પૂર્વ દિશા તરફ ચાલવા માંડો. પછી જુઓ કે ઇ 'ભૂત' તમારો દાસ બનીને તમારી પાછળ-પાછળ ફરે છે કે નહિ ?

તેમ કરતાં 'ભૂત' પાછળ ચાલવા લાગ્યું. પટેલ રાજીરેડ થઇ ગયા!

ખરી વાત છે. જે માણસ તૃષ્ણાને પીઠ આપીને ચાલે છે, તેની પાછળ-પાછળ પડછાયાની જેમ લક્ષ્મી ચાલતી આવે છે.

**❖ તૃષ્ણા - ઈચ્છા - સ્પૃહા - વાસના :**

- ધન વધારવાની ઇચ્છા તે 'તૃષ્ણા'.
- જરૂરી વસ્તુની ચાહના તે 'ઇચ્છા'.
- અતિ આવશ્યક વસ્તુની ઝંખના તે 'સ્પૃહા'.
- મળેલી વસ્તુને સ્થિર કરવાની ભાવના તે 'વાસના'.



**❖ તૃષ્ણા ! તું આંધળી :**

ઓ તૃષ્ણા ! તું પણ આંધળી છે. નહિ તો તું રોગી, વાંઝિયા કે ઘરડાઓમાં શી રીતે રહી શકે ? તારે તો રહેવાની ઘણીયે જગ્યા છે... છતાં આવા લોકોને પણ તું કેમ છોડતી નથી ? નક્કી તું પણ આંધળી જ છે.

**❖ હવે છોડ ઓ તૃષ્ણા !**

ઓ તૃષ્ણા ! તેં મને ખરેખરો નચાવ્યો છે. તારા પ્રભાવથી અત્યાર સુધી મેં શું શું કર્યું છે તે બતાવું ? સાંભળ. સોનાના ચરૂની શંકાથી મેં કેટલેય ઠેકાણે ધરતી ખોદી. સુવર્ણસિદ્ધિ મેળવવા કેટલીયે ધાતુઓ ઓગાળી, કેટલીયે વનસ્પતિના મૂળીયા ઊકાળ્યા. રત્નો મેળવવા દરિયામાં ડૂબકી લગાવી અને ઝટ ઝટ ક્રોડપતિ બનવા દરિયા પાર પણ જઇ આવ્યો. કેટલાય શેઠિયાઓની દાઢીમાં હાથ નાખ્યો. કેટલાય રાજાઓની ચરણ-ચંપી કરી. મંત્ર-તંત્રની સાધના કરવા કેટલીયે કાળી ચૌદસો મસાણમાં કાઢી. પણ અત્યાર સુધીમાં મને ફૂટી કોડી પણ મળી નથી. ઓ તૃષ્ણા ડાકણ ! હવે તો તું મારો કેડો છોડ.

*- ભર્તૃહરિ વૈરાગ્ય શતક-૪*

**❖ વિરોધી ઇચ્છા થશે :**

તમારી એક વૃત્તિ સંતુષ્ટ થશે કે તરત જ તેનાથી વિરોધી બીજી વૃત્તિ પેદા થવાની.

માન-સન્માનની ઇચ્છા પૂરી થઇ ? તો ભોગની ઇચ્છા જાગશે.

દાન (કીર્તિ દાન) દેવાની ઇચ્છા પૂરી થઇ ? તો કદાચ લોભની વૃત્તિ જાગશે.

શરીર તગડું કરવાની ઇચ્છા પૂરી થઇ ? હવે બીજાને પછાડવાની વૃત્તિ જાગશે.

(તૃષ્ણાનો અંત ક્યાં છે ?)

*- વિલિયમ જેમ્સ માનસશાસ્ત્રી*

**❖ તૃષ્ણા અને દરિયાનું પાણી :**

તૃષ્ણાનું પાણી અને દરિયાનું ખારું પાણી...

જેમ પીઓ તેમ તરસ વધે.

**❖ શું ધૂળ સંતોષ ?**

“તમે જગતના સૌથી ધનાઢ્ય છો... ૧૦ અબજ ડોલર તમે કમાયા છો. હવે તમે સંતોષથી વિદાય લઇ રહ્યા હશો ?” મૃત્યુ પથારીએ પડેલા એન્ડ્રુઝ કાર્નેગીને પત્રકારોએ પૂછ્યું.

“શું ધૂળ સંતોષ ? મારે તો ૧૦૦ અબજ ડોલર કમાવવાના હતા... પણ માત્ર ૧૦% જ કમાઇ શક્યો છું.” એન્ડ્રુઝ કાર્નેગીના જવાબથી પત્રકારો સ્તબ્ધ થઇ ગયા.

**❖ નાણાંભીડમાં કેમ જીવાય ?**

યુરોપના એક ધનવાને આત્મહત્યા કરેલી. તેની ચિઠ્ઠીમાં લખેલું જોવા મળ્યું : “હવે મારી પાસે માત્ર બે ક્રોડ પાઉન્ડ જ ધન રહ્યું છે. આવી કારમી ‘નાણાં-ભીડ’માં શી રીતે જીવી શકું ?”

**❖ તૃપ્ત થતા નથી...**

- લાકડાથી કદી અગ્નિ તૃપ્ત થતો નથી.
- નદીઓથી સાગર તૃપ્ત થતો નથી.
- જીવોને મારવાથી યમરાજ તૃપ્ત થતો નથી.
- પુરુષોથી સ્ત્રીઓ કદી તૃપ્ત થતી નથી.

*- વિદુર નીતિ ૮/૭*



**❖ ઉપદ્રવ રહિત કોણ ?**

- રૂપમાં ઉંમરનો ઉપદ્રવ છે.
- ભોગમાં રોગનો ઉપદ્રવ છે.
- સત્તામાં ખસી જવાનો ઉપદ્રવ છે.
- ધનમાં જતા રહેવાનો ઉપદ્રવ છે.
- આરોગ્યમાં વ્યાધિઓનો ઉપદ્રવ છે.
- જીવનમાં મરણનો ઉપદ્રવ છે.
- તો ઉપદ્રવ-રહિત કોણ ?

એક માત્ર તૃષ્ણા !

એને કદી કોઇ ઉપદ્રવ નડતો નથી.

**❖ તૃષ્ણા સદા તરુણી :**

મોઢે કરચલી પડી.

માથે ટાલ પડી.

મોં દાંત વગરનું બોખું બન્યું.

હાથ-પગ ધ્રૂજવા માંડ્યા.

કાને ધાકો ને આંખે ઝાંખપ આવી.

શરીર આખું બન્યું ખખડધજ.

તોય તૃષ્ણા તો એવીને એવી જ સજજ !

શરીર વૃદ્ધ બન્યું પણ તૃષ્ણા સદા તરુણી !

**❖ બે દુઃખ :**

જીવનમાં બે દુઃખ છે.

૧. ઇચ્છા પૂરી ન થવી તે.

૨. ઇચ્છા પૂરી થઇ જવી તે.

*- બર્નાર્ડ શો*

❖ દશ આશંસા :

૧. **આ લોકની ઈચ્છા :** જેમ કે હું રાજા, ચક્રવર્તી વગેરે બનું.

૨. **પરલોકની ઈચ્છા :** જેમ કે હું ઈન્દ્ર કે મહર્દ્ધિક દેવ બનું.

૩. **ઉભયલોકની ઈચ્છા :** જેમ કે અહીં ચક્રવર્તી અને પરભવમાં ઈન્દ્ર બનું.

૪. **જીવનની ઈચ્છા :** જેમ કે હું સુખપૂર્વક લાંબો કાળ જીવ્યા કરું.

૫. **મરણની ઈચ્છા :** જેમ કે હું ખૂબ હેરાન થઈ રહ્યો છું. હવે મરી જાઉં તો સારું !

૬. **કામની ઈચ્છા :** જેમકે મને સારા શબ્દો સાંભળવા મળે - સારા રૂપ જોવા મળે.

૭. **ભોગોની ઈચ્છા :** જેમ કે મને સારા ગંધ-રસ-સ્પર્શ મળે. (શબ્દ-રૂપનો સમાવેશ કામમાં અને ગંધ-રસ-સ્પર્શનો સમાવેશ ભોગમાં કર્યો છે. કામ અને ભોગ બેમાં આટલો ફરક છે.)

૮. **લાભની ઈચ્છા :** જેમ કે મને યશ-કીર્તિ વગેરેની પ્રાપ્તિ થાવ.

૯. **પૂજાની ઈચ્છા :** જેમ કે જગતમાં ફૂલ વગેરેથી મારી પૂજા થાવ.

૧૦. **સત્કારની ઈચ્છા :** જેમ કે વસ્ત્ર, આભૂષણ વગેરેથી મારો સત્કાર થાવ.

*- ઠાણંગ સૂત્ર ૧/૭૫૯*

❖ ઈચ્છે છે...

- દરિદ્ર પુરુષો ધન ઈચ્છે છે.
- પશુઓ વાણી ઈચ્છે છે.



- માણસો સ્વર્ગ ઈચ્છે છે.
- દેવો (ડાહ્યા) મોક્ષ ઈચ્છે છે.

*- ચાણક્ય નીતિ ૫/૧૮*

❖ **ઈચ્છાની નદીને ઓળંગો :**

તમે ઈચ્છાઓની નદી ઓળંગીને પેલે પાર પહોંચી જાવ. પછી જુઓ કે તમારી ઈચ્છિત ચીજો તમને શોધતી-શોધતી આવે છે કે નહિ ? જો કે, ત્યારે જોવાની ઈચ્છા પણ ચાલી ગઈ હશે !

❖ **ઈચ્છા પૂરી નહિ થાય :**

દુનિયામાં દરેક માટે આવશ્યકતા કરતાં વધારે પદાર્થો છે. પણ એક પણ માણસની ઈચ્છા પૂર્તિ કરવા માટે દુનિયાના તમામ પદાર્થો પણ ઓછા છે. આવશ્યકતા પૂરી થઈ શકે છે, ઈચ્છા નહિ.

❖ **ચાહ ચમારી :**

ચાહ ચમારી ચોરટી, સૌ નીચન કી નીચ;
મૈં થા પૂરન બ્રહ્મ યદિ, ચાહ ન હોતી બીચ.

*- રહીમ*

❖ **ચાહ ત્યાં આહ :**

જહાં ચાહ વહાં આહ હૈ, બનીયે બેપરવાહ;
ચાહ જિન્હોં કી મિટ ગઈ, વે શાહન કે શાહ.

❖ **આશાનું આશ્ચર્ય !**

પેલી મધમાખી તો ફલોના સહારે મધ બનાવે છે, પણ આ આશા નામની મધમાખી તો ગજબની છે ! ફૂલો વિના જ મધ બનાવી દે છે.

આશા ખરેખર કોઈ અજબની સાંકળ છે. એનાથી માણસ જ્યાં સુધી બંધાયેલો હોય ત્યાં સુધી દોડ્યા જ કરે, દોડ્યા જ કરે. પણ જ્યાં એ સાંકળ છૂટી કે માણસ તરત જ સ્થિર થઈ જાય !

આશા નામની આ દેવી અદ્‌ભુત છે ! એની સેવા કરો તો એ શોક આપે અને સેવા કરવાનું છોડી દો તો સુખના ઢગલે-ઢગલા આપે.

**❖ આશા ન હોય તો...**

રોગ-શોક સંતાપ સે, ભરા પડા સંસાર;
જો આશા હોતી ન તો, હો જાતા સંહાર.

**❖ આશા ! કેટલું નચાવીશ ?**

ઓ આશા ! તું મને કેટલું નચાવીશ ? દુષ્ટ માણસોને ખુશ કરવા માટે મેં તેમના કર્કશ વાક્યો સહન કર્યા છે. અંદર હું રડતો હતો... છતાં તે દુષ્ટોને ખુશ કરવા તેમની સાથે હસતો રહ્યો છું. મારા પર હસનારને પણ મેં સલામો ભરી છે. ઓ આશા ! હજુ ક્યાં સુધી નચાવીશ ?

*- ભર્તૃહરિ વૈરાગ્ય શતક-૬*

**❖ શ્વાસ સુધી આશ :**

જબ તક સાંસા
તબ તક આશા

**❖ આશા એ જ આપદા :**

આશા સો હી આપદા, સાંસો સોહી સોગ;
કહે 'કબીર' કૈસે મિટે, યે દો જાલિમ રોગ ?

**❖ ત્રણ પરિગ્રહ :**

૧. કર્મ પરિગ્રહ
૨. શરીર પરિગ્રહ
૩. ઉપકરણ પરિગ્રહ

*- ભગવતી સૂત્ર ૧૮/૭*



**❖ બાહ્ય-આંતર પરિગ્રહ :**

**બાહ્ય પરિગ્રહ :**

૧. **ક્ષેત્ર :** ખેતર વગેરે ખુલી જમીન.
૨. **વાસ્તુ :** દુકાન મકાન આદિ.
૩. **હિરણ્ય :** ચાંદી.
૪. **સુવર્ણ :** સોનું.
૫. **ધન :** દાગીના અથવા રોકડા રૂપિયા.
૬. **ધાન્ય :** અનાજ.
૭. **દ્વિપદ :** બે પગવાળા દાસ-દાસી આદિ.
૮. **ચતુષ્પદ :** ચાર પગવાળા ગાય ભેંસ આદિ.
૯. **કુપ્ય :** ધાતુના વાસણો તથા અન્ય ઘરવખરી.

**❖ ૧૪ આભ્યંતર પરિગ્રહ :**

૧. હાસ્ય
૨. રતિ
૩. અરતિ
૪. ભય
૫. શોક
૬. જુગુપ્સા
૭. ક્રોધ
૮. માન
૯. માયા
૧૦. લોભ
૧૧. સ્ત્રીવેદ
૧૨. પુરુષવેદ

૧૩. નપુંસક વેદ

૧૪. મિથ્યાત્વ

*- બૃહત્કલ્પ ભાષ્ય-૮૩૧*

**❖ પરિગ્રહના પર્યાયવાચી નામો :**

મહેચ્છા, પ્રતિબંધ, લોભાત્મા, ભાર, કલિકરંડ, અનર્થ, અગુપ્તિ, તૃષ્ણા, આસક્તિ, અસંતોષ.

*- પ્રશ્ન વ્યાકરણ-૫*

**❖ પરિગ્રહની સિદ્ધિથી...**

અપરિગ્રહ વ્રતની સિદ્ધિ થવાથી માનવ પોતાના પૂર્વ જન્મોને જાણી શકે છે.

*- પાતંજલ યોગ ૨/૩૯*

**❖ પાણીનો ગ્લાસ = ક્રોડોની સંપત્તિ :**

ક્રોડપતિ શેઠ ઓટોમેટિક બંધ થતી મોટી તિજોરીમાં ઘૂસી ગયા. ભૂલથી ચાવી બહાર રહી ગઈ. પાણી અને આહાર વિના અંદર અને અંદર જ ગૂંગળાઈને મરી ગયા. મરતાં પહેલા ચિઠ્ઠીમાં લખ્યું : 'અત્યારે જો મને કોઈ પાણીનો એક ગ્લાસ અને એક રોટલો આપે તો હું તેને મારી બધી જ સંપત્તિ આપી દઉં !'

**❖ આ ચીજો ધનથી નથી મળતી :**

આંખ, મુખ, જ્ઞાન.

નીરોગિતા, સત્સંગ, નિદ્રા.

આધ્યાત્મિક શાંતિ, બુદ્ધિ, બળ.

★ ★ ★

'યમરાજજી ! એ કંજૂસમાં તો આત્મા છે જ નહિ. શી રીતે લાવું ?'



"ઓહ ! યાદ આવ્યું. એ કંજૂસનો આત્મા તિજોરીમાં છે, તેને ઊઠાવી લાવ ઓ ચિત્રગુપ્ત."

★ ★ ★

ત્રણેયને ૫૦ હજારની લોટરી લાગી.

એક : હું પાંચ ટકા ગરીબને આપીશ.

બીજો : હું પચાસ ટકા મંદિરમાં વાપરીશ.

કંજૂસ ત્રીજો : હું તો બધા જ રૂપિયા પોટલીમાં બાંધીને આકાશમાં ઉછાળીને કહીશ : ભગવાન તમને ખપે તેટલા રૂા. લઈ લેજો.

★ ★ ★

## ૩૫. દાન

**❖ વાક્યોમાં તારતમ્ય :**

- 'આપો' જઘન્ય વાક્ય.
- 'નથી' તેના કરતાં પણ અધમ વાક્ય.
- 'લો' વાક્યોનો રાજા.
- 'નથી જ જોઈતું' વાક્યોમાં ચક્રવર્તી.

**❖ તેરા-મેરા (૪ પ્રકારના મનુષ્ય) :**

- અધમ કહે છે : મેરા સો મેરા, તેરા ભી મેરા.
- મધ્યમ કહે છે : મેરા સો મેરા, તેરા સો તેરા.
- ઉત્તમ કહે છે : તેરા સો તેરા ઔર મેરી ભી તેરા.
- ઉત્તમોત્તમ કહે છે : ન કુછ તેરા, ન કુછ મેરા, જગ કા યહ સબ ઝૂઠ ઝમેલા. (બ્રહ્મજ્ઞ)

❖ **તમે કેવા ? કૃપણ કે ઉદાર ?**

- તમે ન ખાવ અને બીજાને પણ ન ખાવા દો તો તમે મખીચૂસ છો.
- તમે ખાવ પણ બીજાને ન આપો તો કંજૂસ છો.
- તમે ખાવ અને બીજાને પણ ખવડાવો તો દાની છો.
- તમે ન ખાઈને બીજાને ખવડાવો તો ઉદાર છો.

❖ **વાદળ જેવા આપનારા માણસો :**

- ગરજે પણ વરસે નહિ, બોલે પણ આપે નહિ.
- ગરજે નહિ પણ વરસે, બોલે નહિ પણ આપે.
- ગરજે પણ ખરો અને વરસે પણ, બોલે અને આપે.
- ગરજે પણ નહિ અને વરસે પણ નહિ, બોલે ય નહિ ને આપે ય નહિ.

❖ **દાન ક્યારે કરશો ?**

તંદુરસ્તીમાં કરેલું દાન સોનું.
માંદગીમાં કરેલું દાન ચાંદી.
મરતાં કરેલું દાન તાંબું.
અને દાન જ ન કરવું તે લોઢું.
(ના... લોઢું પણ નહિ.)

❖ **હથેળીમાં વાળ કેમ નહિ ?**

રાજા : 'મારી હથેળીમાં વાળ કેમ નથી ઊગ્યા ?'
મંત્રી : 'આપ એટલું બધું આપો છો કે તે ઘસાઈ ગયા.'
'તારી હથેળીમાં વાળ કેમ નથી ?'
'લેતાં-લેતાં ઘસાઈ ગયા.'
'સભામાં બેઠેલાઓની હથેળીમાં વાળ કેમ નથી ?'
'કંઈ નહિ મળવાથી તેઓ હાથ ઘસતા જ રહી ગયા.'



❖ **ધન વૃદ્ધિ શી રીતે ?**

- વ્યાજમાં ધન બેવડું.
- વેપારમાં ધન ચાર ગણું.
- ક્ષેત્રમાં ધન સો ગણું.
- સુપાત્રમાં ધન અનંતગણું.

❖ **કલિયુગમાં દાન શ્રેષ્ઠ :**

- સત્યયુગમાં તપ.
- ત્રેતાયુગમાં જ્ઞાન.
- દ્વાપર યુગમાં યજ્ઞ.
- કલિયુગમાં દાન શ્રેષ્ઠ છે.

- *મનુસ્મૃતિ*

❖ **કમાવ અને આપો :**

સો હાથે કમાવ,
હજાર હાથે આપો.

- *ઋગ્વેદ*

❖ **આપો... આપો...**

- શ્રદ્ધાથી કે અશ્રદ્ધાથી.
- આબાદીમાં કે ગરીબીમાં.
- પ્રેમથી કે ભયથી.
- લોકલાજથી કે ગમે તે રીતે પણ આપો.

- *તૈતરીય ઉપનિષદ્*

❖ **ન આપો :**

- યશ માટે ન આપો.
- ભયથી ન આપો.
- અપકાર કરનારને ન આપો.

- નાચ-ગાનવાળાને ન આપો.
- ભાંડોને ન આપો.

*- મહાભારત શાંતિ પર્વ*

**❖ નિષ્ફળ જાય છે :**

- જૂઠથી યજ્ઞ
- વિસ્મયથી તપ
- સાધુનિંદાથી આયુષ્ય
- પ્રશંસાથી દાન

*- મનુસ્મૃતિ*

**❖ દાનના ભેદ :**

૧. અનુકંપા દાન
૨. સંગ્રહ દાન
૩. ભય દાન
૪. કારુણિક દાન
૫. લજ્જા દાન
૬. ગૌરવ દાન
૭. અધર્મ દાન
૮. ધર્મ દાન
૯. કાહી દાન (હું દાન આપીશ તો તે પણ કરશે.)
૧૦. કંતતિ દાન (તેણે મને આપેલું છે માટે હું પણ આપું.)

*- ઠાણંગ*

**❖ દાનના ત્રણ પ્રકાર :**

૧. **સાત્ત્વિક :** દેશ, કાળ, પાત્ર જાણીને 'દાન એ કર્તવ્ય છે' એમ માનીને અપાય તે.



૨. **રાજસ :** ક્લેશપૂર્વક, પ્રત્યુપકારની આશાથી, ફળના ઉદ્દેશ્યથી અપાય તે.
૩. **તામસ :** અયોગ્ય દેશ-કાળમાં, અપાત્રમાં તિરસ્કારપૂર્વક નીચકાર્ય માટે અપાય તે.

*- ગીતા અ. ૧૭*

**❖ ધર્મરસ - ધર્મદાન :**

રસમાં ધર્મરસ શ્રેષ્ઠ.
દાનમાં ધર્મદાન શ્રેષ્ઠ.

**❖ ધર્મદાનના ત્રણ પ્રકાર :**

૧. અભય દાન
૨. સંયતિ દાન
૩. જ્ઞાન દાન

*- ધમ્મ પદ*

**❖ તીર્થંકરોએ શું આપ્યું ?**

તીર્થંકરોએ આપવાલાયક બધું જ આપ્યું છે.
સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર એ જ સમગ્ર દાન છે.

**❖ 'આપો' કહેતાં જ...**

'મને કંઈક આપો' આટલું બોલતાં જ લજ્જા, ધી, કાંતિ, કીર્તિ, શ્રી - એ પાંચેય દેવતા ભાગી જાય છે.

*- શાકુંતલ*

**❖ મર્દ :**

- પૂરો મર્દ : આપે, પણ લે નહિ.
- અર્ધો મર્દ : લે, પણ આપે નહિ.

❖ **ચાર પ્રકારના આપનારા :**

૧. **ખાબોચીયા જેવા : દુર્જન :** પગ-વસ્ત્ર બગાડે તેવા.

૨. **તળાવ જેવા : સજ્જન :** સામે ચડીને માંગો તો ના ન પાડે.

૩. **નદી જેવા : સંત :** સામે ચડીને આપવા જાય.

૪. **સાગર જેવા : અરિહંત :** કદી ખૂટે જ નહિ.

(સાગરમાંથી વાદળ બને, વાદળમાંથી નદી-તળાવ વગેરે બને. બધાનું મૂળ સાગર છે, તેમ બધા દાનનું મૂળ સાગર જેવા અરિહંત છે.)

❖ **સુપાત્ર દાન :**

- પૃથ્વીનો શણગાર : પુરુષ.
- પુરુષનો શણગાર : લક્ષ્મી.
- લક્ષ્મીનો શણગાર : દાન.
- દાનનો શણગાર : સુપાત્રદાન.

★ ★ ★

## ૩૬. નિંદા

❖ **ચાર ચંડાળ :**

૧. જન્મથી ચંડાળ હોય તે જન્મચંડાળ.

૨. કામથી ચંડાળ હોય તે કર્મચંડાળ.

૩. ક્રોધ કરવાથી ચંડાળ જેવો લાગે તે ક્રોધચંડાળ.

૪. નિંદા કરીને ચંડાળ બને તે નિંદાચંડાળ.

❖ **રસાધિરાજ :**

કહેવાય છે કે ભોજનના છ રસોમાં મધુર રસ રાજા છે. શ્રૃંગારાદિ નવ રસોમાં 'શાંત રસ' રાજા છે, પણ દુનિયા જોતાં



એમ લાગે છે બધા રસોનો ચક્રવર્તી નિંદાનો રસ છે. કારણ કે - ષડ્ રસ ભોજનનો ત્યાગ કરનારા પણ નિંદાના રસનો ત્યાગ કરી શકતા નથી.

❖ **ચેન ન પડે...**

- કૂતરાને ભસ્યા વિના ચેન ન પડે.
- કવિને કવિતા લખ્યા વિના ચેન ન પડે.
- વક્તાને વ્યાખ્યાન વિના ચેન ન પડે.
- ગવૈયાને ગીત વિના ચેન ન પડે.
- લેખકને લખ્યા વિના ચેન ન પડે.
- વેપારીને વેપાર વિના ચેન ન પડે.
- જુગારીને જુગાર વિના ચેન ન પડે.
- દારૂડિયાને દારૂ વિના ચેન ન પડે.
- તેમ નિંદકને નિંદા વિના ચેન ન પડે.

❖ **સાવધાન !**

જો કોઈ માણસ તમારી પાસે આવીને બીજાની નિંદા કરતો હોય તો તરત જ સાવધાન થઈ જજો. કારણ કે એ માણસ બીજાની પાસે તમારી નિંદા પણ કરવાનો જ.

તમે ચાર-પાંચ જણ ગપ્પા મારતા હોય ત્યાં ગયા છો ? શું ચાલતું હોય છે ત્યાં ? નિંદાના જામ ભરી-ભરીને પીવાતા હોય છે. તમે બરાબર ધ્યાન રાખશો તો જણાશે કે પાંચમાંથી જે ચાલ્યો જાય છે, બાકી રહેલા ચાર જણા તેની જ નિંદા કરવાનું શરૂ કરી દેતા હોય છે. તો તમારે સમજી લેવું જોઈએ કે જો હું ચાલ્યો જઈશ તો મારી ગેરહાજરીમાં આ લોકો મારી પણ નિંદા કરવાના જ ! સલામ આ નિંદકોની ટોળીને ! તમે જો ડાહ્યા હશો તો એ ટોળીમાંથી અવશ્ય ભાગી છૂટશો.

❖ **નિંદા કરવી જ હોય તો ?**

નિંદા કરવી જ હોય તો પોતાની કરો. સામો માણસ ગાળો આપે તો પણ તેને ભાંડશો નહિ, નિંદશો નહિ. વિજય તમારો જ છે.

આવત ગાલી એક હૈ, ઉલટત હોત અનેક;
કહે કબીર નહિ ઉલટીએ, વહી એક કી એક.

❖ **ઈર્ષ્યાળુથી અકળાશો નહિ :**

કોઈ તમારી ઈર્ષ્યા કરે છે ? અકળાશો નહિ. આ તમારી ચડતીની નિશાની છે. તમારી ઈર્ષ્યા કરનારો તમને પોતાનાથી મોટો ગણે છે. ઈર્ષ્યાળુથી અકળાશો નહિ. તેનો નાશ કરવા મથશો નહિ. તમે શું તેનો નાશ કરવાના છો ? ઈર્ષ્યા પોતે જ તેનો નાશ કરી નાખશે.

❖ **પ્રસન્ન બનો :**

કોઈની ઈર્ષ્યા શા માટે ? બીજાના સુખને અને ગુણને જોઈ અકળામણ શા માટે ? જેમ ખીલેલા ફૂલને જોઈને તમે પ્રસન્ન બનો છો, તેમ બીજાના સુખો અને ગુણો જોઈ પ્રસન્ન બનો.

❖ **લખીએ છીએ :**

બીજાના દુર્ગુણો આપણે તાંબાની પ્લેટ પર લખીએ છીએ અને સદ્‌ગુણો પાણીની સપાટી પર લખીએ છીએ.

- ***શેક્સપીઅર***

❖ **બે કામ :**

આપણા બે જ મુખ્ય કામ છે :

૧. જીવતા પ્રસિદ્ધ માણસની નિંદા કરવી.
૨. મરી ગયા પછી તેની પ્રશંસા કરવી.



❖ **નિર્ગુણનું લક્ષણ :**

- સ્વશ્લાઘા
- પરનિંદા

❖ **નિંદાનો કીડો :**

નિંદાના કીડાનો જન્મ કાનમાં થાય છે.
તેનો ઉછેર જીભ પર થાય છે.

❖ **ત્રણ આંગળી તારી તરફ :**

બીજાના દોષ તરફ આંગળી ચીંધનાર ઓ અભાગી !
બાકીની ત્રણ આંગળીઓ તારી તરફ ઝૂકેલી છે - તે તું કેમ ભૂલી જાય છે ?

★ ★ ★

## ૩૭. ધૈર્ય - ઉતાવળ

❖ **ધીરજ ન રાખો :**

- ધર્મ કરવામાં.
- કરજ ઉતારવામાં.
- કન્યા આપવામાં.
- શત્રુતાના ઘાતમાં.
- અગ્નિ શમાવવામાં.
- રોગ દબાવવામાં.

❖ **ઉતાવળ :**

આગ, ઝેર કે કાંટાનો ઈલાજ થઈ શકે,
પણ ઉતાવળથી કરાયેલા કાર્ય બદલ
પસ્તાવાનો કોઈ ઈલાજ નથી.

❖ **ધીરે ધીરે :**

- **કંથા :** જૂનું વસ્ત્ર ધીરે ધીરે પહેરાય.
- **પંથા :** માર્ગ ધીરે ધીરે કપાય.
- **પર્વત :** ડુંગર પર ધીરે ધીરે ચડાય.
- **વિદ્યા :** ધીરે ધીરે ભણાય (વિદ્વાન થવાય).
- **વિત્ત :** ધીરે ધીરે પૈસાદાર થઇ શકાય.

❖ 'ધીરજ ધીરજની વાત કરો છો... પણ કાંઇ એનીયે કાંઇ મર્યાદા ખરી કે નહિ ? ધીરજથી ચાળણીમાં પાણી ભરી શકાય ?'

'હા... ભરી શકાય. પણ પાણી બરફ બની જાય ત્યાં સુધી તમારી ધીરજ રહેવી જોઇએ.' સ્વામી રામતીર્થે કહ્યું.

★ ★ ★

## ૩૮. ગુણ - દોષ

❖ **છ રાક્ષસો :**

ઘૂવડ, રીંછ, કૂતરો, ચક્રવાક, ગરૂડ અને ગીધ - આ છ રાક્ષસોને નષ્ટ કરી નાખો. નહિ તો તેઓ તમને નષ્ટ કરી નાખશે, એમ કોઇક શાસ્ત્રમાં લખ્યું છે.

આ વાતને બરાબર સમજીએ.

ઘૂવડ મોહનું પ્રતીક છે.

રીંછ દ્વેષનું પ્રતીક છે.

કૂતરો ઈર્ષ્યા અને ખુશામતનું પ્રતીક છે.

ચક્રવાક કામનું પ્રતીક છે.

ગરૂડ અભિમાનનું પ્રતીક છે.

ગીધ લોભ (આસક્તિ)નું પ્રતીક છે.



એટલે મોહ, દ્વેષ વગેરે છ રાક્ષસોને મારવાના છે, ઘૂવડ વગેરેને નહિ, એમ સમજવાનું છે.

❖ **રત્નોથી પણ મૂલ્યવાન :**

મિત્રતા, પ્રેમ, શાંતિ, સંયમ અને સંતોષ - આ પાંચને રત્નોથી પણ અધિક મૂલ્યવાન ગણજે.

❖ **આઠ પ્રકારના પુરુષો :**

૧. **આસન્ન દૃષ્ટિ :** કીડી, વાનર કે બાળકની જેમ નજીકનું (તાત્કાલિક બનતું) જ જોનાર (વિચારનાર).

૨. **દૂર દૃષ્ટિ :** પ્રૌઢ વ્યક્તિની જેમ દૂરનું વિચારનાર.

૩. **રાગ દૃષ્ટિ :** જેના પર પોતાને પ્રેમ છે તે પુત્રો, પતિ, જમાઇ, પત્ની વગેરેને (સેંકડો દુર્ગુણો હોવા છતાંય) જેને ખૂબ જ સારા લાગે તે.

૪. **દ્વેષ દૃષ્ટિ :** ગુણોને પણ દોષરૂપે જોનાર.

૫. **ગુણ દૃષ્ટિ :** માત્ર ગુણને જ જોનાર, ગંધાતા કૂતરીના ક્લેવરમાંથી પણ શ્રીકૃષ્ણની જેમ સફેદ દાંત જોનાર.

૬. **દોષ દૃષ્ટિ :** માત્ર દોષને જ જોનાર. જેમ કાગડા, માખી વગેરે શરીરના સુંદર ભાગ છોડી ચાંદા પર જ બેસે તેમ ગુણો છોડી માત્ર દોષો જ જુએ તે.

૭. **ગુણ-દોષ દૃષ્ટિ :** કોઇ લેખક, કવિ, વક્તા કે તપસ્વીની પ્રશંસા કરી પછી એક એવો દોષ બતાવે કે જેથી બધા જ ગુણો દબાઇ જાય.

૮. **આત્મ દૃષ્ટિ :** લોકો પ્રશંસા કરે છતાં પણ પોતાના દોષો જોઇને રડે. પેલો મોર જોયો છે ને ? કહેવાય છે કે એના નૃત્ય વખતે જોનારા ભલે પ્રસન્ન થતા હોય, પણ તે તો પોતાના પગની કદરૂપતા જોઇ રડતો હોય છે.

**❖ ત્રણ સદ્‌ગુણ :**

૧. આશા

૨. વિશ્વાસ

૩. દાન

તેમાં પણ સર્વશ્રેષ્ઠ દાન.

*- બાઈબલ*

**❖ દોષને નાનો ન સમજો :**

- નાનો કાંટો મોટા પગને થંભાવી દે.
- નાનું રજકણ આંખને બંધ કરી દે.
- નાની ફોડકી શાંતિ હરી લે.
- નાની ચિનગારી લાખો મણ ઘાસ સળગાવી દે.
- થોડીક ખટાશ મણોબંધ દૂધ બગાડી દે.
- નાનું કાણું મોટી સ્ટીમર ડૂબાડી દે.
- નાની મર્મઘાત વાત મોટો ઝગડો ઊભો કરી દે.
- નાનો મચ્છર મોટા હાથીને ઊંચો-નીચો કરી દે.
- નાનું છિદ્ર મોટા બંધને તોડી દે.

**❖ છ દોષ છોડો :**

૧. નિદ્રા

૨. તંદ્રા

૩. ભય

૪. ક્રોધ

૫. આળસ

૬. વિલંબ (પછીથી કામ કરવાનો સ્વભાવ)

*- વિદુર નીતિ*



**❖ છ દોષથી માણસ બરબાદ :**

૧. અતિનિદ્રા

૨. પરસ્ત્રી ગમન

૩. અનર્થકારી કાર્ય

૪. ઝગડો

૫. ખરાબ મિત્રની સોબત

૬. અતિ કંજૂસાઈ

*- દીર્ઘ નિકાય*

**❖ જન્મસ્થાન તુચ્છ, પણ ગુણથી મહાન :**

- રેશમ કીડાથી
- સોનું પત્થરથી
- નીલકમલ છાણથી
- કમલ કાદવથી
- ગોરોચન ગાયથી
- મોતી છીપથી
- કસ્તૂરી મૃગની નાભિથી
- અંબર મગરથી

પેદા થયેલા છે,

છતાં ગુણથી પૂજાય છે.

**❖ ચાર કારણે ગુણો નષ્ટ થાય :**

૧. ક્રોધથી

૨. ગુણ સહન ન થવાથી

૩. અકૃતજ્ઞતાથી

૪. મિથ્યા ધારણાથી

**ચાર કારણે ગુણો પ્રગટે :**

૧. વિદ્યાભ્યાસથી
૨. બીજાને અનુકૂળ બનાવવા માટે
૩. પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે
૪. કૃતજ્ઞતા પ્રગટ કરવાથી

*- ઠાણંગ*

**❖ કન્ફ્યુશિયસના પાંચ સદ્‌ગુણ :**

૧. જેન : સદાચારી થવું.
૨. ચુન જુ : સારો વ્યવહાર, દિલમાં દયા.
૩. લી : સજ્જ્ઞાન, વિવેક, આત્મવિશ્વાસ.
૪. તે : ઈમાનદારી.
૫. બેન : ગુણો પર ચીપકી રહેવું.

**❖ ચાર સહજ ગુણ :**

૧. ઉદારતા
૨. મીઠી વાણી
૩. ધીરતા
૪. ઔચિત્યનું જ્ઞાન

*- ચાણક્ય નીતિ*

**❖ તેર માનસિક ગુણો :**

**૧. ઉદારતા :** બીજાને પોતાનામાં સમાવી શકે.
**૨. અનુકરણ પ્રિયતા :** મહાપુરુષોમાંથી ગુણ લે.
**૩. આકૃતિ જ્ઞાન :** બીજાને ઓળખી શકે.
**૪. વ્યવસ્થા જ્ઞાન :** આયોજન કરી શકે.
**૫. અવલોકન ગુણ :** નવી નવી ચીજોનું જ્ઞાન પામી શકે.
**૬. પ્રસાદ ગુણ :** બીજાને સરળતાથી સુધારી શકે.



**૭. ઈતિહાસ ગુણ :** ભૂતકાળમાંથી બોધ લઈ શકે.
**૮. ગણિત જ્ઞાન :** એકાગ્રતા વધારી શકે.
**૯. સમય જ્ઞાન :** સમયનો સદુપયોગ કરી શકે.
**૧૦. વક્તૃત્વ જ્ઞાન :** આકર્ષણ શક્તિ મળી શકે.
**૧૧. સ્વર જ્ઞાન :** નિકટ ભવિષ્યની જાણકારી મળી શકે.
**૧૨. તુલના શક્તિ :** સમાલોચના કરી શકે.
**૧૩. સૌજન્ય ગુણ :** વિનય, વિવેક, સભ્યતા કેળવી શકે.

**❖ નાની ચીજનું મહત્ત્વ :**

- નાનો અંકુશ હાથીને નિયંત્રિત કરી શકે.
- નાનો દીપક ઘોર અંધકારને ભેદી શકે.
- નાનો વજ્ર મોટા પર્વતને તોડી શકે.
- નાનું રત્ન લાખોપતિ બનાવી શકે.
- નાનો મંત્ર દેવતાને ખેંચી શકે.
- નાનો યંત્ર કલાકો બચાવી આપે.
- નાની સોય મોટા બેને જોડી આપે.
- થોડુંક અમૃત બેહોશી દૂર કરી દે.
- નાની કવિતા મોટી સભાને સ્તબ્ધ બનાવી દે.
- નાનો ગુણ પણ મહાન બનાવી દે.

**❖ ભૂષણ સમા આઠ ગુણો :**

૧. બુદ્ધિ
૨. કુલીનતા
૩. ઈન્દ્રિય સંયમ
૪. જ્ઞાન
૫. મિતભાષણ
૬. દાન

૭. શૂરતા

૮. કૃતજ્ઞતા

*- વિદુરનીતિ*

**❖ પશુઓમાં પણ ગુણો શોધો :**

- **સિંહથી એક :**
  નાનું મોટું કોઇ પણ કામ પૂરા પ્રયત્નથી કરવું.
- **બગલાથી એક :**
  દેશ, કાળ, બળને અનુસારે ઇન્દ્રિય સંયમ કરી કામ કરવું.
- **કૂકડાથી ચાર :**
  ૧. જલ્દી ઊઠવું.
  ૨. યુદ્ધ માટે તૈયાર કરવું.
  ૩. ભાઇઓને હિસ્સો આપવો.
  ૪. આક્રમણ કરી ભોજન કરવું.
- **કાગડાથી પાંચ :**
  ૧. ગુપ્ત મૈથુન
  ૨. સાવધાની
  ૩. ધૃષ્ટતા
  ૪. સમય પર સંગ્રહ
  ૫. અવિશ્વાસ
- **કૂતરાથી છ :**
  ૧. ઘણું ખાઇ શકવું.
  ૨. થોડામાં પણ સંતોષ.
  ૩. સુખેથી સૂવું.
  ૪. જલ્દી જાગવું.
  ૫. માલિકની વફાદારીપૂર્વક ભક્તિ કરવી.
  ૬. બહાદૂરી.



- **ગધેડાથી ત્રણ :**
  ૧. થાકવા છતાં ભાર ઉપાડવો.
  ૨. ઠંડી-ગરમીની પરવા નહિ કરવી.
  ૩. સદા સંતોષી રહેવું.

**❖ પાંચમા આરાના પાંચ 'મહાન ગુણો' :**

**૧. સેવકજન વત્સલ :** રાગ-દ્વેષાદિ અનાદિના અમારા સેવકો છે. એમને અમે શી રીતે કાઢીએ ? શરણાગત વત્સલ માણસ કદી શરણે આવેલાને કાઢી મૂકે ?

**૨. અચલચિત્ત :** મિથ્યાત્વાદિ માન્યતામાં સંપૂર્ણ દઢ રહેનારા છીએ. એ તો ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે ભોળા હતા એટલે ફરી ગયા... બાકી અમે એવા કાચા-પોચા નથી કે ફરી જઇએ !

**૩. નિર્લોભી :** જુઓ તો ખરા ! અવંતી સુકુમાલ, શાલિભદ્ર વગેરે કેટલા લોભી હતા ? પાસે ઘણું હોવા છતાં હજુ ઘણું મેળવવાની લાલસા છોડી શક્યા નહિ. અમે તો ખૂબ જ સંતોષી છીએ. પાંચ-પચીસ લાખ મળી જાય એટલે બહુ થયું ! સંતોષ !

**૪. ઉદાર :** ચોથા આરાના લોકો તો બહુ કંજૂસ ! કમાયેલું જરાય છોડે નહિ ! અમે તો ખૂબ જ ઉદાર ! ગમે તેટલો તપ ત્યાગ કમાયેલો હોય, પણ ક્ષણવાર ક્રોધ કરીને જવા દઇએ છીએ. ચિંતા શી ? ફરી કમાઇ લઇશું !

**૫. સાહસિક :** ચોથા આરાના લોકો કેટલા બીકણ ? મૃત્યુ, રોગ, પરાજય, આથમતો સૂરજ, ઘરડો માણસ કે કરમાયેલું ફૂલ - આવા સાદા નિમિત્તોથી ગભરાઇને

દીક્ષા લઈ લેતા. અમે તો ખૂબ મજબૂત ! ગજવેલની છાતીના ! પેપરોમાં રોજ હજારોની હત્યા વાંચીએ છીએ. રૂંવાડું યે ફરકતું નથી.

સાચે જ મોહરાજા આ સંસાર-નગરમાંથી નિર્ગુણી અને તોફાની (મહાવીર, શાલિભદ્ર જેવા) લોકોને કાઢી મૂકે છે. પણ અમને ન કાઢે... કારણ કે અમે તો પરમ 'સદ્‌ગુણી' છીએ.

★ ★ ★

## ૩૯. કર્મ

❖ **આઠ કરણ :**

૧. બંધન કરણ
૨. સંક્રમ કરણ
૩. ઉદ્વર્તના કરણ
૪. અપવર્તના કરણ
૫. ઉપશમન કરણ
૬. ઉદીરણા કરણ
૭. નિદ્ધત્તી કરણ
૮. નિકાચિત કરણ

❖ **કર્મના ઉપકાર :**

- કર્મ આમંત્રણ આપે છે, તેને જ ચોંટે છે, બીજાને નહિ જ.
- બંધાયા પછી તરત ઉદયમાં આવતા નથી. અબાધાકાળ પૂરો થાય ત્યાં સુધી શાંત રહે છે.
- જ્યારે ઉદયમાં આવે છે ત્યારે કપાળમાં લખતા નથી કે તમે પૂર્વભવમાં કોઈનું ગળું દબાવ્યું હતું માટે કેન્સર થયું છે.



- તે એકદમ ન્યાયી છે. નાનો પણ સારા કાર્ય કરે તો મહાન બનાવી દે. (સંગમ જેવા ભરવાડને શાલિભદ્ર બનાવી દે) મોટા પણ જો ખોટું કરે તો છોડે નહિ. (મહાવીરસ્વામી જેવાને પણ છોડ્યા નથી.)

❖ **એક વાર્તામાં આઠ કર્મ :**

**જ્ઞાનચંદજી દર્શન** કરવા ગયા. રસ્તામાં **વેદના** ઊપડી. સામે આવેલા **મોહનભાઈએ** કુશળતા પૂછી ત્યારે તેણે વિહ્વળ થઈ જવાબ આપ્યો : **'આયુષ્ય** ખૂટતું જણાય છે.'

અરે... એમ ના બોલશો, ભગવાનનું **નામ** લો.

**ગોત્ર**દેવીની પૂજા કરો. તમારા **અંતરાય** દૂર થશે.'

★ ★ ★

## ૪૦. સ્યાદ્વાદ

❖ **તર... તર... તરકત...**

વૃક્ષ પર બેઠેલું પંખી બોલતું હતું : તર... તર... તરકત...

નીચે બેઠેલા દરેક લોકોએ તેમાં પોતાનો અભિપ્રાય સાંભળ્યો.

મુસલમાને કહ્યું : આ પંખી બોલે છે : અલ્લા ! તેરી કુદરત... !

ખ્રિસ્તીએ કહ્યું : નહિ... આ તો બોલે છે : ઈસુ ! તેરી અરજ !

ગાંધીવાદીએ કહ્યું : મને તો સંભળાય છે : ચરખો પુણી ચમરખ... !

પહેલવાને કહ્યું : આ પંખી તો મારી જ વાત કરી રહ્યું છે. એ બોલે છે : દંડ મગદળ કસરત.

વેપારી બોલ્યો : ખોટી વાત ! આ તો મારા વેપારની જ વાત છે. સાંભળો : હલ્દી મિરચ અદરખ !

ભક્ત બોલ્યો : મને તો આમાં પ્રભુનું ગુંજન સંભળાય છે : રામ સીતા દશરથ... !

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ !

❖ **ગુણદર્શી - દોષદર્શી :**

- ગુણદર્શી : વાહ ! ગુલાબ કેવું સુગંધી છે !
- દોષદર્શી : હાય ! હાય ! ગુલાબમાં પણ કાંટા ?

★ ★ ★

તિલકધારી ધર્મિષ્ઠને દારૂ પીતો જોઇ **દોષદર્શી** બોલ્યો : અરેરે... હવે તો ધાર્મિક લોકો પણ દારૂ પીતા થઇ ગયા !

**ગુણદર્શી :** વાહ ! હવે તો શરાબી લોકો પણ ધર્મના માર્ગે વળતા લાગે છે !

❖ **ઘોડાનું ચિત્ર ઉલ્ટાવો :**

દોડતા ઘોડાનું ચિત્ર ઉલ્ટાવો. એટલે કે ઘોડાનું મોઢું ડાબેથી જમણી તરફ રાખો. શું ફરક પડ્યો ? પહેલા ઘોડો આગળ ધપી રહેલો દેખાતો હતો, હવે ઘોડો પીછેહઠ કરી રહેલો દેખાય છે.

❖ **ધાર્મિક પુસ્તકને જોઇ...**

- **ધાર્મિક બોલ્યો :** આ અમારું પૂજનીય શાસ્ત્ર છે.
- **બુદ્ધિવાદી બોલ્યો :** આ પુસ્તક છે.
- **રદ્દીવાળો બોલ્યો :** આ દોઢ કિલોની પસ્તી છે.
- **બકરી બોલી :** કોઇ ન જુએ તો હું આને ખાઇ જાઉં !
- **ઊધઇ બોલી :** આ તો અમારો ખોરાક છે !

જેવી જેની દૃષ્ટિ !

❖ **પાણીથી અર્ધો ભરેલો ગ્લાસ જોઇ...**

- **નિરાશાવાદી :** હાય... હાય... અર્ધો ગ્લાસ તો ખાલી છે.
- **આશાવાદી :** અરે... વાહ ! અર્ધો ગ્લાસ ભરેલો છે.



❖ **નદી કિનારે રૂપવતી અલંકૃત સ્ત્રીનું મડદું જોઇ...**

- **યોગી :** અરેરે... કેવો અનિત્ય સંસાર છે ? જ્યાં ભરબપોરે સૂર્યાસ્ત થાય છે. યૌવનમાં જ મોત આવે છે.
- **કામી :** આ જો જીવતી હોત તો હમણા જ એને પકડીને...
- **ચોર :** લોકો અત્યારે ન હોત તો હું આના શરીર પર એક પણ ઘરેણું રહેવા દેત નહિ.
- **કાગડો :** ચાલો... આપણે સાથે મળીને મિજબાની ઊડાવીએ. કા... કા... કા...

❖ **વિરોધી ઉક્તિઓ :**

- **સદા સત્ય બોલો :** અપ્રિય લાગે તો સત્ય પણ ન બોલો.
- **અહિંસા પરમો ધર્મઃ :** આપત્કાલે મર્યાદા નાસ્તિ.
- **બોલે તેના બોર વહેંચાય :** મૌનં સર્વાર્થ સાધનમ્.
- **અતિ સર્વત્ર વર્જયેત્ :** અધિકસ્ય અધિકં ફલમ્.

ક્યારે કઇ ઉક્તિનો
પ્રયોગ કરવો તેમાં જ કર્તવ્યની કસોટી છે.

❖ **દર્શનનો ઉદ્ભવ :**

- બૌદ્ધ દર્શન ઋજુ સૂત્ર નયથી
- વેદાંત-સાંખ્ય સંગ્રહ નયથી
- વૈશેષિક નૈયાયિક શબ્દનયથી.

*- ઉપા. યશોવિજયજી કૃત અધ્યાત્મસાર*

❖ **સપ્ત ભંગી :**

એક માણસ પૈસા લેવા ગયો છે, તે વિચારે છે :

૧. પૈસા હોઇ શકે. (સ્યાદ્ અસ્તિ)
૨. ન પણ હોઇ શકે. (સ્યાદ્ નાસ્તિ)

૩. હોઇ પણ શકે, ન પણ હોઇ શકે. (સ્યાદ્ અસ્તિ-નાસ્તિ)
૪. કાંઇ કહેવાય નહિ. (સ્યાદ્ અવક્તવ્યમેવ)
૫. હોઇ પણ શકે, કાંઇ કહેવાય નહિ. (સ્યાદ્ અસ્તિ અવક્તવ્યમેવ)
૬. ન પણ હોઇ શકે, કાંઇ કહેવાય નહિ. (સ્યાદ્ નાસ્તિ અવક્તવ્યમેવ)
૭. હોઇ શકે. ન પણ હોઇ શકે. કાંઇ કહેવાય નહિ. (સ્યાદ્ અસ્તિ નાસ્તિ અવક્તવ્યમેવ)

❖ **એક મૂર્તિના ત્રણ રૂપ :**

જુદા-જુદા ત્રણ દ્વારથી મંદિરમાં પ્રવેશ કરી ત્રણે જણ પરસ્પર ઝગડવા લાગ્યા. એક કહે : આ બ્રહ્માનું મંદિર છે. બીજો કહે : આ વિષ્ણુનું મંદિર છે. ત્રીજો કહે : આ મહેશનું મંદિર છે. ચર્ચા એકદમ વધી પડી.

આ સાંભળી પૂજારીએ હસતાં હસતાં કહ્યું : મહાનુભાવો ! તમે ત્રણેય સાચા છો. શિલ્પીની કારીગરીથી ત્રણેય દરવાજે એક જ મૂર્તિના જુદા-જુદા રૂપ દેખાય છે. હકીકતમાં એક જ મૂર્તિ છે. તમે વ્યર્થ વિવાદ ના કરો. ત્રણેય બાજુ તપાસીને જોઇ લો.

તેમ કરતાં તરત જ વિવાદ શાંત થઇ ગયો.

❖ **દ્રાક્ષના શબ્દ ભેદથી વિવાદ :**

ટ્રેનમાં જુદી જુદી ભાષાવાળા ચાર જણ બેટા હતા. દરેકને દ્રાક્ષ ખાવાની ઈચ્છા થઇ. આરબે કહ્યું : 'એનબ'. તુર્કસ્તાનીએ કહ્યું : 'ઉજમ'. અંગ્રેજે કહ્યું : 'ગ્રેપ્સ'. હિન્દુસ્તાનીએ કહ્યું : 'નહિ હમેં અંગૂર ખાના હૈ'. સૌ પોત-પોતાની ખાવાની ઈચ્છા વ્યક્ત કરતા રહ્યા અને બીજાની વાતનું ખંડન કરતા રહ્યા, પણ સ્ટેશન આવતાં જ્યારે દ્રાક્ષ જોઇ ત્યારે બધા જ એકીસાથે બોલી



ઊઠ્યા : હા... એ જ એ જ ! શબ્દના ભેદથી પદાર્થમાં કોઇ ફરક પડતો નથી.

**નિશ્ચય-વ્યવહારથી સમકક્ષી આરાધના છોડશો નહિ.** વ્યવહાર નહિ માનો તો તીર્થનો ઉચ્છેદ થઇ જશે. નિશ્ચય નહિ માનો તો તત્ત્વનો ઉચ્છેદ થઇ જશે.

❖ **સાત નયો :**

૧. નૈગમ
૨. સંગ્રહ
૩. વ્યવહાર
૪. ઋજુસૂત્ર
૫. શબ્દ
૬. સમભિરૂઢ
૭. એવંભૂત

*- ઠાણંગ ૭/૫૫૨*

★ ★ ★

## ૪૧. સત્ત્વ

❖ **સાહસ પ્રમાણે સિદ્ધિ :**

સિંહની ગુફામાં માણસ જાય તો હાથીના કુંભસ્થળના મોતી મળે.

શિયાળની ગુફામાં જાય તો વાછરડાના પૂંછડા અને ગધેડાના ચામડા જ મળે.

પણ સિંહની ગુફામાં પ્રવેશવાની હિંમત જોઇએ.

સાહસ મોટું તેમ ઈનામ પણ મોટું ! મરજીવો બનીને માણસ જો સાગરના તળીયે જાય તો મોતી મળે. કિનારે તો શંખલા અને છીપલા જ મળે !

❖ **સંકટોમાં કૂદી પડો :**

- મોતી સપાટી પર મળતા નથી.
- સૂર્યકાંત મણિ અંધારામાં ઝળકતું નથી.
- ચકમક પત્થર પોચી વસ્તુના ઘર્ષણથી ચિનગારી ફેંકતું નથી.
- સફળતા સરળતાથી મળતી નથી.
- ઘોર સંકટોમાં કૂદી પડો.
- નિષ્ફળતાથી ડરો નહિ.

અન્યાયથી પીસાયેલા મનને બેચેન બનવા દો.
તો જ તમારી અંદર આગ પેદા થશે.

*- સાવરકર*

❖ **જીવન - એક યુદ્ધ :**

જીવન કો કિસને પહિચાના ?
યુદ્ધ જહાં હૈ જીવિત રહના,
ઔર સંધિ હી હૈ મર જાના.

❖ **ચાર શૂર પુરુષો :**

૧. **ક્ષમાશૂર :** અરિહંત.
૨. **તપઃશૂર :** અણગાર.
૩. **દાનશૂર :** વૈશ્રવણ.
૪. **યુદ્ધશૂર :** વાસુદેવ

*- ઠાણંગ ૪/૩/૩૧૭*

❖ **કવિ ગંગ અને તેનો પુત્ર :**

અકબરે કવિ ગંગને 'સો હી આશ કરો અકબરકી'ની સમસ્યાપૂર્તિ કરવા આપી. ખુમારીથી થનગનતા કવિ ગંગે સમસ્યાપૂર્તિ કરતાં કહ્યું : ''જિનકો હરિ કી પરતીત નહિ, સો



હી આશ કરો અકબરકી.'' આટલેથી ન અટકતાં અકબરના ગાલ પર જાણે તમાચો મારતાં કહ્યું :

અકબ્બર બે અકબ્બર ! નરાંહંદા નર;
કે હો જા મેરી સ્ત્રી, કે હોજા મેરા વર.
(એક હાથ મેં ઘોડા, એક હાથ મેં ખર;
કહના હૈ સો કહ દિયા, અબ કરના હૈ સો કર.)

અને ખીજાયેલા અકબરે કવિ ગંગને હાથીને પગતળે છૂંદાવી નાખ્યો. આ વાતના સમાચાર જ્યારે તેના પુત્રને આપવામાં આવ્યા ત્યારે તેણે કહ્યું : 'દેવોના દરબારમાં પિંગલે છંદ બનાવીને સંભળાવ્યો, પણ કોઇને તેનો અર્થ ન આવડતાં નારદે કહ્યું : અત્યારે પૃથ્વીલોક પર આવા અર્થનો જાણનાર એકમાત્ર ગંગ કવિ છે, તેને અહીં બોલાવીએ તો અર્થ સમજાય અને તરત જ ભગવાને ગંગને દેવલોકના દરબારમાં બોલાવવા ગણેશ (હાથી)ને મોકલ્યા !'

આ સાંભળી લોકો સ્તબ્ધ થઇ ગયા. કેવી ખુમારી ?

★ ★ ★

## ૪૨. સાર

❖ **સારમાં સાર :**

અસાર સંસારમાં સાર શું ?
'જિનશાસન'
વિશાળ જિનશાસનમાં સાર શું ?
'સિદ્ધચક્ર'
સિદ્ધચક્રમાં સાર શું ?
'નવપદ'

નવપદમાં સાર શું ?

'અરિહંત'

અરિહંતમાં સાર શું ?

'કરૂણા'

❖ **ચાર શાસ્ત્રનો સાર :**

1. **આયુર્વેદશાસ્ત્રનો સાર :** પહેલાનું ખાધેલું પચ્યા પછી જ જમો.
2. **ધર્મશાસ્ત્રનો સાર :** પ્રાણીમાત્ર પર કરૂણાભાવ રાખો.
3. **અર્થશાસ્ત્રનો સાર :** ક્યાંય વિશ્વાસમાં રહેશો નહિ.
4. **કામશાસ્ત્રનો સાર :** સ્ત્રીઓ પર કોમળ રહો.

❖ **લઈ લો :**

- વિષમાંથી પણ અમૃત લઈ લો.
- બાળક પાસેથી પણ સારી વાત લઈ લો.
- શત્રુ પાસેથી પણ સારું આચરણ શીખી લો.
- ઉકરડામાંથી પણ સોનું લઈ લો.

- ***મનુ સ્મૃતિ***

❖ **લઈ લો :**

- છાસમાંથી માખણ.
- કાદવમાંથી કમળ.
- સમુદ્રમાંથી અમૃત.
- વાંસમાંથી મોતી.
- માટીમાંથી સોનું.
- ફૂલમાંથી સુગંધ.
- વૃક્ષમાંથી ફળ.



- ફળમાંથી રસ.
- દેહમાંથી ધર્મ.

★ ★ ★

## ૪૩. બાળક

❖ **બાળક જન્મે છે ત્યારે :**

બાળક જન્મે ત્યારે રડતાં-રડતાં બોલે છે : આ... આ... આ...

પછી એ બોલે છે : ઊ... ઊ... ઊ...

મોટો થાય પછી બોલે છે : મ... મ... મ...

આ + ઊ + મ = ઓમ્

ધરતી પર જન્મે લેતો બાળક જાણે કહે છે : 'ઓમ્'. ઓ જીવન ! હું તારો સ્વીકાર કરું છું. 'ઓમ્' એટલે હા, સ્વીકાર.

❖ **બાળકના છ ગુણ :**

1. કોમળતા
2. વિનોદ પ્રિયતા
3. અનુકરણ પ્રિયતા
4. ચંચળતા
5. સ્વતંત્રતા
6. જિજ્ઞાસાવૃતિ

❖ **આદર્શ બાળકો :**

- **ભક્ત બાળક :** નાગકેતુ, ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ, મીરાં.
- **ગુરુભક્ત બાળક :** વજ્રમુનિ, મનકમુનિ, અર્જુન, એકલવ્ય.
- **મા-બાપના ભક્ત :** ગણેશ, રામ, ભીષ્મ, શ્રવણ, યશોવિજયજી, હેમચંદ્રસૂરિજી.

- **વીર બાળક :** લવ-કુશ, અભિમન્યુ, પ્રતાપ, દુર્ગાદાસ.
- **ઈમાનદાર બાળક :** ગોપાલકૃષ્ણ ગોખલે.
- **સત્યવાદી બાળક :** સોક્રેટીસ, નેપોલિયન.
- **બલિદાન આપનાર :** ગોવિંદસિંહના પુત્ર.
- **મેઘાવી બાળક :** અભયકુમાર, રોહક, વજ્ર, ચાંગદેવ (હેમચંદ્રસૂરિજી), જસવંત (યશોવિજયજી), બપ્પભટ્ટિસૂરિ, બીરબલ, ઈશ્વરચંદ્ર, વિદ્યાસાગર, સુભાષચંદ્ર બોઝ, ભારતેન્દુ હરિશ્ચંદ્ર.

❖ **બાળકના ચાર દોષ :**

૧. રડવું
૨. લડવું
૩. રખડવું
૪. બીજાની ફરિયાદ કરવી.

★ ★ ★

## ૪૪. મન

❖ **મન અને બાળક :**

- **અજ્ઞાન :** હિતાહિત ન સમજે.
- **નાદાન :** ના કહીએ તો કરે. કહીએ તો ન કરે.
- **ચંચળ :** વાંદરાની જેમ સતત કૂદાકૂદ ચાલુ.

❖ **શું નડે છે ?**

જેટલી વાત અશક્તિની નડતી નથી.
જેટલા કપરા સંયોગો નડતા નથી.
જેટલો સામગ્રીનો અભાવ નડતો નથી.



દેશ અને કાળ જેટલા નડતા નથી.
તેટલું મન નડે છે.

મન સુધર્યું એટલે શક્તિ-સંયોગ-સામગ્રી-દેશકાળ બધું જ સુધર્યું, આત્મા તથા ભવ પણ સુધર્યા !

★ ★ ★

## ૪૫. ભય

❖ **ભય અને ઉત્સાહ :**

દુઃખના વર્ગમાં જે સ્થાન ભયનું
આનંદના વર્ગમાં તે જ સ્થાન ઉત્સાહનું.

❖ **બધે જ ભય :**

- ભોગમાં રોગનો.
- સુખમાં ક્ષયનો.
- સત્તામાં ભ્રષ્ટ થવાનો.
- પૈસામાં સરકાર આદિનો.
- કીર્તિમાં નિંદાનો.
- રૂપમાં ઘડપણનો.
- દેહમાં મૃત્યુનો.
- શાસ્ત્રમાં વાદનો.
- ગુણમાં દુર્જનોનો.
- શેઠમાં મજૂરોનો.
- મજૂરોમાં શેઠનો.
- સાધનામાં વિઘ્નનો.
- ઉદ્યમમાં પ્રમાદનો.
- તપમાં ક્રોધનો.

- ક્રિયામાં નિંદાનો.
- જ્ઞાનમાં અભિમાનનો.
- આહારમાં અજીર્ણનો.
- વિજયમાં શત્રુનો.

★ ★ ★

## ૪૬. દુઃખ

**❖ અગ્નિમાં ઝળકે તે સોનું !**

સમાજે તમારો તિરસ્કાર કર્યો ?

શાસકોએ તમને કડક શિક્ષા કરી ?

પરિવારે તમારી ઉપેક્ષા કરી ?

સ્ત્રીએ તમારો અનાદર કર્યો ?

ચિંતા ના કરો.

સમાજથી તિરસ્કૃત થયેલા કેટલાય લોકો તત્ત્વદ્રષ્ટા થાય છે.

શાસકોથી તિરસ્કૃત થયેલા કેટલાય લોકો ક્રાંતિકારી થયા છે.

પરિવારથી ઉપેક્ષિત થયેલા કેટલાય લોકો મહાત્મા થયા છે.

સ્ત્રીથી અનાદર પામેલા કેટલાય વૈરાગી થયા છે.

જો તમારામાં સત્ત્વ હશે તો મુશ્કેલીથી ગભરાવાની કોઈ જરૂર નથી. દરેક મુશ્કેલી તમારી પ્રગતિનું નવું દ્વાર ખોલનારી બનશે. માર્ગમાં આવેલો દરેક પત્થર તમારા માટે પગથિયું બનશે.

મુશ્કેલી તો વંટોળ જેવી છે. જો તમે દીવા જેવા કાયર હશો તો તમને બુઝવી નાખશે અને જો તમે દાવાનળ જેવા પ્રચંડ હશો તો તમને વધુ મજબૂત બનાવશે.

મુશ્કેલી તો આગ જેવી છે. તમે કથીર હશો તો તમને બાળી નાખશે અને તમે કંચન હશો તો વધુ ચમકાવશે.



**❖ પ્રતિકૂળ પરિસ્થિતિમાં...**

પરિસ્થિતિ પ્રતિકૂળ છે એમ સમજીને બેસી ન રહો.

મુશ્કેલીભર્યા સંયોગોમાંથી પણ માર્ગ કાઢનારા માનવોને જુઓ.

પુણીઓ ગરીબ હતો છતાં અદ્‌ભુત સામાયિકનો આરાધક થયો.

ભીમો કુંડલીઓ નિર્ધન હતો છતાં અજોડ દાની થયો.

અઈમુત્તા નાના હતા છતાં કેવળી બની ગયા.

મેતાર્ય આદિ મુનિઓ જીવલેણ કષ્ટમાં હતા છતાં કેવળી થયા.

ભૌતિક દુનિયામાં પણ જુઓ...

આંધળાં હોમરે પ્રખ્યાત મહાકાવ્ય રચ્યું.

તોતડો ડેમોસ્થનીઝ દુનિયાનો પ્રભાવશાળી વક્તા થયો.

આંધળી-બહેરી-મૂંગી હેલનકેલર પીએચ.ડી. થઈ વિશ્વવિખ્યાત લેખિકા થઈ.

પગે લકવો છતાં રૂડોલ્ફે ઓલિમ્પિક રમતમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા.

ઠોઠ પાણિનિ મહાન્ વૈયાકરણી બન્યો.

બફેલોનો સ્પેલિંગ નહિ લખી શકનાર મોહન 'ગાંધીજી' થયો.

બચપણમાં ડફોળ ગણાતા એડિસન-આઈન્સ્ટાઈન આદિ મહાન વૈજ્ઞાનિક બન્યા.

બહેરો બીથોવન મહાન સંગીતશાસ્ત્ર રચયિતા બન્યો.

ગરીબ લિંકન અમેરિકાનો પ્રમુખ બન્યો.

આધ્યાત્મિક વિશ્વમાં કે ભૌતિક વિશ્વમાં સફળતા માટેનું એક જ સૂત્ર છે : હિંમત હારો નહિ. પ્રયત્ન ચાલુ જ રાખો. કલ્પના દોડાવવાથી મનની શક્તિ નષ્ટ થાય છે. જ્યારે આદર્શ-સેવનથી શક્તિનો સંચાર થાય છે.

❖ **દુઃખમાં ઓળખાય :**

- મિત્ર
- સ્વજન
- પોતાની બુદ્ધિ
- ધૈર્ય

❖ **દુઃખ :**

દુઃખ આગ છે. તમે કથીર છો કે કંચન ?

દુઃખ શિલ્પી છે. તમે માટી છો કે પત્થર ?

દુઃખ ધરતી છે. તમે બી છો કે કાંકરા ?

દુઃખ કુંભાર છે. તમે રેતી છો કે માટી ?

જો તમે સુવર્ણ છો તો દુઃખની આગથી તમારે ગભરાવાની કોઇ જરૂર નથી.

આગથી કથીર ડરે... કંચનને શાનો ડર ?

તમે જો આરસના પત્થર છો તો દુઃખના શિલ્પીથી ડરવાની કોઇ જરૂર નથી. ટાંકણાથી માટીનું ઢેફું ડરે, આરસને શાનો ડર ?

તમે જો બી છો તો દુઃખની ધરતીમાં પ્રવેશથી ડરવાની કોઇ જરૂર નથી. કારણ કે ધરતીમાં પડેલો કાંકરો અંદરને અંદર પડ્યો રહે... પણ બી તો ઘેઘૂર વૃક્ષ બનીને બહાર આવે ! તમે જો માટી છો તો દુઃખના કુંભારથી ડરવાની કોઇ જરૂર નથી... એ તમારામાંથી નવી-નવી ડિઝાઇનના ઘડા બનાવશે !

❖ **દુઃખના ત્રણ ઉપકાર :**

૧. પ્રભુનું સ્મરણ (ભક્તિ).

૨. સ્વની શુદ્ધિ (શુદ્ધિ).

૩. જીવો પ્રત્યે હમદર્દી (મૈત્રી).



❖ **દુઃખ કોને વધુ આવે ?**

ગ્રહણ ગ્રહ, નક્ષત્ર, તારા કે ચૌદસના ચંદ્રનું નહિ.

પણ પૂર્ણિમાના ચંદ્રનું જ થાય.

મોટા દુઃખ મહાપુરુષોને જ આવે, નાનાને નહિ.

❖ **દુઃખ - પાપ :**

દુઃખના ઉદયમાં દુશ્મન પણ દોસ્ત બને.

પાપના ઉદયમાં દોસ્ત પણ દુશ્મન બને.

ભયંકર દુઃખો પણ અહીં જ રહી જાય.

પાપો ભવાંતરમાં પણ સાથે ચાલે.

★ ★ ★

## ૪૭. મહત્તા

❖ **મોટા કેમ થવાય ?**

બીજામાં વિશ્વાસ પેદા કરાવી વધારે કામ કરાવવાથી,

કામ કર્યા પછી અહંકાર ન કરવાથી,

બીજાની સફળતા જોઇ આશ્ચર્ય ન પામવાથી.

❖ **મહાનતાના વિઘાતક છ દોષ :**

૧. આળસ

૨. સ્ત્રી મોહ

૩. માંદગી

૪. જન્મભૂમિનો પ્રેમ

૫. સંતોષ

૬. ભય

*- હિતોપદેશ*

❖ **મહાત્મા :**

- હાથમાં સુપાત્ર દાન.
- મસ્તકમાં ગુરુના આશીર્વાદ.
- મુખમાં સત્યવચન.
- ભુજામાં પરાક્રમ.
- હૃદયમાં પવિત્ર ભાવના.
- કાનોમાં શાસ્ત્ર શ્રવણ.

❖ **મોટાની વાત ન્યારી !**

ગાયનું દૂધ બીજે દિવસે દહીં બની જાય અથવા તો બગડી જાય, પણ ક્ષીરસમુદ્રનું દૂધ આજ સુધી એમને એમ પડ્યું છે. કોઇ વિકાર નહિ, બગાડ નહિ. મોટામાં વિકાર ન હોઇ શકે મારા ભાઇ !

★ ★ ★

## ૪૮. નારી

❖ **ભમતી નારી...**

ભમતો રાજા પૂજાય.
ભમતો વિદ્વાન પૂજાય.
ભમતો યોગી પૂજાય.
પણ ભમતી નારી નષ્ટ થઇ જાય.

❖ **સ્ત્રીના છ દૂષણો :**

૧. મદિરા પાન
૨. દુષ્ટનો સંપર્ક
૩. પતિનો વિરહ



૪. ઘેર ઘેર ભટકવું
૫. સમય વિના સૂવું
૬. પર ઘરમાં રહેવું.

આ છ નિમિત્તો સ્ત્રીઓને બગાડનારા છે.

❖ **આનું નામ નારી :**

- પતિ માટે ચરિત્ર.
- પુત્રો માટે મમતા.
- સમાજ માટે શીલ.
- વિશ્વ માટે દયા.
- જીવ માત્ર માટે કરુણા.
- આનું નામ 'નારી'.

*- રમણ મહર્ષિ*

❖ **સ્ત્રીનો નશો :**

- લક્ષ્મીનો સંગ્રહ કરો તો નશો ચડે.
- શરાબ પીઓ તો નશો ચડે.
- પણ સ્ત્રીને તો જુઓ તો પણ નશો ચડે.

❖ **ચંચળ નારી :**

રાજા ચંચલ હોય, ચૂંપ કર શહર બસાવે;
પંડિત ચંચલ હોય, સભા બીચ જ્ઞાન સુણાવે.
હાથી ચંચલ હોય, સૂંડ સૂં ચમર ઢુલાવે;
ઘોડો ચંચલ હોય, ફેર મેદાન દિખાવે.
એ ચારૂં ચંચલ ભલા, રાજા, પંડિત, ગજ તુરી;
'વેતાલ' કહે વિક્રમ સુનો, નારી ચંચલ અતિ બુરી.

❖ **પુરુષોથી સ્ત્રીઓને આહારાદિ...**

પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓનો આહાર બમણો,
લજ્જા ચાર ગણી, સાહસ છ ગણો
અને કામ આઠ ગણો કહેલો છે.

*- ચાણક્ય નીતિ ૧/૧૭*

❖ **અબલા ! તારું જીવન !**

અબલા જીવન ! હાય ! તુમ્હારી યહી કહાની;
આંચલ મેં હૈ દૂધ ભરા, આંખો મેં પાની.

*- મૈથિલીશરણ ગુપ્ત*

❖ **ફૂવડ નારી :**

મૈં પૂરવકો જાતા હૂં તો વહ પશ્ચિમ કો પાંવ ઊઠાતી હૈ,
મૈં નીમ જિસે કહતા હૂં, વહ આમ ઉસે બતલાતી હૈ;
પૈરોં કી જૂતી પગડી પર, અપના અધિકાર જમાતી હૈ,
અર્ધાંગિની કાહે કી હૈ, સર્વાંગિની બનના ચાહતી હૈ.

❖ **પતિ બિન સૂની કામિની :**

શશી બિન સૂની રૈન, જ્ઞાન બિન હિરદો સૂનો;
કુલ સૂનો બિન પૂત, પત્ર બિન તરુવર સૂનો.
ગજ સૂનો બિન દંત, સલિલ બિન સાગર સૂનો;
દ્વિજ સૂનો બિન વેદ, વાસ બિન પુહપ જુ સૂનો.
હરિનામ ભજન બિન સંત, અરૂ ઘટા શૂન્ય બિન દામિની;
'વેતાલ' કહે વિક્રમ સુનો, પતિ બિન સૂની કામિની.

❖ **સ્ત્રીનું રૂપ કયું ?**

- કોયલને અવાજ એ જ રૂપ છે.
- કદરૂપાને વિદ્યા એ જ રૂપ છે.



- તપસ્વીને ક્ષમા એ જ રૂપ છે.
- સ્ત્રીને પતિવ્રતાપણું એ જ રૂપ છે.

*- ચાણક્યનીતિ ૩/૯*

❖ **પતિવ્રતા :**

કાર્યમાં દાસી, રતિમાં રંભા,
ભોજનમાં માતા, દુઃખમાં મંત્રી
આનું નામ પતિવ્રતા સ્ત્રી.

*- પદ્મ. સૃષ્ટિ. ૪૭/૫૬*

★ ★ ★

'દાંપત્ય સુખ' પર પ્રવચન આપી રહેલા મહિલાને કોઈકે કહ્યું : 'તમારા ઘરે આગ લાગી છે.'

'કંઈ વાંધો નહિ. વીમો ઉતરાવેલો છે.'

'તેમાં તમારા પતિ પણ છે.'

'તેમનો પણ વીમો ઉતરાવેલો છે. ડોન્ટ વરી.'

★ ★ ★

એક કરતાં વધુ પત્ની શા માટે ન કરી શકાય ?

આવો કાયદો કેમ ?

'પહેલા એક પત્ની કરી તો જુઓ. પછી બધું સમજાઈ જશે.'

★ ★ ★

દારૂડિયા પતિને સુધારવા ડાકણના વેષમાં છૂપાઈને ગલીમાં રહેલી પત્નીએ હી... હી... કરતાં પેલાએ પૂછ્યું : 'તું કોણ ?'

'હું ડાકણ.'

'અચ્છા... તો તો મારી પત્નીની બેન જ લાગે છે.'

★ ★ ★

## ૪૯. લોકસંજ્ઞા

જેટલું જીવન સારું તેટલા વિરોધીઓ વધારે.

ઊંચું જોશો તો લોકો કહેશે : અભિમાની છે.

નીચું જોશો તો કહેશે : કાંઇ જોતો જ નથી.

આંખો બંધ કરશો તો કહેશે : ભજન-કીર્તનનું નાટક કરે છે.

આંખો ફોડી નાખશો તો કહેશે : જોયું ? કરેલા ભોગવવા જ પડે.

**❖ દુનિયા રીઝવી ન શકાય :**

'અરે મહાત્મા ! પૂર્વ દિશા તરફ પગ કેમ કર્યા છે ? એ દિશામાં તો કાશી જેવું પવિત્ર તીર્થ છે.'

મહાત્માએ પશ્ચિમ તરફ પગ કરતાં બીજાએ કહ્યું : 'અરે બાવાજી ! કંઇક સમજો તો ખરા... પશ્ચિમમાં તો દ્વારકા જેવું મહાન તીર્થ છે.'

મહાત્માએ ઉત્તર તરફ પગ કરતાં ત્રીજાએ કહ્યું : 'બાવાજી... ! તમને આટલીયે ખબર નથી કે ઉત્તર દિશામાં તો બદ્રિનારાયણ છે ?'

દક્ષિણ તરફ પગ કરતાં ચોથાએ કહ્યું : 'અય... જોગી...! કંઇક વિચારો. દક્ષિણમાં તો રામેશ્વરમ્ નામનું અતિ પવિત્ર તીર્થ છે. તે તરફ પગ કરાય ?'

મહાત્માજી ઊભા થઇ જતાં પાંચમાએ કહ્યું : 'અરે... અરે... તમે આ શું કરો છો ? નીચે તો શેષ ભગવાન છે.'

હવે મહાત્માએ માથું નીચે અને પગ ઉપર (શીર્ષાસન) કરતાં છઠ્ઠાએ કહ્યું : 'બાવાજી ! આ શું માડ્યું છે ? ઉપર તો વૈકુંઠ છે. કંઇક તો વિચારો.'



અકળાઇ ગયેલા મહાત્માજીને સત્ય સમજાયું : દુનિયાને કદી રાજી કરી શકાય નહિ. તમે ગમે તે કરો, પણ એ કંઇક તો દોષ શોધી જ કાઢશે.

તમે જો ચૂપ રહેશો તો દુનિયા કહેશે : જોયો આ બિરાદર ? કેવો મીંઢો છે ?

તમે જો બહુ બોલ-બોલ કરશો તો કહેશે : આ બંદાને કંઇ કામ જ નથી. આખો દિવસ બકવાસ ચાલુ ને ચાલુ !

તમે જો મિતભાષી બનશો તો પણ દુનિયા કહેશે : સાવધાન ! આ માણસ બહુ જ ધૂર્ત છે. એની પાસે બોલવા ગયા તો ફસાયા સમજો.

**❖ દેખાદેખી :**

કહેવાય છે કે ઇંગ્લેન્ડના રાજાને ગળે કંઠમાળાનો રોગ થયો. કંઠ ખરાબ ન દેખાય માટે ડૉક્ટરે સરસ લટકતો પટ્ટો બાંધી આપ્યો. રાજાનો પટ્ટો જોઇ બીજાએ પણ તેનું અનુકરણ કર્યું અને ટાઇની ફેશન નીકળી પડી ! દેખાદેખી તે આનું નામ !

★ ★ ★

## ૫૦. નીતિ

**❖ ત્રણ દુઃખના મૂળ :**

૧. અહંકાર

૨. અંધકાર

૩. અધિકાર

**❖ પાંચ સાથે યુદ્ધ કરો :**

૧. દેહના રોગ

૨. મનના અજ્ઞાન

૩. દેહની વાસનાઓ
૪. શહેરના રાજ્યદ્રોહો
૫. કુટુંબના કલેશો સાથે

*- પાયથાગોરસ*

**❖ દુશ્મનો બનાવવાની સરળ રીતો !**

૧. કોઇને બિનજરૂરી શિખામણ આપો.
૨. સામી વ્યક્તિનો દૃષ્ટિકોણ સમજ્યા વિના જ મોટા અવાજે બૂમાબૂમ કરી મૂકો.
૩. કડવી ટીકાઓ કરવાની એક પણ તક જતી કરશો નહિ.
૪. ધારદાર અને મર્મવેદી સત્ય બોલો.
૫. દોઢ ડહાપણ કરવાનું તો કદીયે ચૂકશો નહિ.
૬. કોઇ દિવસે કોઇની પૂરી વાત તો સાંભળશો જ નહિ.
૭. પોતાની જાત સિવાય કોઇને મહત્ત્વ આપશો નહિ.
૮. પોતાના સ્વાર્થ સિવાય કોઇનેય આગળ કરશો નહિ.
૯. બીજાની પ્રશંસા ભૂલે-ચૂકે પણ કરશો નહિ અને છેલ્લી વાત... કાનમાં કહી દઉં ? પોતાની પ્રશંસા કરવાનો એક પણ અવસર છોડશો નહિ.

જો તમે આવું કરતા રહેશો તો તમારા દુશ્મનોની સંખ્યા વધતી જ રહેશે. તમારું જીવન અસત્યં, અશિવં અને અસુંદરંથી ભર્યું-ભર્યું થઇ જશે. પેલી નરક તો કોણે જોઇ છે ? પણ તમને તો અહીં જ નરકના પ્રત્યક્ષ દર્શન થશે ! અરે ! તમારું જીવન જ નરક બની જશે !

**❖ અમારા આગમનથી તેઓ ભાગી જાય છે...**

જંગલમાં જતા કોઇ માણસને ચાર સ્ત્રીઓ મળી. એમના નામો હતા : બુદ્ધિ, લજ્જા, હિંમત અને તંદુરસ્તી.



માણસે પૂછ્યું : 'તમે ક્યાં રહો છો ?'

'અમે ચારેય ક્રમશઃ મગજ, આંખ, હૃદય અને પેટમાં રહીએ છીએ.'

જવાબ સાંભળીને તે આગળ ચાલ્યો ત્યારે તેને ચાર પુરુષ મળ્યા. તેમના નામ હતા : ક્રોધ, લોભ, ભય અને રોગ.

માણસે પૂછ્યું : 'તમે ક્યાં રહો છો ?'

'અમે ચારેય ક્રમશઃ મગજ, આંખ, હૃદય અને પેટમાં રહીએ છીએ.'

'અરે ! ત્યાં તો પેલી સ્ત્રીઓ રહે છે !'

'તમારી વાત ખરી... પણ અમારું આગમન થતાં જ તેઓ ઘર છોડીને ભાગી જાય છે.'

ક્રોધથી બુદ્ધિ, લોભથી લજ્જા, ભયથી હિંમત અને રોગથી તંદુરસ્તી નષ્ટ થાય છે.

**❖ આળસ :**

આળસ અવગુણોનો બાપ છે.
ગરીબાઇની મા છે.
રોગની બહેન છે અને
જીવતાની કબર છે.

**❖ ૪ થી શરમાશો નહિ :**

૧. જૂના કપડાથી.
૨. જૂના મિત્રોથી.
૩. ઘરડા મા-બાપથી.
૪. સાદાઇપૂર્વક રહેવાથી.

❖ **ત્રણ વાતો ભૂલશો નહિ :**

૧. પ્રતિજ્ઞા કરીને.

૨. કરજ લઈને.

૩. વિશ્વાસ આપીને.

❖ **ચિંતા દૂર કરવા ૪ મુદ્દા પર વિચારો :**

૧. ચિંતા શું છે ?

૨. ચિંતાનું કારણ શું છે ?

૩. ચિંતાને દૂર કરવાના સંભવિત ઉપાયો શું છે ?

૪. સંભવિત ઉપાયોમાં ઉત્તમ ઉપાય શો છે ?

❖ **ચાણક્ય કહે છે...**

ધ્યાન કરવું છે ? તો એકલા કરો.

અભ્યાસ કરવો છે ? તો બે મળીને કરો.

ગીત ગાવા છે ? તો ત્રણ જણ જોઈશે.

પદયાત્રા (પ્રવાસ) કરવો છે ? તો ચાર જણ જોઈશે.

ખેતી કરવી છે ? તો પાંચ જોઈશે.

યુદ્ધ કરવું છે ? તો તો ભઈ ! ઘણા જણ જોઈશે.

❖ **વિશ્વાસ કરશો નહિ :**

૧. શત્રુના પ્રેમ પર.

૨. લુચ્ચાના સદાચાર પર.

૩. સ્વાર્થીની પ્રશંસા પર.

૪. જોષીની ભવિષ્યવાણી પર.

❖ **ખબર પડે છે...**

૧. આચારથી કુલની.

૨. શરીરથી ભોજનની.



૩. સંભ્રમથી સ્નેહની.

૪. ભાષાથી દેશની.

❖ **ઉચિત વર્તનનો મહિમા :**

તમારે ત્રણ કલાક સુખી થવું હોય તો ઉત્તમ પીણું પીઓ.

ત્રણ દિવસ સુખી રહેવું હોય તો ઉત્તમ ભોજન કરો.

ત્રણ મહિના સુખી રહેવું હોય તો લગ્ન કરો.

અને જીવનભર સુખી રહેવું હોય તો ઉંમર પ્રમાણે વર્તન કરો.

- *ચીની લોકોક્તિ*

❖ **સફળતાના સૂત્રો :**

- ઝગડો થાય તેવું બોલવું નહિ.
- પેટ બગડે તેવું ખાવું નહિ.
- લોભ થાય તેવું કમાવું નહિ.
- દેવું થાય તેવું ખર્ચવું નહિ.
- મન બગડે તેવું વિચારવું નહિ.
- જીવન બગડે તેવું આચરવું નહિ.
- આવડે તેટલું બોલવું નહિ.
- દેખીએ તેટલું માંગવું નહિ.
- સાંભળીએ તેટલું માનવું નહિ.
- હસાય તેટલું હસવું નહિ.

❖ **શત્રુ :**

- કંજૂસનો શત્રુ : યાચક...
- મૂર્ખનો શત્રુ : હિતોપદેશક.
- કુલટા સ્ત્રીનો શત્રુ : પતિ.
- ચોરનો શત્રુ : ચંદ્ર.

❖ **કોણ શત્રુ ?**

- અધર્મનો વારસો આપનાર પિતા શત્રુ છે.
- વ્યભિચારિણી માતા શત્રુ છે.
- રૂપવતી પત્ની શત્રુ સમી બની શકે છે.
- મૂર્ખ પુત્ર પણ શત્રુ થઇ શકે છે.

❖ **હોઇ શકે નહિ...**

- નિ:સ્પૃહ માણસમાં સત્તા-લાલસા હોઇ શકે નહિ.
- કામુકતા રહિત માણસમાં ટાપ-ટીપ (વિભૂષા) હોઇ શકે નહિ.
- ચતુર માણસમાં કડવી વાણી હોઇ શકે નહિ.
- સ્પષ્ટ વક્તામાં છેતરપિંડી હોઇ શકે નહિ.

*- ચાણક્ય નીતિ ૫/૫*

❖ **તક અને મુશ્કેલી :**

દરેક મુશ્કેલીમાં તક જુએ તે આશાવાદી.
દરેક તકમાં મુશ્કેલી જુએ તે નિરાશાવાદી.

❖ **છ દરિદ્ર :**

૧. તનથી
૨. મનથી
૩. ધનથી
૪. વચનથી
૫. બુદ્ધિથી
૬. સદાચારથી

❖ **લક્ષ્મી ત્યાં રહેતી નથી :**

- ગંદા વસ્ત્રવાળો.
- મેલા દાંતવાળો.



- ઘણું ખાવાવાળો.
- કઠોર બોલવાવાળો.
- સૂર્યોદય - સૂર્યાસ્તે સૂવાવાળો.

માણસ મને ગમતો નથી - એમ લક્ષ્મી કહે છે.

*- ચાણક્ય નીતિ*

❖ **ત્રણ નિધિ :**

મારી પાસે ત્રણ નિધિ છે :

૧. સહિષ્ણુતા
૨. આત્મ સંયમ
૩. સંસારમાં પ્રથમ થવાનો સાહસ ન કરવો તે.

*- લાઓત્સે*

❖ **જરૂર નથી :**

- ક્ષમા હોય તો બખ્તરની.
- ક્રોધ હોય તો શત્રુની.
- જ્ઞાતિ હોય તો આગની.
- મિત્ર હોય તો દિવ્ય ઔષધિની.
- દુર્જનો હોય તો ઝેરની.
- લજ્જા હોય તો ઘરેણાની.
- સુકાવ્ય હોય તો રાજ્યની.
- લોભ હોય તો અવગુણોની.
- પિશુનતા હોય તો પાપની.
- સત્ય હોય તો તપની.
- પવિત્ર મન હોય તો તીર્થની.
- સૌજન્ય હોય તો ગુણોની.
- સ્વ મહિમા હોય તો આભૂષણની.

- સુવિદ્યા હોય તો ધનની.
- અપયશ હોય તો મૃત્યુની.

*- ભર્તૃહરિ*

**❖ નથી... નથી...**

- શક્તિશાળી માટે કોઇ ચીજ બોજ નથી.
- વ્યવસાયી લોકો માટે કોઇ દૂર નથી.
- વિદ્વાનો માટે કોઇ વિદેશ નથી.
- મધુરભાષીઓ માટે કોઇ શત્રુ નથી.

**❖ ઘોષણા થાય છે :**

- ધજાથી રથની (કે મંદિરની).
- ધૂમાડાથી આગની.
- રાજાથી રાષ્ટ્રની.
- સ્વામીથી સ્ત્રીની.

**❖ સ્થિર રહેતા નથી :**

- વેપાર વિના ધન.
- તર્ક વિના વિદ્યા.
- રાજનીતિ વિના દેશ.

*- શેખ સાદી*

**❖ ત્યાગ કરો :**

- કુલ માટે એકનો ત્યાગ કરો.
- ગામ માટે કુલનો ત્યાગ કરો.
- દેશ માટે ગામનો ત્યાગ કરો.
- આત્મા માટે પૃથ્વીનો ત્યાગ કરો.

*- ચાણક્ય નીતિ*



**❖ નાશ થાય છે :**

- રૂપથી સ્ત્રીનો.
- રાજાની સેવાથી બ્રાહ્મણનો.
- રખડવાથી ગાયાનો.
- લોભથી પૈસાનો.

**❖ મારે છે :**

- સ્પર્શતો હાથી
- સૂંઘતો સાપ
- હસતો રાજા
- સન્માન પામતો દુર્જન

**❖ ધનને પ્રાપ્ત કરી શકતા નથી :**

- આળસુ
- શઠ
- કપટી
- લોકોથી ડરનારા
- હંમેશા રાહ જોનારા

**❖ સ્થાનભ્રષ્ટ થયેલા શોભતા નથી :**

- દાંત
- વાળ
- નખ
- માણસ

**❖ જીવન કા ખતરા :**

- દુષ્ટ સ્ત્રી
- ઠગ મિત્ર

- સામે બોલનાર નોકર
- સાપવાળું ઘર

❖ **મૃત્યુના દ્વાર :**
- અનુચિત કાર્યનો પ્રારંભ.
- સ્વજનોનો વિરોધ.
- બલિષ્ઠોની ઈર્ષ્યા.
- સ્ત્રીઓનો વિશ્વાસ.

*- હિતોપદેશ*

❖ **જીવતા છતાં મરેલા :**
- દરિદ્ર
- રોગી
- મૂર્ખ
- વિદેશમાં ભમનાર
- બીજાની સેવા (વેઠ) કરનાર

❖ **મર્દનથી વધે છે :**
- ઈક્ષુ
- તલ
- શૂરવીર
- સ્ત્રી
- સોનું
- ધરતી
- ચંદન
- દહીં
- તાંબૂલ

*- સામાન્ય નીતિ*



❖ **મર્દનનો મહિમા :**
- શેરડીને પીલો તો રસ નીકળે.
- તલને પીલો તો તેલ નીકળે.
- શૂરવીરને લલકારો તો શૌર્ય ચડે.
- સ્ત્રીને અનુશાસનમાં રાખો તો સીધી રહે.
- સોનાને તપાવો તો શુદ્ધ થાય.
- ધરતીને ખેડો તો પાક થાય.
- ચંદનને ઘસો તો સુગંધ પ્રગટે.
- દહીંને વલોવો તો માખણ નીકળે.
- તાંબૂલને ચાવો તો સ્વાદ મળે.
- મેંદીને પીસો તો લાલાશ મળે.
- પીપરને પુટ આપો તો ગરમી આવે.
- અગરબત્તીને સળગાવો તો સુગંધ પ્રગટે.
- દીપકને સળગાવો તો પ્રકાશ રેલાય.

❖ **સાત સૂતેલા સારા :**
- સાપ
- રાજા
- વાઘ
- વરૂ
- બાળક
- કૂતરો (બીજાનો)
- મૂરખ

❖ **મૂર્ખ :**
- સાંઢથી આગળથી બચો.
- ઘોડાની પાછળની બાજુથી બચો.
- પણ મૂર્ખની ચારેબાજુથી બચો.

❖ **હાસ્ય :**

- ઉત્તમનું આંખોમાં.
- મધ્યમનું હોઠમાં.
- સામાન્યનું દાંતમાં.

❖ **ઓળખાય :**

- ઉત્તમ : પોતાના નામથી.
- મધ્યમ : પિતાના નામથી.
- અધમ : મામાના નામથી.
- અધમાધમ : સસરાના નામથી.

❖ **કઈ રીતે ચાલવું ? (જીવવું ?) :**

- દૃષ્ટિપૂત પગ મૂકો.
- વસ્ત્રપૂત પાણી પીઓ.
- સત્યપૂત વાણી બોલો.
- હૃદયપૂત વાત આચરો.

*- મનુસ્મૃતિ ૬/૪૬*

❖ **સાચા આંખ, તપ વગેરે :**

- વિદ્યા સમાન આંખ નથી.
- સત્ય સમાન તપ નથી.
- રાગ સમાન દુઃખ નથી.
- ત્યાગ સમાન સુખ નથી.

*- મહાભારત શાંતિપર્વ ૧૨*

❖ **સભ્યતા :**

- ખૂબ જ જોરથી હસવું નહિ.
- શબ્દયુક્ત અપાન વાયુ છોડવો નહિ.
- મોં ઢાંક્યા વિના છીંક, બગાસું, ખાંસી ખાવા નહિ.



- આંગળીથી નાક ખોતરવો નહિ.
- દાંત કચકચાવવા નહિ.
- નખો દ્વારા અવાજ કરવો નહિ.

*- ચરક સંહિતા સૂત્રસ્થાન ૮/૧૯*

❖ **ખરીદ-વેચાણના સમયે :**

આજે ભલે મણિ પગમાં રગદોળાય
અને કાચ ભલે મસ્તક પર શોભે
પણ જયારે ખરીદ-વેચાણનો સમય આવશે ત્યારે
કાચ કાચ રહેશે, મણિ મણિ રહેશે.

*- ચાણક્યનીતિ ૧૫/૯*

❖ **ગુપ્ત યોજના (મંત્રણા) ફૂટી જવાના સ્થાનો :**

૧. **ઈંગિત :** ગુપ્ત વિચારણા કરનારની શરીર ચેષ્ટા.
૨. **આકાર :** શરીરની સૌમ્ય કે રૌદ્ર આકૃતિ.
૩. **મદિરા પાન :** દારૂ પીતા માણસ બધુ બકી નાખે છે.
૪. **પ્રમાદ :** અસાવધાનીથી માણસના મુખમાંથી વાત નીકળી જાય છે.
૫. **નિદ્રા :** સૂતેલો માણસ પણ ઘણીવાર મનની વાત બોલી જતો હોય છે.

*- નીતિ વાક્યામૃત ૧૦/૩૫*

★ ★ ★

જેને બધા આપવા ઈચ્છે છે, પણ પ્રાયઃ કોઈ લેવા નથી ઈચ્છતું તે કઈ ચીજ ? ઉપદેશ, સલાહ !

*- રામતીર્થ*

❖ **વિચાર નહિ બદલનાર :**

પોતાનો વિચાર ક્યારેય નહિ બદલનાર બે જણ છે :

૧. મૂર્ખ

૨. મૃતક (મરેલો)

*- લાવેલ*

❖ **મનુષ્યના વિચારોને બદલનાર :**

૧. અનુભવ

૨. જ્ઞાન

૩. ઉન્મેષ

૪. ઉંમર

*- હરિ ઔધ*

❖ **વિચારથી જ સફળ થાય છે :**

- બળ
- બુદ્ધિ
- તેજ
- સમય પ્રમાણે સ્ફૂર્તિ
- ક્રિયા
- ક્રિયાનું ફળ

*- યોગ વાશિષ્ઠ-૨*

❖ **મહાન કાર્ય :**

મહાન વિચાર કાર્યમાં પરિણમે ત્યારે તે મહાન કાર્ય બની જાય છે.

*- હેઝલિટ*



❖ **ટકતા નથી :**

- ભણનારની પાસે મૂર્ખતા ટકતી નથી.
- જપનારની પાસે પાપ ટકતા નથી.
- મૌન રહેનારની પાસે ઝગડો ટકતો નથી.
- સાવધ રહેનારની પાસે ભય ટકતો નથી.

*- નીતિ વાક્ય*

❖ **ચાર ભોજન :**

૧. **ધર્મ ભોજન :** આત્મસાધનામાં પરાયણ મુનિઓ ભિક્ષાથી નિર્વાહ ચલાવે તે.

૨. **કર્મ ભોજન :** કામ કરીને પૈસા મેળવીને પેટ ભરે તે ગૃહસ્થોની આજીવિકા.

૩. **રામ ભોજન :** આંધળા, પાંગળા લોકો ભીખ માંગીને ચલાવે તે.

૪. **હરામ ભોજન :** કાંઈ પણ કર્યા વિના આળસુ થઈને પડ્યા પડ્યા ખાય તે.

❖ **છોડી દો :**

- દયાહીન ધર્મને.
- ક્રિયાહીન ગુરુને.
- સમર્પણહીન પત્નીને.
- સ્નેહહીન બાંધવોને.

*- ચાણક્ય નીતિ*

❖ **આંધળા, બહેરા, મૂંગા કોણ ?**

- આંધળો કોણ ? અકાર્ય ન જુએ તે.
- બહેરો કોણ ? પર-પીડા ન સાંભળે તે.
- મૂંગો કોણ ? અવસરે પણ મધુર ન બોલે તે.

❖ **સાચા લક્ષ્મી, સુખ અને મિત્રો :**

- લક્ષ્મી કઇ ? જેનાથી ગર્વ ન આવે તે.
- સુખી કોણ ? જેણે તૃષ્ણા છોડી છે તે.
- મિત્ર કોણ ? જ્યાં વિશ્વાસ મૂકી શકાય તે.

❖ **પત્થરના ગુણો :**

- દ્વેષ કરતા નથી.
- રાગ કરતા નથી.
- માંગણી કરતા નથી.
- પર-નિંદા કરતા નથી.
- વિના બોલાવ્યે આવતા નથી.
- માણસમાં આટલું આવી જાય તો ?

❖ **સફળતાનાં ચાર સૂત્ર :**

- **ઉત્સાહ :** કાર્ય માટે થનગનાટ જોઇએ.
- **નિયમિતતા :** તે કરવા માટે સદા નિયમિતતામાં તત્પરતા જોઇએ.
- **નિષ્ઠા :** કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી છોડવું ન જોઇએ.
- **આદરપૂર્વક અભ્યાસ :** ફરી-ફરી તેનો અભ્યાસ (પ્રયત્ન) કરવો જોઇએ.

❖ **વશ કરવા હોય તો...**

- લોભીને વશ કરવો હોય તો પૈસા આપો.
- અભિમાનીને વશ કરવો હોય તો નમ્ર બનો.
- મૂર્ખને વશ કરવો હોય તો તેની હા માં હા પાડો.
- પંડિતને વશ કરવો હોય તો યથાર્થ કહો.
- મિત્રને વશ કરવો હોય તો સદ્‌ભાવ આપો.



- બાંધવોને વશ કરવા હોય તો સન્માન આપો.
- સ્ત્રી અને નોકરને વશ કરવા હોય તો દાન-માન આપો.
- સામાન્ય લોકોને વશ કરવા હોય તો દાક્ષિણ્યવાન્ બનો.

❖ **અન્ન સમાન કોઈ પ્રિય નથી :**

- મેઘ સમાન કોઇ જળ નથી.
- આપ સમાન કોઇ બળ નથી.
- આંખ સમાન કોઇ તેજ નથી.
- અન્ન સમાન કોઇ પ્રિય નથી.

*- ચાણક્ય નીતિ ૫/૧૭*

❖ **...સારો રાખો...**

- આધિથી દૂર રહેવા વ્યવહાર સારો રાખો.
- વ્યાધિથી દૂર રહેવા શરીર સારું રાખો.
- ઉપાધિથી દૂર રહેવા મન સારું રાખો.

❖ **લોકપ્રિય થવાના છ માર્ગો :**

૧. બીજા લોકોમાં ખરા જીગરથી રસ લો.
૨. હસો (સ્મિત વેરો).
૩. યાદ રાખો કે શબ્દકોષના બધા શબ્દો કરતાં દરેકને પોતાનું નામ વધુ મધુર લાગે છે.
૪. શાંત શ્રોતા બનો. બીજાને તેમની વાત કરવાનું ઉત્તેજન આપો.
૫. સામા માણસના લાભની નજરે વાત કરો.
૬. સામા માણસને તેની વિશિષ્ટતાનું ભાન કરાવો, તે પણ પ્રમાણિક પણે.

*- ડેલ કાર્નેગી*

❖ લોકોને તમારા વિચારના બનાવવાના અગિયાર માર્ગો :

૧. વાદ-વિવાદમાં જીતવાનો એકમાત્ર માર્ગ દલીલબાજીથી દૂર રહેવાનો છે.
૨. સામા માણસના અભિપ્રાયને માન આપજો. તે ખોટો છે, એમ કદી કહેતા નહિ.
૩. તમારી ભૂલ થાય તો તેનો તરત એકરાર કરજો.
૪. મિત્રાચારીપૂર્વક શરૂઆત કરો.
૫. સામા માણસ પાસેથી તરત જ 'હા... હા...' કહેવરાવો.
૬. સામા માણસને જ મોટે ભાગે બોલવા દો.
૭. સામા માણસને એમ જ લાગવા દો કે તે પોતાના જ વિચારનો અમલ કરે છે.
૮. બીજાના દૃષ્ટિબિંદુથી પ્રમાણિકપણે પરિસ્થિતિ નિહાળવા પ્રયાસ કરો.
૯. બીજાઓની ઈચ્છા અને વિચારો તરફ દિલસોજી બતાવો.
૧૦. તમારા વિચારોને નાટકીય રૂપ આપો.
૧૧. ચેલેન્જ ફેંકો.

*- ડેલ કાર્નેગી*

(ડેલ કાર્નેગીએ જો કે આ બધી વાતો આ જ લોક પૂરતી કરી છે, પણ જો ધર્મી આત્મા સાચા હૃદયથી મૈત્રીભાવપૂર્વક વ્યવહાર કરે તો તેને અહીં તો સફળતા મળે જ, ઉપરાંતમાં તેનો પરલોક પણ સુધરે.

આ લોકના જીવનને સફળ બનાવવું હોય તો પણ તમારે ધાર્મિકનો બુરખો પહેરવો જ પડે છે ! ધાર્મિકનો બુરખો (નકલી ધર્મ) પણ જો આટલું કામ કરતો હોય તો વાસ્તવિક ધર્મ શું ન કરી શકે ?)



❖ લોકોને ગુસ્સે કર્યા વિના સુધારવાના નવ માર્ગો :

૧. ખરા જીગરથી પ્રશંસાપૂર્વક વાત શરૂ કરો.
૨. લોકોની ભૂલ તરફ આડકતરી રીતે ધ્યાન ખેંચો.
૩. બીજાના દોષો કાઢતાં પહેલા પોતાની ભૂલ બતાવો.
૪. સીધો હુકમ કરવાને બદલે સવાલ પૂછો.
૫. સામા માણસને ચાટ પડતો બચાવો.
૬. નાનામાં નાની સુધારણાની તારીફ કરો. વખાણ કરવામાં કંજૂસાઈ ન કરો.
૭. સામો માણસ માનવંત છે - એમ માનીને તેને માનવંત બનાવો.
૮. ઉત્તેજન આપો. ભૂલ સુધારવી સહેલી છે - એમ બતાવો.
૯. તમારું કામ કરતાં સામા માણસને આનંદ થાય તેમ કરો.

*- ડેલ કાર્નેગી*

❖ સુંદર વ્યક્તિત્વ માટે શું કરશો ?

- મન લગાવીને વાંચો.
- સંબંધને શોધો.
- સંકેતનો પરિચય વધારો.
- વિવેકશક્તિ વિકસિત કરો.
- પોતાના સિદ્ધાંતમાં સ્પષ્ટ રહો.
- વિચારો પર કાબૂ રાખો.

❖ સુખી થવાના ચાર સૂત્રો :

૧. વ્યસ્ત રહો, મસ્ત રહો.
૨. સુખ વહેંચો, દુઃખમાં ભાગીદાર બનો.
૩. હળીમળીને ખાઓ.
૪. સલાહ લો, સન્માન આપો.

## ❖ કોણ શું પૂછે છે ?

- કાયરતા પૂછે છે : શું આ સલામત છે ?
- સ્વાર્થ પૂછે છે : શું આ રાજકીય છે ?
- અહંકાર પૂછે છે : શું આ લોકપ્રિય છે ?
- અંતઃકરણ પૂછે છે : શું આ સાચું છે.

*- વિલયન માર્લે*

## ❖ કામ કરતાં :

- કામ કરતાં પહેલાં વિચારવું તે બુદ્ધિમત્તા.
- કામ કરતાં-કરતાં વિચારવું તે સતર્કતા.
- કામ કર્યા પછી વિચારવું તે મૂર્ખતા.

*- શિવાનંદ*

## ❖ કાર્ય-સિદ્ધ માટેના સાત સોપાન :

૧. શું જોઈએ છે ? કેવા બનવું છે ? તે સ્પષ્ટ કરો.
૨. ધ્યેયમાં વારંવાર ફેરફાર ન કરો.
૩. સંકલ્પને શ્રદ્ધાના જળથી સિંચતા રહો. પરમાત્મા પર પરમ શ્રદ્ધા રાખો.
૪. તે મુજબનું માનસ ચિત્ર (સ્પષ્ટ અને સુરેખ) ખડું કરો.
૫. માનસ ચિત્રમાં મન સ્થિર કરો.
૬. માનસ ચિત્રમાં જે તમે ઇચ્છો છો, તે વર્તમાનકાળમાં બની રહ્યું છે, તેમ જુઓ.
૭. તેવું જ બન્યું છે, તે રીતે જીવન જીવો.

## ❖ અધિકારીના પાંચ ગુણ :

૧. યોગ્યતા
૨. સ્વચ્છ હાથ



૩. શીઘ્રતા
૪. ધૈર્ય
૫. નિષ્પક્ષતા

*- વિલિયમ પેન*

## ❖ કોણ શું આપે ?

- ઈતિહાસ ડહાપણ આપે.
- કવિતા મૃદુતા અને વાણી-વિદગ્ધતા આપે.
- ગણિત સૂક્ષ્મતા આપે.
- વિજ્ઞાન ગહનતા આપે.
- નીતિશાસ્ત્ર બહાદૂરી આપે.
- તર્કશાસ્ત્ર વક્તૃત્વ આપે.
  (ધર્મ બધું જ આપે.)

*- બેકન*

## ❖ સહન કરવા મુશ્કેલ :

- બુટમાં કાંકરી.
- કાનમાં કીડો.
- આંખમાં કૂડો (કચરો).
- પગમાં કાંટો.
- પલંગમાં માંકડ.
- ઘરમાં લડાઇ.

## ❖ જરૂર હોય છે :

- સંગ્રામમાં શૂરવીરની.
- મંત્રણામાં ગંભીરની.
- ભોજનમાં ઈષ્ટ વ્યક્તિની.
- સમસ્યામાં બુદ્ધિમાનની.

❖ **રાખો :**

- યુદ્ધમાં દૃઢ સંકલ્પ.
- પરાજયમાં વિદ્રોહ.
- વિજયમાં ઔદાર્ય.
- શાંતિમાં સદ્ભાવના.

*- ચર્ચિલ*

❖ **વૃદ્ધિના છ પ્રકાર :**

આત્મવૃદ્ધિ, મિત્રવૃદ્ધિ, મિત્ર મિત્રવૃદ્ધિ,
શત્રુક્ષય, શત્રુમિત્ર ક્ષય, શત્રુ મિત્રમિત્ર ક્ષય.
(મિત્ર : જ્ઞાન, દર્શન, ચારિત્ર)
(શત્રુ : રાગ, દ્વેષ, મોહ)

*- ચાણક્ય*

★ ★ ★

## ૫૧. પ્રકીર્ણક

❖ **મોક્ષ શા માટે ?**

- 'શા માટે કમાવ છો ?'
  ખાવા માટે.
- 'શા માટે ખાવ છો ?'
  જીવવા માટે.
- 'શા માટે જીવો છો ?'
  ધર્મ કરવા માટે.
- 'શા માટે ધર્મ કરો છો ?'
  મોક્ષ માટે.



- 'શા માટે મોક્ષ મેળવવો છે ?'
  કારણ કે મોક્ષની પ્રાપ્તિથી જ જીવની મૂળભૂત પાંચ ઈચ્છાઓ સફળ થાય છે.
- 'કઈ પાંચ ઈચ્છાઓ ?'
  ૧. જીવવાની
  ૨. જાણવાની
  ૩. સુખની
  ૪. સત્તાની
  ૫. સ્વતંત્રતાની

સંસારમાં રહીને આ પાંચ ઈચ્છાઓ કદી પરિપૂર્ણ બની શકે તેમ નથી. સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ જીવન, સંપૂર્ણ સુખ, સંપૂર્ણ સત્તા અને સંપૂર્ણ સ્વતંત્રતા માત્ર મોક્ષમાં જ છે.'

❖ **ત્રણ પ્રકારના જીવો :**

૧. **સંજ્ઞાપ્રધાન :** આહારાદિ સંજ્ઞામાં જ મસ્ત. કીડી વગેરે અસંજ્ઞી જીવો.
૨. **પ્રજ્ઞાપ્રધાન :** બુદ્ધિ પ્રમાણે ચાલનારા. સંજ્ઞી પંચેન્દ્રિય (મિથ્યાદૃષ્ટિ).
૩. **આજ્ઞાપ્રધાન :** પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલનાર સમ્યગ્દૃષ્ટિ જીવો.

❖ **ભવ્ય - અભવ્ય - જાતિભવ્ય :**

- **ભવ્ય :** સધવા સ્ત્રી જેવો. મોક્ષની શક્યતા ખરી.
- **અભવ્ય :** વંધ્યા સ્ત્રી જેવો. મોક્ષની કદી જ શક્યતા નહિ.
- **જાતિભવ્ય :** બાલવિધવા સતી સ્ત્રી જેવો. મોક્ષની યોગ્યતા ખરી, પણ શક્યતા નહિ.

❖ **ચાર અનુયોગથી ચાર દોષ જાય :**

૧. દ્રવ્યાનુયોગથી શંકા જાય.

૨. ગણિતાનુયોગથી જડતા જાય.

૩. ચરણકરણાનુયોગથી પ્રમાદ જાય.

૪. કથાનુયોગથી કષાય જાય.

❖ **મોતની કેદ ક્યાંય ખરી ?**

- શબ્દને ટેપમાં પૂરી શકાય.
- ચિત્રને કેમેરામાં કેદ કરી શકાય.
- સુગંધને બાટલીમાં મૂકી શકાય.
- સ્વાદને ફ્રીજમાં રાખી શકાય.
- પણ મૃત્યુને કેદ કરવાનું કોઈ મશીન ખરું ?

❖ **ઘર કહે છે...**

- **પગથીઆ :** અહીં પાંચ ગઠીઆ (હિંસા, જૂઠ, ચોરી, કામ, પરિગ્રહ) રહેલા છે. અહીં આવશો નહિ.
- **ઓટલો :** ઓ ચેતન ! ટળો. અહીંથી ટળો, ભાગો. અંદર આવશો નહિ.
- **નકુચો :** ન ચૂકો. હજુ કહું છું કે ચૂકશો નહિ. અંદર આવવા જેવું નથી.
- **ઓરડો :** ના પાડી છતાં અંદર આવ્યા ? ઓ આતમરામ ! રડો. હવે જીવનભર રડ્યા જ કરો.
- **ચાર દિવાલ :** શું બળ્યું છે અહીં ઘરમાં ? અહીં તો માત્ર ચાર દી' વ્હાલ છે. બસ... પછી બધો જ વ્હાલ ઊડી જવાનો. ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત !



❖ **લૌકિક અને લોકોત્તર પર્વો :**

- **નાગપાંચમ :** ભયથી (નાગ ન કરડે માટે).
- **શીતળા સાતમ :** ભયથી (શીતળા ન થાય માટે).
- **લક્ષ્મી પૂજન :** લાલચથી (લક્ષ્મી પૂજનથી પૈસા મળશે).
- **હોળી-દિવાળી :** મનોરંજનથી (ફટાકડા-રંગ છાંટવા વગેરે).

પરંતુ જૈનોના પર્વો તો માત્ર આત્મશુદ્ધિ માટે જ હોય છે. આથી જ તે પર્વો લોકોત્તર કહેવાય છે.

❖ **શૂન્ય અંતઃકરણ :**

શૂન્ય અંતઃકરણવાળા દેખાવ ખૂબ કરે છે. સુતરાઉ કે ઊનના વસ્ત્રો કરતાં વોટરપ્રુફ પ્લાસ્ટિક વગેરે પાણીથી ભીંજાવાનો ખૂબ જ દેખાવ કરે છે.

❖ **મરે છે :**

- ગૃહસ્થ મરે છે :
  પરિવારથી
  વ્યવહારથી
  લોભની મારથી
- સાધુ મરે છે :
  અહંકારથી
  સત્કારથી
  મિથ્યાચારથી

❖ **તપાગચ્છના છ નામો :**

- આઠ પાટ સુધી નિર્ગ્રન્થ.
- નવમી પાટે ક્રોડ મંત્રના જાપથી કોટિક ગચ્છ.
- ૧૫મી પાટે ચંદ્રસૂરિથી ચંદ્રગચ્છ.

- ૧૬મી પાટે વનવાસી સામંતભદ્રસૂરિથી વનવાસી ગચ્છ.
- ૩૬મી પાટે સર્વદેવસૂરિથી વડગચ્છ.
- ૪૪મી પાટે હીરલા જગચ્ચંદ્રસૂરિથી તપાગચ્છ.

❖ **૩ વાતો ધ્યાનમાં રાખો :**

૧. ભગવાનનું નામ.
૨. બીજાનું સન્માન.
૩. પોતાના દોષ.

❖ **૩ વાતો ભૂલો નહિ :**

૧. સુખનું મૂળ ધર્મ છે.
૨. ધર્મનું મૂળ દયા છે.
૩. દયાનું મૂળ વિવેક છે.

❖ **ત્રણ વાતો કરો :**

૧. પ્રેમ સર્વથી કરો.
૨. વિશ્વાસ થોડાનો કરો.
૩. બુરું કોઈનું ના કરો.

❖ **ત્રણ ના જુઓ :**

૧. પોતાના ગુણો.
૨. બીજાના દોષ.
૩. દુર્જનનું મહત્ત્વ.

❖ **ત્રણને જુઓ :**

૧. પોતાના દોષો.
૨. બીજાના ગુણો.
૩. સજ્જનનું મહત્ત્વ.



❖ **ત્રણથી બચો :**

૧. હાથથી
૨. કાનથી
૩. જીભથી

❖ **ત્રણ વસ્તુઓ એકવાર મળે છે :**

૧. મા-બાપ
૨. રૂપ
૩. યૌવન

❖ **ત્રણને કદી નાની ન માનશો :**

૧. શત્રુ
૨. દેવું
૩. બિમારી

❖ **૩ મંત્ર :**

૧. કમ ખાના
૨. ગમ ખાના
૩. નમ જાના

❖ **સદા કરો :**

૧. મૌન
૨. અલ્પ પરિગ્રહ
૩. આત્મ નિરીક્ષણ

❖ **જલ્દી કરો :**

૧. પ્રભુ પૂજા
૨. શાસ્ત્રાધ્યયન
૩. દાન

❖ **દયા કરો :**

૧. દીન

૨. અપંગ

૩. ધર્મભ્રષ્ટ પર

❖ **વશ કરો :**

૧. ઈન્દ્રિય

૨. જીભ

૩. મન

❖ **ત્યાગ કરો :**

૧. અહંકાર

૨. નિર્દયતા

૩. કૃતઘ્નતા

❖ **પરિહરો :**

૧. કુદેવ

૨. કુગુરુ

૩. કુધર્મ

❖ **નીડર બનો :**

૧. સત્ય

૨. ન્યાય

૩. પરોપકારમાં

❖ **ધિક્કારો નહિ :**

૧. રોગી

૨. નિર્ધન

૩. દુઃખી



❖ **ભૂલો નહિ :**

૧. મૃત્યુ

૨. ઉપકારી

૩. ગુરુજનોને

❖ **સદા ઉદ્યમી રહો :**

૧. સદ્ગ્રન્થ

૨. સત્કાર્ય

૩. સન્મિત્રની પ્રાપ્તિમાં

❖ **ઘૃણા ના કરો :**

૧. રોગી

૨. દુઃખી

૩. નીચ જાતિવાળાની

❖ **ઘૃણા કરો :**

૧. પાપ

૨. અભિમાન

૩. મનની મલિનતાથી

❖ **સહુથી શ્રેષ્ઠ :**

- સહુથી શ્રેષ્ઠ દિવસ : આજનો.
- સહુથી શ્રેષ્ઠ મનોરંજન : કલ્પના, પુરુષાર્થ અને સિદ્ધિ.
- સહુથી મોટો કોયડો : જીવન.
- સહુથી મોટું રહસ્ય : મૃત્યુ.
- સહુથી મોટી ભૂલ : હિંમત હારીને પુરુષાર્થ છોડવો તે.
- સહુથી મોટુ સ્થાન : જ્યાં તમને સફળતા મળે તે.
- સહુથી મોટો ચોર : જાતને છેતરે તે.

- સહુથી મોટો જ્ઞાની : જાતને જાણે તે.
- સહુથી મોટો દેવાળિયો : આત્મવિશ્વાસ ગુમાવે તે.
- સહુથી સહેલી વસ્તુ : બીજાના દોષો જોવા તે.
- સહુથી મુશ્કેલ બાબત : જાતને સુધારવી તે.
- સહુથી શ્રેષ્ઠ : પ્રેમ... પ્રેમ... અને પ્રેમ.

**❖ 'ગોડ' એટલે ?**

- **G :** જનરેટર, સર્જક. શુભ-ભાવોના સર્જક (બ્રહ્મા).
- **O :** ઓપરેટર - પોષક. પુણ્યના પોષક (વિષ્ણુ)
- **D :** ડીસ્ટ્રોયર-વિસર્જક, કર્મોનું વિસર્જન કરનાર (મહેશ).

**❖ તમને કયો રંગ ગમે છે ?**

૧. બ્લ્યુ રંગની પસંદગીવાળો બોલવામાં દક્ષ, સહૃદયી અને શાંત હોય છે. તે મનોવિકૃતિ, ઉત્સાહ આદિ લાગણીઓ પર નિયંત્રણ લાવી શકે છે.

૨. પીળા રંગની ચાહનાવાળો વિચારક અને આદર્શવાદી હોય છે.

૩. લાલ રંગનો પ્રેમી સાહસિક, આશાવાદી, સહિષ્ણુ અને વ્યવહાર કૌશલ્યવાળો હોય છે.

૪. કાળા રંગનો શોખીન હીન ભાવનાથી યુક્ત હોય છે.

૫. સફેદ રંગનો ઇચ્છુક સત્ત્વશીલ અને ભાવનાશીલ હોય છે.

**❖ ૪ નિક્ષેપા :**

૧. નામ નિક્ષેપો ન માનીએ તો બોલી જ ન શકાય.

૨. સ્થાપના ન માનીએ તો ઓળખાણ ન થાય.

૩. દ્રવ્ય ન માનીએ તો પ્રયત્ન જ ન થઇ શકે.

૪. ભાવ ન માનીએ તો બધું જ અવ્યવસ્થિત થઇ જાય.



**❖ આયુર્વેદની દૃષ્ટિએ છ પ્રકારે નિદ્રા :**

૧. **તમોભવા :** મરણ સમયે આવે તે.

૨. **વિકૃતિભવા :** કફની વૃદ્ધિના કારણે આવે તે.

૩. **શ્રમભવા :** શારીરિક શ્રમના કારણે આવે તે.

૪. **અકસ્માદ્ભવા :** કારણ વિના આવે તે. (અનિષ્ટ સૂચક)

૫. **રોગભવા :** રોગના કારણે આવે તે.

૬. **સહજા :** રાત્રે સ્વાભાવિક આવે તે.

**❖ સફળતાના સાત સૂત્રો :**

૧. વ્યસનોથી મુક્તિ.

૨. વ્યવસાયમાં નીતિ.

૩. વ્યવહારમાં શુદ્ધિ.

૪. વ્યવસ્થાની શક્તિ.

૫. વક્તૃત્વમાં નમસ્કૃતિ.

૬. પ્રતિકૂળતામાં ધૃતિ.

૭. પરમાત્માની ભક્તિ.

**❖ દર્શન કરો :**

- જાણવા માટે જગત્ દર્શન કરો.
- જીવવા માટે જીવ દર્શન કરો.
- જીતવા માટે (કર્મોને) જિન દર્શન કરો.

**❖ આધુનિક પાંચ વાદ :**

૧. **સમાજવાદ :** બે ગાય હોય તો એક પાડોશીને આપો.

૨. **સામ્યવાદ :** બંને ગાયો સરકારને આપી દો. તેમાંનું જરૂર પૂરતું દૂધ તમને મળી જશે.

૩. **ફાસિસ્ટવાદ :** ગાયો તમારી પાસે રાખો. દૂધ સરકારને આપો. તેમાંથી થોડુંક દૂધ તમને વેંચાતું મળશે.

૪. **નાઝીવાદ :** તમારી ગાયો સરકારને આપી દો. નહિ તો ગોળી મારીને લઈ લેવામાં આવશે.

૫. **પુંજીવાદ :** બે ગાયમાંથી એકને વેચીને સાંઢ ખરીદી લો.

**❖ દુર્લભ અને દુષ્કર :**

- દરિદ્રતામાં દાન.
- શક્તિ હોવા છતાં ક્ષમા.
- યૌવનવયમાં તપ.
- જ્ઞાન હોવા છતાં મૌન.
- સુખમાં ઊછરેલ હોવા છતાં ઈચ્છા નિરોધ.

આ પાંચ ચીજો અત્યંત દુર્લભ અને દુષ્કરછે.

**❖ સમુદ્રોનું પાણી :**

- ત્રણ સમુદ્રોનું પાણી પીવાલાયક પાણી જેવું જ હોય છે :
  ૧. કાલોદધિ
  ૨. પુષ્કરોદધિ
  ૩. સ્વયંભૂરમણ સમુદ્ર
- ત્રણ સમુદ્રોમાં માછલા વગેરે જલચરો ઘણા હોય છે :
  ૧. લવણ સમુદ્ર
  ૨. કાલોદધિ
  ૩. સ્વયંભૂરમણ સમુદ્ર

*- ઠાણંગ સૂત્ર ૩/૨*

**❖ પાણીની વિશિષ્ટતા :**

પાણી સમદર્શી છે. રાજા હોય કે ગરીબ... સૌની એક સરખી તરસ છીપાવે છે. એ કદી પક્ષપાત કરતું નથી.

પાણી ખૂબ જ મિલનસાર છે. જેની પાસે રહે, તેના જેવું બની જાય. ગ્લાસમાં રાખો તો ગ્લાસના આકારવાળું બની જાય અને થાળીમાં રાખો તો તેવા આકારનું બની જાય.



પાણીની નીચે ગમે તેટલી ઊંચી-નીચી જગ્યા હોય, પણ તે સપાટી પર કદી ઊંચાણ કે નીચાણ બતાવતું નથી. પાણીની સપાટી હંમેશા સમતલ જ રહેવાની.

**❖ પ્રાયશ્ચિત એટલે શું ?**

'પ્રાયઃ' એટલે લોકો.

'ચિત્ત' એટલે મન.

જે ક્રિયા દ્વારા લોકોના મનમાં આદર થાય તે 'પ્રાયશ્ચિત્ત'.

*- પ્રાયશ્ચિત્ત સમુચ્ચયવૃત્તિ*

**❖ નવ અમૃત કુંડો :**

૧. કરૂણાયુક્ત ચિત્ત.
૨. મધુરતાયુક્ત વચન.
૩. પ્રસન્નતાયુક્ત દૃષ્ટિ.
૪. ક્ષમાયુક્ત શક્તિ.
૫. શ્રુતયુક્ત મતિ.
૬. દાનયુક્ત લક્ષ્મી.
૭. શીલયુક્ત રૂપ.
૮. નમ્રતાયુક્ત શ્રુત.
૯. કોમળતાયુક્ત સત્તા.

**❖ શોકનો પરિવાર :**

- કાયામાં કૃશતા.
- લોકમાં લઘુતા.
- મનમાં દીનતા.
- બુદ્ધિમાં વિસ્મૃતિ.

❖ **જીવને નીકળવાના પાંચ સ્થાનો :**

૧. પગેથી નીકળે તો નરક.
૨. સાથળથી નીકળે તો તિર્યંચ.
૩. હૃદયથી નીકળે તો મનુષ્ય.
૪. મસ્તકથી નીકળે તો દેવ.
૫. સર્વ અંગોમાંથી નીકળે તો સિદ્ધ.

❖ **પાંચ સકાર :**

૧. સમ્યક્ત્વ
૨. સામાયિક
૩. સંતોષ
૪. સંયમ
૫. સ્વાધ્યાય

❖ **નથી :**

- જન્મ જેવો રોગ નથી.
- ઇચ્છા જેવું દુઃખ નથી.
- સુખ જેવું પાપ નથી.
- સ્નેહ જેવું બંધન નથી.

❖ **ત્રણનો ઉપકાર ચૂકવવો મુશ્કેલ છે :**

૧. માતા-પિતા
૨. સ્વામી
૩. ધર્માચાર્ય

*- ઠાણાંગ*

❖ **ચક્રવર્તીનાં ૧૪ રત્નો :**

૧. સ્ત્રી
૨. સેનાપતિ



૩. ગાથાપતિ
૪. પુરોહિત
૫. વર્ધકિ
૬. અશ્વ
૭. હસ્તી
૮. અસિ
૯. દંડ
૧૦. ચક્ર
૧૧. છત્ર
૧૨. ચર્મ
૧૩. મણિ
૧૪. કાકિણી રત્ન

❖ **સમુદ્રમંથન કરતાં નીકળેલા ૧૪ રત્નો (પૌરાણિક મત પ્રમાણે) :**

૧. લક્ષ્મી
૨. કૌસ્તુભમણિ
૩. કલ્પવૃક્ષ
૪. મદિરા
૫. ધન્વંતરી વૈદ
૬. ચંદ્રમા
૭. કામધેનુ
૮. ઐરાવત હાથી
૯. રંભાદિ અપ્સરા
૧૦. સાત મુખવાળો ઉચ્ચૈઃશ્રવા ઘોડો
૧૧. અમૃત

૧૨. વિષ્ણુનું ધનુષ્ય
૧૩. શંખ
૧૪. વિષ

❖ **આઠ પ્રકારના આત્મા :**

૧. દ્રવ્યાત્મા
૨. કષાયાત્મા
૩. યોગાત્મા
૪. ઉપયોગાત્મા
૫. જ્ઞાનાત્મા
૬. દર્શનાત્મા
૭. ચારિત્રાત્મા
૮. વીર્યાત્મા

❖ **આઠ પ્રકારના અંધ :**

૧. રાત્રિ અંધ
૨. દિવાંધ
૩. જન્માંધ
૪. માનાંધ
૫. માયાન્ધ
૬. ક્રોધાન્ધ
૭. કામાન્ધ
૮. લોભાન્ધ

*- શંકર પ્રશ્નોત્તરી*

❖ **મનની નવ શક્તિ :**

૧. ધૈર્ય
૨. તર્ક-વિતર્કમાં નિપુણતા



૩. સ્મરણ
૪. ભ્રાંતિ
૫. કલ્પના
૬. ક્ષમા
૭. શુભ સંકલ્પ
૮. અશુભ સંકલ્પ
૯. ચંચળતા

*- મહાભારત શાંતિપર્વ*

❖ **અંગુલના ત્રણ ભેદ :**

**૧. આત્માંગુલ :** જે કાળમાં માનવોની આંગળીનું જે માપ હોય તે. આત્માંગુલથી વસ્તુઓ મપાય છે.

**૨. ઉત્સેધાંગુલ :** સાત હાથની ઊંચાઈવાળાની એક આંગળીથી ઉત્સેધાંગુલનું માપ થાય છે. તેના દ્વારા શરીર મપાય છે.

**૩. પ્રમાણાંગુલ :** એક હજાર ઉત્સેધાંગુલ = એક પ્રમાણાંગુલ. આનાથી શાશ્વત પર્વત, પૃથ્વી, વિમાન વગેરે મપાય છે.

❖ **આધ્યાત્મિક વીર્યના દસ પ્રકાર :**

૧. ઉદ્યમ
૨. ધૃતિ
૩. ધીરતા
૪. પરાક્રમ
૫. ક્ષમા
૬. ગંભીરતા
૭. ઉપયોગ

૮. યોગ
૯. તપ
૧૦. સંયમ

❖ **પાંચ મહોત્સવ :**

**૧. ધર્મ મહોત્સવ :** ઊજમણું, પ્રતિષ્ઠા આદિ નિમિત્તે થતો હોય તે.

**૨. દ્રવ્ય મહોત્સવ :** ધન પ્રાપ્તિની ખુશીમાં, કીર્તિની લાલસાથી અથવા કોઇના આગ્રહથી ઇચ્છા વિના કરાતો મહોત્સવ તે દ્રવ્ય મહોત્સવ.

૩. **કામ મહોત્સવ :** લગ્નાદિના નિમિત્તે થતો હોય તે.

૪. **પર્વ મહોત્સવ :** પર્વ દિનની ઊજવણી નિમિત્તે થતો હોય તે.

**૫. મોક્ષ મહોત્સવ :** મોક્ષગમન પછી થતો હોય તે.

❖ **આહાર સંજ્ઞાના ચાર કારણ :**

૧. પેટ ખાલી રહેવાથી.
૨. ક્ષુધા વેદનીયના ઉદયથી.
૩. આહાર-કથાના શ્રવણ-દર્શનથી.
૪. નિરંતર આહારના સ્મરણથી.

❖ **મૈથુન સંજ્ઞાના ચાર કારણ :**

૧. શરીરની હૃષ્ટપુષ્ટતા
૨. વેદોદય
૩. કામોત્તેજક કથા-શ્રવણ
૪. કામ વિષયક ચિંતન

❖ **દેશ કથાના ચાર ભેદ :**

૧. દેશના વિધિ-વિધાનની ચર્ચા.
૨. ધાન્યોત્પત્તિ, કૂવા, મકાન વગેરેની ચર્ચા.



૩. દેશ-વિદેશના છોકરા-છોકરીઓની ચર્ચા.
૪. દેશ-વિદેશની વેષ-ભૂષા-શ્રૃંગારની ચર્ચા.

❖ **રાજકથાના ચાર ભેદ :**

**૧. અતિયાન કથા :** રાજાના નગર પ્રવેશ વિષયક.
૨. **નિર્યાણ કથા :** રાજાના પ્રયાણ વિષયક.
૩. **બલવાહન કથા :** શક્તિ-સેના વિષયક.
૪. **કોશ કથા :** કોશ-કોઠાર-ભંડાર-અન્ન વિષયક.

❖ **સ્ત્રી કથાના ચાર ભેદ :**

૧. જાતિ
૨. કુલ
૩. રૂપ
૪. વેષ

❖ **હાસ્યના ચાર કારણ :**

**૧. દર્શન :** વિદૂષક વગેરે જોવાથી.
૨. **ભાષણ :** હાસ્યકારી વચનથી.
૩. **શ્રવણ :** હાસ્યકારી વચનના શ્રવણથી.
૪. **સ્મરણ :** હાસ્યકારી ચિંતનથી.

❖ **જાણવાલાયક દસ વાતો :**

૧. એક વાળના અગ્રભાગમાં આકાશાસ્તિકાયની અસંખ્ય શ્રેણિ.
૨. એક શ્રેણિમાં અસંખ્ય પ્રતર.
૩. એક પ્રતરમાં નિગોદના અસંખ્ય ગોળા.
૪. એક ગોળામાં અસંખ્ય શરીર.
૫. એક શરીરમાં અનંત જીવ.
૬. એક જીવમાં અસંખ્ય પ્રદેશ.

૭. એક પ્રદેશમાં અનંત કાર્મણ વર્ગણા.

૮. એક વર્ગણામાં અનંત પરમાણુ.

૯. એક પરમાણુમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શના અનંત પર્યાયો.

૧૦. એક પર્યાયમાં કેવળજ્ઞાનના અનંત પર્યાયો.

**❖ સિદ્ધગિરિ પર આદિનાથ કેટલીવાર આવ્યા ?**

સરેરાશ દર દશ હજાર અને દશ વર્ષે ભગવાન પધારતા હતા.

બધું મળીને સિદ્ધાચલ પર ૬૯ કોટાકોટિ ૮૫ ક્રોડ લાખ, ૪૪ ક્રોડ હજાર વાર આવ્યા.

પૂર્વની રીત : ૮૪ લાખને ૮૪ લાખ ગુણવાથી એક પૂર્વની સંખ્યા : ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦. આ સંખ્યાને ૯૯થી ગુણવાથી ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦ સંખ્યા થશે.

**❖ હરે છે :**

- જરા રૂપને
- આશા ધૈર્યને
- મૃત્યુ પ્રાણને
- અસૂયા ધર્મચર્યાને
- કામ લજ્જાને
- નીચસેવા સદાચારને
- ક્રોધ લક્ષ્મીને હરે છે.

**❖ પારમાર્થિક જીવનની ત્રિસૂત્રી :**

૧. સત્ય (સત્યમ્)

૨. સંયમ (શિવમ્)

૩. સેવા (સુંદરમ્)



**❖ મીઠા લાગે છે :**

- પરિશ્રમ પછીની ઊંઘ.
- તોફાની દરિયા પછીનું બંદર.
- યુદ્ધ પછીની શાંતિ.
- જીવન પછીનું સમાધિભર્યું મૃત્યુ.

**❖ આળસ અને એકાકીપણું :**

- તમે આળસુ છો ? એકલા રહેશો નહિ.
- તમે એકલા છો ? આળસુ રહેશો નહિ.

**❖ જવું સહેલું છે :**

- વિજ્ઞાનના નામે આધુનિક ફેશન તરફ.
- પરિવર્તનના નામે પરંપરાના દ્રોહ તરફ.
- સંતુલનના નામે અતિવાદિતા તરફ.

**❖ છૂપાયેલા છે :**

- રાજામાં ફકીર. ફકીરમાં રાજા.
- પંડિતમાં મૂર્ખ. મૂર્ખમાં પંડિત.
- વીરમાં કાયર. કાયરમાં વીર.
- મહાત્મામાં પાપી. પાપીમાં મહાત્મા.

**❖ ચૂંટણી :**

ચૂંટણી પદ્ધતિ દૂષિત છે. જ્યાં બુદ્ધિ, જ્ઞાન, અનુભવ, વિદ્યા, આચરણ, ભાવ, સદ્‌ગુણ આદિ સૌની ઉપેક્ષા કરીને માત્ર સંખ્યાને જ પ્રધાનતા આપવામાં આવે છે, ત્યાં ઉત્તમ ફળ અસંભવ છે.

*- હનુમાન પ્રસાદ*

❖ **વિચારોના દાસ કે ગુલામ ?**

- સામાન્ય વ્યક્તિ : વિચારોનો દાસ.
- અસામાન્ય વ્યક્તિ : વિચારોનો સમ્રાટ.

*- શિવાનંદ*

❖ **મને માફી મળવી જોઈએ :**

તેણે માતા-પિતાની હત્યા કરી. જ્યારે તેને ફાંસીની સજા થવાની હતી ત્યારે તેણે કહ્યું : મને માફી મળવી જોઈએ. કારણ હું અનાથ છું.

❖ **પંચ સકાર ચૂર્ણ (ભવરોગ-નાશક) :**

૧. સહિષ્ણુતા
૨. સન્માનદાન
૩. સ્વાર્થત્યાગ
૪. સેવા
૫. સમતા

❖ **ત્રણ ઉત્તમ પુરુષ :**

૧. ધર્મ પુરુષ : તીર્થંકર.
૨. ભોગ પુરુષ : ચક્રવર્તી.
૩. કર્મ પુરુષ : વાસુદેવ.

*- ઠાણંગ*

❖ **સંક્ષિપ્ત ભારતીય ઈતિહાસ :**

- ઈ.સ. પૂર્વ ૩૨૭ : સિકંદરનું આક્રમણ.
- ઈ.સ. પૂર્વ ૩૨૨ : ચંદ્રગુપ્ત મૌર્ય
- ઈ.સ. ૨૭૩ : અશોકનું શાસન.
- ઈ.સ. ૩૩૫ : સમુદ્રગુપ્તનું શાસન.
- ઈ.સ. ૪૦૫ : ફા-હી-યાનની ભારત યાત્રા.



- ઈ.સ. ૬૦૬ : હર્ષનું શાસન.
- ઈ.સ. ૧૦૦૦ : ગીઝનીનું આક્રમણ.
- ઈ.સ. ૧૧૯૨ : પૃથ્વીરાજનું મૃત્યુ.
- ઈ.સ. ૧૨૨૧ : ચંગીઝખાન.
- ઈ.સ. ૧૩૬૮ : તૈમૂર લંગનું આક્રમણ.
- ઈ.સ. ૧૫૫૬-૧૬૦૫ : અકબર.
- ઈ.સ. ૧૫૬૬ : હલ્દીઘાટનું યુદ્ધ.
- ઈ.સ. ૧૫૬૭ : રાણા પ્રતાપનું મૃત્યુ.
- ઈ.સ. ૧૬૦૦ થી ૧૮૫૮ : ઈસ્ટ ઈન્ડીયા કંપની.
- ઈ.સ. ૧૬૦૫ થી ૧૬૨૭ : જહાંગીર.
- ઈ.સ. ૧૬૧૨ : અંગ્રેજોની સુરતમાં પ્રથમ કોઠી.
- ઈ.સ. ૧૬૨૮ થી ૧૬૫૮ : શાહજહાં.
- ઈ.સ. ૧૭૮૦ : રણજીતસિંહ.
- ઈ.સ. ૧૭૩૬ : નાદિર શાહ.
- ઈ.સ. ૧૬૫૮ થી ૧૭૦૭ : ઔરંગઝેબ.
- ઈ.સ. ૧૯૪૭ : આઝાદી.

❖ **નવ પ્રકારના સ્વપ્ન :**

૧. **અનુભૂત :** જીવનમાં અનુભવેલું સ્વપ્નમાં જોવા મળે.
૨. **શ્રુત :** સાંભળેલું જોવા મળે.
૩. **દૃષ્ટ :** જોયેલું જોવા મળે.
૪. **પ્રકૃતિ વિકારજ :** વાત, પિત્ત કે કફાદિના વિકારથી આવતા સ્વપ્ન.
૫. **સ્વાભાવિક :** સહજ રીતે આવતું સ્વપ્ન.
૬. **ચિંતાજન્ય :** ચિંતાના કારણે આવતું સ્વપ્ન.
૭. **દેવ પ્રભાવજન્ય :** દેવતાના પ્રભાવથી આવતું સ્વપ્ન.

८. **ધર્મ પ્રભાવજન્ય :** ધર્મક્રિયાના પ્રભાવથી આવતું સ્વપ્ન.

९. **પાપોદયજન્ય :** પાપના ઉદયથી આવતું સ્વપ્ન.

આ નવ સ્વપ્નોમાંથી પ્રથમના છ નિષ્ફળ છે.
છેલ્લા ત્રણનું અવશ્ય ફળ મળે.

*- કલ્પસૂત્ર સુબોધિકા ટીકા*

**❖ સ્વપ્નના પાંચ પ્રકાર :**

૧. **યથાતથ્ય સ્વપ્ન :** સ્વપ્નમાં જેવું જોયેલું હોય તેવું જ શુભાશુભ વાસ્તવિક જીવનમાં ઘટે.

૨. **પ્રતાન સ્વપ્ન :** ખૂબ જ લાંબું ચાલતું સ્વપ્ન.

૩. **ચિંતા સ્વપ્ન :** ચિંતાના કારણે આવતું સ્વપ્ન.

૪. **તદ્‌વિપરીત સ્વપ્ન :** સ્વપ્નમાં જે જોયેલું હોય તેનાથી વિપરીત વાસ્તવિક જીવનમાં ઘટે.

૫. **અવ્યક્ત સ્વપ્ન :** સ્વપ્નમાં જોયેલી ચીજ જાગ્યા પછી સ્પષ્ટ યાદ ન રહે.

*- ભગવતી ૧૬/૬*

**❖ વિદેશના વિચારકો :**

- ચીનના લાઓત્સે કન્ફ્યુશિયસ.
- મિસ્રના પ્રોફિરી, રેમિસસ.
- ગ્રીસના સોક્રેટીસ, પ્લેટો, પાયથાગોરસ.
- ઇંગ્લેન્ડના બેકનજાન, સ્ટુઅર્ટ, સ્પેન્સર, વર્કલે.
- જર્મનીના કાન્ટ.
- ફ્રાંસના કામટ.
- રશિયાના ટોલ્સ્ટોય.



**❖ સુવર્ણ અને માણસની પરીક્ષા :**

| સોનાની પરીક્ષા | માણસની પરીક્ષા |
| --- | --- |
| ઘસવાથી | ત્યાગથી |
| છેદથી | શીલથી |
| તાપથી | ગુણથી |
| તાડનથી | કાર્યથી |

*- ચાણક્ય નીતિ ૫/૨*

**❖ કોણ શું જુએ ?**

- બાળ વેષને.
- સામાન્ય માણસ આચારને.
- જ્ઞાની પુરુષ સત્ય તત્ત્વને.

*- ષોડશક પ્રકરણ*

★ ★ ★

પીળું તેટલું સોનું નહિ.
ધોળું તેટલું દૂધ નહિ.
કાળા એટલા ભૂત નહિ.
જનોઇ એટલા બ્રાહ્મણ નહિ.

**❖ હું મૂર્ખ શી રીતે ?**

દાસી સાથે વાત કરતી રાણી પાસે વચ્ચે ડોકું ઘાલતા ભોજ રાજાને રાણીએ 'મૂર્ખ' કહીને સંબોધ્યો. આથી ગુસ્સાથી ઉકળતો રાજા તરત જ ત્યાંથી નીકળી ગયો અને બધા પંડિતોને મૂર્ખ કહેવા લાગ્યો. કાલિદાસને પણ મૂર્ખનું સંબોધન કર્યું ત્યારે તેણે કહ્યું :

હું ખાતો-ખાતો ચાલતો નથી.
બોલતાં-બોલતાં હસતો નથી.

ગયેલી વાતનો શોક કરતો નથી.

કરેલા ઉપકારને યાદ રાખતો નથી.

બે જણ વાત કરતા હોય ત્યારે વચ્ચે ઘૂસણખોરી કરતો નથી.
તો હે ભોજ ! હું મૂર્ખ શી રીતે ?

ભોજ સ્તબ્ધ થઈ ગયો !

**❖ પાંચ કલ્યાણકની પ્રતિમાઓ ક્યાં છે ?**

૧. બ્રાહ્મણ કુંડ (ચ્યવન કલ્યાણક)ની મૂર્તિ બ્રાહ્મણવાડામાં.
૨. ક્ષત્રિય કુંડ (જન્મ કલ્યાણક)ની મૂર્તિ નાંદિયા (નંદીવર્ધનપુર)માં.
૩. દીક્ષાસ્થળની મૂર્તિ મોરથલા (મુંડસ્થલ)માં.
૪. ઋજુવાલિકા (કેવળજ્ઞાન કલ્યાણક)ની મૂર્તિ નાણા (જ્ઞાન-નાણ)માં.
૫. પાવાપુરી (મોક્ષ કલ્યાણક)ની મૂર્તિ દીયાણા (દીપ નિર્વાણ)માં.

પૂર્વ ભારતમાંથી હિજરત કરીને આવેલા જૈનોએ પશ્ચિમ ભારતમાં આવી અરવલ્લી અને આબુના વચ્ચેના ભાગમાં એ બધી મૂર્તિઓ સ્થાપી તીર્થોની સ્થાપના કરી.

- *'જૈન પરંપરાનો ઈતિહાસ'ના આધારે*

**❖ પાંચ પ્રકારનો સંસાર (સંસરણ) :**

૧. **દ્રવ્ય સંસાર :** એક દ્રવ્ય (પદાર્થ)થી બીજા દ્રવ્યમાં જવું. દા.ત. રોટલી પરથી મીઠાઈમાં.
૨. **ક્ષેત્ર સંસાર :** એક સ્થાનથી બીજા સ્થાને જવું.
૩. **કાળ સંસાર :** એક કાળથી બીજા કાળમાં જવું.
૪. **ભાવ સંસાર :** રાગાદિ ભાવમાંથી દ્વેષાદિ ભાવમાં જવું.
૫. **ભવ સંસાર :** એક ભવમાંથી બીજા ભવમાં જવું.



**❖ ચાર પ્રકારનો સંસાર :**

૧. **દ્રવ્ય સંસાર :** ષડ્ દ્રવ્યરૂપ જગત.
૨. **ક્ષેત્ર સંસાર :** ચૌદ રાજલોક રૂપ જગત.
૩. **કાળ સંસાર :** દિવસ-રાત-વર્ષ વગેરે સમય રૂપ જગત.
૪. **ભાવ સંસાર :** છ કર્મોદયજન્ય રાગ-દ્વેષાદિ વિચારરૂપ જગત.

★ ★ ★

## પર. રૂપક

**❖ છત્રી :**

અરે છત્રી ! તું આટલી લાંબી પહોળી ટટાર થઈને કેમ ઊભી છે ?'

'પ્રતિપક્ષીઓ સાથે મુકાબલો કરવો હોય ત્યારે ટટાર જ થવું પડે છે. આમ તો તમે જાણો છો કે હું સમેટાયેલી જ રહું છું.'

**❖ ઘડો :**

લોકો કહે છે કે અંદર 'પોલ' ન રાખો. પણ પોલના કારણે તો ઘડાની કિંમત છે. જે દિવસે 'પોલ' નીકળી જાય છે, તે દિવસે ઘડો ઠીકરું બની જાય છે.

**❖ દર્દ :**

**દવા :** 'ઓ દર્દો ! તમે ન હો તો કેટલું સારું ?'

**દર્દ :** તો તમારો ભાવ કોણ પૂછત ?

**❖ સાવરણી :**

**સાવરણી :** 'મને બાંધો કેમ છો ?'

તારું મૂલ્ય બંધનમાં જ છે. નહિ તો તું ઘાસ છે.

❖ **બળદ :**

**ખેડૂત :** 'અરે બળદો ! હું આ ખેતી માત્ર મારા માટે જ નથી કરતો. એનો મોટો ભાગ તમારે જ ખાવાનો હોય છે.'

**બળદ :** 'એટલું સારું છે કે માણસ ઘાસ ખાઇ શકતો નથી. નહિ તો પશુઓની ઉદરપૂર્તિ પણ મુશ્કેલ બની જાત.'

❖ **ગાય :**

'ગાય માતા ! હું તને ઘેર લાવી સેવા કરીશ.'

'રહેવા દે. મારા વાછરડાનું સુખ છીનવી લેવાનું રહેવા દે. તું મારી નહિ, દૂધ-દેવની સેવા કરીશ.'

❖ **આકાશ :**

**ફાનસ :** 'હે આકાશ ! હું કાળા ધુમાડાથી તને કાળું બનાવી દઇશ.'

'અનંત અરૂપીને કાળું કોણ બનાવી શક્યું છે ? પણ બેટા ! ખ્યાલ રાખજે તું સ્વયં કાળી ન બની જાય.'

❖ **પતંગ :**

**પતંગ :** આ દોરી મને ઊંચે જવા દેતી નથી. નહિ તો સૂર્ય-ચંદ્રની મુલાકાત લઇ આવું.

ફટ... દોરી તૂટી અને પતંગ નીચે કાદવમાં.

જે તમને ઊંચે લઇ જનારું છે, તેને બંધન ન માનો.

❖ **નાળિયેર :**

**દ્રાક્ષ :** નાળિયેર ભાઇ ! સાંભળો. આ વિશ્વમાં જેટલા ફળો છે એમાં કાંઇને કાંઇ ફેંકવા લાયક હોય જ છે. જેમ કે કેરીના ગોટલા-છોંતરા, કેળાની છાલ, સફરજનમાં પણ થોડાક બી... પણ હું જ આ જગતમાં એવું ફળ છું કે જેનો એક પણ ભાગ ફેંકવો પડતો નથી. બાળક-બુઢા બધા આનંદથી મારો આસ્વાદ માણી શકે છે અને ઓ નાળિયેર ! તારું તે કાંઇ જીવન છે ?



ઉપર કેવી બાવા જેવી જટા છે. અંદર કેવી હાડકા જેવી કઠણ કાચલી છે ? અને અંદર થોડુંક જ કામ આવે તેવું હોય છે. તારા જેવાનું વિશ્વમાં અસ્તિત્વ જ ન હોય તો કેટલું સારું ?'

ઊંચી ખાનદાનીવાળો નાળિયેર બોલ્યો : બહેન દ્રાક્ષ ! તને શી ખબર છે ? સાચી વાત સમજ તો ખરી. હું આસન, વાસન (વસ્ત્ર) અને પ્રાશનમાં કામ આવું છું. મારી જટાથી સુંદર આસન બને છે, દોરડા બને છે. મારી ખોપરીથી પ્યાલા આદિ બને છે અને હું ખાવામાં અને પીવામાં - બંનેમાં કામ લાગું છું. મારા તેલની કેટલીયે સુંદર મીઠાઇઓ બને છે. માણસોના વાળને મારું તેલ સુગંધી બનાવે છે. મારી મહત્તાનું મૂલ્યાંકન તું ક્યાંથી કરી શકે ? આખરે તો તું દારૂની જનેતા છે ને ? તારામાં ઉન્મત્ત બકવાસ સિવાય શું હોઇ શકે ?

❖ **ચંદન :**

'ચંદન ! તારી સુગંધ ટાઢ-તડકો કે પવનથી ઊડી કેમ જતી નથી.'

'કારણ કે મેં તારી જેમ અત્તરના પુમડા કાનમાં ખોસ્યા નથી. મારી સુગંધ સહજ છે.'

❖ **પાંદડું :**

**પાંદડું :** 'પપ્પા !' ફળની જેમ મને પણ બહાર ફરવા દો ને ?'

**વૃક્ષ :** 'પોતાની યોગ્યતા જોયા વિના દેખાદેખીથી બીજાના રવાડે ચડવું ઠીક નથી. ફળનું મૂલ્ય છે. તારું કોઇ મૂલ્ય નહિ થાય. કચરા ટોપલીમાં ફેંકાઇ જઇશ. અહીં રહે તેમાં જ તારી શોભા છે.'

❖ **તળાવ :**

'તળાવ ! તું કેવો હતભાગી છે ? થોડી અનુકૂળતાથી ભરાઇ જાય છે ને થોડી પ્રતિકૂળતાથી સૂકાઇ જાય છે. હાય રે ! કેવું તારું જીવન !'

'દરિયાલાલ ! હું ભલે નાનો છું, તો પણ તરસ છીપાવવા માટે તો માણસોને મારી પાસે જ આવવું પડે છે.'

❖ **ઘડિયાળ :**

'હે માનવ ! હું ન હોત તો તને સાચો સમય કોણ બતાવત ?'

'ઓ ઘડિયાળ ! મેં જ તો તને સાચો સમય બતાવનાર તરીકે બનાવી છે.'

❖ **ઘડો :**

'ઘડાભાઈ ! મોઢાની અપેક્ષાએ તમારું પેટ ખૂબ જ મોટું છે. તો ઓપરેશન કેમ કરાવતા નથી.'

'પેટ મોટું છે માટે તો તેમાં કંઈક સમાય છે. જો તેનું ઓપરેશન થયું તો તમે તરસ્યા રહેશો. બધે જ ઓપરેશન કરવાના નથી હોતા પાગલો !'

❖ **ખેતર :**

'અમે હરિયાળીથી શોભી રહ્યા છીએ. અમારી ચારેબાજુ કાંટાની વાડ કેમ કરો છો ?'

'સુરક્ષા માટે કાંટા જરૂરી છે ઓ ખેતરો !'

❖ **કાચો ઘડો :**

'અરે તમે કાચા ઘડાને કેમ ટીપો છો ? બિચારાને કેટલું કષ્ટ થાય ? ટીપવા જ હોય તો પાકા ઘડાને ટીપો ને !'

'પરિવર્તન કાચી અવસ્થામાં જ થઈ શકે છે.'

❖ **બાળક :**

'ઓ બાળક ! તારી થોડીક મજાની મસ્તી મને પણ આપી દેને !'

'દાદા ! પહેલા તમે મારા જેવા બની જાવ. પછી મસ્તી પોતાની મેળે આવી જશે - છવાઈ જશે.'



❖ **બાળક :**

'બાળક ! તું દરેક વાત સાચી કેમ માની લે છે ?'

'કારણ કે જૂઠું કોને કહેવાય તેની મને ખબર જ નથી.'

❖ **અનાસક્તિ :**

'ઓ બાળક ! તેં કેટલું-કેટલું રોઈ-રોઈને પેલું રમકડું મેળવેલું ? પણ થોડીવારમાં તેં તેને તોડી-ફોડીને ફેંકી દીધું... હવે તો તું યાદ પણ નથી કરતો.'

'આનું નામ તો અનાસક્તિ છે.'

❖ **મા :**

'મા ! તને યાદ છે ? તેં કેટલીવાર દૂધ પીવડાવ્યું ?'

'પ્રેમમાં હિસાબ નથી હોતો.'

❖ **પશુ :**

'કોઈ એવો છે જેને માતા અને ગુરુએ શિક્ષા ન કરી હોય ?'

'પશુ'.

❖ **મુન્નો :**

- 'મુન્ના ! તારો સંસાર ક્યાં છે ?'
  માના ખોળામાં.
- 'તારો અધિકાર ક્યાં છે ?'
  માના ખોળામાં.

❖ **બાળક :**

'તારી માએ પેલીની સાથે ઝગડો કરેલો ને તું એની સાથે રમવા ચાલ્યો ગયો ?'

'હું ભૂતકાળ યાદ રાખતો નથી.'

❖ **બાળક :**

'બાળકો ! તમે સારાનું અનુકરણ કરો, ખરાબનું નહિ.'

'આ વાત તો વડીલોએ ખ્યાલમાં રાખવાની છે. જેથી અમને ખરાબ જોવા જ મળે નહિ.'

❖ **દૂધ - દહીં - ઘી - છાસ :**

**દૂધ :** હું મહાન છું. કહ્યું છે : અમૃતં ક્ષીર ભોજનમ્ ।

**દહીં :** જવા દે હવે. મધુર પદાર્થોમાં હું પ્રથમ છું. 'દધિ મધુરમ્'

**ઘી :** તમે બંને ચૂપ બેસો. સાર તો હું જ છું. 'ઘૃતમાયુઃ'

**છાસ :** તમે બધા મારો મહિમા ભૂલી ગયા ? કહ્યું છે : 'તક્રં શક્રસ્ય દુર્લભમ્'

**માણસ :** તમે બધા વ્યક્તિગત મહત્તા ગાવાનું છોડો અને બધા સાથે મળીને બોલો : અમે ગોરસ છીએ.

❖ **તાળું - ચાવી - કબાટ :**

**તાળું :** 'ઓ ચાવી ! હું ન હોઉં તો તારો શો ઉપયોગ ?'

**ચાવી :** 'હું ન હોઉં તો તારો પણ શો ઉપયોગ ?'

**કબાટ :** 'હું ન હોઉં તો તારો પણ શો ઉપયોગ ?'

**માણસ :** 'વિવાદ છોડો. સૌ સ્વ-સ્વ સ્થાને ઉપયોગી છે.'

❖ **બાવળ :**

'ઓ બાવળ ! તેં આવનાર મહેમાનનું કાંટાથી સ્વાગત કેમ કર્યું ? આ તારી કેવી મહેમાનગીરી ?'

'અહીં ફૂલ ક્યાંથી હોઈ શકે ? સ્વાગત તો હંમેશા ઘરને અનુરૂપ જ થાય.'

❖ **ગાય માતા :**

'ગાય માતા કેમ કહેવાય છે ?'

'તે પોતાના બચ્ચાને દૂધ પીવડાવે છે માટે નહિ, પણ બીજાને



પણ દૂધ પીવડાવે છે માટે. પોતાના બચ્ચાને તો વાઘણ પણ દૂધ પીવડાવે છે, પણ તમે તેને 'માતા' કહેશો ?'

❖ **વૃક્ષ :**

'ઓ વૃક્ષ ! તેં કેટલીવાર કેટલા ફળોનું દાન કર્યું ?'

'હિસાબ કોણ રાખે ? હતું તેટલું આપી દીધું.'

❖ **ધૂળ :**

'મુન્ના ! તને ધૂળમાં રમવાનું કેમ બહુ ગમે છે ?'

'આખરે તો એમાં જ મળી જવાનું છે ને ?'

❖ **ચક્કર :**

'ઓ મોટરના પૈડાઓ ! તમે કેટલા ચક્કર ખાધા તે ખ્યાલ છે ?'

'તમારા કરતાં ઓછા.'

❖ **દુઃખ :**

'મનુષ્ય દુઃખી કેમ છે ?'

ભૌતિકવાદી : 'જેવું તે ઇચ્છે છે તેવું નહિ થવાથી.'

અધ્યાત્મવાદી : 'ઇચ્છે છે માટે જ તે દુઃખી છે.'

❖ **મણિ :**

'ઓ મણિ ! તારો કેટલો ઝાંખો પ્રકાશ છે ? મારો કેવો ઝળહળતો છે ?'

'દીપક ! તો પણ તારો પરનો છે, મારો ઘરનો છે.'

❖ **મૂલ્ય :**

'કાગળ ! વંચાઇ ગયા પછી તારું શું મૂલ્ય ?'

'મૂલ્ય તો બધાયનું અવસરે જ થાય છે.'

❖ **કૂવો :**

'સૂકા તળાવે કૂવાને કહ્યું : 'ભાઇ ! અમે તો સાવ સૂકાઇ ગયા અને તું તો હજુ પણ પાણીવાળો છે.'

❖ **કૂવો - તળાવ :**

'ઓ કૂવા ! આમ સંકુચિત થઈને શું પડ્યો છે ? મારી જેમ વિશાળ થઈને દાન આપ.'

'ભાઈ તળાવ ! હું પારકો માલ લૂંટાવતો નથી. ઘરની ચીજનો તો ઉચિત ઉપયોગ જ થાય.'

❖ **ગુરુ :**

'શિષ્ય : તે જ ગુરુ સમર્થ છે, જે ગમે તેને પલટાવી શકે.'

ગુરુ : તરંગ પાણીમાં પેદા થાય છે, પત્થરમાં નહિ.

❖ **કાદવ :**

'ઓ કાદવ ! તું મારા પગને ખરાબ કરતો નહિ.'

'મને તું છેડતો નહિ.'

❖ **કાદવ :**

'કાદવ ! તું કોની સાથે સારું વર્તન કરે છે ?'

'જે મારાથી દૂર રહે છે તેની સાથે.'

❖ **શુદ્ધિ :**

'કાદવ : ભગવન્ ! મારી શુદ્ધિ શી રીતે થશે ?

ભગવાન : પર સંયોગો છોડી આતાપના લેતો રહે.

❖ **મિતભાષણ :**

'અય સોના ! મારી ટંકારવાળી લાંબી ભાષા શીખી લે.'

'કાંસા ! વધુ બોલવું જ વસ્તુનું મૂલ્ય ઘટાવે છે.'

❖ **કોલસો :**

'ઓ કોલસા ! તેં કદી સ્નાન કર્યું કે નહિ ? આવ... હું તને નવડાવું.'

'જવા દો ભાઈ ! મને નવડાવવાવાળાએ જાતે ફરીથી ન્હાવું પડે છે.'



❖ **ખેતર - સડક :**

'ઓ ખેતરો ! તમે પણ મારા જેવા સફાઈદાર (કાદવ-કીચડથી રહિત) બની જાવ.'

'ઓ સડકો ! તો પછી તમારા પર કોઈ ચાલનારું પણ નહિ રહે.'

❖ **પૃથ્વી - પર્વત :**

'ઓ પૃથ્વી ! તું તો બધું જ પાણી ચૂસી લે છે. જ્યારે હું તો બધું જ પાણી છૂટથી વહેવા દઉં છું. તું તો ચૂસ્યા પછી પણ તરસી ને તરસી જ રહે છે. કેટલી લોભી છે તું ?'

"ઓ પર્વત ! સામર્થ્ય હોવા છતાં પણ ત્યાગ કરવો તે ત્યાગ છે. તારો ત્યાગ તો આંધળો ટી.વી.-સિનેમાનો ત્યાગ કરે તેના જેવો છે."

❖ **માખણ :**

'દૂધ : માખણ ! તું ક્યાં રહે છે ?'

'તારામાં.'

'મેં તો કદી તને જોયો જ નથી.'

'તીવ્ર તપ કરી નામ-રૂપનું અસ્તિત્વ મિટાવી દે અને પછી સંઘર્ષોની વચ્ચે મારું દર્શન કર.'

❖ **જાંબુ - દાડમ :**

જાંબુએ દાડમને કહ્યું : 'પ્રિય ભાઈ ! તારા દાણાને લોક પ્રેમથી આરોગે છે, મારા દાણાને કેમ ફેંકી દે છે ?'

'કઠોર હૃદયવાળાને આ જ સજા મળે છે.'

❖ **કુસંગનું પ્રાયશ્ચિત્ત :**

'ઓ વસ્ત્રો ! તમને કાલે ધોકાથી પીટ્યા હતા. હજુ આજે પણ પીટશે. શરમ નથી આવતી ?'

ગંગાસ્નાન કરતા વસ્ત્રોએ કહ્યું : 'કુસંગનું પ્રાયશ્ચિત્ત તો કરવું જ પડતું હોય છે.'

❖ **વિના સહકાર નહિ ઉદ્ધાર :**

હાથની આંગળીઓમાં એક દિવસ જોરદાર ઝગડો થઇ પડ્યો. બધી આંગળીઓ કહેવા માંડી : 'હું જ મોટી છું.'

**તર્જની :** હું કેટલું કામ કરું છું ? ચિત્ર દોરવામાં મારી જરૂર પડે. લખવામાં, સંકેત કરવામાં, ચૂપ કરાવવામાં, નિષેધ કરવામાં, ચૂંટી ખણવામાં મારી જરૂર પડે જ. માટે હું જ સૌથી મોટી છું. મારા વિના કશું થઇ શકે જ નહિ.

**મધ્યમા :** વીણા, વાયોલીન, હાર્મોનિયમ વગેરે વાદ્યો મારા વિના ક્યાં વાગી શકે તેમ છે ? કદાચ એ કામ મારા વિના પણ થઇ શકતું હોય છતાં પણ મારી મોટાઇ ઘટતી તો નથી જ. કારણ કે કુદરતે મને સ્વાભાવિક રીતે જ મોટાઇ આપી છે, જે કોઇ પણ દૂર કરી શકે તેમ નથી. માટે હું જ મોટી છું.

**અનામિકા :** તમે બધા રહેવા દો. ખરી મોટાઇ તો મને જ મળી છે. ભગવાનની પૂજા કરવાનો અધિકાર મને જ મળ્યો છે અને ભગવાન કરતાં મોટું બીજું કોણ છે ? માટે હું જ મોટી છું. પ્રભુને સ્પર્શ કરવાનો હક મને જ મળ્યો છે.

**કનિષ્ઠા :** હું ભલે દેખાવમાં નાની હોઉં, પણ મારું મૂલ્ય જરાય ઓછું નથી હોં ! કાન ખંજવાળવામાં હું કામ આવું છું. કષ્ટ પડે તે વખતે સૌથી પહેલું હું જ બલિદાન આપી દઉં છું. ડાકણ વગેરેના ઉપદ્રવને દૂર કરવામાં મારો ઉપયોગ થાય છે. હું પણ કાંઇ કમ નથી.

આંગળીઓની વાત સાંભળી અત્યાર સુધી મૂંગો રહેલો અંગૂઠો બોલી ઊઠ્યો : ઓ બેનો ! પરસ્પર ઝગડો છો શા માટે ? તમારો પતિ હું અહીં બેઠો છું. હું જો સહયોગ ન આપું તો પ્રાયઃ કોઇ કામ થઇ શકે નહિ. બોલો, મારા વિના તમે લખી શકો ?



ચૂંટી ભરી શકો ? કાંતી શકો ? પીંજી શકો ? મૂઠી વાળી શકો ? ગાંઠ ખોલી શકો ? શસ્ત્ર ચલાવી શકો ? કપડા ધોઇ શકો ? શરીર લૂછી શકો ? કાંટો કાઢી શકો ? ગાય દોહી શકો ? અરે... શત્રુનું ગળું દબાવી શકો ? કયું મહત્ત્વનું કામ તમે મારા વિના કરી શકો છો ? એ બતાવો તો ખરા ? અને તિલક વગેરે કામ તો હું જ કરું છું. છતાં હું એમ નથી કહેતો કે હું જ સર્વસ્વ છું. મારે તમને બધાને એટલું જ કહેવું છે કે આપણે ઝગડા છોડીને સંપથી, પરસ્પર સહાનુભૂતિથી જ કામ કરવાનું છે. સમજ્યા ?

અંગૂઠાની વાત સાંભળી આંગળીઓ ચૂપ થઇ ગઇ. મનોમન તેઓ બોલી ઊઠી : સંપ ત્યાં જંપ... વિના સહકાર નહિ ઉદ્ધાર !

❖ **ફૂલોનો જવાબ :**

અત્તરનો બનાવનારો ખરલમાં ગુલાબના ફૂલોને પીસી રહ્યો હતો. કોઇ તત્ત્વદ્રષ્ટાએ ફૂલોને પૂછ્યું :

'મહાનુભાવો ! તમે તો સદા હસતા રહો છો. માનવજાતનો કોઇ અપરાધ કરતા નથી છતાં પીસાવું કેમ પડે છે ?'

'પ્રિય બંધુ ! અમે હસતા રહ્યા તે જ અમારો ગુનો ! ઇર્ષ્યાળુ માનવ-જાત કોઇનું મધુર સ્મિત જોઇ શકતી નથી, પણ અમે તો હસતા જ રહેવાના, સુગંધ ફેલાવતા જ રહેવાના. સુગંધ ફેલાવતા-ફેલાવતા જીવીશું અને મરીશું. તેમજ મર્યા પછી પણ સુગંધ ફેલાવીશું.

❖ **દીવો કહે છે :**

૧. મારામાં અને હૃદયમાં એટલો સ્નેહ ભરજો કે સૂવાના (મરવાના) સમય સુધી ખૂટે નહિ.
૨. હું અને વિરહી બળી-બળીને જીવીએ છીએ.
૩. જો કે સ્નેહ પૂરતો છે, છતાં બહારની હવા ન લાગવા દો.

૪. સ્નેહીઓને મારી જેમ સળગવું પડશે.
૫. મને સળગાવ્યા વિના તમારું મંગળ કામ નથી થતું ? સળગાવો.
૬. હું સળગવાની આદત છોડી શકતો નથી.
૭. મેં મારી જીંદગીમાં અંધારું જોયું નથી.
૮. જેના માટે મને સળગાવ્યો તેને (અંધકારને) મારી સામે તો લાવો.
૯. દુનિયા કહે છે કે : અંધકાર છે. વગર જોયે પણ વિશ્વાસ મૂકવો પડશે.
૧૦. અંધારાથી મારું તેજ ખમાતું નથી.
૧૧. ચિંતા ન કરશો. હું તમારું ચરિત્ર જોઉં જ છું, લખતો નથી.
૧૨. શયનગૃહમાં પણ મને છૂટ છે.
૧૩. મારી જેમ બીજાને ફેરવી-ફેરવીને ઘર બતાવશો નહિ.
૧૪. મારી અને મનુષ્યની કાયા માટીની છે, પણ આત્મા જ્યોતિર્મય છે.
૧૫. જે મારી ઉપર રહેશે તેને કાળો કરી નાખીશ.
૧૬. જે દેહમાં અને માટીમાં જ્યોતિ છે, તેની કિંમત ઓછી નથી.
૧૭. મારો અને માનવજીવનનો કોઈ ભરોસો નથી.

**❖ દરજી કહે છે :**

૧. સીવવા માટે મેં ફાડવાનું શીખ્યું છે.
૨. જેને ફાડતાં નથી આવડતું તેને સીવતાં ક્યાંથી આવડશે ?
૩. જે સીવી શકે છે, તેને સોંપી દો. ભલે એ ફાડે, ભલે એ કાપે.
૪. પ્રભો ! મને જીવતો રાખવો હોય તો ફાડનારને જીવાડજે.
૫. સોય અને સ્ત્રી કામ નહિ કરે તો કાટ લાગી જશે.



૬. જરા બેધ્યાન થતાં જ સોય અને સ્ત્રી વાંકા ચાલવા લાગે છે.
૭. ફાડવાવાળાને સીવનાર ક્યાં સુધી પહોંચી શકશે ?

**❖ સોય કહે છે...**

૧. સરળ વ્યક્તિમાં પણ છિદ્ર મળી જાય છે.
૨. જે ગુણવાન (દોરાવાળો) બનશે તે જ બે ભાગને જોડી શકશે.
૩. ગુણવાન (ગુણ-દોરો)ને તરત જ શોધી શકાય છે.

**❖ નદી કહે છે :**

૧. હું ઉંચા કુળની છું તેથી કંઈક કરી છૂટવાનો મારામાં જોશ છે.
૨. મારા પપ્પાએ મને કદી નથી કહ્યું : બેટા ! આ રસ્તેથી જજે.
૩. તુચ્છ નારીની જેમ હું પણ ક્યારેક ગુસ્સે થઈ મર્યાદા તોડી નાખું છું.
૪. યોગિનીની જેમ વિકટ વનમાં પણ હું એકલી ફરું છું.
૫. નારીની જેમ પિયર (પર્વત)થી ઘણું ધન (પાણી) મળતાં હું નાચવા માંડું છું.
૬. એકની એક દીકરીની જેમ મને મારા મા-બાપ બધું જ આપી દે છે.
૭. હું મારા પિતાની લાડકી હોવા છતાં પણ પિયરમાં રહેતી નથી. તરત જ ચાલતી પકડું છું.
૮. મારા પતિદેવ (સાગર) મારા વિના બધાય ને ખારા લાગે છે.
૯. વહેમી પતિની જેમ મારા પતિએ કદી નથી કહ્યું : તેં વાર કેમ લગાડી ?

૧૦. પતિવ્રતાની જેમ પતિ પાસે જતાં જ હું મારો સ્વભાવ તેવો જ (ખારો) બનાવી દઉં છું.
૧૧. નારી ! રડ નહિ. આજનો પુરુષ તારી જેમ મને પણ બાંધીને ગમે ત્યાં લઇ જવા લાગ્યો છે.
૧૨. ઠીક છે. જો મને બાંધતાં-બાંધતાં માણસ પોતાની વૃત્તિને પણ બાંધવાનું શીખી જાય.
૧૩. હોઇ શકે છે કે બંધાયેલી કોઇ નારીએ જ પુરુષને કહ્યું હોય કે તમે મને બાંધીને જેમ ઘર વસાવ્યું તેમ નદીને પણ બાંધીને રાષ્ટ્ર વસાવો.
૧૪. જે પોતાની મેળે 'કંઇક' બની શકે છે, તે જ આગળ વધી શકે છે, જેમ કે હું.
૧૫. જે બીજા વડે ભલે ને કેટલોય મહાન બનાવી દેવાય ! પણ તે ત્યાં જ રહી જાય છે. જેમ કે તળાવ.
૧૬. નારીની તો ખબર નથી, પણ મારો તો અનુભવ છે કે બંધાયા પહેલા હું અધિક પવિત્ર હતી.
૧૭. એ તો છે જ કે બંધાયા પછી પણ મારો અને નારીનો ઘણો ભય રહ્યા જ કરે છે.
૧૮. મને લેવા કોઇ આવતું નથી, પણ આજની સ્ત્રીની જેમ હું સ્વયમેવ સાસરે ચાલી જાઉં છું; શરમ વિના !
૧૯. મારા પતિદેવ કહે છે કે આત્મામાં ડૂબો તો ગુણરત્નો મળે તેમ મારામાં ડૂબકી મારો તો રત્નો મળે.
૨૦. અસ્પૃશ્યતા નિવારણની બાંગ પોકારનારા લોકો પણ મારા સાસરાનું પાણી પીતા નથી.
૨૧. ભોળી સ્ત્રીની જેમ હું પણ જાણી શકી નહિ કે મારા પતિદેવ અંદરથી કેવા છે.



૨૨. જે સ્ત્રીએ મારી જેમ સમર્પણ શીખ્યું નથી, તે સુખ-શાંતિની આશા છોડી દે.

### ❖ ખબર નથી :

**ફૂલ :** હું તો સુવાસ રેલાવીશ. દુનિયાની દુર્ગંધ દૂર થશે કે નહિ ? તેની મને ખબર નથી.

**તારા :** હું તો પ્રકાશ ફેલાવતો રહીશ. જગતનો અંધકાર દૂર થશે કે નહિ ? તેની મને ખબર નથી.

**બિંદુ :** હું તો વરસીશ. તળાવ ભરાશે કે નહિ ? ખેતી થશે કે નહિ ? તેની મને ખબર નથી.

### ❖ એક સૂત્રમાં શ્વાન, યુવાન અને મઘવા(ન) :

'ઓ બાળા ! તું એક જ સૂત્ર (દોરા)માં કાચ, મણિ અને સોનાને કેમ પરોવી રહી છે ?'

"મને શું ટોકો છો ? પેલા મહાન વૈયાકરણી પાણિનિએ તો વ્યાકરણના એક જ સૂત્રમાં શ્વાન, યુવાન અને મઘવા (ઇન્દ્ર)ને પરોવી દીધા છે !"

### ❖ કલી બોલી :

'કલી ! તું કેમ હસે છે ?'

'હું ફૂલ બનવાની છું માટે.'

'ફૂલ બન્યા પછી તો તને માળી તોડી નાખશે.'

'આખરે મરવાનું તો છે જ... પરંતુ મર્યા પહેલા સુગંધ તો ફેલાવતી જાઉં !'

### ❖ બારી અને દરવાજો :

દરવાજો : હું મોટો છું. મારા દ્વારા જ પ્રવેશ-નિર્ગમ થઇ શકે છે. મારું જગતમાં માન છે.

બારી : શાની ડંફાસ ઠોકે છે ? તું ભલે ગમે તેટલો મોટો હોય તોય માલિકને તારા પર જરાય વિશ્વાસ નથી. રાતે કે બહાર જાય ત્યારે તરત જ તને બંધ કરી દેવામાં આવે છે. કારણ કે તું ચોર-ડાકુને રોકી શકતો નથી. હું તો માલિકની પરમ વિશ્વાસુ છું. તેથી મને સદા ખુલી રાખવામાં આવે છે અને હું માલિકને સદા હવા અને પ્રકાશ આપું છું.

**❖ સોય અને ચારણી :**

**ચારણી :** અલી સોયબેન ! તમારામાં તો કાણું છે.

**સોય :** ભલી ચારણીબેન ! મારામાં તો એક જ કાણું છે, પણ તમારામાં તો કાણા જ કાણા છે.

**❖ ઊંટ અને હાથી :**

**ઊંટ :** ભલે લોકો તને મારા કરતાં મોટો ગણતા હોય કે કિંમતી ગણતા હોય, પણ તારા દેદાર તો જો. તારી સૂંઢ વાંકી છે અને દાંત પણ વાંકા છે.

**હાથી :** મારા તો એક-બે અંગ જ વાંકા છે, પણ તારા તો અઢારેય અંગ વાંકા છે, એનું શું ?

**❖ રાત 'પડી' :**

રાતરાણી સૂરજ નારાયણ સાથે લગ્ન કરવા દોડી... સૂરજ પશ્ચિમમાં ડૂબી ગયો, પણ તે પહોંચી શકી નહિ. સૂરજને પકડી શકી નહિ. એક જોરદાર ઠેસ વાગતાં તે પડી ગઇ. તેના વિખરાયેલા વાળ અંધકાર બની બધે જ ફેલાઇ ગયા. તેના તૂટેલા હારના મણિઓ તારા બની ગયા. તેનું નીચે પડી ગયેલું સિંદૂર સંધ્યા બની ગઇ. તેની તૂટેલી બંગડી ચંદ્ર બની ગઇ ! સાચે જ રાત 'પડી' ગઇ !



**❖ ચકોરનો આપઘાત :**

સવારે ચિત્તામાં સળગી મરવા તૈયાર થયેલા ચકોરને જોઇને કોઇએ પૂછ્યું : 'તું આ શું કરે છે ?'

'આપઘાત કરું છું.'

'કંઇ કારણ ?'

'ચંદ્રના વિરહના કારણે.'

'પણ મરવાથી ચંદ્ર મળશે ?'

'હા... જરૂર મળશે.'

'શી રીતે ?'

'સાંભળો ! મરી ગયા પછી હું રાખ બની જઇશ અને ક્યારેક પાર્વતી સાથે ફરતા-ફરતા શંકર અહીં આવી પહોંચશે. તેઓ શરીરે રાખ (મને) લગાડશે ત્યારે મને ચંદ્રનું દર્શન જ નહિ, પણ મિલન પણ થઇ જશે. મેં સાંભળ્યું છે કે શંકરની જટા પર ચંદ્ર છે. તેમનું નામ પણ ચંદ્રશેખર છે. બસ આ જ કારણે હું બળી રહ્યો છું.' ને ચકોરે અગ્નિમાં ઝંપલાવ્યું.

- *કાલિદાસ*

**❖ ફૂલ અને ફળ :**

ફૂલે ફળને પૂછ્યું : તું મારાથી કેટલે દૂર છે ?

ફળે કહ્યું : હું તારા દિલમાં જ છૂપાયેલો છું.

(તમારા કાર્યની પાછળ જ ફળ છૂપાયેલું છે. ફળ માટે અધીરા ન બનો - એવું સૂચિત કરેલું છે.)

- *ટાગોર*

★ ★ ★

## ૫૩. કાવ્ય

**❖ કવિ અને પાગલ :**

- જેનું કહ્યું સૌને લાગે તે 'કવિ'.
- જેનું કહ્યું માત્ર પોતાને લાગે તે 'પાગલ'.
- સૌને લાગે તે 'અર્થ'.
- એકને જ લાગે તે 'અનર્થ'.

**❖ કવિત્વની આઠ માતાઓ :**

૧. સ્વસ્થતા
૨. પ્રતિભા
૩. અભ્યાસ
૪. ભક્તિ
૫. વિદ્વત્કથા
૬. બહુશ્રુતતા
૭. સ્મૃતિદઢતા
૮. ઉત્સાહ

**❖ જુદી-જુદી ભાષાઓના મહાન કવિઓ :**

- સંસ્કૃતમાં કાલિદાસ.
- હિન્દીમાં તુલસીદાસ.
- ઊર્દૂમાં ગાલિબ.
- અંગ્રેજીમાં શેક્સપિયર.
- જર્મનમાં ગાયથે.
- ઈટાલિયનમાં દાંતે.
- બંગાળીમાં રવિન્દ્રનાથ ટાગોર.
- ફારસીમાં શેખ સાદી.



- ગ્રીકમાં હોમર.
- ફ્રાંસીસીમાં સુલીપ્રાદ હોમેં.

**❖ રતનચંદ નાગોરમેં :**

રતનચંદજી નામના કવિએ નાગોરમાં કોઇ ગીત બનાવ્યું : 'રતનચંદ નાગોર મેં રે ચેતનિયા !'

એક વખત જ્યારે તેઓ જંગલમાં એકલા હતા ત્યારે તેમને ચોરોએ લૂંટી લીધા, વસ્ત્રો સુદ્ધા ખેંચી લઇ પૂર્ણ નગ્ન બનાવી દીધા. લોકોએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ એમના જ ગીતને આ રીતે ગાવા લાગ્યા : 'રતનચંદ નાગો રમે રે ચેતનિયા !'

**❖ કવિયોં કા કામ :**

યહ કામ હૈ કેવલ કવિયોં કા, પાની મેં આગ લગા દેના;
પત્થર કો મોમ બના દેના, ઔર આગ મેં બાગ લગા દેના.

★ ★ ★

કવિઓ શું ન જોઇ શકે ?
સ્ત્રીઓ શું ન કરી શકે ?
દારૂડિયા શું ન બોલી શકે ?
કાગડા શું ન ખાઇ શકે ?

*- ચાણક્ય નીતિ ૧૦/૪*

**❖ ચાર પ્રકારના કાવ્ય :**

૧. ગદ્ય
૨. પદ્ય
૩. કથ્ય (કથામય)
૪. ગેય (ગાવા લાયક)

*- ઠાણંગ ૪/૪/૩૭૯*

★ ★ ★

## ૫૪. પદ્ય

❖ રામ કે જમાને મેં રાવણકા વંશ થા,
કૃષ્ણ કે યુગમેં ભી મૌજુદ કંસ થા;
ઈતિહાસમેં ઐસા સમય કભી નહિ આયા,
જબ સરોવર પર બક નહિ, કેવલ હંસ થા.

❖ તલવાર કી કિંમત મ્યાનસે નહિ, ધાર સે હોતી હૈ,
કપડોંકી કિંમત રંગ સે નહિ, તાર સે હોતી હૈ;
કહીં ભી દેખો મહત્ત્વ મૂલકા હોતા હૈ, છિલકે કા નહિ,
આદમી કી કિંમત પૈસે સે નહિ, સદાચાર સે હોતી હૈ.

❖ આગે તાલી બજાતે હૈ, પીછે ગાલી દેતે હૈ,
રૂપયા નકદ લેતે હૈં, આશ્વાસન જાલી દેતે હૈ;
વહ નેતા હૈ તો કચ્ચી ગોલીયા હમને ભી નહિ ખેલી,
મૌકા આતા હૈ મતોં કા મુસ્કરાહટ ખાલી દેતે હૈ.

❖ બિના વરકી બારાત બેકાર હોતી હૈ,
બિના સમયકી બરસાત બેકાર હોતી હૈ;
મૂલ બિના અપરકી કોઈ કદ્ર નહિ હોતી,
બિના પ્રેમકી મુલાકાત બેકાર હોતી હૈ.

❖ રોગ હૈ તો રોગકા ઉપચાર ભી હૈ,
ફટકાર હૈ તો અતિશય પ્યાર ભી હૈ;
ઘબરાનેકી જરા ભી જરૂરત નહિ,
જહર ભી હૈ તો અમૃત કી ધાર ભી હૈ.

❖ અંધકાર હૈ તો પ્રખર પ્રકાશ ભી હૈ,
ઔર વિનાશ હૈ તો નવ વિકાસ ભી હૈ;
નિરાશ હોને કી કોઈ ભી બાત નહિ,
પતન હૈ ઉત્થાન કા અવકાશ ભી હૈ.



❖ અસફલ ભી સફલ હો જાતા હૈ,
નિર્બલ ભી સબલ હો જાતા હૈ;
પરિવર્તનકી હૈ ગજબ ક્ષમતા,
કીચડ ભી કમલ હો જાતા હૈ.

❖ લક્ષ્ય નહિ હૈ તો રફતાર બઢાને સે ક્યા હોગા ?
બીજ નહિ હૈ તો જલધાર બહાને સે ક્યા હોગા ?
બાહ્ય કો છોડકર પહલે મૂલ કો સુસ્થિર કરો,
જીવ નહિ હૈ તો શ્રૃંગાર સજાને સે ક્યા હોગા ?

❖ સહજતાકા સ્થાન સજાવટ ને લે લિયા હૈ,
મૌલિકતાકા સ્થાન મિલાવટને લે લિયા હૈ;
આંખ ઊઠાકર દેખો, કિતના બડા વ્યત્યય હો ગયા,
આજ ધાર્મિકતા કા સ્થાન દિખાવટને લે લિયા હૈ.

❖ કામ ધોખેકા હૈ બાત ઈમાન કી હૈ,
પૂજા શેતાનકી હૈ ચર્ચા ભગવાનકી હૈ;
દુનિયા કી દુઃખ દુવિદ્યા મિટે તો કૈસે મિટે ?
સીરત હેવાન કી હૈ સૂરત ઈન્સાન કી હૈ.

❖ કિધર હી દેખો, થોથા પ્રચાર હો રહા હૈ,
ધોખે હી ધોખે કા વિસ્તાર હો રહા હૈ;
ચાહે શયતાનસે ભી ગયા ગુજરા હો પર,
હર કોઈ ભગવાનકા અવતાર હો રહા હૈ.

❖ દુનિયાકો તલવારસે નહિ પ્યારસે જીતો,
વિષકો વિષસે નહિ અમૃત કી ધાર સે જીતો;
તુમ યદિ કિસીકા દિલ જીતના ચાહતે હો તો,
ફિટકાર સે નહિ મૃદુ વ્યવહાર સે જીતો.

❖ હારકો જીતમેં બદલનેકી કલા શીખો,
રુદન કો ગીતમેં બદલનેકી કલા શીખો;
અગર જીંદગીકી અસલિયતકો પાના હૈ તો,
બૈરકો પ્રીતમેં બદલનેકી કલા શીખો.

❖ ઈતિહાસ સદા ઉનકે ગુણ ગાતા હૈ,
જો દીપકકી તરહ તિલ તિલ જલતે હૈ;
ઔર વિષકી ઘુંટે પી-પી કર ભી પ્રતિપલ
અમૃત કી ધાર ઊગલતે હૈ;
બીજલી કડકે તૂફાન સતાઈ ધરતી-અંબર
જગકા કણ કણ રૂઠ જાયે,
ફિર ભી અપને નિર્ણીત પથકો,
અંતિમ સાંસ તક કભી નહિ બદલતે હૈ.

❖ યહાં પર જન-જનકી જીભ પર તુમ્હારા નામ હૈ,
લાખોં કે જીવનકા આધાર તુમ્હારા પૈગામ હૈ;
પર જાને કે બાદ તુમને દીદાર ભી નહિ દિખાયા,
દેવતા ! બતાઓ તો સહી યહ કૈસા વિરામ હૈ.

❖ તલહટી મેં ખડા હૂ પર માનતા હૂં કિ શિખર પર ચઢ ગયા હૂં
જાનતા કુછ ભી નહિ પર માનતા હૂં કિ સબ કુછ પઢ ગયા હૂં;
અભિમાન કા ધૂંઆ કૈસા છાયા હૈ કિ કુછ દિખાઈ નહિ દેતા,
સબસે પીછે હું પર માનતા હૂં કિ સબસે આગે બઢ ગયા હૂં.

❖ દુઃખ કો સુખમેં બદલને કી કલા શીખો,
વિરહ કો મિલન મેં બદલનેકી કલા શીખો;
અભાવ કો ભાવસે કર દો મંડિત,
રાગ કો વિરાગ મેં બદલને કી કલા શીખો.



❖ ભગવાનકો પહિચાનના હૈ તો પહલે ઈન્સાન કો પહિચાનો,
ઔર અધ્યાત્મકો જાનના હૈ તો પહલે ઈમાનકો જાનો;
બિંદુ કો પહચાને બિના બોલો, સિન્ધુકો કૈસે પહચાનોગે ?
ભગવાન કે એહસાનસે પહલે આદમી કે એહસાન કો માનો.

❖ કિસીકે બિના બુલાએ કભી મત બોલો,
ઔર કિસ દાતા કે બિના જોલી મત ખોલો;
યહ બાત શાયદ તુમ્હેં મુશ્કિલ સે જંચે,
પર રેતાલે દિલ પર કભી ઘૃત મત ઘોલો.

❖ જો અપની પહચાન કરા દે વહ જ્ઞાન હૈ,
જો ઉલઝે કો સુલઝા દે વહ ધ્યાન હૈ;
સબસે તો પ્રતિપલ મિલતા હૈ આદમી,
પર જો અપને સે મિલા દે વહ નિર્વાણ હૈ.

❖ વર્તમાનકી દુનિયાકા પ્રાણ હૈ પૈસા,
ઔર સબસે બડા સન્માન હૈ પૈસા;
પૈસા હી પ્રેમ ઔર પૈસા હી ન્યાય,
આજ કલકે લોગોંકા ભગવાન હૈ પૈસા.

❖ જીંદગીકા સર્વોત્તમ ઉલ્લાસ હૈ પૈસા,
મહાન સે મહાનતમ વિકાસ હૈ પૈસા;
બિના પૈસે કે પગ-પગ પર હૈ અંધેરા,
આજકે સંસારકા પ્રકાશ હૈ પૈસા.

❖ સબ સમસ્યાઓં કા સમાધાન હૈ પૈસા,
સારે હી સદ્‌ગુણોંકી ખાન હૈ પૈસા;
ઔર કસોટીકી જરૂરત નહિ,
અચ્છે બૂરેકી પહચાન હૈ પૈસા.

❖ સબસે ઊંચી આવાજ હૈ પૈસા,
સબ સંબંધોંકા સરતાજ હૈ પૈસા;
સ્વર્ગકી સીટકા મિલતા હૈ સર્ટિફિકેટ,
કુછ પતા નહિ ક્યા રાજ હૈ પૈસા ?

❖ અમાવસ્યા કિસ માસમેં નહિ આતી,
થકાવટ કિસ રાહ મેં નહિ આતી ?
ઈસ સંસારમેં કોઈ બતાઓ તો સહી,
સમસ્યા કિસ ચાહમેં નહિ આતી ?

❖ ઐસા દીપ જલાઓ કિ કભી બુઝે હી નહિ,
ઐસા ફૂલ ખીલાઓ કિ કભી મુરઝે હી નહિ;
સુલઝાકર અપની હર ચેતનાકા તાર,
ઐસા હાર બનાઓ કિ કભી ઉલઝે હી નહિ.

❖ ભૂખ લગના આદમીકી પ્રકૃતિ હૈ,
છીન ખાના આદમીકી વિકૃતિ હૈ;
અપને અતિથિ કો ખિલાયે પ્રેમસે,
બાંટ ખાના આદમીકી સંસ્કૃતિ હૈ.

❖ જીવન મેં મિલા ઉસે જીના શીખો,
કપડા ફટ ભી ગયા તો સીના શીખો;
આદમી બને હો તો રોને સે ક્યા હોગા ?
જીવન યદિ જહર હૈ તો પીના શીખો.

❖ હર જલતે દીપકકે તલે અંધેરા હોતા હૈ,
હર અંધેરી રાત કે પીછે સબેરા હોતા હૈ;
ઘબરા જાતે હૈ લોગ મુસીબત કો દેખકર,
હર મુસીબત કે પીછે સુખકા ડેરા હોતા હૈ.



❖ ઊડતા હુઆ પંખી કહ રહા હૈ, મુઝસે ઊંચે ઊડના શીખો,
ખીલતા હુઆ ફૂલ કહ રહા હૈ કિ મુઝસે મહેકના શીખો;
કહ રહી હૈ પ્રકૃતિકી હર મૂર્તિ-અમૂર્ત દાસ્તાનેં હમકો,
ઈન્સાન હોકર ઈન્સાનકી તરહ તુમ જીના શીખો.

❖ યદિ પેટમેં ભોજન પચ જાય તો શક્તિ કોઈ દૂર નહિ,
યદિ ધર્મમેં જીવન રંગ જાય તો મુક્તિ કોઈ દૂર નહિ;
જિન્હોંને બેપરિજ સે ખાયા ઔર ધર્મકા ઢોંગ દિખાયા,
તો ઈસકે લિયે પાતાલ ઔર અસ્પતાલ દૂર નહિ.

❖ આદમી કે હૃદયમેં અનુરાગ હોના ચાહિએ,
આદમીકે જીગરમેં એક આગ હોની ચાહિએ.
ઈન સારી બાતોંકો બનાયે રખને કે લિએ,
આદમી કે જીવનમેં કુછ ત્યાગ હોના ચાહિએ.

❖ પ્રાકૃતિક સૌંદર્ય કે તાજકો કશ્મીર કહતે હૈ,
દિખાયે રણમેં કૌશલતા ઉસે રણવીર કહતે હૈ;
હર કાર્યમેં પુરુષાર્થ વ કર્મ કે સંયોગ સે જો,
મિટાએ પાપ કર્મોં કો ઉસે (મહાવીર) કર્મવીર કહતે હૈ.

❖ ઈન્સાન ઈન્સાન નહિ હૈ વહ ભગવાન હૈ,
કુદરતકી સબસે ઊંચી મુસ્કાન હૈ;
ઉસ સમય બડા દર્દ હોતા હૈ, મેરે દિલમેં,
જબ કોઈ કહતા હૈ આદમી હૈવાન હૈ.

❖ આજકી ચતુરાઈકા યહ અદ્ભુત નમૂના હૈ,
દિખાતે સિમેન્ટ હૈ લગાતે ચૂના હૈ;
બહુત બડા વિપર્યય આ ગયા જીવન વ્યવહારમેં,
આદમી બતાતા દિલ્હી ઔર પહુંચતા પૂના હૈ.

❖ તુમને કહા : ઉચ્ચતાકા આધાર જાતિ નહિ આચાર હૈ,
તુમને કહા : ઉત્ક્રાંતિકા આધાર તલવાર નહિ પ્યાર હૈ;
અક્કડ કર ઉંચે ખંભે પર બૈઠનેવાલોં ! જરા ધ્યાન દો,
બડપ્પનકા આધાર અહં નહિ મૃદુ વિનમ્ર વ્યવહાર હૈ.

❖ આદમી અબ જાનવરકી સરલ પરિભાષા બના હૈ,
ભસ્મ કરને વિશ્વકો આજ દુર્વાસા બના હૈ;
ક્યા જરૂરત હૈ રાક્ષસોંકી ચૂસને ઇન્સાનોંકો,
જબ આદમી હી આદમી કે ખૂનકા પ્યાસા બના હૈ.

❖ પિંજરા તો ખુલ ગયા મગર પાંખ તૂટ ગઇ,
દિયા તો જલ ગયા મગર આંખે ફૂટ ગઇ,
જીંદગી મેં આદમી કો બૈઠને કે લિએ,
પંથ તો મિલ ગયા પર રફતાર છૂટ ગઇ.

❖ જીંદગી ભર મજદૂરી કરકે તિજોરી ભર દી હૈ,
પરિવાર બઢાકે બડી ફોજ ખડી કર દી હૈ;
કિંતુ જીવનમેં ધર્મધ્યાન નહિ કિયા તો,
માન લો કે નર્કકી સીટ ભી રિઝર્વેશન કર લી હૈ.

❖ સો ફૂલ કમ હૈ દુલ્હન કો સજાને કે લિયે,
એક ભૂલ કાફી હૈ ઉન્માર્ગ મેં ગિર જાને કે લિએ;
સો સો ખુશીયાં કમ હૈ જીંદગી કો હસાને કે લિએ,
એક ગમ કાફી હૈ જીંદગીભર સલાને કે લિએ.

❖ સ્વરકે બિના સંગીત નહિ મિલતા,
દિલકે બિના મીત નહિ મિલતા;
ધર્મકે બિના શાંતિ ચાહનેવાલોં,
દૂધ કે બિના નવનીત નહિ મિલતા.



❖ દીપકો તપે બિના પ્રકાશ નહિ મિલતા,
(મંત્ર) બીજકો જપે બિના વિકાસ નહિ મિલતા;
આદમી હી તપ-જપ સે બનતા હૈ સબ કુછ,
કિસીકા બનાયા ઇતિહાસ નહિ મિલતા.

❖ યદિ મૂલ મજબૂત નહિ તો કુછ નહિ,
ઔર પૂત-સપૂત નહિ તો કુછ નહિ;
ઇધર-ઉધર કી દલીલે ભલે પેશ કરો,
પર કોર્ટ મેં સબૂત નહિ તો કુછ નહિ.

❖ જન ગણ મન અધિનાયક જ્ઞાતપુત્ર ! નમસ્કાર હૈ,
ઔર સમતા સંગાયક ધર્મપુત્ર ! તુમ્હેં નમસ્કાર હૈ;
'કાબિલ એ ગૌર' નહિ 'કાબિલ એ અમલ' હૈ તેરા પૈગામ,
સત્યં શિવં સુંદરં અહિંસા-પુત્ર તુમ્હેં નમમસ્કાર હૈ.

❖ સવાલ જલનેકા નહિ પ્રકાશ કા હૈ,
સવાલ પલનેકા નહિ વિશ્વાસ કા હૈ;
કાંટોં સે આકીર્ણ વિહડ પથ પર,
સવાલ ચલનેકા નહિ વિકાસકા હૈ.

❖ બિના ચાંદનીકે ચાંદ ખિલતે ન દેખા,
બિના સ્નેહકે દીપ જલતે ન દેખા;
બિના બાદલકે રહી ભૂમિ પ્યાસી,
બિના પ્યાર જીવન સંભલતે ન દેખા.

❖ મેધાવી કભી ગમગીન નહિ હોતા,
પરિસ્થિતિયોં કે આધીન નહિ હોતા;
ધાગા પરોઇ હુઇ સૂઇકી તરહ,
ઇસિલિએ વહ કહી વિલીન નહિ હોતા.

❖ ધરા પુકારને લગી :
ગગન પુકારને લગા,
ઊઠો મનુષ્ય, ચેતનાકા સ્વન પુકારને લગા.
નએ દિવસકે આદિ મેં, નિશાકા અંત હો ગયા,
હંસી વિભા, સમસ્ત સૃષ્ટિ મેં વસંત હો ગયા,
ગલી-ગલી ખિલે સુમન, યહાં ચમન વહાં ચમન,
ફબન ધરાકી દેખ લો,
ગગન પુકારને લગા,
ઊઠો મનુષ્ય, ચેતનાકા સ્વન પુકારને લગા,
હરે-ભરે સુરંગ ભરે, અસંખ્ય સ્વપ્ન કો જુટા,
પડે રહે હો સેજ પર, અમોલ જીંદગી લુટા,
સ્વપ્ન તો નહિ સ્વજન, કુવ્યંગ-વ્યંગકા છલન,
લુટે ગયે બહુત,
ઊઠો... સૃજન પુકારને લગા,
ઊઠો મનુષ્ય ! ચેતનાકા સ્વન પુકારને લગા,
કિ દાગદાર જીંદગીકી, માગ અબ સંવર રહી,
અભી ઊઠેગી પાલકી, કિ ઢોલકી ઊભર રહી,
પાયલોંકા રૂનૂન-ઝૂનૂન, પિયા મિલન-પિયા મિલન,
ઊઠો બરાત દેખ લો,
સગુન પુકારને લગા,
ધરા પુકારને લગી, ગગન પુકારને લગા,
ઊઠો મનુષ્ય, ચેતનાકા સ્વન પુકારને લગા.

★ ★ ★



જીંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.
જીવવું છે, ઝૂરવું છે, ઝૂઝવું છે જાતે મન,
થોડી અદાઓ ફાંકડી, થોડી ફિતૂરી રાખવી.
જોઇ લેવું આપણે, જોનારને પણ છૂટ છે,
આંખને આકાશના જેવી જ ભૂરી રાખવી.
ભાન ભૂલી વેદનાઓને વલૂરી નાખવી;
જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી.
જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,
ઘૂંટડે ને ઘૂંટડે તાસીર પૂરી રાખવી.
કેફીઓના કાફલા વચ્ચે જ જીવી જાણવું
થોડુંક રહેવું ઘેનમાં થોડીક ઘુરી રાખવી.
ઝંખનાઓ જાગતી બેઠી રહે છે રાત-દિન,
જાગરણની એ સજાને ખુદને પૂરી રાખવી.
એમના દરબારમાં તો છે શિરસ્તો ઓર કંઇ,
ફંક સૂરીલી અને બંસી મધુરી રાખી.
બાજ થઇને ઘૂમવું અંદાજની ઊંચાઇ પર,
દર્શક ખાતર બુલબુલોની બેકસૂરી રાખવી.
❖ દશા પર દાઝનારને દશા પર દૂઝનારાઓ !
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ;
દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખુંદનારાને સડક ઝાલી નથી શકતી.
❖ ફૂલ પર બેઠા હતા કેટલા ફોરા હતા !
ચાંદની ફીક્કી પડે, એટલા ગોરા હતા !
ફૂંક પણ મેલા કરે, એટલા કોરા હતા !

આંખ પણ આઘી પડે, એટલા ઓરા હતા !
હે પ્રભુ ! તુજ રૂપનાં, કેટલાં મહોરાં હતાં !

❖ **કૈસે શીખા ?**

ન હંસ કે શીખા હૈ,
ન રોકે શીખા હે;
જો કુછ ભી શીખા હૈ,
કિસીકા હો કે શીખા હૈ.

❖ **દુઃખમય સંસાર :**

હર સાંઝ વેદના એક નઈ, હર ભોર સવાલ નયા દેખા;
દો ઘડી નહીં આરામ કહીં, મૈંને ઘર ઘર જાકર દેખા.

❖ તિતલિયાં હૈ ફૂલ ભી હૈ કોકિલાએં ગાન ભી હૈ,
ઈસ ગગનકી છાંહ મેં માનો, મહલ ઉદ્યાન ભી હૈ;
પર જિન્હેં કવિ ભૂલ બૈઠે, વે અભાગે મનુજ ભી હૈ,
હૈં સમસ્યાએં વ્યથાએં ભૂખ હૈ અપમાન ભી હૈ.

❖ ફૂલ થોડે હૈ પાત બહુત હૈ, કામ અલ્પ હૈ બાત બહુત હૈ,
પ્યાર લેશ આઘાત બહુત હૈ, યત્ન સ્વલ્પ વ્યાઘાત બહુત હૈ;
મંજિલ મેં પગ-પગ પર દેખા, વિજય અલ્પ હૈ હાર બહુત હૈ,
સાર સ્વલ્પ નિઃસાર બહુત હૈ, સુંદર કમ ભંગાર બહુત હૈ.

❖ **...જો ચરણ જલતે નહિ :**

સિદ્ધિ સે પહલે કભી જો બીચ મેં રુકતે નહિ,
જો કભી દબકર કિસી કે સામને ઝૂકતે નહિ;
જો હિમાલય સે અટલ હૈ સત્ય પર હિલતે નહિ,
આગ પર ચલતે હુએ ભી જો ચરણ જલતે નહિ,
ઉન પગોં કે રજકણોં કા નામ કેવલ જીંદગી.

- *રામાવતાર*



❖ **અવસર જાસી ચાલ :**

આજ કહે હર કાલ ભજુંગા, કાલ કહે ફિર કાલ;
આજ હી કાલ કરંતડા, અવસર જાસી ચાલ.

- *કબીર*

❖ **પપ્પા નહિ, ડેડી :**

શિષ્યા કો સમઝા રહે, ત્રિગુણાચાર્ય ત્રિશૂલ,
ડેડી કહને કી પ્રથા, સંસ્કૃતિ કે પ્રતિકૂલ.
સંસ્કૃતિ કે પ્રતિકૂલ ? લાડલી લડકી ભોલી;
કરકે નીચી નજર, મંદ સપ્તમી મેં બોલી.
પાપા કહને સે હમકો, મુશ્કિલ આતી હૈ;
ટકરાતે હૈ હોઠ, લિપસ્ટિક હટ જાતી હૈ.

★ ★ ★ ★ ★

જાત ન પૂછો સાધુ કી, પૂછ લીજિયે જ્ઞાન;
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.

- *કબીર*

❖ **ઈન્સાન કી પહિચાન :**

શસ્ત્ર કી પહિચાન ધાર સે હોતી હૈ,
વસ્ત્ર કી પહિચાન તાર સે હોતી હૈ;
ઈન્સાન કા ધૈર્ય કૈસા હે ? ઈસકી પહિચાન,
જીત સે નહિ, હાર સે હોતી હૈ.

❖ **વડા 'વડા' કેમ બન્યા ?**

પહલે થે હમ મર્દ, મર્દ સે નાર કહાયે,
કર ગંગામેં સ્નાન, પાપ સબ દૂર ગમાયે;
કર પત્થર સે યુદ્ધ, ઘાવ બરછી કે ખાયે,
નીકલ ગયે જબ પાર, તબ હમ 'બડે' કહાયે.

❖ **જગત દિવાના :**

ઝૂઠા સાચા કર લિયા, વિષ કો અમૃત જાના;
દુઃખ કો સુખ સબ કોઇ કહે, ઐસા જગત દિવાના.

- *કબીર*

❖ **સબ જગ દેખ્યો છાન :**

દામ વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવશ ધનવાન;
કછુ ના સુખ સંસાર મેં, સબ જગ દેખ્યો છાન.

- *કબીર*

❖ **ઐસા કોઈ ત્યૌહાર નહિ :**

સૂર્ય ગરમ હૈ ચાંદ દગીલા, તારોં કા સંસાર નહિ હૈ;
જિસ દિન ચિતા નહિ સુલગેગી, ઐસા કોઇ ત્યૌહાર નહિ હૈ.

❖ **હાય રે !**

છોડકર નિઃશ્વાસ કહતા હૈ નદી કા યહ કિનારા,
ઉસ કિનારે પર જમા હૈ, જગત ભર કા હર્ષ સારા;
વહ કિનારા કિંતુ લંબી સાંસ લેકર કહ રહા હૈ,
હાય રે ! હર એક સુખ ઉસ પાર હી ક્યા બહ રહા હૈ ?

❖ **સુખીઆ મિલા ન કોઈ...**

સારી દુનિયા ઢૂંઢ ફિરા, સુખીઆ મિલા ન કોઇ;
જિસકે આગે મૈં ગયા, પહલે સે વહ રોઇ;
મૈંને કહા મેરા એક દુઃખ, ઉસને કહા એકબીસ,
મેરા એક ન સહ સકા, કહાં રખું દૂજા વીસ ?

❖ **માલિક કો યાદ કર :**

લડકપન જીંદગાની કી સહર હૈ,
જુવાની જીંદગી કી દોપહર હૈ;
બૂઢાપા શામ હૈ માલિક કો યાદ કર,
યહ દમ કિસ વક્ત નીકલે ક્યા ખબર હૈ ?

★ ★ ★



## સાહિત્યને આવકાર

**-: શાલિભદ્ર મહાકાવ્યમ્ :-**

જૈન જગત માટે શાલિભદ્ર જેટલા પરિચિત છે, એથી કઇ ગણું વધુ અપરિચિત હોય તો આ 'શાલિભદ્ર મહાકાવ્ય' છે. અનેક દૃષ્ટિએ આ કાવ્ય અવનવું છે. શબ્દ, છટા, કાવ્યકલ્પના, અદ્ભુત કવિત્વ, ચિત્તને ચમત્કૃત કરે તેવી ગૂંથણી આ અને આવી અનેક વિશેષતાઓથી આ કાવ્ય અદ્ભુત હોવા છતાં બહુ પ્રસિદ્ધ ન હતું. પ્રસ્તુત નવ સંસ્કરણ-નવનિર્માણ દ્વારા હવે આ કાવ્યનું વાંચન વધુ વ્યાપક બનશે. સંસ્કૃત સાહિત્યનું પ્રકાશન અને સંસ્કૃત-ટીકાનું સર્જન આજે જ્યારે વિરલ-ઘટના સમું બની રહ્યું છે, ત્યારે પૂજ્ય મુનિરાજશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ દ્વારા થયેલ આ સર્જન પ્રકાશનને બિરદાવવા શબ્દો જડતા નથી. સુંદર શુદ્ધ ઓફસેટ મુદ્રણ, અત્યંત ટકાઉ કાગળ અને મનોહર મુખપૃષ્ઠ ધરાવતા આ દળદાર પ્રકાશનમાં કચ્છના ઉપકારી ગુરુદેવોના પરિચય સાથે મનફરાનો ઈતિહાસ, ભવ્ય પ્રતિકૃતિ સાથે જિનાલયની ગૌરવગાથા, મનફરાના દીક્ષિતોની નામાવલિ, પૂ.આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ., પ.પૂ.પં. શ્રી પુણ્યપાલ વિ.ગ. (હાલ આચાર્ય) તથા પૂ.મુ. શ્રી મહાબોધિ વિ.મ.ના આશીર્વાદ પ્રસ્તાવનાત્મક લખાણો, શાલિભદ્ર ચરિત્રોની સૂચિ, શ્રી મુનિચંદ્રવિજયજી મ.ના વિદ્વત્તાભર્યા સંસ્કૃત-ગુજરાતી 'કિંચિત્' લખાણ, શાલિભદ્ર કાવ્યસાર, વિસ્તૃત અનુક્રમ આદિ રજૂ થયેલ છે. આ પછી કાવ્ય, એની પરથી નવ્ય ટીકા અને પછી ગુજરાતી શ્લોકાર્થઃ આ પદ્ધતિથી ૧૨૨૪ શ્લોક પ્રમાણ શાલિભદ્ર મહાકાવ્ય રજૂ થયું છે.

આ મહાકાવ્યની મનોહરતા સંસ્કૃતના અભ્યાસી જ જાણી શકે, છતાં માત્ર વાંચન કરવા દ્વારા પણ જેનું શબ્દ લાલિત્ય આકર્ષી જાય એવું આ કાવ્ય છે. અપ્રસિદ્ધ અને ઓછું પઠનીય આ કાવ્ય પ્રસ્તુત 'શાલિભદ્ર મહાકાવ્યમ્'ના પ્રકાશન દ્વારા જરૂર વધુ પ્રસિદ્ધ અને પઠનીય બની રહેશે, એ નિઃશંક છે. આ બદલ પૂ. મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજની જ્ઞાન સાધનાને જેટલી બિરદાવીએ, એટલું ઓછું જ ગણાય.

- *'કલ્યાણ' વર્ષ ૪૮, અંક-૧૨, માર્ચ-૧૯૯૨*

★ ★ ★

**-: આવો બાળકો વારતા કહું :-**

રમૂજ, ચતુરાઇ, સાહસ વગેરેને આલેખતી કુલ ૧૭ બાળવાર્તાનું આ એક રૂપકડું પ્રકાશન છે. એક સરખી દેખાતી ત્રણ પૂતળીઓ સાંભળવા બાબતમાં કઇ રીતે જુદી પડે છે, તે કવિ કાલિદાસે કેવી રીતે શોધી કાઢ્યું કે બકરાના ટોળામાં ઊછરતાં સિંહનાં બચ્ચાંને એના સિંહત્વની ખબર કેવી રીતે પડી તેવી બાળ વાચકને સમજાય, રસ પડે તેવી આ કથાઓ મુનિશ્રી મુનિચંદ્રવિજયજીએ અહીં અત્યંત રસાળ શૈલીમાં આલેખી છે. બાળકના વિસ્મય અને જિજ્ઞાસાથી ભર્યા વિશ્વમાં એને રસ પડે તેવા કથા-વસ્તુને પ્રાસાદિક શૈલીમાં આલેખવાની લેખકમાં સરસ ફાવટ હોઇ તેઓ અહીં એક કુશળ બાળવાર્તાના સર્જક તરીકે ઉપસ્યા છે. કથાનકને અનુરૂપ અને રંગ-બેરંગી ચિત્રો આ વાર્તાઓને હોંશે-હોંશે વાંચવી ગમે તેવી આકર્ષક બનાવે છે. પ્રત્યેક વાર્તાનો અંતે એમાંથી નીકળતો જીવન-બોધ લેખકે આપ્યો છે. આત્માની મુક્તિ, માનવ-દેહનું મૂલ્ય, જિનાજ્ઞામાંથી ભાગવાની સજા, સુખ-દુઃખની સમજણ, લોભી વૃત્તિ વગેરેના



મૂળમાં પ્રવેશવાની સમજૂતી લેખકે આપી છે. ચાર-પાંચ વર્ષના બાળક માટે આવો અર્થ-બોધ ભારેખમ બની રહે તેવી શક્યતા છે. પણ એથી મૂળ વાર્તાઓનો રસ બિલકુલ ઓછો થતો નથી. એટલે ફક્ત રસપૂર્વક વાર્તાઓ વાંચવા માટે પણ બાળકોને અવશ્ય ગમે તેવું આ પુસ્તક બન્યું છે. એમાંથી તારવેલો ઉપદેશ મોટેરા વાચકોને અવશ્ય માર્ગ-દર્શક બની રહેશે.

સુઘડ છાપકામ, આકર્ષક ચિત્રો અને સરળ રજૂઆત પુસ્તકનું આકર્ષણ વધારે તેવાં છે.

- *'જન્મભૂમિ-પ્રવાસી' મુંબઈ, રવિવાર, તા. ૪-૧૧-૧૯૯૦*

★ ★ ★

**-: વાંચવા અને વસાવવા યોગ્ય આ પુસ્તક :-**

પુસ્તકના આરંભમાં નવકાર મંત્ર તથા 'એક ધૂન' આપવામાં આવેલ છે. પંચોતેર પૃષ્ઠોમાં સત્તર વાર્તાઓ સરળ, સાદી શૈલીમાં રોચક તથા ગ્રાહ્ય બને તે રીતે ભિન્ન ભિન્ન વાર્તાઓના પાત્રોના ભાવોચિત ચિત્રો સાથે આપવામાં આવેલ છે.

જ્ઞાન સાથે ગમ્મત પમાડે એવી પ્રેરક આ પ્રત્યેક વાર્તાઓના અંતે તાત્ત્વિક રીતે છણાવટપૂર્વક બોધ-જ્ઞાનસભર ટૂંક સસાર તથા શૈક્ષણિક હેતુને પાર પાડે તેને અનુરૂપ સ્વાધ્યાય આપવામાં આવેલ છે.

- *કચ્છમિત્ર*

★ ★ ★

**-: ઇસે જીંદગી કહતે હૈ... :-**

આ પુસ્તકમાં ગુજરાતના ઇતિહાસની સુપ્રસિદ્ધ બંધુ-બેલડી વસ્તુપાળ-તેજપાળની જીવન-કથા તથા તે સમયના

ઈતિહાસ-પ્રવાહને મુનિશ્રી મુનિચંદ્રવિજયજીએ નિજી પ્રાસાદિક શૈલીમાં આલેખન કરેલ છે.

અનેક કવિઓ, લેખકો, વિદ્વાનો, કલાકારોએ નિજી રચનાઓ દ્વારા ગુજરાતી ઈતિહાસના આ બંને પ્રતાપી પુરુષોના યશોગાન કરતા રહ્યા છે.

એમ કહેવાયું છે કે 'સંતોને લોક-સુલભ ભાષામાં ઉપદેશ આપવાની હથોટી હોય જ છે.' જેની પ્રતીતિ આ પુસ્તકના વાચકને પણ થાય છે - મુનિશ્રીએ પ્રયોજેલી ને આ પુસ્તકના પાને-પાને પથરાયેલી સુબોધક ચિંતન કણિકાઓ દ્વારા.

- *કચ્છમિત્ર*

★ ★ ★

**-: જ્ઞાનસાર :-**

**(ગદ્યપદ્યાનુવાદ સહિત)**

અનુવાદક : પૂ. મુનિરાજશ્રી મુનિચંદ્રવિજયજી મ.
પ્રકાશક : ગાગોદર જૈન સંઘ
તા. રાપર, જી. કચ્છ, ગાગોદર - ૩૭૦ ૧૪૫,
૩૨ પેજી ડેમી સાઈઝ,
પેજ : ૧૩૬, મૂલ્ય : ૧૦/-

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરશ્રીની અમર-રચના જ્ઞાનસાર ચિંતન કાવ્ય પર ગદ્ય અને પદ્યમાં શ્લોકાનુવાદ રજૂ કરતી આ પ્રથમ જ કૃતિ પ્રસિદ્ધિ પામી રહી છે. જે જ્ઞાનસારનો શ્લોકાર્થ સમજવા ખૂબ જ ઉપયોગી નીવડી શકે એવી છે. આકર્ષક રૂપ-રંગમાં પ્રસિદ્ધ થયેલ આ પુસ્તિકાનું મુખપૃષ્ઠ પણ આકર્ષક છે. ચતુરંગી સ્ક્રીનમાં મુદ્રિત મુખપૃષ્ઠ ધરાવતી આ કૃતિ દ્વારા પૂ. મુનિશ્રીએ ટૂંકા છતાં ચોટદાર શબ્દોમાં



જ્ઞાનસારને પદ્ય-ગદ્યમાં રૂપાંતરિત કરીને મુમુક્ષુ-જીવોને સ્વાધ્યાયનું એક સુંદર આલંબન પૂરું પાડ્યું છે. પૂ.આ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.ના આશીર્વાદથી પ્રકાશિત આ કૃતિ 'જ્ઞાનસાર'ના પ્રચાર - પ્રસારમાં પોતાનો ફાળો નોંધાવી જશે, એ નિઃશંક છે.

- *'કલ્યાણ', નવેમ્બર-૧૯૮૭*

★ ★ ★

**-: ઈસે જિંદગી કહતે હૈ :-**

પૂ. મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મ. (આ.વિ. કલાપૂર્ણસૂરિજી મ.ના સમુદાયના) પ્રકાશક : કારીઆ મણસી લખધીર પરિવાર, મુ.પો. મનફરા, તા. ભચાઉ (જિ. કચ્છ), કિંમત : રૂા. ૩૦/-, પૃષ્ઠ : ૧૬૦, પાકું બાઈન્ડીંગ, લેઝરપ્રિન્ટ, વસ્તુપાળ-તેજપાલની તેજસ્વી ઐતિહાસિક તવારીખ જૈન જગતની જાહોજલાલી વધારતી આજ સુધી અકબંધ રહી છે. તેને પૂજ્ય મુનિરાજશ્રી ઓજસ્વી ભાષામાં અહીં રજૂ કરી રહ્યા છે. મુનિરાજશ્રીની વાર્તા રજૂ કરવાની રીત ખૂબ રઢિયાળી છે. સહેજ પણ કંટાળો ન આપતી ભાષા પદ લાલિત્ય સહિત - નિર્મળ ગંગાની જેમ વહેતી રહે છે. જૈન જગતના દેદિપ્યમાન સૂરજ-ચાંદા જેવી બંધવબેલડીનાં પુણ્યતેજનો નિખાર પાને પાને જોવા મળશે. જૈન જગતના ઈતિહાસને વફાદાર રહી સુચારૂ રૂપે કથાને વહેતી મૂકવી - ક્યાંય પરિધિ બહાર ન જવું - એ જ મુનિશ્રીનું સાત્ત્વિક બળ છે. અનેક ગ્રંથોમાં વર્ણવાયેલી આ કથા અહીં સુંદર રીતે સજાવટ પામી બહાર આવી છે. લેખક - પ્રકાશક આપણા અભિનંદનના અધિકારી બન્યા છે.

- *શાંતિસૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★

-: બજે મધુર બંસરી :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : ચંદ્રકાંત જે. વોરા, 'ફૂલવાડી' ભચાઉ-૩૭૦ ૧૪૦ (જિ. કચ્છ), પૃષ્ઠ : ૨૦૦, 'શાંતિસૌરભ' માસિકમાં પ્રકટ થયેલા ૨૮ કથા પ્રસંગો આ પ્રકાશનમાં સંગૃહીત કરવામાં આવ્યા છે. જૈન શાસનના સાગરમાં સંઘરાયેલા અણમોલ રત્નો જેવા આકમનીય કથા પ્રસંગો ખૂબ જ હૃદયંગમ બને તેવા છે.

વિદ્વાન-પ્રવચનકાર-લેખક પૂજ્યશ્રીની કલમે આલેખાયેલા આ કથાલેખો ઘણું ઘણું કહી જાય તેવા છે. શાં.સૌ.ના વાચકો પૂજ્યશ્રીની કલમથી સુપેરે પરિચિત છે. પૂજ્યશ્રીનાં પ્રકાશનો ખાસ વાંચવા વસાવવા જેવાં છે. (કિંમત લખી નથી).

*- શાંતિનાથ સૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★

-: કભી ધૂપ કભી છાંવ :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : સિલ્વર એન્ટર પ્રાઈઝ-૨૩૧, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, દેરાસરની સામે, મુંબઈ (મૂલ્ય છાપેલ નથી), પૃષ્ઠ : ૬૪ - પ્રાચીન કથા સાહિત્યની રસપ્રદ ધનદત્તની કથા 'કભી ધૂપ કભી છાંવ' અને ચારૂદત્તની કથા - 'થોભો ! નહિતર થાકી જશો'ના હેડીંગથી અનુક્રમે 'કલ્યાણ' અને 'સમાજધ્વનિ' સામાયિકમાં છપાયેલ - જે કથા અહીં પ્રકાશિત થાય છે. બંને રસપ્રદ કથાઓ વાંચવા માટે શરૂ કર્યા પછી એક જ ધડાકે પૂરી કર્યા વિના ચાલે તેવી નથી. પૂજ્ય મુનિશ્રી કથા આલેખનની શૈલી સૌમ્ય અને રસપ્રદ



છે. ભાવવાહી શબ્દો ઘણું કહી જાય તેવા છે. આ પ્રકાશનોની એક વખત ઉડતી મુલાકાત લેવા જેવી છે.

*- શાંતિસૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★

-: બજે મધુર બંસરી :-

'કલ્યાણ'ના વાચકો માટે જેમની લેખિની જાણીતી જ નહિ, માણીતી પણ છે, એ શ્રદ્ધેય લેખકશ્રીએ જૈન ઈતિહાસમાંથી વીણી-વીણીને રજૂ કરેલી ૨૮ વાર્તાઓનો સંગ્રહ, આકર્ષક ટાઈટલ અને મુદ્રણમાં 'બજે મધુર બંસરી'ના નમણાં નામ સાથે રજૂ થયો છે. એક એક વાર્તાનું શબ્દઘડતર દિલ-દિમાગને આશ્ચર્યથી ભરપૂર બનાવી દે એવું રસાળ અને માર્મિક છે. જૈન ઈતિહાસના તેજસ્વી પાત્રોના પુણ્યદર્શન પામવા હોય તો આ પ્રકાશનના માધ્યમે જે મધુર બંસરી વાગી રહી છે એના નાદ કાન દઈને સાંભળવા જેવા છે. પૂજ્યશ્રીની કલમમાં પ્રાચીન કથાને અર્વાચીન ઘાટ આપવાની જે કળા વરેલી છે, એના દર્શન પાને-પાને કરાવતો આ વાર્તા સંગ્રહ જરૂર લોકપ્રિય નીવડશે. પૂજ્યશ્રીની સાહિત્ય યાત્રા અવિરત આગેકૂચ કરતી રહે અને આવા પ્રકાશનો આપણને મળ્યા કરે, એ જ કામના.

*- 'કલ્યાણ' વર્ષ-૪૯, અંક-૪-૫, જુલાઈ-ઓગષ્ટ, ઈ.સ. ૧૯૯૨*

★ ★ ★

'જ્ઞાન ભણવું સહેલું છે, પણ તેમાં અહંકાર ન આવવા દેવો મુશ્કેલ છે. ક્રિયા કરવી સહેલી છે, પણ તેમાં નિંદા ન આવવા દેવી મુશ્કેલ છે. શક્તિ પ્રાપ્ત કરવી સહેલી છે, પણ તેમાં

શોષણવૃત્તિ ન આવવા દેવી મુશ્કેલ છે. તપ કરવું સહેલું છે, પણ તેમાં ક્ષમા રાખવી મુશ્કેલ છે. વત્સ ! તું ક્ષમા રાખ. ક્ષમા એ જ તારા માટે ઉત્તમોત્તમ તપ છે.'

આવા પ્રેરક ચિંતનાંશોથી સભર પ્રસ્તુત પુસ્તકમાં 'તપ કરીએ સમતા રાખી ઘટમાં, ઉપબૃંહણાના અભાવે, મહાકવિશ્રી ધનપાલ, મહાન સત્યવાદી મહણસિંહ' ઇત્યાદિ ૨૮ જૈન ઈતિહાસમાં સંઘરાયેલી સુંદર કથાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જૈન દર્શનના તત્ત્વજ્ઞાન, ઉપદેશ અને સાધના-માર્ગનો પરિચય મળી રહે છે, એવી આ કથાઓની સરળ તથા ચિંતનાત્મક શૈલી રસિક વાચકોને માટે આકર્ષક બોધસભર છે.

- *કચ્છમિત્ર*

★ ★ ★

৷ # 150 #

PROOF : 2
(PAGE : 1TO 150)
(DATE : 19-04-07)

❖ **રાખો :**

- યુદ્ધમાં દઢ સંકલ્પ.
- પરાજયમાં વિદ્રોહ.
- વિજયમાં ઔદાર્ય.
- શાંતિમાં સદ્ભાવના.

- *ચર્ચિલ*

❖ **વૃદ્ધિના છ પ્રકાર :**

આત્મવૃદ્ધિ, મિત્રવૃદ્ધિ, મિત્ર મિત્રવૃદ્ધિ,
શત્રુક્ષય, શત્રુમિત્ર ક્ષય, શત્રુ મિત્રમિત્ર ક્ષય.
(મિત્ર : જ્ઞાન, દર્શન, ચારિત્ર)
(શત્રુ : રાગ, દ્વેષ, મોહ)

- *ચાણક્ય*

★ ★ ★ ★ ★

## ૫૧. પ્રકીર્ણક

❖ **મોક્ષ શા માટે ?**

- 'શા માટે કમાવ છો ?'
  ખાવા માટે.
- 'શા માટે ખાવ છો ?'
  જીવવા માટે.
- 'શા માટે જીવો છો ?'
  ધર્મ કરવા માટે.
- 'શા માટે ધર્મ કરો છો ?'
  મોક્ષ માટે.



- 'શા માટે મોક્ષ મેળવવો છે ?'
  કારણ કે મોક્ષની પ્રાપ્તિથી જ જીવની મૂળભૂત પાંચ ઈચ્છાઓ સફળ થાય છે.
- 'કઈ પાંચ ઈચ્છાઓ ?'
  ૧. જીવવાની
  ૨. જાણવાની
  ૩. સુખની
  ૪. સત્તાની
  ૫. સ્વતંત્રતાની

સંસારમાં રહીને આ પાંચ ઈચ્છાઓ કદી પરિપૂર્ણ બની શકે તેમ નથી. સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ જીવન, સંપૂર્ણ સુખ, સંપૂર્ણ સત્તા અને સંપૂર્ણ સ્વતંત્રતા માત્ર મોક્ષમાં જ છે.'

❖ **ત્રણ પ્રકારના જીવો :**

૧. **સંજ્ઞાપ્રધાન :** આહારાદિ સંજ્ઞામાં જ મસ્ત. કીડી વગેરે અસંજ્ઞી જીવો.
૨. **પ્રજ્ઞાપ્રધાન :** બુદ્ધિ પ્રમાણે ચાલનારા. સંજ્ઞી પંચેન્દ્રિય (મિથ્યાદૃષ્ટિ).
૩. **આજ્ઞાપ્રધાન :** પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલનાર સમ્યગ્દૃષ્ટિ જીવો.

❖ **ભવ્ય - અભવ્ય - જાતિભવ્ય :**

- **ભવ્ય :** સધવા સ્ત્રી જેવો. મોક્ષની શક્યતા ખરી.
- **અભવ્ય :** વંધ્યા સ્ત્રી જેવો. મોક્ષની કદી જ શક્યતા નહિ.
- **જાતિભવ્ય :** બાલવિધવા સતી સ્ત્રી જેવો. મોક્ષની યોગ્યતા ખરી, પણ શક્યતા નહિ.

❖ **રાખો :**

- યુદ્ધમાં દઢ સંકલ્પ.
- પરાજયમાં વિદ્રોહ.
- વિજયમાં ઔદાર્ય.
- શાંતિમાં સદ્‌ભાવના.

*- ચર્ચિલ*

❖ **વૃદ્ધિના છ પ્રકાર :**

આત્મવૃદ્ધિ, મિત્રવૃદ્ધિ, મિત્ર મિત્રવૃદ્ધિ,
શત્રુક્ષય, શત્રુમિત્ર ક્ષય, શત્રુ મિત્રમિત્ર ક્ષય.
(મિત્ર : જ્ઞાન, દર્શન, ચારિત્ર)
(શત્રુ : રાગ, દ્વેષ, મોહ)

*- ચાણક્ય*

★ ★ ★ ★ ★

## ૫૧. પ્રકીર્ણક

❖ **મોક્ષ શા માટે ?**

- 'શા માટે કમાવ છો ?'
  ખાવા માટે.
- 'શા માટે ખાવ છો ?'
  જીવવા માટે.
- 'શા માટે જીવો છો ?'
  ધર્મ કરવા માટે.
- 'શા માટે ધર્મ કરો છો ?'
  મોક્ષ માટે.



- 'શા માટે મોક્ષ મેળવવો છે ?'
  કારણ કે મોક્ષની પ્રાપ્તિથી જ જીવની મૂળભૂત પાંચ ઈચ્છાઓ સફળ થાય છે.
- 'કઈ પાંચ ઈચ્છાઓ ?'
  ૧. જીવવાની
  ૨. જાણવાની
  ૩. સુખની
  ૪. સત્તાની
  ૫. સ્વતંત્રતાની

સંસારમાં રહીને આ પાંચ ઈચ્છાઓ કદી પરિપૂર્ણ બની શકે તેમ નથી. સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ જીવન, સંપૂર્ણ સુખ, સંપૂર્ણ સત્તા અને સંપૂર્ણ સ્વતંત્રતા માત્ર મોક્ષમાં જ છે.'

❖ **ત્રણ પ્રકારના જીવો :**

૧. **સંજ્ઞાપ્રધાન :** આહારાદિ સંજ્ઞામાં જ મસ્ત. કીડી વગેરે અસંજ્ઞી જીવો.
૨. **પ્રજ્ઞાપ્રધાન :** બુદ્ધિ પ્રમાણે ચાલનારા. સંજ્ઞી પંચેન્દ્રિય (મિથ્યાદૃષ્ટિ).
૩. **આજ્ઞાપ્રધાન :** પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલનાર સમ્યગ્દૃષ્ટિ જીવો.

❖ **ભવ્ય - અભવ્ય - જાતિભવ્ય :**

- **ભવ્ય :** સધવા સ્ત્રી જેવો. મોક્ષની શક્યતા ખરી.
- **અભવ્ય :** વંધ્યા સ્ત્રી જેવો. મોક્ષની કદી જ શક્યતા નહિ.
- **જાતિભવ્ય :** બાલવિધવા સતી સ્ત્રી જેવો. મોક્ષની યોગ્યતા ખરી, પણ શક્યતા નહિ.

### -: બજે મધુર બંસરી :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : ચંદ્રકાંત જે. વોરા, 'ફૂલવાડી' ભચાઉ-૩૭૦ ૧૪૦ (જિ. કચ્છ), પૃષ્ઠ : ૨૦૦, 'શાંતિસૌરભ' માસિકમાં પ્રકટ થયેલા ૨૮ કથા પ્રસંગો આ પ્રકાશનમાં સંગૃહીત કરવામાં આવ્યા છે. જૈન શાસનના સાગરમાં સંઘરાયેલા અણમોલ રત્નો જેવા આકમનીય કથા પ્રસંગો ખૂબ જ હૃદયંગમ બને તેવા છે.

વિદ્વાન-પ્રવચનકાર-લેખક પૂજ્યશ્રીની કલમે આલેખાયેલા આ કથાલેખો ઘણું ઘણું કહી જાય તેવા છે. શાં.સૌ.ના વાચકો પૂજ્યશ્રીની કલમથી સુપેરે પરિચિત છે. પૂજ્યશ્રીનાં પ્રકાશનો ખાસ વાંચવા વસાવવા જેવાં છે. (કિંમત લખી નથી).

*- શાંતિનાથ સૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★ ★ ★

### -: કભી ધૂપ કભી છાંવ :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : સિલ્વર એન્ટર પ્રાઈઝ-૨૩૧, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, દેરાસરની સામે, મુંબઈ (મૂલ્ય છાપેલ નથી), પૃષ્ઠ : ૬૪ - પ્રાચીન કથા સાહિત્યની રસપ્રદ ધનદત્તની કથા 'કભી ધૂપ કભી છાંવ' અને ચારૂદત્તની કથા - 'થોભો ! નહિતર થાકી જશો'ના હેડીંગથી અનુક્રમે 'કલ્યાણ' અને 'સમાજધ્વનિ' સામાયિકમાં છપાયેલ - જે કથા અહીં પ્રકાશિત થાય છે. બંને રસપ્રદ કથાઓ વાંચવા માટે શરૂ કર્યા પછી એક જ ધડાકે પૂરી કર્યા વિના ચાલે તેવી નથી. પૂજ્ય મુનિશ્રી કથા આલેખનની શૈલી સૌમ્ય અને રસપ્રદ



છે. ભાવવાહી શબ્દો ઘણું કહી જાય તેવા છે. આ પ્રકાશનોની એક વખત ઉડતી મુલાકાત લેવા જેવી છે.

*- શાંતિસૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★ ★ ★

### -: બજે મધુર બંસરી :-

'કલ્યાણ'ના વાચકો માટે જેમની લેખિની જાણીતી જ નહિ, માણીતી પણ છે, એ શ્રદ્ધેય લેખકશ્રીએ જૈન ઈતિહાસમાંથી વીણી-વીણીને રજૂ કરેલી ૨૮ વાર્તાઓનો સંગ્રહ, આકર્ષક ટાઈટલ અને મુદ્રણમાં 'બજે મધુર બંસરી'ના નમણાં નામ સાથે રજૂ થયો છે. એક એક વાર્તાનું શબ્દઘડતર દિલ-દિમાગને આશ્ચર્યથી ભરપૂર બનાવી દે એવું રસાળ અને માર્મિક છે. જૈન ઈતિહાસના તેજસ્વી પાત્રોના પુણ્યદર્શન પામવા હોય તો આ પ્રકાશનના માધ્યમે જે મધુર બંસરી વાગી રહી છે એના નાદ કાન દઈને સાંભળવા જેવા છે. પૂજ્યશ્રીની કલમમાં પ્રાચીન કથાને અર્વાચીન ઘાટ આપવાની જે કળા વરેલી છે, એના દર્શન પાને-પાને કરાવતો આ વાર્તા સંગ્રહ જરૂર લોકપ્રિય નીવડશે. પૂજ્યશ્રીની સાહિત્ય યાત્રા અવિરત આગેકૂચ કરતી રહે અને આવા પ્રકાશનો આપણને મળ્યા કરે, એ જ કામના.

*- 'કલ્યાણ' વર્ષ-૪૯, અંક-૪-૫, જુલાઈ-ઓગષ્ટ, ઈ.સ. ૧૯૯૨*

★ ★ ★ ★ ★

'જ્ઞાન ભણવું સહેલું છે, પણ તેમાં અહંકાર ન આવવા દેવો મુશ્કેલ છે. ક્રિયા કરવી સહેલી છે, પણ તેમાં નિંદા ન આવવા દેવી મુશ્કેલ છે. શક્તિ પ્રાપ્ત કરવી સહેલી છે, પણ તેમાં

### -: બજે મધુર બંસરી :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : ચંદ્રકાંત જે. વોરા, 'ફૂલવાડી' ભચાઉ-૩૭૦ ૧૪૦ (જિ. કચ્છ), પૃષ્ઠ : ૨૦૦, 'શાંતિસૌરભ' માસિકમાં પ્રકટ થયેલા ૨૮ કથા પ્રસંગો આ પ્રકાશનમાં સંગૃહીત કરવામાં આવ્યા છે. જૈન શાસનના સાગરમાં સંઘરાયેલા અણમોલ રત્નો જેવા આકમનીય કથા પ્રસંગો ખૂબ જ હૃદયંગમ બને તેવા છે.

વિદ્વાન-પ્રવચનકાર-લેખક પૂજ્યશ્રીની કલમે આલેખાયેલા આ કથાલેખો ઘણું ઘણું કહી જાય તેવા છે. શાં.સૌ.ના વાચકો પૂજ્યશ્રીની કલમથી સુપેરે પરિચિત છે. પૂજ્યશ્રીનાં પ્રકાશનો ખાસ વાંચવા વસાવવા જેવાં છે. (કિંમત લખી નથી).

*- શાંતિનાથ સૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★ ★ ★

### -: કભી ધૂપ કભી છાંવ :-

(લેખક ઉપર મુજબ), પ્રાપ્તિ સ્થાન : સિલ્વર એન્ટર પ્રાઇઝ-૨૩૧, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, દેરાસરની સામે, મુંબઇ (મૂલ્ય છાપેલ નથી), પૃષ્ઠ : ૬૪ - પ્રાચીન કથા સાહિત્યની રસપ્રદ ધનદત્તની કથા 'કભી ધૂપ કભી છાંવ' અને ચારૂદત્તની કથા - 'થોભો ! નહિતર થાકી જશો'ના હેડીંગથી અનુક્રમે 'કલ્યાણ' અને 'સમાજધ્વનિ' સામાયિકમાં છપાયેલ - જે કથા અહીં પ્રકાશિત થાય છે. બંને રસપ્રદ કથાઓ વાંચવા માટે શરૂ કર્યા પછી એક જ ધડાકે પૂરી કર્યા વિના ચાલે તેવી નથી. પૂજ્ય મુનિશ્રી કથા આલેખનની શૈલી સૌમ્ય અને રસપ્રદ



છે. ભાવવાહી શબ્દો ઘણું કહી જાય તેવા છે. આ પ્રકાશનોની એક વખત ઉડતી મુલાકાત લેવા જેવી છે.

*- શાંતિસૌરભ, એપ્રિલ-૧૯૯૨*

★ ★ ★ ★ ★

### -: બજે મધુર બંસરી :-

'કલ્યાણ'ના વાચકો માટે જેમની લેખિની જાણીતી જ નહિ, માણીતી પણ છે, એ શ્રદ્ધેય લેખકશ્રીએ જૈન ઇતિહાસમાંથી વીણી-વીણીને રજૂ કરેલી ૨૮ વાર્તાઓનો સંગ્રહ, આકર્ષક ટાઇટલ અને મુદ્રણમાં 'બજે મધુર બંસરી'ના નમણાં નામ સાથે રજૂ થયો છે. એક એક વાર્તાનું શબ્દઘડતર દિલ-દિમાગને આશ્ચર્યથી ભરપૂર બનાવી દે એવું રસાળ અને માર્મિક છે. જૈન ઇતિહાસના તેજસ્વી પાત્રોના પુણ્યદર્શન પામવા હોય તો આ પ્રકાશનના માધ્યમે જે મધુર બંસરી વાગી રહી છે એના નાદ કાન દઇને સાંભળવા જેવા છે. પૂજ્યશ્રીની કલમમાં પ્રાચીન કથાને અર્વાચીન ઘાટ આપવાની જે કળા વરેલી છે, એના દર્શન પાને-પાને કરાવતો આ વાર્તા સંગ્રહ જરૂર લોકપ્રિય નીવડશે. પૂજ્યશ્રીની સાહિત્ય યાત્રા અવિરત આગેકૂચ કરતી રહે અને આવા પ્રકાશનો આપણને મળ્યા કરે, એ જ કામના.

*- 'કલ્યાણ' વર્ષ-૪૯, અંક-૪-૫, જુલાઈ-ઓગષ્ટ, ઈ.સ. ૧૯૯૨*

★ ★ ★ ★ ★

'જ્ઞાન ભણવું સહેલું છે, પણ તેમાં અહંકાર ન આવવા દેવો મુશ્કેલ છે. ક્રિયા કરવી સહેલી છે, પણ તેમાં નિંદા ન આવવા દેવી મુશ્કેલ છે. શક્તિ પ્રાપ્ત કરવી સહેલી છે, પણ તેમાં

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

૦૦૦ આકાશગંગા

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

આકાશગંગા • ૦૦૦

# ચિંતન

❖ **...રક્ષા માટે :**

**૧. પ્રકૃતિ :** જીવરક્ષા માટે.

**૨. સંસ્કૃતિ :** મૂલ્ય રક્ષા માટે (અહિંસાદિ મૂલ્યો).

**૩. નમસ્કૃતિ :** આત્મરક્ષા માટે છે.

❖ **વિજ્ઞાન શક્તિની સામે ધર્મ શક્તિ :**

૧. યંત્ર શક્તિની સામે મંત્ર શક્તિ.

૨. ઊર્જા શક્તિની સામે યોગ શક્તિ.

૩. અણુ શક્તિની સામે આત્મ શક્તિ.

૪. શસ્ત્ર શક્તિની સામે અહિંસા શક્તિ.

૫. પરિગ્રહ શક્તિની સામે પરોપકાર શક્તિ.

૬. રાજ્ય શક્તિની સામે અનેકાંત શક્તિ.

❖ **ચિંતનની વિવિધ ભૂમિકાઓ :**

- વિચારી જ ન શકે તે મૂર્ખ છે.
- વિચારવાની ઇચ્છા જ ન થાય તે અંધવિશ્વાસુ છે.
- વિચારવાની હિંમત ન હોય તે ગુલામ છે.
- વિચારવાની ઇચ્છા કરે તે જિજ્ઞાસુ છે.
- વિચારવાની પ્રવૃત્તિ કરે તે બુદ્ધિશાળી છે.
- (સમ્યગ્) વિચાર્યા મુજબ આચરવાની હિંમત કરે તે સત્ત્વશાળી છે.

❖ **સુખનો માર્ગ :**

જગત આખુંય સુખ શોધી રહ્યું છે.
સુખ ક્યાંથી મળે ? શાંતિથી મળે.
શાંતિ ક્યાંથી મળે ? ચિત્તની સ્થિરતાથી મળે.
ચિત્તની સ્થિરતા ક્યાંથી મળે ? આશાઓ છોડી દેવાથી મળે.
આશા શી રીતે છૂટે ? અનાસક્તિ આવવાથી.
અનાસક્તિ શી રીતે મળે ? બુદ્ધિમાંથી મોહ હટાવવાથી મળે.

❖ **ચિંતનનાં સાત ફળ :**

૧. વૈરાગ્ય

૨. કર્મક્ષય

૩. વિશુદ્ધ જ્ઞાન

૪. ચારિત્રના પરિણામ

૫. સ્થિરતા

૬. આયુષ્ય

૭. બોધિ પ્રાપ્તિ

❖ **ચારેય યુગ અહીં જ છે :**

૧. તમે સૂતા રહો છો ત્યારે કલિયુગ.

૨. બેઠા થાવ છો ત્યારે દ્વાપર યુગ.

૩. ઊભા થાવ છો ત્યારે ત્રેતા યુગ.

૪. ચાલતા થાવ છો ત્યારે સત્ યુગ.

❖ **ચાર માતા :**

**૧. શબ્દ :** જ્ઞાનની માતા.

**૨. અર્થ :** પુણ્યની માતા.

**૩. ચિંતન :** ચારિત્રની માતા.

**૪. ધ્યાન :** ધ્યાનની માતા.

(શબ્દથી અર્થ ચડિયાતો છે.
અર્થથી ચિંતન ચડિયાતું છે.
ચિંતનથી ધ્યાન ચડિયાતું છે.
શબ્દાદિ ઉત્તરોત્તર વધુને વધુ સૂક્ષ્મ છે.)

❖ **આત્માના મૂળભૂત પાંચ ગુણો :**

૧. સત્ (જીવવાની ઇચ્છા)

૨. ચિત્ (જાણવાની ઇચ્છા)

૩. આનંદ (સુખની ઇચ્છા)

૪. ઇશિત્વ (સ્વતંત્રતાની ઇચ્છા)

૫. વશિત્વ (સત્તાની ઇચ્છા)